# દિવ્ય સંદેશ

સં. લેખન

**વિષ્ણુ મહંત**

(M.Com., M.Ed.)

-: પ્રકાશક :-

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ-૩૮૮૦૦૧

**DIVYA SANDESH**

by ***Vishnu Mahant***

Shihol Ta. Petlad Dist. Anand M. 9998385365

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૩

નકલ : ૧૦૦૦

મૂલ્ય રૂા. :

**દિવ્ય સંદેશ**

વિષ્ણુ મહંત

-: ટાઈપ સેટીંગ :-

*Mayur's*

-: વિક્રેતા :-

**એમ. એમ. સાહિત્યપ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ

-: મુદ્રક :-

**અર્પણ પ્રિન્ટરી, આણંદ**

# અર્પણ

## મારા પ્રિય કિર્તીકુમારને....

## પ્રસ્તાવના....

આ 'દિવ્ય સંદેશ' પુસ્તક આપના કરકમળમાં મૂકતાં હું ઘણી આનંદની અનુભૂતિ કરું છું. કારણ કે - આપણે ઈન્દ્રિયો થકી આપણું જીવન યોગ્ય અયોગ્ય બનાવીએ છીએ. આપણી ઈન્દ્રિયોનું રહેઠાણ છે. આપણું મન અને બુદ્ધિ. તેથી જો મન બુદ્ધિને સચેત બનાવીએ તો ઈન્દ્રિયો આપોઆપ કાબુમાં આવે છે. તે મન અને બુદ્ધિને સચેત બનાવવા જરૂર છે. 'સ્પાર્ક' કરે તેવા વાંચનની. આ દિવ્ય સંદેશના દરેક લેખ આપણા મગજમાં એ સૂક્ષ્મ જ્ઞાનનો તણખો પ્રગટાવશે. જે તણખા દ્વારા આપ જ્ઞાનનો અનલ પ્રગટાવી શકશો.

આ પુસ્તકમાં આપેલ દરેક દિવ્ય સંદેશને વાંચવાને બદલે વાગોળશો તો અતિ આનંદ આવશે, અને તેની આડપેદાશમાં પેદા થશે એક દિવ્ય જ્ઞાન. આપ જેવા સમજુ વાંચક પુસ્તકમાં અવ્યક્ત રીતે છૂપાએલો સંદેશ સમજી શકશે. આ સંદેશ છે માટે જાણીએ ત્યાં સીમીત નથી. પણ તેનો ફેલાવો જરૂરી છે. તેથી આપ બીજાને આ સંદેશ મોકલો તો આ દિવ્ય સંદેશ મેળવનાર એકમાંથી બે થશે, બેમાંથી ચાર, ચારમાંથી આઠ અને એમ આ સંદેશ ફેલાતો જશે. આ પુસ્તક ભેટ રૂપે કોઈને આપો. અથવા તમે અન્ય કોઈ ભેટ આપતા હો તો સાથે આ પણ ભેટ જોડી દો. જો એમ થશે તો

આપ પ્રેમ સાથે જ્ઞાનનું પ્રદાન કરશો. આપ આપનું વ્યક્તિત્ત્વ, છાપ નિખારી શકશો. અને એક દિવ્યતાનો અનુભવ કરી શકશો.

આ પુસ્તક દ્વારા આપને ધર્મસંદેશ આપવા પ્રયત્ન કર્યો છે. જે સંદેશમાં છૂપાએલો બોધપાઠ છે. જે બોધપાઠ વિદ્યાર્થીઓ, શિક્ષકો, વડીલો, બહેનોને જીવનઉપયોગી બને તેમ છે. આશા છે આપ આ દિવ્ય ધર્મસંદેશ પામશો અને મન, વાચા, કર્મથી સુખદ અનુભવ કરશો.

અસ્તુ...

**વિષ્ણુ મહંત**
સિંહોલ, તા. પેટલાદ જિ. આણંદ-ગુજરાત
૯૯૯૮૩ ૮૫૩૬૫

# ::: અનુક્રમણિકા :::

| | | |
|---|---|---|
| ૧. | આસક્તિ | ૧ |
| ૨. | શ્રાવણ | ૪ |
| ૩. | પુણ્ય | ૭ |
| ૪. | સુખ | ૧૦ |
| ૫. | પ્રેમ | ૧૩ |
| ૬. | ગુરુ-શિષ્ય સંબંધ | ૪૨ |
| ૭. | ભક્ત | ૪૫ |
| ૮. | ધર્મનું ફળ | ૪૮ |
| ૯. | રસ અને બોધ | ૫૧ |
| ૧૦. | ઓડકાર | ૫૪ |
| ૧૧. | અંધ પ્રીતનો અંજામ | ૫૭ |
| ૧૨. | જીત | ૬૦ |
| ૧૩. | મુનિ અને દાનવ | ૬૩ |
| ૧૪. | ભીતરમાં | ૬૬ |
| ૧૫. | અંદરનો આત્મા | ૬૯ |
| ૧૬. | વિભૂતિઓ | ૭૨ |
| ૧૭. | કુદરત | ૭૫ |
| ૧૮. | રામાયણ | ૭૮ |
| ૧૯. | મૃત્યુની ઘડી | ૮૧ |
| ૨૦. | સત્ય | ૮૩ |
| ૨૧. | કૃતિનું હાર્દ | ૮૬ |
| ૨૨. | સ્વધર્મ | ૮૯ |
| ૨૩. | વિવેક અને સ્વમાન | ૯૨ |
| ૨૪. | વટ | ૯૫ |
| ૨૫. | દરિદ્રનારાયણ | ૧૧૩ |
| ૨૬. | નિત્યબ્રહ્મચારી | ૧૧૬ |

| | | |
|---|---|---|
| ૨૭. | દાંપત્ય | ૧૧૯ |
| ૨૮. | વિધિની વક્રતા | ૧૨૨ |
| ૨૯. | વાણી | ૧૨૫ |
| ૩૦. | સમદૃષ્ટિ | ૧૨૭ |
| ૩૧. | કબીર... | ૧૩૦ |
| ૩૨. | વહેતા જાવ | ૧૩૩ |
| ૩૩. | જેનો અંત સારો | ૧૩૬ |
| ૩૪. | વિજ્ઞાન | ૧૩૯ |
| ૩૫. | મૌનમ્ વ્યાખ્યાનમ્ | ૧૪૨ |
| ૩૬. | અભિમાન | ૧૪૫ |
| ૩૭. | કર્મનું ફળ | ૧૪૮ |
| ૩૮. | ધર્મકાર્ય | ૧૫૧ |
| ૩૯. | હરિનો મારગ | ૧૫૪ |
| ૪૦. | અભિમાન | ૧૫૬ |
| ૪૧. | ગુરૂદક્ષિણા | ૧૫૯ |
| ૪૨. | વેરથી વેર વધે | ૧૬૨ |
| ૪૩. | આત્માનો અસુર | ૧૬૫ |
| ૪૪. | પ્રામાણિક આચરણ | ૧૬૮ |
| ૪૫. | ભાગ્યશાળીને ભૂત રળે | ૧૭૧ |
| ૪૬. | મોક્ષ | ૧૭૪ |
| ૪૭. | નારી તું નારાયણી | ૧૭૭ |
| ૪૮. | પ્રેમનું જોર | ૧૮૦ |
| ૪૯. | દેવ | ૧૮૩ |
| ૫૦. | માયા | ૧૮૬ |
| ૫૧. | મૈત્રી | ૧૮૮ |
| ૫૨. | નારદ | ૧૯૧ |
| ૫૩. | કૃષ્ણનું મૃત્યુ | ૧૯૫ |
| ૫૪. | દૈવિશક્તિ | ૧૯૮ |
| ૫૫. | કલ્પના | ૨૦૧ |
| ૫૬. | પ્રયોજન | ૨૦૪ |
| ૫૭. | ઈશ્વર | ૨૦૭ |
| ૫૮. | કલિયુગ | ૨૧૦ |
| ૫૯. | બૈરાગ | ૨૧૨ |
| ૬૦. | ઈશ્વરનું અસ્તિત્વ | ૨૧૫ |
| ૬૧. | રામકથા | ૨૧૮ |
| ૬૨. | પૂજા | ૨૨૧ |
| ૬૩. | પ્રશ્નોપનિષદ | ૨૨૪ |
| ૬૪. | લક્ષ્મી | ૨૨૭ |
| ૬૫. | કુસંગ | ૨૩૦ |
| ૬૬. | આત્મનિરીક્ષણ | ૨૩૩ |
| ૬૭. | બ્રહ્માનું અભિમાન | ૨૩૬ |
| ૬૮. | માનવચેતના | ૨૩૯ |
| ૬૯. | દાંપત્યધર્મ | ૨૪૨ |
| ૭૦. | ધર્મ | ૨૪૫ |
| ૭૧. | નામ છે હજાર | ૨૪૮ |
| ૭૨. | ખોટી બીક | ૨૫૧ |
| ૭૩. | લગ્ન એ નિયતિ | ૨૫૪ |
| ૭૪. | ભોગવિલાસની મોજમજા | ૨૫૭ |
| ૭૫. | કર્મ ફળ | ૨૬૦ |
| ૭૬. | ભક્તિ | ૨૬૩ |
| ૭૭. | આજ | ૨૬૬ |
| ૭૮. | ઈશ્વરપ્રેમ | ૨૬૯ |
| ૭૯. | સંસાર | ૨૭૧ |
| ૮૦. | દૃષ્ટિકોણ | ૨૭૪ |
| ૮૧. | પત્ની | ૨૭૭ |
| ૮૨. | સાવચેતી | ૨૮૦ |
| ૮૩. | ફજેતી | ૨૮૩ |

# ૧. આસક્તિ

ગુરુએ શિષ્યને શાસ્ત્ર, વિધિ-વિધાન અને કર્મકાંડનું તમામ જ્ઞાન આપ્યું હતું. ગુરુ હવે તેને અનુભવની શાળામાં મોકલવા માંગતા હતા. કર્મ કરતાં કરતાં કેવી દૃષ્ટિ રાખવી જોઈએ તે શીખવાનું એને માટે હજી બાકી હતું. ગુરુએ શિષ્યને બોલાવી કહ્યું, 'વત્સ, તારે એક કામ કરવાનું છે.' શિષ્યએ તરત જ કહ્યું, 'આજ્ઞા કરો, મહારાજ.'

ગુરુએ કહ્યું, 'વત્સ, ગંગાકિનારે એક મોટો આશ્રમ બનાવવો છે. બ્રહ્મકુમારો ત્યાં આવી રહી શકે, અભ્યાસ કરી શકે, યજ્ઞ-યાગાદિ કરી શકે એવી વ્યવસ્થા કરવી છે. તું ગંગાકિનારે કોઈ મોટા નગરમાં જા. તારી મેળે જ ધન, આયોજન, બાંધકામ ઈ. સર્વ કરવાનું રહેશે. કરી શકીશ?' શિષ્યે જવાબ આપ્યો, 'આપના આશીર્વાદથી બધુંય થઈ રહેશે. આપને



સંપૂર્ણ સંતોષ થાય એવા આશ્રમનું સર્જન કરીશ.' ગુરુએ કહ્યું, 'આજથી બે વર્ષના સમયમાં આશ્રમ તૈયાર થઈ જવો જોઈએ.' શિષ્યે જવાબ આપ્યો, 'ભલે ગુરુજી.'

શિષ્ય ઊપડ્યો. સરસ નગર પસંદ કર્યું. ત્યાંના શ્રેષ્ઠીઓ, સામાન્ય માણસો, સ્થપતિઓ, શિલ્પકારો અને નાના-મોટા સર્વ પ્રકારનાં કારીગરો અને કામદારોને મળ્યો. બધાંને ગળે પ્રેમથી વાત ઉતારી. નગરમાં મા-ગંગાને કિનારે આવો આશ્રમ બને એ વાતથી સૌ નગરજનો રાજી થયા. સૌએ તન, મન, ધનથી સહકાર આપ્યો. આશ્રમનું બાંધકામ ઝડપથી થવા માંડ્યું.

બે વર્ષ થવામાં બેએક મહિનાની વાર હતી. આશ્રમ પૂર્ણ થવામાં જ હતો. આપેલ મહેતલ કરતાં એકાદ મહિનાપહેલાં જ કામ પૂર્ણ થઈ જાય એવી સંભાવના હતી. ત્યાં એક દિવસ ગુરુ તરફથી સંદેશો લઈ એક શિષ્ય આવી પહોંચ્યો. એણે આવીને શિષ્યને કહ્યું કે ગુરુજીએ તમને બોલાવ્યા છે. પ્રથમ શિષ્યે કહ્યું કે હવે આશ્રમ પૂર્ણ થવામાં થોડા સમયની જ વાર છે. તે પૂરું કરીને આવીશ. આવનાર શિષ્યે કહ્યું, 'ના, ગુરુજીએ તમને તાત્કાલિક બોલાવ્યા છે. અહીંનો ભાર મને સોંપી દેવાનો છે.' પ્રથમ શિષ્ય બહુ હતાશ થયો.

પ્રથમ શિષ્યે ગુરુજી પાસે જઈ પહેલી જ ફરિયાદ કરી, 'ગુરુજી, થોડા દિવસ મને ત્યાં રહેવા દઈ કામ પૂરું કરવા દીધું

હોત તો મેં અતિ સુંદર રીતે કામ પૂર્ણ કર્યું હોત.'

ગુરુજીએ કહ્યું, 'વત્સ, હું જાણું છું. તેં સર્વથા સુંદર કામ કર્યું છે. કામ કરવાની તારી પદ્ધતિથી પણ મને પૂર્ણ સંતોષ થયો છે. પણ તારી એક જ ભૂલ થઈ છે. તને તારા કામમાં આસક્તિ જન્મી. વત્સ, કર્મનું ફળ છોડી દેવું સહેલું છે, પણ આસક્તિ છોડવી મુશ્કેલ છે. તેં આસક્તિ બાંધી, પણ તારે તો મુક્ત થવાનું છે.'

*



# ૨. શ્રાવણ

આજે શ્રાવણનો પહેલો દિવસ છે - શ્રાવણ સુદ એકમ. ભગવાન શિવા માટે શ્રાવણનો મહિમા ભારે મોટો છે.

શિવના પુત્ર ગણેશ વિઘ્નહર્તા કહેવાય છે. પણ શિવ પોતે આપત્તિના સમયે કામ આવે એવા દેવ છે. ભગીરથે અથાગ પ્રયત્ન અને પરિશ્રમ કરી ગંગામૈયાને ધરતી પર લાવવાનો સંકલ્પ સિદ્ધ કર્યો, પણ ગંગાને ઝીલે કોણ? ગંગાનો પ્રવાહ એવો જરોદાર કે ધરતી પર પડે કે તરત ગંગા સીધી પાતાળે ઊતરી જાય. એને રોકવા ભગવાન શંકરે બીડું ઝડપ્યું. ગંગાને એમની જટામાં ઝીલી અને ગંગાનું ધરતી પર અવતરણ થયું. સમુદ્રમંથન કરી દેવોને અમૃત મેળવવું હતું. સૌથી પહેલું નીકળ્યું ઝેર. એ કોણ જીરવે? આપત્તિકાળે કોણ આગળ આવે? ભગવાન શિવ હાજર. એમણે ઝેર ગટગટાવ્યું ને કંઠમાં રોકી રાખ્યું.

ઝેર પીધું કે તરત શિવના આખા શરીરમાં લાય લાય ઝાળ લાગી. બળતરાનો પાર નહીં. ઈન્દ્ર મદદે આવ્યા. આકાશના દરવાજા ખોલી નાખ્યા. શિવના શરીરની અગન ઠારવા અનરાધાર વરસાદ પડ્યો. શિવના શરીરને ટાઢક વળી. આજે પણ શિવભક્તો શિવલિંગ પર દૂધ અને પાણીનો અભિષેક કરે છે. શિવલિંગ માથે જળાધારી બાંધે છે.

આ શ્રાવણ મહિનામાં જ કાવડિયાઓ ગંગામાંથી કાવડ ભરી ભરીને હરદ્વારના હરથાનકની યાત્રા કરે છે. જળાભિષેક કરે છે. શિવજળ લઈને પોતપોતાને ગામ પાછા ફરે છે.

આબાલવૃદ્ધ સૌને શ્રાવણિયા સોમવારનો ઉમંગ છે. સોમવારે શિવલિંગ પર બીલીપત્ર, દૂધ અને જળ સિંચાય. શ્રાવણિયા સોમવારે ઉપવાસ, નહીં તો છેવટે એકટાણું, ફરાળી ફરસાણ ને મિષ્ટાન્નની મોજ. શિવનું દેરું પણ મોટે ભાગે જળાશય પાસે, નદીને કિનારે કે સરવરના ઘાટે.

શિવ ભોળા દેવ. તરતમાં રીઝે. રામકૃષ્ણ પરમહંસને કાશીના પવિત્ર સ્થળે શિવનું અને શક્તિનું દર્શન થયેલું. એક મહાકાય પુરુષ, માથે કાળી, મેલી, ઝંઝોટાઈ બંધાયેલી-ગૂંથાયેલી જટા. ગંગાકાંઠે બળી રહેલી ચિતાઓમાં તેનાં પગલાં પાડે. તેની ભસ્મ ઊડે. ચિતાની સામે બાજુએ શક્તિની દેવી મહાકાલી બેઠાં બેઠાં જીવના બંધનની એકેએક ગાંઠ છોડતાં જાય. જીવ મોક્ષ



પામે. ચેતનામાં ભળી જાય. આવું થયું હતું રામકૃષ્ણ પરમહંસને દર્શન.

આવા મહિમાવાળા શિવના શ્રાવણનો મહિમા હોય જ ને! બળેવ, નારિયેળી પૂનમ, રક્ષાબંધન, જન્માષ્ટમી, પારણાં - બધાં તહેવાર શ્રાવણમાં. આઝાદીની લડત નવમી ઓગષ્ટ, સ્વાતંત્ર્ય દિન ૧૫ મી ઓગસ્ટ શ્રાવણમાં. સિનેમાવાળાઓએ શ્રાવણને બહુ બહેલાવ્યો છે. ‘સાવન કા મહિના...’ ‘આયા સાવન ઝુમકે...’ ‘બરસેગા સાવન... અંગના ફૂલ ખીલે’ ને એવું એવું. આપણા કવિ બાલમુકુન્દ દવે પણ ગાય છે :

ઓ શ્રાવણ વરસે સરવડે
કોઈ ઝીલો જી, કોઈ ઝીલો જી.

*

# ૩. પુણ્ય

પાર્વતીને બહુ જ અહંકાર હતો. તે માનતી હતી કે તેણે જીવનમાં કોઈ પાપ કર્યું નથી. સ્વર્ગમાં જવા મળશે તેની તેને ખાતરી હતી.

એક દિવસ ઘરમાં કચરો વાળતાં વાળતાં એક વંદા પર પાર્વતીથી ઝાડુ પડ્યું. વંદો ત્યાંને ત્યાં જ મરી ગયો. પાર્વતી ગભરાઈ ગઈ. તેને હાથે અકસ્માત પાપ થઈ ગયું હતું. હવે એ કેવી રીતે ધોઈ નાખવું? મરેલો વંદો લઈ પાર્વતી આમતેમ ફરવા લાગી. તેને થયું કે બજારમાં જઈ કોઈ પાપીને માથે આ વંદો માર્યાનું પાપ નાખી દઉં તો પાપમાંથી છુટાય.

બજારમાં પાર્વતીને સાવિત્રી મળી. સાવિત્રી માછલીઓ વેચવાનો ધંધો કરતી હતી. પાર્વતીએ સાવિત્રીને કહ્યું, ‘હે નપાવટ સ્ત્રી, તું રોજ કેટલા બધા જીવ મારે છે અને વેચે છે! મૃત્યુ પછી



તારું શું થશે? તું જરૂર નરકમાં જશે. મેં એક પણ પાપ કર્યું નથી, પણ આજે અકસ્માત મારે હાથે એક વંદો મરી ગયો. તે પાપની મને બહુ ચિંતા થાય છે. કેવી રીતે તે પાપ ધોવું?’

સાવિત્રીએ આશ્વાસન આપ્યું, ‘‘હે ધર્મ-પવિત્ર સ્ત્રી, ચિંતા ન કરીશ. મેં તો કેટલીય માછલીઓ મારી છે ને વેચી છે. વંદો માર્યાનું તારું પાપ અહીં મારી છાબડીમાં નાખી દે.’’ આમ કહી તેણે મરેલો વંદો પોતાની માછલીઓની છાબડીમાં નખાવી દીધો.

પાર્વતી તો રાજી રાજી થઈ ગઈ. પોતે પાપ-મુક્ત થઈ ગઈ હતી. હવે તેને માટે મૃત્યુ પછી સ્વર્ગ નક્કી હતું.

સમય વીતતાં પાર્વતી અને સાર્વિત્રી ક જ દિવસે મૃત્યુ પામ્યાં. સાવિત્રીના જીવને લેવા એક શણગારેલો રથ આવ્યો. એ સાવિત્રીને સ્વર્ગમાં લઈ જવાનો હતો. બીજી બાજુ નરકના અનુચરો પાર્વતીનો જીવ લેવા આવ્યા. પાર્વતીએ તેમને કહ્યું, ‘તમારી ભૂલ થતી લાગે છે. હું પાપી સાવિત્રી નાથી. તેણે જીવનભર માછલીઓ મારી પાપ ભેગું કર્યું છે. હું પવિત્ર પાર્વતી છું. મેં એકે પાપ કર્યું નથી. મને સ્વર્ગમાં લઈ જાવ ને સાવિત્રીને નરકમાં લઈ જાવ.’

નરકના અનુચરોએ કહ્યું, ‘‘પાર્વતી, અમે કદી ભૂલ કરતા નથી. તને જ નરકમાં લઈ જવાની છે અને સાવિત્રી માટે સ્વર્ગ

છે.''

પાર્વતીને કંઈ સમજ ન પડી. તેણે ખુલાસો પૂછ્યો. નરકના અનુચરોએ કહ્યું, 'પાર્વતી, સાવિત્રી તેનું કર્મ કરતી હતી. માછલી વેચવી તેનું કર્મ હતું. તેનાં કર્મો તે ઈશ્વરને અર્પણ કરતી હતી. તે માત્ર નિમિત્તા હતી. બીજાનાં પાપ પણ પોતાને માથે લઈ લેવા જેટલી તે ઉદાર હતી. તેથી તે સ્વર્ગને લાયક છે. તું તારાં કામ તારાં પોતાનાં છે એમ માની તારા અહમ્‌ને પોષવા માટે કામ કરતી હતી. તને અહંકાર હતો કે તું બહુ પુણ્યશાળી છે. વળી તું એવી સ્વાર્થી હતી કે તારું પાપ પણ બીજાને માથે નાખી દેવા તત્પર હતી. તેથી તું નરકમાં જવાને જ લાયક છે.'

પોતાનાં કર્મ ઈશ્વરનું નિર્માણ માની નિમિત્તરૂપે કામ કરનારને કર્મનાં પાપફળ મળતાં નથી. પોતાનાં કામ પોતે કર્યાનો અહંકાર રાખનારને કર્મનાં પાપ-પુણ્ય ફળ વળગે છે. વળી પોતાનાં પાપ બીજા પર ઓઢાડનાર સ્વાર્થી જીવને કર્મોનું બૂરું ફળ ભોગવવું પડે છે.

*



# ૪. સુખ

જંગલમાં એક સાધુમહાત્મા રહેતા હતા. તેઓ તેમની પાસે ત્રણ શિલાઓ રાખતા. એક શિલા સૂતી વખતે માથા નીચે ઓશીકાની જગાએ રાખતા. બીજી શિલા કેડ નીચે આધાર માટે મૂકતા અને ત્રીજી શિલા પગ નીચે ગોઠવતા. શરીર પર એક ચાદર જેવું કપડું ઓઢી લેતા. સરસ ઊંઘ આવી જતી. વરસાદ પડતો હોય ત્યારે ઉપરના ઘટાદાર વૃક્ષ પર બાંધેલી તાડપત્રી રક્ષણ આપતી. બધું પાણી શિલાઓ નીચે થઈ વહી જતું. ઊંઘમાં ખલેલ ન પડતી. બેસવું હોય ત્યારે ત્રણે શિલાઓ ચૂલા પર મૂકી હોય તેમ ઊંચે ગોઠવીને બેસતા. સાપ અને બીજાં સરીસૃપ હેરાન કર્યા વગર નીચેથી ચાલ્યાં જતાં. ગામલોક ખાવાનું આપી જતા. કોઈ વાતનું દુઃખ નહોતું.

તે પ્રદેશના રાજા ફરતાં ફરતાં જંગલમાં આવી ચડ્યા.

સાધુમહાત્માને જોઈ રાજાને, 'આ સાધુપુરુષને કેવી હાડમારી છે. શિલાઓ પર શરીર અકડાઈ જતું હશે. લાવ બે-ચાર દિવસ માટે તેમને મારા મહેલે લઈ જાઉં. સુખ-આરામ આપું.' રાજધાનીએ પહોંચી રાજાએ બે સૈનિકોને બોલાવ્યા, હુકમ કર્યો, 'જાઓ, પેલા સાધુમહાત્માને પાલખીમાં બેસાડી અહીં લઈ આવો. નહીં લઈ આવો તો તમને સજા કરીશ.' સાધુ પાસે જઈ સૈનિકોએ વિનંતી કરી, 'રાજમહેલમાં પધારો! અમે પાલખી લઈ તમને લેવા આવ્યા છીએ.' સાધુએ જવાબ આપ્યો, 'મારું રાજમહેલમાં શું કામ? હું અહીં સુખી છું.' સૈનિકોએ જણાવ્યું, 'તમે નહીં આવો તો અમને સજા થશે.' સૈનિકોને સજામાંથી બચાવવા સાધુ તેમની સાથે જવા તૈયાર થયા. ઓઢવાનાં કપડાંમાં કોપીન અને ત્રણે શિલાઓ બાંધી રાજમહેલે પહોંચ્યા.

રાજાએ સાધુમહાત્માનું સ્વાગત કર્યું. સારી રીતે જમાડ્યા ને પછી સજાવેલા પલંગ ઉપર આરામ માટે સૂવા જણાવ્યું. રાજા ગયા એટલે સાધુમહાત્માએ પોતાનું પોટલું છોડ્યું, શિલાઓ કાઢી, ગાદલાં, ઓશીકાં, કેડ અને પગની જગાએ શિલાઓ ગોઠવીને સૂઈ ગયા. સવાર પડી એટલે રાજા સાધુમહાત્માની ખબર કાઢવા આવ્યા, 'કેમ, ઊંઘ તો બરાબર આવી ને?' સાધુ મહારાજે જવાબ આપ્યો, 'હા, જંગલમાં આવતી હતી તેવી જ ઘસઘસાટ સરસ ઊંઘ આવી ગઈ.'



'એમ નહીં?' રાજાએ વશેકાઈ કરવા માંડી. 'ત્યાં જંગલમાં ભારે અગવડ હતી. પેલા પથ્થરો પર સૂવામાં ભારે પીડા થતી હશે, નહીં?'

સાધુએ કહ્યું, 'ત્યાં જે પથારી હતી તેવી જ પથારી અહીં પણ છે. મને તો બધી જગ્યાએ સરખું જ સુખ મળે છે. નિંદ્રામાં કે રહેવા-કરવામાં ક્યારેય કશું ખૂટતું નથી.'

રાજા ગૂંચવાયા, કંઈ સમજ્યા નહીં. તેમણે પલંગ પર નજર નાખી. ગાદલાં પર ગોઠવેલી ત્રણે શિલાઓ જોઈ. રાજા બધું સમજી ગયા. સાધુમહાત્માને રાજાએ બે હાથ જોડી વંદન કર્યાં બોલ્યા, 'હે મહાપુરુષ, તમારી મહાનતા સમજ્યા વગર હું તમને અહીં ખેંચી લાવ્યો. હું તમને સુખી કરવા માગતો હતો, પણ મને મૂરખને એટલું ન સમજાયું કે તમે તો સર્વ સ્થિતિમાં સુખી છો. મને માફ કરો ને શુભાશિષ આપો.'

*

# પ. પ્રેમ

દેવોની સભા મળેલી.

બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ જેવા મોટા દેવો હાજર હતા. યમ, વરુણ અને અગ્નિ જેવા નાના દેવો પણ હાજર હતા.

મોટા દેવ મોટા સિંહાસન પર બેઠેલા.

યક્ષ, ગાંધર્વ, કિન્નર અને દૈવી હંસ પણ હાજર હતા. તે બધા નીચે બેઠેલા. દરબારમાં પુણ્યશાળી માણસો પણ હતા.

આજે આનંદનો દિવસ હતો.

ગીત-સંગીતનો જલસો રાખ્યો હતો.

દેવ સભા શણગારવામાં આવી હતી.

એટલામાં આવી પહોંચ્યા નારદ. 'નમો નારાયણ' બોલીને દરબારમાં દાખલ થયા. દેવોએ નારદનો સત્કાર કર્યો. નારદજી પણ દેવો સાથે બેસી ગયા.



થોડીવારમાં કાર્યક્રમ શરૂ થયો.

ગાંધર્વોએ ગીત ગાવાનું શરૂ કર્યું.

કિન્નરોએ સંગીતના તાર છેડ્યા.

.... અને ઝાંઝરનો ઝણકાર થયો. એક પછી એક અપ્સરાઓ આવવા માંડી. નાચતી ને કૂદતી અપ્સરાઓ. હાથના અભિનય કરતી અને આંખ નચાવતી.

અપ્સરાઓનું ટોળું આવી ગયું.

અપ્સરાઓ પણ કેવી?

રૂપરૂપનો અંબાર, જાણે વીજળીનો ચમકાર
પગના ઠેકે પાયલમાંથી ઝરે મધુર ઝણકાર
હાથ હલાવી, આંખ નચાવી, રેલે રસની ધાર
દેવો જેવા દેવો નિરખે આંખ કરીને ચાર.

આવી અપ્સરાઓ, આવું એનું રૂપ, આવો એનો લટકો ને મટકો. દેવો તો ડોલી ગયા.

ગાંધર્વોનું ગીત મધુર,

કિન્નરોનું સંગીત મધુર,

અપ્સરાઓનું નૃત્ય મધુર,

આખું વાતાવરણ મધુર. બધું જ સુંદર. બધા જ દેવો અપ્સરાઓનું નૃત્ય જુએ.

પણ નારદ...? વાત ના પૂછો નારદની. એ તો બ્રહ્મચારી-

બાલબ્રહ્મચારી. એમનાથી કેમ જોવાય? અપ્સરાઓ સામે નજર પણ કેમ કરાય? અપ્સરાઓ સામે તો જોવામાં પણ પાપ!

એમને સંગીત ગમે એટલે ધ્યાનથી સાંભળે. સંગીતના તાલ પ્રમાણે ડોલે પણ ખરા. કાન ખુલ્લા જ રાખેલા.

પણ આંખ? આંખની શી જરૂર? નારદે આંખ બંધ કરી દીધેલી. આંખ ખુલ્લી હોય તો અપ્સરાને જોવાનું મન થઈ જાય ને? તેમણે આંખ જ બંધ રાખી.

એક અપ્સરાની નજર પડી.

એની નજર નારદજી પર જ પડી. નારદજીની આંખ બંધ જોઈ. અપ્સરાને તો રૂપનું અભિમાન હોય. એનું રૂપ જોઈને 'વાહ વાહ' કહેવું જ પડે. ના જોઈએ તો અપમાન લાગે.

નારદની બંધ આંખો જોઈને તેને ખોટું લાગ્યું. તેણે બીજી અપ્સરાને કહ્યું :

'આ નારદજી જોયા?'

બીજી અપ્સરાઓ નારદની મજાક કરતાં કહ્યું :

'એ તો બ્રહ્મચારી કહેવાય. દેવોને બતાવવા આંખો બંધ રાખી છે. બાકી છાનાછપના તો જોતા જ હશે.'

એમ કહીને તે ધીમેથી હસી.

પણ પહેલી અપ્સરા તો જોરથી હસી. ખડખડાટ હસી. પેટ પકડીને હસી.



નારદની આંખ ખુલી ગઈ.

તેમની નજર એ અપ્સરા પર પડી.

અપ્સરા ફરીથી હસી. નારદજીને જુએ ને હસે. આ તાલ જોઈને દેવો પણ ફરી હસી પડ્યા.

નારદ તો અપ્સરાને જુએ અને દેવોને જુએ. નારદ સમજી ગયા.

અપ્સરાએ તેમનું અપમાન કર્યું. બે ટકાની અપ્સરાએ અપમાન કર્યું. નારદ તો શંકરને પણ ના ગાંઠે. વિષ્ણુને પણ ના સાંભળે. પોતાના પિતા બ્રહ્માને પણ મોંઢે સંભળાવી દે.

એવા નારદનું અપમાન થયું.

તેમની ચોટલી કડક થઈ ગઈ. આંખો લાલ બની ગઈ. મુખમાંથી શબ્દો નીકળી પડ્યા.

'હે અપ્સરા! તેં મારું અપમાન કરવાની હિંમત કરી? તો હવે ભોગવ એનું ફળ. તારું હાસ્ય ઘોડાની હણહણાટી જેવું હતું. માટે તું પૃથ્વી પર ઘોડી થઈને પડ. તું દિવસે ઘોડી બનીશ અને રાત્રે અપ્સરા બનીશ.'

દરબાર ચૂપ થઈ ગયો.

કોણ બોલે? કોણ નારદજીને સમજાવે?

છેવટે વિષ્ણુ બોલ્યા :

'નારદજી ! શાંત થાઓ! અપ્સરા પર ગુસ્સો કરવો શોભે

નહીં. અપ્સરાની ભૂલ તો છે જ. પણ આવડી મોટી સજા ના હો. શાપ હળવો કરો.'

નારદને પણ પસ્તાવો થયો. તે બોલ્યા.

'પૃથ્વી પર સાડાત્રણ વજ ભેગાં થાય, તો અપ્સરા સ્વર્ગમાં આવી શકે.'

આમ કહીને નારદ ચાલ્યા ગયા.

અપ્સરા પૃથ્વી પર પડી. ઘોડી થઈને પડી.

સોરઠ નામનો પ્રદેશ.

દાહિર નામનો તેનો રાજા.

તેના નગરમાં આ ઘોડી પડી. તેની ભાગોળમાં તળાવ હતું. એ તળાવના કિનારે ઘોડી ચરતી હતી.

સાંજના સાત વાગ્યાનો સમય હતો. તે નગરમાં પાછો ફરતો હતો. તે વખતે તેણે આ ઘોડી જોઈ. ઘોડી સુંદર હતી. રાજાને તેને જોઈ જ રહ્યો.

પણ એવામાં એકદમ અંધારું થઈ ગયું.

એકદમ ચમત્કાર થયો.

રાજાએ વારંવાર આંખ મીંચકારી જોઈ. ધારી ધારીને જોયું. પહેલાં તો તેને નવાઈ લાગી.

ઘોડી ગાયબ થઈ ગઈ. તેની જગ્યાએ રૂપાળી સ્ત્રી હતી. રાજા ગભરાયો. તેણે તલવાર ખેંચી. હાથમાં તલવાર રાખીને



તેની નજીક ગયો.

'હે સુંદરી ! તું કોણ છે? ડાકણ છે શાકણ કે ભૂત છે? અહીં શા માટે આવી છે?'

અપ્સરાએ જવાબ આપ્યો :

' હે રાજા! હું અપ્સરા છું. નારદજીના શાપથી મારી આ દશા છે.'

અપ્સરાએ રાજાને પૂરી વિગત આપી.

રાજાને સંતોષ થયો. તેણે કહ્યું :

'હે અપ્સરા ! તમે મારા મહેલમાં રહેજો. હું તમને કોઈ તકલીફ નહીં પડવા દઉં. હું પ્રાણાન્તે પણ તમારું રક્ષણ કરીશ.'

રાજાના વચનથી અપ્સરા ખુશ થઈ.

તે રાજાને સાથે ગઈ.

ત્યાં જ રહેવા લાગી. રાજાએ તેને પૂરેપૂરી સગવડ આપી છે. તેને કોઈ જાતની તકલીફ પડવા દેતો નથી ! આ વાતની કોઈને ખબર નથી.

અપ્સરા તો સુખેથી રહે છે.

પણ નારદને શાંતિ નથી. નારદ ક્રોધી ખરા. ગુસ્સે પણ ઝટ થઈ જાય. પણ તેમના મનમાં પાપ નહીં. નારદજી એટલે ભોળાનાથનો અવતાર.

અપ્સરાને શાપ આપ્યા પછી તેમને પસ્તાવો થવા લાગ્યો.

તેમને વારંવાર વિચાર આવ્યા કરે :

'અપ્સરાને ઘોડી સ્વરૂપમાંથી છોડાવવી જોઈએ.'

'પણ એને છોડાવવા માટે વજ્ર જોઈએ. સાડા ત્રણ વજ્ર જોઈએ. વળી પાછાં ભેગાં થવાં જોઈએ. તો જ અપ્સરા શાપમાંથી છૂટી શકે.'

હવે નારદે વજ્ર ભેગાં કરવાની યોજના ઘડી.

નારદ તો ચાલ્યા. ધોતિયાનો છેડો હાથમાં પકડ્યો. મોટા પગલે ચાલવા માંડ્યું. આવ્યા દ્વારિકામાં.

કૃષ્ણ મળ્યા.

બળરામ પણ મળ્યા.

નારદે તેમની સાથે ઝાઝી વાત ના કરી. તે તો પ્રદ્યુમ્નને શોધતા હતા. પ્રદ્યુમ્ન કૃષ્ણનો દીકરો. એમને પકડવાથી જ નારદના પાસા પોબાર પડે.

છેવટે તક મળી. પ્રદ્યુમ્નને એકાંતમાં લઈ ગયા. એકાંતમાં લઈ જઈને અપ્સરાની વાત કરી. શાપને લીધે ઘોડી થઈ છે, તે વાત કરી. એ ઘોડી દાહિર રાજા પાસે છે એમ પણ કહ્યું.

પ્રદ્યુમ્ન તો વાત જાણીને નાચી ઉઠ્યો :

'દિવસે ઘોડી અને રાત્રે અપ્સરા. ઘોડી હું મેળવીને જ જંપીશ.'

તેણે પોતાના કાકા બલરામને વાત કરી. બલરામની



ભાષા જરા જાડી. તેમણે કહ્યું.

'જો ભાઈ, એવાં ઘોડાં-ગધેડાંનો મોહ ના રાખીએ, એના કરતાં ચડિયાતી ઘોડીઓ આપણી પાસે છે. તારે જે જોઈએ તે લઈ લેજે.'

પ્રદ્યુમ્નએ પોતાની હઠ છોડી નહીં.

પ્રદ્યુમ્ન તો બલરામનો લાડકો. બલરામને તે બહુ ગમે. પ્રદ્યુમ્ન જે માગે તે મળે. એવા લાડકાની આશા તો પૂરી કરવી જોઈએ ને?

બલરામે યાદવ સેનાપતિને બોલાવ્યો. બલરામે તેની સાથે દાહિર રાજાને સંદેશો મોકલ્યો :

'તમારી પાસે એક એવી દૈવી ઘોડી છે. એ ઘોડી માટે પ્રદ્યુમ્ન હઠ લઈ બેઠો છે. તમારે જે પૈસા લેવાના હોય તે સેનાપતિ આપી દેશે. સેનાપતિ સાથે મોકલશો તો અમે આભારી થઈશું.'

યાદવ સેનાપતિ ગયો.

થોડા દિવસમાં પાછો આવ્યો. સમાચાર નિરાશાજનક હતા. દાહિર રાજાએ ઘોડી વેચવાની ના પાડી.

બલરામે સાત્યકિને મોકલ્યો. તેની સાથે સંદેશો મોકલ્યો:

'ઘોડી વેચવાની ના હોય તો ભેટ આપો. અમે બીજી રીતે બદલો આપીશું.'

સાત્યકિ દાહિર પાસે ગયા.

બલરામનો સંદેશો આપ્યો.

જવાબમાં દાહિર બોલ્યો :

'હે સાત્યકિ ! હું ઘોડીની ભેટ પણ આપી શકું એમ નથી. મારા રાજ્યમાંથી બીજું કંઈ પણ આપું. આ ઘોડી તો ન જ આપું.'

બલરામે સમજાવ્યા પ્રમાણે તે ગુસ્સે થઈ ગયો. તેણે રાજાને સંભળાવી દીધું :

'રાજા ! તું કોને ના પાડે છે? બલરામથી આ અપમાન સહન નહીં થાય. આ અપમાનને માટે તું ફરી વિચાર કર.'

દાહિરે કહ્યું :

'હે સાત્યકિ ! હું ઘોડી નથી આપતો તેનું કારણ બીજું છે. આ ઘોડી શાપ પામેલી અપ્સરા છે. હું તેની સાથે વચનથી બંધાયો છું. જો ઘોડી આપું તો મારો ક્ષત્રિય ધર્મ લાજે. બલરામજી સમજે તો સારી વાત છે. ન સમજે તો વાંધો નહીં. હું મોતથી ડરતો નથી. મને મારીને ઘોડી લઈ જઈ શકશો.'

સાત્યકિને પણ આ વાત સાચી લાગી.

તે પણ ઘોડી લીધા વિના આવ્યો.

બલરામને આ સમાચાર મળ્યા. તેમનો પારો સાતમા આસમાન સુધી પહોંચી ગયો. તેમના મનમાં જ્વાળામુખી ભભૂકી ઉઠ્યો :

'શું...ઉં....! દાહિરની આટલી હિંમત! મૂરખાએ સામે



ચાલીને મોત બોલાવ્યું. બીજું થાય પણ શું? ઘો મારવાની થાય ત્યારે વાઘરીવાડે જાય. રાજા દાહિરે પણ એવું જ કર્યું.'

બલરામ તો નીકળી પડ્યા.

ખભે નાખ્યું હળ. એમનું શસ્ત્ર હળ હોય એટલે ચાલે. બીજું કંઈ ના જોઈએ. તે હળથી જ લડાઈ લડતા. બલરામજી દાહિરને મારવા નીકળી પડ્યા.

પૃથ્વી પર તો હાહાકાર થઈ ગયો. દાહિરને પણ ખબર પડી. તે જાણતો હતો. બલરામજીના ભાઈ શ્રીકૃષ્ણ. શ્રીકૃષ્ણ એટલે ભગવાન. ભગવાન સામે કોણ લડી શકે? એટલે મોત નક્કી છે. એટલે દાહિર તો નીડર બનીને બેઠો છે.

પણ નારદજીને ચટપટી થઈ.

એ તો આ તાલની રાહ જોઈને બેઠા હતા. પણ દાહિર મરી જાય તો નારદની યોજના ભાંગી પડે. એટલે દાહિરને જીવતો રાખવો પડે.

નારદજીએ તો પાછી પોતડી પકડી.

ઝડપથી રાજા દાહિરને મળવા ચાલ્યા આવ્યા તેના દરબારમાં. નારદજી બધું જ જાણતા હતા, છતાં પૂછ્યું :

'કેમ રાજા, ઉદાસ કેમ છો? દુઃખી થવાનું કારણ શું છે? મને કહો તો કદાચ માર્ગ મળે.'

દાહિરે બધી વાત કરી.

નારદે પણ ચિંતામાં હોય તેવો દેખાવ કર્યો.

વાત પૂરી સાંભળીને તેમણે પૂછ્યું :

'હવે તેં શો વિચાર કર્યો?'

રાજાએ જવાબ આપ્યો :

'નારદજી ! બલરામ મને મારવા આવે છે. મેં પણ મરવાની તૈયારી રાખી છે.'

નારદ ખોટું ખોટું ચમકી ગયા :

'શું...? મરવાની તૈયારી! અરે ગાંડો થયો? દાહિર, હું તને નહીં મરવાં દઉં.'

દાહિર હાથ જોડીને બોલ્યો :

'નારદજી ! મહેરબાની તમારી. બચવાનો કોઈ ઉપાય છે ખરો?'

'ઉપાય તો એક કરતાં એક્યાસી મળે. તારો વિચાર શું છે?'

દાહિરે કહ્યું :

'દેવ, હું તમારે શરણે. મને બચાવો. ઉપાય ગમે તેવો કઠણ હશે. આ દાહિર મોતથી ડરતો નથી, પછી કઠણ ઉપાયથી શા માટે ડરે?'

નારદે ગંભીરતાથી કહ્યું.

'તો પછી મારી વાત ધ્યાનથી સાંભળ. આખા ભારત



દેશમાં કૃષ્ણની સામે લડે એવું કોઈ નથી. એક છે ફક્ત અર્જુન. જા, એનું શરણ મળે તો બચી જવાય.'

દાહિર બોલ્યો :

'નારદજી ! તમારી વાત તો સાચી છે. પણ એનું શરણ મળે શી રીતે? અર્જુન મને શરણ જ નહીં આપે.'

નારદ મીઠું હસીને બોલ્યા -

'એનો ઉપાય મારી પાસે છે. તારે એક કામ કરવાનું .અત્યારે તો તું ભાગી જા, ઘોડી લઈને ભાગી જા. અહીંથી સીધા પાંડવના નગરમાં જા. ત્યાં નદી કિનારે ચિતા તૈયાર કર. એમાં બળી મરવાનો દેખાવ કર. જોજે, બળી મરવાનું નથી. પછીની વાત હું સંભાળી લઈશ.'

દાહિર તો ખુશ થઈ ગયો.

તેને જીવતદાન મળી ગયું.

તે તો નારદના પગમાં પડી ગયો :

'નારદજી, તમે જ ભગવાન. તમે ના હોત તો હું જીવી શકત નહીં.'

પણ નારદજી તો મનમાં હસતા હતા.

તેમને તો એક કાંકરે બે પક્ષી મારવાં હતાં.

અપ્સરાને શાપમાંથી છોડાવવી હતી. બીજું કામ લડાઈ કરાવવાનું. અર્જુન-કૃષ્ણની જોડી લડે નહીં. એ બંને જો લડે તો

રંગ રહી જાય. આખી દુનિયા તેમની લડાઈ જુએ.

પણ દાહિરને બિચારાને શી ખબર?

તેને તો નારદજી ભગવાન જેવા લાગ્યા.

નારદજીની યોજના પ્રમાણે તે ઘોડી લઈને ભાગ્યો. આવ્યો પાંડવોની રાજધાની ઈન્દ્રપ્રસ્થમાં. યમુના નદીને કિનારે તેણે ચિતા ખડકી. નારદના કહ્યા મુજબ તેણે બળી મરવાનો દેખાવ કર્યો. આખા નગરમાં વાત ફેલાઈ.

તેની પાછળ નીકળ્યા નારદજી.

'નમો નારાયણ' નો જાપ ચાલુ છે.

આવ્યા પાંડવોની રાજધાનીમાં. પાંડવોએ નારદને આવકાર આપ્યો. પણ નારદને અત્યારે સમય ક્યાં હતો? નહીં તો ગામગપાટા મારવા બેસી ગયા હોત. નારદની એક એક પળ અત્યારે કિંમતી હતી.

નારદના મનમાં તો ઘોડા દોડતા હતા.

જાણો છો શાના ઘોડા?

પોતાની યોજનાના ઘોડા.

એવા નારદ પાસે સમય ક્યાંથી હોય? એમને તો અત્યારે અભિમન્યુની જરૂર હતી.

શું વાત કરો છો?

અભિમન્યુ તો અર્જુન-સુભદ્રાનો પુત્ર.



એ તો કૃષ્ણનો ભાણો.

કૃષ્ણ એના મામા થાય.

એ અભિમન્યુની જરૂર હતી! અંગુઠા જેવડા છોકરાની જરૂર? અને તેય નારદને?

હા, ભાઈ! હા.

એ અભિમન્યુનું કામ હતું. નારદની યોજનામાં એ જ કામ લાગવાનો હતો. એના જેવું કામ કોઈ ના કરે. નારદજીને તો જાણો છો ને? એમની વાત નિરાળી. એમનું વર્તન વિચિત્ર. દેખાવ ભોળા બ્રહ્મા જેવો. કામ કરે ત્યારે જ કપટ દેખાય.

નારદજીની એવી વાત. નાનું છોકરું કામ લાગે તો તેની સાથે પણ બેસવાનું. તે વખતે બધી મોટાઈ છોડી દેવાની.

વળી નારદ પાસે વાતોનો ખજાનો.

પ્રસંગોનો ભંડાર.

અલક-મલકની વાતો કરે. એમની વાતોમાં આલિયો આવે, ને જમાલિયો પણ આવે. લલ્લુ આવે તો લખી પણ આવે. જાદુ આવે ને મંતર પણ આવે.

એટલે નારદજી બધાને વહાલા લાગે.

નારદજીએ અભિમન્યુને શોધી કાઢ્યો.

તે વખતે અભિમન્યુ ઘોડેસ્વારી કરતો હતો. નારદને જોયા કે તરત જ નીચે ઊતર્યો. નારદને પ્રણામ કર્યા.

નારદે પણ આશીર્વાદ આપ્યા.

પછી તો તરત જ નારદે વાત શરૂ કરી દીધી :

'અરે કુંવર ! તમને ઘોડેસ્વારી પણ આવડે છે? તમે તો બહુ હોંશિયાર થઈ ગયા.'

અભિમન્યુ બોલ્યો :

'નારદજી! ભલભલા તોફાની ઘોડાને હું પલાણું છું. પણ મને ઘોડા ગમતા નથી. ઘોડેસ્વારી માટે તો ઘોડી જ સારી. બેઠા એટલે પાણીના રેલાની માફક ચાલે.'

નારદે તરત જ વાત પકડી લીધી :

'કુંવર ! મેં હમણાં જ એક ઘોડી જોઈ. તમારા નગરમાં આવતો હતો ત્યારે જોવા મળી. વાહ! શું ઘોડી છે? જાણે ઘોડી જ નથી. એવું લાગે કે ઘોડીના સ્વરૂપમાં અપ્સરા ઊતરી આવી! એવી તો એ રૂપાળી છે. હું તો એને જોઈને જ ખુશ ખુશ થઈ ગયો. ઉપર બેસવાનું મળે તો... પણ મને તો આવડતું જ નથી.'

અભિમન્યુ એક ધ્યાનથી સાંભળતો હતો.

તેને ઘોડીની વાતમાં રસ પડી ગયો.

હોઠ પર જીભ ફેરવી લીધી અને બોલ્યો :

'નારદજી ! મને એ ઘોડી બતાવો.'

નારદજીએ વાત પર ઠંડુ પાણી રેડવા માંડ્યું :

'જો કુંવર ! ઘોડી તો હું બતાવું. ઘોડી જોઈને તું હઠ પકડે.



એટલે નામ આવે મારું. આમેય મારી છાપ જરા એવી જ છે. તારો બાપ કહેશે કે, મારા છોકરાને ચડાવી માર્યો. આવી વાત છે, ભાઈ.'

અભિમન્યુ બોલ્યો :

'પણ નારદજી, તમે મને ક્યાં ચડાવો છો? હું તો મારી ઈચ્છાથી આવું છું.'

નારદે કહ્યું :

'ભાઈ, તારી વાત સાચી છે. પણ લોકો તો એમ જ કહે કે નારદજી આવ્યા ને આ થયું.'

હવે અભિમન્યુ અડગ બની ગયો.

'નારદજી ! આ મારું વચન છે. હું કોઈને તમારી વાત નહીં કરું, પણ ઘોડી તો તમારે બતાવવી જ પડશે.'

નારદ મહાપરાણે બોલ્યા :

'ચાલો ત્યારે, ભગવાનની ઈચ્છા. મારુ નામ ના આવે એટલું ધ્યાન રાખજે.'

એમ કહીને નારદ આગળ ચાલ્યા.

સાથે અભિમન્યુ પણ ચાલ્યો.

તેણે પોતાનો ઘોડો નોકરને સોંપી દીધો. બંને જણ વાતો કરતા કરતા આવ્યા નદી કિનારે.

દાહિર રાજાએ દૂરથી નારદને જોઈ લીધા.

સાથે અભિમન્યુ જોયો.

તે સમજી ગયો : નારદની યોજના શરૂ થઈ ગઈ છે.

તે તૈયાર થઈ ગયો.

ચારે બાજુથી કાગળના ટુકડા વીણી લાવ્યો. લાકડાં ગોઠવીને ચિતા બનાવી હતી. એ ચિતા સળગાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

એટલામાં નારદ અભિમન્યુ સાથે આવી પહોંચ્યા.

અભિમન્યુ બોલી ઉઠ્યો.

'અરે, રાજા ! તમે આ લાકડાં શા માટે સળગાવો છો? અહીં આગળ સળગાવવાનું કારણ શું?'

દાહિર રાજાએ ઉપર જોયું, તે ઊભો થઈ ગયો. અભિમન્યુ તરફ જોઈને બોલ્યો :

'કુંવર ! આ ચિતા છે. હું બળી મરવા માગું છું.'

અભિમન્યુ અધીરો બનીને બોલી ઊઠ્યો :

'કેમ, કેમ, એવું શું દુઃખ છે?'

રાજાએ દુઃખથી કહ્યું :

મારી પાછળ એક રાજા પડ્યો છે. એની સામે લડવાની મારી તાકાત નથી. બીજો કોઈ રાજા રક્ષણ આપતો નથી. એટલે એના હાથે મરવા કરતાં બળી મરવું સારું.'

અભિમન્યુ જાણતો હતો. તેના પિતા મોટા બાણાવાળી



ગણાતા, આખા ભારતમાં તેમને કોઈ હરાવી ના શકે. તેના કાકા ભીમ પણ શક્તિશાળી હતા. વળી અભિમન્યુ ક્ષત્રિય હતો. ક્ષત્રિયની ફરજ તે જાણતો હતો.

શરણે આવેલાનું રક્ષણ કરવું જોઈએ. ક્ષત્રિયની એ ફરજ. જીવને જોખમમાં મૂકીને પણ ક્ષત્રિય એ ફરજ બજાવે.

'હે રાજા ! હું ક્ષત્રિય છું, પાંડવનો વંશજ છું. અર્જુનનો પુત્ર છું. અમારા કુળની પરંપરા છે : શરણે આવેલાનું રક્ષણ કરવું. તમે અમારા નગરમાં આવ્યા છો. તમને મરવા દેવાય નહીં. તમે મહેલમાં ચાલો. તમને પાંડવોનું રક્ષણ છે.'

નારદની શિખામણ પ્રમાણે જ દાહિર વાત કરતો હતો. તેણે જાણીને કૃષ્ણનું નામ લીધું ન હતું. હવે તે બોલ્યો :

'કુંવર ! મને અર્જુન પણ રક્ષણ નહીં આપે. તમે મને મહેલમાં લઈ જશો, અર્જુન રક્ષણ આપવાની ના પાડશે તો મારું કેવું અપમાન થાય? એના કરતાં મને બળી મરવા દો.'

અભિમન્યુ અભિમાનથી છાતી ફુલાવીને બોલ્યો :

'હે રાજા ! અર્જુન રક્ષણ નહીં આપે તો અભિમન્યુ આપશે. અભિમન્યુ બાયલો નથી. તેનાં બાવડાંમાં પણ બળ છે. તેનામાં પણ તાકાત છે. અભિમન્યુ કોઈની તાકાત પર કૂદતો નથી. પણ મને વિશ્વાસ છે કે મારા પિતા એવા નથી. તમે નામ આપો. એ દુશ્મન ગમે તે હશે, મારા જીવતાં તમારો વાળ પણ

વાંકો નહીં થવા દઉં.'

દાહિરે કહ્યું.

'કુંવર ! મારા દુશ્મન કૃષ્ણ છે.'

અભિમન્યુના માથા પર જાણે વીજળી પડી. તે મૂઢ બની ગયો. એક-બે પળ તો બોલી શક્યો નહીં. થોડી વારે સ્વસ્થ બનીને બોલ્યો :

'શું... મામા કૃષ્ણ તમારી પાછળ પડ્યા છે? પણ કારણ શું છે?'

દાહિરે કારણ કહ્યું. પછી ઘોડીનો ઈતિહાસ કહ્યો. અભિમન્યુને યાદ આવ્યું કે, પોતે ઘોડી જોવા આવ્યો હતો. તેની નજર ઘોડી પર પડી. ઘોડી ખરેખ સુંદર હતી. અભિમન્યુ ઘોડી જોવામાં મગ્ન બની ગયો.

થોડીવાર પછી દાહિરે કહ્યું :

'કુંવર ! તમે નાના છો. ભલે મને વચન આપ્યું. પણ તમારાથી મારું રક્ષણ નહીં થાય. મને બળી મરવા દો.'

અભિમન્યુ ચમકી ગયો. તેણે કહ્યું :

'રાજા દાહિર ! હું નાનો છું, પણ ક્ષત્રિય છું. ને ક્ષત્રિયો વચન આપ્યા પછી ફરતા નથી. મારા પર વિશ્વાસ રાખો. હું મારા પિતાને મળી લઉં. એ ના પાડશે તો હું તો તમારી સાથે જ છું. થોડો સમય રાહ જુઓ.'



નારદે દાહિર સામે જોઈને આંખ મીંચકારી. દાહિર સમજી ગયો. તેણે કહ્યું :

'ઠીક છે, હું રાહ જોઈશ.'

અભિમન્યુ તો તરત ચાલવા માંડ્યો.

તેના મનમાં તોફાન ચાલતું હતું.

નારદ પાછળ આવતા હતા. તેમનું કામ પૂરું થયું. હવે તો કૃષ્ણ અને અર્જુન કેવા લડે છે તે જ જોવાનું હતું.

અભિમન્યુ ઘેર આવ્યો.

માતા સુભદ્રાને વાત કરી. સુભદ્રા તો ગુસ્સે થઈ ગઈ.

'તને શરમ આવે છે? કૃષ્ણ મારા ભાઈ થાય. તારા મામા થાય. એમની સાથે લડવાનો વિચાર પણ ના કરાય.'

અભિમન્યુએ સામે સંભળાવી દીધું.

'હું ક્ષત્રિય છું. મારા વચનની પણ કિંમત છે. મેં રાજાને વચન આપ્યું છે. તમારે મારું ના માનવું હોય તો હું જમવાનો નથી.'

જમવાનો સમય થયો. અભિમન્યુ ના આવ્યો. સુભદ્રાએ જણાવ્યું કે તે રિસાયો છે. ભીમે તેને મનાવવાનું બીડું ઝડપ્યું. ભીમનો લાડકો ભત્રીજો હતો. અભિમન્યુને પણ ભીમકાકા વધુ ગમે. ભીમ અભિમન્યુને મનાવવા લાગ્યો.

પણ આજનો અભિમન્યુ જુદો જ હતો.

તેણે સીધી વાત કરી :

'મારી વાત માનો તો જમવા આવું. ના માનવી હોય તો જાઓ, લાડવા ખાઈને પડ્યા રહો.'

અર્જુનથી પણ ના માન્યો.

છેવટે યુધિષ્ઠિર આવ્યા.

યુધિષ્ઠિર તો ધર્મરાજ. અભિમન્યુ આ જાણે. તેણે કુશળતાથી વાત મૂકી.

'મોટાકાકા, શરણે આવેલાને રક્ષણ આપવું એ ક્ષત્રિયનો ધર્મ છે. આ વાત સાચી?'

'હા, બેટા.'

'આપણે ક્ષત્રિય ખરા?'

'હા, આપણે ક્ષત્રિય.'

'મેં દાહિરને રક્ષણ આપ્યું છે. બીજા કોઈ ધર્મને જાણતા નથી. એ બધા સંબંધનું પૂછડું પકડીને બેઠા છે. તમે શું માનો છો?'

યુધિષ્ઠિરને કહેવું પડ્યું :

'સંબંધ ગૌણ, ધર્મ મહાન, અભિમન્યુ! મારો તને ટેકો છે. ચાલ, જમી લે.'

અભિમન્યુ ખુશ થઈ ગયો.

તેણે જમી લીધું. પછી દાહિરને બોલાવી લાવ્યો. તેને રહેવા



માટે જુદી વ્યવસ્થા કરી આપી.

હવે યુધિષ્ઠિરે ભાઈઓને ભેગા કર્યા.

બધાએ ચર્ચા કરી, છેવટે નક્કી કર્યું.

'ભલે કૃષ્ણ સાથે લડવું પડે. પ્રાણના ભોગે પણ દાહિરનું રક્ષણ કરવું એ ક્ષત્રિયનો ધર્મ છે!'

એટલામાં સમાચાર આવ્યા :

'મોટી યાદવસેના આવે છે. સેનાપતિ બલરામ છે. સાથે કૃષ્ણ પણ આવે છે.'

યુધિષ્ઠિરે પણ લશ્કર તૈયાર કર્યું.

યાદવસેનાએ ભાગોળમાં પડાવ નાખ્યો. કૃષ્ણ જાતે મળવા આવ્યા. કૃષ્ણએ કહ્યું :

'યુધિષ્ઠિર, દાહિર તમારા નગરમાં આવ્યો છે. અમને એવા સમાચાર મળ્યા છે. જો આવ્યો હોય તો તે અમને સોંપી દો!'

યુધિષ્ઠિરે કહ્યું :

'પ્રભુ ! દાહિર આવ્યો છે. એને અમારું રક્ષણ છે. અભિમન્યુએ તેને રક્ષણ આપ્યું છે. અમારે તે માન્ય રાખવું પડ્યું છે. તેથી હું વિનંતી કરું છું. દાહિરને માફ કરી દો!'

કૃષ્ણએ કહ્યું :

'યુધિષ્ઠિર, એ શક્ય નથી. મને દાહિર સોંપી દો.'

યુધિષ્ઠિરે કહ્યું :

'એ પણ શક્ય નથી. મરી જઈશ, પણ દાહિરને નહીં સોંપું.'

કૃષ્ણને કહેવું પડ્યું :

'યુધિષ્ઠિર, તો પછી યુદ્ધ માટે તૈયાર થાઓ.'

યુધિષ્ઠિર તૈયાર જ હતા.

કૃષ્ણ પણ લડવા તૈયાર થઈ ગયા.

બંનેનાં સૈન્ય સામસામે ગોઠવાઈ ગયાં.

સામ સામે શંખ ફુંકાયા. તે વખતે યુધિષ્ઠિરે કૃષ્ણને કહ્યું :

'કૃષ્ણ, આમ તો ઘણા સૈનિકો કપાઈ મરશે. એના કરતાં આપણે દ્વન્દ્વ યુદ્ધ કરીએ. તમારા પક્ષનો એક શુરવીર. અને અમારા પક્ષનો એક શૂરવીર. બેની લડાઈ થાય. એ આપણે માન્ય રાખીએ.'

કૃષ્ણને પણ વાત સાચી લાગી.

યુધિષ્ઠિરની વાત તેમણે મંજૂર રાખી.

સૈનિકો નિરાંતે બેસી ગયા. યાદવોમાંથી કૃષ્ણ મેદાનમાં આવ્યો.

બંને સામસામે ઊભા રહ્યા.

અર્જુન શિવનો ભક્ત હતો. શિવે તેના પર ખુશ થઈને પોતાનું પાશુપતાસ્ત્ર આપ્યું હતું. અર્જુને એ ત્રિશૂળ હાથમાં લીધું.



શિવનું નામ દઈને ફેંક્યું કૃષ્ણ પર.

આ તરફ કૃષ્ણ પણ તૈયાર હતા. કૃષ્ણએ આંગળી પર સુદર્શન ચક્ર મૂકીને ગોળ ગોળ ફેરવ્યું, બરાબર ગતિમાં આવ્યું એટલે વેગથી ફેંક્યું અર્જુન પર.

આકાશમાં સુદર્શન અને ત્રિશૂળ ભેગાં થઈ ગયાં.

સુદર્શન ત્રિશૂળને હરાવવા મથે.

ત્રિશૂળ સુદર્શનને હરાવવા મથે.

એકમાં કૃષ્ણની શક્તિ.

બીજામાં શિવની શક્તિ.

કોણ કોનાથી હારે? કોઈ હારતું નથી, કોઈ જીતતું નથી. બંને લડે છે. કોઈ પાછું હઠતું નથી.

બંને એકબીજાની સાથે અથડાય છે. તે વખતે તણખા ઝરે છે. તણખા તો કેવા? મોટી જ્વાળાઓ પેદા થાય છે. અગ્નિ પૃથ્વી પર પડે છે. દરેક વખતે કેટલાય માણસો બળી મરે છે.

પૃથ્વી પર હાહાકર થઈ ગયો.

માનવો ત્રાસી ગયા. દેવો પણ ત્રાસી ગયા.

લોકોએ કૃષ્ણને - અર્જુનને વિનંતી કરી :

'શસ્ત્રો પાછાં ખેંચી લો.'

પણ હવે તેમના હાથની વાત નથી. એ બંને વજ હતાં. કોઈ હારે નહીં. જો આમ જ લડાઈ ચાલુ રહે તો પૃથ્વીનો વિનાશ

થઈ જાય.

નારદજી અત્યાર સુધી ખુશ થતા હતા.

હવે તેમને પણ ગંભીરતા સમજાઈ. તેમણે જાણ્યું કે આ બધું પાપ તેમને લાગશે.

હવે આનો ઉકેલ શો?

એ તો ધોતિયું પકડીને દોડ્યા. આવ્યા શિવ પાસે. શિવને ઉપાય પૂછ્યો. શિવે જણાવ્યું :

સુદર્શન વજ્ર છે. ત્રિશુળ પણ વજ્ર છે. એમને છૂટાં પાડવા માટે ત્રીજું વજ્ર જોઈએ.

નારદજીએ ચિંતાથી પૂછ્યું :

'પ્રભુ ! ત્રીજું વજ્ર બતાવો. જલદી બતાવો. પૃથ્વીનો વિનાશ થઈ જશે.'

શંકરે વિચાર કરીને જવાબ આપ્યો -

'નારદજી ! ત્રીજું વજ્ર જગતમાં હનુમાન છે. તેમનું આખું શરીર વજ્રનું બનેલું છે. વળી તે પવનપુત્ર છે. આકાશમાં પણ ઉડી શકે છે. તે આ કામ કરી શકશે.'

નારદજી તો ઝટ ઊઠ્યા.

સ્વર્ગમાં દોડાદોડ કરી મૂકી. ક્યાંય હનુમાન ના મળે. છેવટે એક અખાડામાં આવ્યા. ત્યાં હનુમાન મળી ગયા.

નારદજીએ તેમને આખી વાત કરી.



હનુમાને મદદ કરવાનું વચન આપ્યું.

નારદ તો હનુમાનને લઈને આવ્યા પૃથ્વી પર.

હનુમાન આવ્યા રણમેદાનમાં. આકાશમાં નજર કરી. સુદર્શનચક્રમાં ત્રિશુળ ફસાઈ ગયું હતું. હનુમાને ખરેખર તપાસ કરીને કહ્યું :

'નારદજી ! હું આકાશમાં જઈશ. એ બંનેને મારે બે હાથમાં પકડી રાખવાં પડશે. એ બે વજ્ર છે. હું પણ વજ્રનો છું. હું એમને પકડીને નીચે આવું, પણ જો પૃથ્વી પર એક સાથે ત્રણ વજ્રનો ભાર પડે તો પૃથ્વી ડોલી જાય. એનું પરિણામ ભયંકર આવે.'

નારદને તો વળી પાછી ચિંતા થઈ.

હવે શું કરવું?

મહેનત કરેલી પાણીમાં જાય.

તેમણે હનુમાનને જ પૂછ્યું :

'હનુમાન! એનો કોઈ ઉપાય ખરો?'

હનુમાને કહ્યું :

'ઉપાય તો છે. તેને ચોથું વજ્ર જોઈએ. એ વજ્ર પૃથ્વી પર રહે. હું એના પર પડું તો જ પૃથ્વી બચી જાય.'

નારદે પૂછ્યું :

'પૃથ્વી પર ચોથું વજ્ર છે ખરું?'

હનુમાને નિરાશાથી ડોકું ધુણાવ્યું :

'ના, પૃથ્વી પર ચોથું વજ્ર નથી.'

નારદ તો હેરાન પરેશાન થઈ ગયા.

ઉપર બે વજ્રની લડાઈ ચાલુ જ હતી. પૃથ્વી પર તેની જ્વાળાઓ પડતી હતી. માણસો મરતા હતા. જેમ સમય જાય છે, તેમ વધુ માણસો મરે છે.

નારદે મગજને હલાવી જોયું.

ચોથું વજ્ર શોધવા મથવા લાગ્યા.

છેવટે મગજમાં પ્રકાશ થયો. તેમને યાદ આવ્યું :

'ભીમ અર્ધો વજ્રનો છે.'

આ વિચાર આવતાં જ નારદજીએ કૂદકો માર્યો. દોડ્યા પાંડવસેનામાં, ભીમ જાડો પાડા જેવો. તરત જ દેખાઈ આવે. નારદ ભીમ પાસે પહોંચી ગયા.

તેમણે ભીમને કહ્યું :

'ભીમ ! તું પૃથ્વી પર સૂઈ જા. તારો વજ્રવાળો ભાગ ઉપર રહે એ રીતે સૂઈ જા. હનુમાન બે વજ્રને લઈને તારી પર પડશે.'

પૃથ્વીના હિત માટે ભીમે વાત સ્વીકારી લીધી.

તેણે વજ્રવાળો ભાગ આકાશ તરફ રાખ્યો. એ રીતે સૂઈ ગયો જમીન પર.

પછી હનુમાને માર્યો કૂદકો. પહોંચી ગયા આકાશમાં.



પહેલાં સુદર્શન પકડ્યું. પછી પકડ્યું ત્રિશુળ. ત્રિશુળને સુદર્શનથી છૂટું પાડ્યું.

તોય બંને લડવા માટે ખેંચાખેંચી કરવા લાગ્યા. પણ હનુમાનજીની તાકાત જબરી. તેમણે બે હાથમાં બે વજ્ર જોરથી પકડી રાખ્યાં.

પછી પડ્યા નીચે પૃથ્વી પર.

સીધા પડ્યા ભીમ પર.

ત્રણ વજ્રનો ભાર. ગજબનો ભાર કહેવાય. ભીમ પણ બિચારો હાલી ગયો.

પણ તે જ વખતે એક ચમત્કાર થયો.

દાહિરની ઘોડી અપ્સરા બની ગઈ. તરત જ તે તો આકાશમાં ઊડી ગઈ અને સ્વર્ગમાં જતી રહી.

હનુમાને ભીમ પર ઊભા રહીને જ અર્જુનને બોલાવ્યો.

અર્જુન નજીક આવ્યો.

હનુમાને અર્જુનને ત્રિશુળ આપી દીધું.

પછી કૃષ્ણને તેમનું સુદર્શન આપી દીધું.

હનુમાન તો કામ પત્યું એટલે ચાલ્યા ગયા.

હવે કૃષ્ણને વિચાર આવ્યો :

'આ બધાં કારસ્તાન નારદનાં જ લાગે છે. નહીં તો આટલી મહેનત એ શા માટે કરે? વળી પ્રદ્યુમ્નને ઘોડી લેવાનું

મન થયું. અભિમન્યુ દાહિરને રક્ષણ આપે. આમાં પણ નારદનો જ હાથ હોવો જોઈએ.'

કૃષ્ણએ પ્રદ્યુમ્નને પૂછ્યું :

'તને ઘોડીની વાત કોણે કરેલી?'

પ્રદ્યુમ્નએ ભોળે ભાવે કહી દીધું -

'નારદજીએ.'

અભિમન્યુને પણ પૂછ્યું :

'ભાણાભાઈ! તમને ઘોડીની વાત કોણે કરેલી?'

અભિમન્યુ પણ સાચું બોલી ગયો :

'નારદજીએ.'

નારદ ત્યાં જ ઊભેલા. તેમણે જાણ્યું કે ભાંડો ફૂટી ગયો છે, એટલે તે તો ખડખડાટ હસી પડ્યા.

કૃષ્ણએ હસતાં હસતાં કહ્યું :

'નારદજી! તમારાં તોફાન વધી ગયાં છે.'

નારદે હસીને જવાબ આપ્યો :

'પ્રભુ ! હું તો તમારો સેવક છું.'

એમ કહીને 'નમો નારાયણ' બોલતા ચાલ્યા ગયો.

*



# ૯. ગુરુ-શિષ્ય સંબંધ

ભગવાન શિવ રોજ પૂજા કરતા. પૂજા પૂરી થાય પછી આદર અને ભક્તિભાવથી માથું નમાવતા. એક વાર પાર્વતીએ પૂછ્યું, 'ભગવંત, તમે જ તો વિશ્વના સર્વોપરી અધિષ્ઠાતા છો. તમે કોની પૂજા કરો છો અને કોને પ્રણામ કરો છો?'

ભગવાન શિવે કહ્યું, 'દેવી, આમ તો પૂજન અને પ્રણામ અંતરની વાત છે. કોઈને કહેવાની હોતી નથી. પણ વિશ્વની જાણ માટે અને વિશ્વના કલ્યાણ માટે હું તમારા પ્રશ્નનો ઉત્તર આપીશ. દેવી, વિશ્વને ટકાવી રાખનારું બળ છે, ગુરુ તત્ત્વ. એ સર્વવ્યાપ્ત ગુરુ તત્ત્વને હું પૂજું છું અને પ્રણમું છું.' આવો જવાબ આપ્યા પછી ભગવાન શિવે ગુરુ તત્ત્વનાં સિદ્ધાંતની 'ગુરુગીતા'માં વિગતે ચર્ચા અને મીમાંસા કરી છે અને કહ્યું છે, 'પોતાની સમ જીવંત ગુરુ હોય તેના જેવો સદ્‌ભાગી કોણ?!'

ગુરુત્વાકર્ષણનો ન્યૂટને આપેલો સિદ્ધાંત આપણે જાણીએ છીએ. ગુરુ એટલે કે મોટી વસ્તુ. લઘુ એટલે નાની વસ્તુ. ગુરુ મોટા છે. શિષ્ય નાનો એટલે કે લઘુ છે. મોટી વસ્તુ નાની વસ્તુને ખેંચી રાખે છે, ટકાવી રાખે છે. ગુરુ જ્ઞાનમાં અને શાણપણમાં મોટા છે. શિષ્ય એમની પાસે બાળક જેવો છે. શિષ્ય પ્રત્યે ગુરુને સ્નેહ, પ્રેમ, વાત્સલ્ય છે. પ્રેમના તે આકર્ષણબળથી ગુરુ શિષ્યને બાંધી રાખે છે, ટકાવી રાખે છે અને પોષે છે.

એકલવ્ય કમનસીબ હતો. જીવંત ગુરુ એની સમક્ષ નહોતા. એણે ગુરુની પ્રતિમાથી ચલાવ્યું, પણ ગુરુ તો સ્થાપ્યા. ભારતીય પરંપરામાં ગુરુનાં સ્થાન અને માન મોટાં છે. ગુરુ ન હોય તે વ્યક્તિને નૂગરો કહેવાય છે. નૂગરો એક ગાળ ગણાય છે. મહત્ત્વની વાત એ છે કે ગુરુ પ્રેમના ખેંચાણથી બાંધી રાખે છે. શિષ્ય આદરના તત્ત્વથી ગુરુ સાથે જોડાયેલો છે. ગુરુએ આપેલાં જ્ઞાન, શાણપણ અને શ્રદ્ધા-વિશ્વાસના આધારે શિષ્ય દુઃખસુખથી ભરેલા સંસારમાં ટકી રહે છે.

ગુરુ કોઈ પણ હોઈ શકે. પિતા, માતા, વડીલો, મિત્ર અરે ! કેટલીક વાર નાની ઉંમરનો બાળક પણ ગુરુ હોઈ શકે. ગ્રંથ પણ ગુરુ હોઈ શકે. દુશ્મન પાસેથી શીખીએ તો એ પણ ગુરુ છે. બુદ્ધ ધર્મ, ઝેન, સૂફીવાદ, ભક્તિમાર્ગ બધામં Living Master નો મહિમા છે.



નવતત્ત્વજ્ઞાને (neophilosophyએ) એક નવી વિચારધારા ઊભી કરી છે. તે કહે છે ગુરુની જરૂર નથી. ગુરુ સાધક નહીં બાધક છે. બીજાનું મેળવેલું અને પછી આપણને આપેલું જ્ઞાન અને શાણપણ ‘સેકન્ડહેન્ડ’ છે, ‘ઊતરેલું’ છે ને તેથી ઊતરતું છે. કોઈને વાંચો, સાંભળો અને અનુસરો તેવી પદ્ધતિનો આ વિચારધારા વિરોધ કરે છે. પોતે જે અનુભવો, પોતે જે વિચારો અને પોતે જે પામો. કૃષ્ણમૂર્તિ, ઓશો રજનીશ જેવી વિભૂતિઓમાં આ વિચારનો પડઘો સંભળાય છે.

મુક્તાત્માને અને જ્ઞાનીને કદાચ ગુરુ વિના ચાલે. પણ સામાન્ય માણસને ગુરુનો સહારો જોઈએ. કેટલાક કહેવાતા ‘ગુરુઓ’ એ ગુરુમહિમાની પ્રતિષ્ઠા ઘટાડી છે. પણ આપણે સાચા ગુરુની વાત કરીએ છીએ. કોઈ કહે કે ગુરુની જરૂર નથી ત્યારે કદાચ એ એમ કહેવા માગે છે કે તમારા આત્માને જ તમારો ગુરુ બનાવો.

*

# ૭. ભક્ત

નારદમૂનિ ઈશ્વરના ગુપ્તચર જેવા છે. એ વિશ્વમાં પરિભ્રમણ કરતા રહે છે અને ઈશ્વરને સમાચાર, રાવફરિયાદ વગેરે પહોંચાડતા રહે છે. ફરતાં ફરતાં નારદમુનિ એક વાર એક ગામમાં પહોંચ્યા. સાંજ પડી ગઈ હતી. રાતવાસો એ ગામમાં જ કરવાનું મુનિએ નક્કી કર્યું. ગામના ક ગરીબ બ્રાહ્મણને ત્યાં તેઓ ઊતર્યા. બ્રાહ્મણ દંપતી બહુ માયાળુ અને પ્રેમાળ હતાં. તેમણે મુનિને સરસ રીતે રાખ્યા. તેમની આગતા-સ્વાગતાથી મુનિ બહુ રાજી અને પ્રસન્ન થયા. દંપતીને ત્યાંથી નીકળતી વખતે નારદે બ્રાહ્મણ-દંપતીને કહ્યું, ‘હું ભગવાન વિષ્ણુનાં દર્શન કરવા જાઉં છું. તમારી કોઈ ઈચ્છા હોય તો જણાવો. હું એ ભગવાનને પહોંચાડીશ.’

બ્રાહ્મણ દંપતીએ કહ્યું, ‘અમે બધી વાતે સુખી છીએ. માત્ર



સંતતિની ખોટ છે. ઈશ્વર સંતતિ આપે એટલી જ વાર ઈચ્છા છે.’

પરિભ્રમણ કરી નારદ ભગવાન વિષ્ણુ પાસે પહોંચ્યા. અલકમલકની બધી વાતો કરી. છેલ્લે પેલાં બ્રાહ્મણ દંપતીની વાત મૂકી. ‘કૃપા કરી એ બ્રાહ્મણ દંપતીને સંતાન આપો.’ ભગવાને બધી તપાસ કરી અને નારદને કહ્યું, ‘મુનિશ્રી, બહુ અફસોસની વાત છે. એ બ્રાહ્મણ દંપતીના ભાગ્યમાં સંતતિ નથી. હું બધું કરી શકું છું પણ મારી જ ઘડેલી નિયતિને બદલી શકતો નથી.’ નારદ દુઃખી થયા, પણ શું કરે, કોઈ ઉપાય નહોતો.

દોઢ બે વર્ષે નારદ ફરી પરિભ્રમણ કરવા નીકળ્યા. પેલા ગામ નજીક આવી પહોંચતાં તેમને બ્રાહ્મણ દંપતીની યાદ તાજી થઈ. તેમને ત્યાં જ મુકામ કરવાનું નક્કી કરી મુનિ દંપતીને ઘેર પહોંચ્યાં. આશ્ચર્ય સાથે તેમણે જોયું કે દંપતીને ત્યાં એક નહીં બે બાળકો રમતાં હતાં - એક દીકરો અને એક દીકરી. બંને જોડકા લાગતાં હતાં. નારદને થયું કે દંપતીએ જોડું દત્તક લીધું હશે. તેમણે પૃચ્છા કરી. બ્રાહ્મણે કહ્યું, ‘મહારાજ, આપની કૃપા થઈ. આપના ગયા પછી ટૂંક સમયમાં જ ગોરાણીને જોડકાં જન્મ્યાં.’

નારદ ભગવાન પાસે પહોંચ્યા. બ્રાહ્મણ-દંપતીને ત્યાં જોડકાં જન્મવા વિશે પૂછ્યું. ભગવાનને પણ આશ્ચર્ય થયું. પણ તેમણે કહ્યું, ‘નારદ, જરૂર એ કોઈક મારા ભક્ત-સંતનું કામ.

નિયતિના બંધનને કારણે મારાથી કેટલાંક કામ થઈ શકતાં નથી. પણ મારા ભક્ત-સંતોને એવા નિયમ નડતા નથી.'

ઈશ્વરના હાથ નિયતિના નિયમોથી બંધાયેલા છે. પણ ભક્ત-સંતોને નિયમોનાં બંધન નડતાં નથી. એટલે જ કેટલીક વાર ન કલ્પેલાં કામ એમના થકી થઈ શકે છે. લોકો એને ચમત્કાર કહે છે.

*



# ૮. ધર્મનું ફળ

મહાભારતનું યુદ્ધ પૂરું થયું. યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો. બીજે દિવસે સવારે યુધિષ્ઠિર સૌથી પહેલા શ્રી કૃષ્ણનાં દર્શન કરવા ગયા. દર્શન કરી યુધિષ્ઠિરે પૂછ્યું, 'હે અચ્યુત, એમનું ધ્યાન યુધિષ્ઠિર તરફ હતું જ નહીં. એમનું ચિત્ત જાણે ક્યાંક બીજે જ હતું.'

થોડા સમય પછી શ્રીકૃષ્ણના મન, બુદ્ધિ તથા ઈન્દ્રિયોમાં જાણે ચેતન આવ્યું. તેમણે યુધિષ્ઠિર તરફ સ્મિત કર્યું. યુધિષ્ઠિરને આશ્ચર્ય થયું. શ્રીકૃષ્ણે સ્પષ્ટતા કરી. 'હે રાજન, બાણશય્યા પર પોઢેલા પુરુષ-વ્યાઘ્ર ભીષ્મે મારું ધ્યાન કેવું ઊંચુ હશે કે જેથી સાક્ષાત્ ભગવાનને તેમની પાસે દોડી જવું પડ્યું!'

પ્રશ્ન એ થાય છે કે આવા મહાન ભીષ્મને મહાપીડાકારક મૃત્યુ કેમ મળ્યું? વાગેલાં તીરોથી તેમનો દેહ ચાળણી જેવો થઈ

ગયો હતો. એકે અંગે સાજું રહ્યું નહોતું અને છતાંય બાણશય્યા પર પોઢી પીડા સહેવી પડી.

ભીષ્મ ગંગાના પુત્ર હતા. તેથી ગાંગેય કહેવાયા. ગંગાએ તેમને સ્વર્ગમાં લઈ જઈ ઉછેર્યાં હતા. ઉત્તમ શિક્ષણ, ભગવાન પરશુરામ પાસેથી શસ્ત્રાશસ્ત્રની તાલીમ અને ઉચ્ચ કોટિના સંસ્કાર આપ્યાં હતાં. તેમનું નામ તો હતું દેવવ્રત, પણ પિતાના સુખ ખાતર કદી લગ્ન ન કરવાની અને વંશના રાજ્યસિંહાસનનું રક્ષણ અને સેવા કરવાની ભીષણ પ્રતિજ્ઞા તેમણે લીધી તેથી તે ભીષ્મ કહેવાયા. તેમણે પ્રતિજ્ઞા-પાલન બરાબર કર્યું.

ભીષ્મે પ્રતિજ્ઞાપાલન તો બરાબર કર્યું. પણ એમાં એમણે વિવેકબુદ્ધિ ન વાપરી, રાજગાદીના રખેવાળ બનવાને બદલે તે રાજગાદી પર બેઠેલા સારા કે નરસા રાજવીના આંધળા સેવક બની બેઠા. ચિત્રાંગદ, વિચિત્રવીર્ય, પાંડુ અને ધૃતરાષ્ટ્ર જેવા અનુક્રમે ઘમંડી, વિલાસી, નબળા અને પોતાના પરિવારના આંધળા-પક્ષપાતી રાજાઓની સાચી કે ખોટી વાતોમાં તેમણે મૂક સંમતિ આપી, તેમનું રક્ષણ કર્યું, ધર્મ અને સત્યનું માર્ગદર્શન તેમને આપવાનું ટાળ્યું. અંબાલિકાનું વિચિત્રવીર્ય માટે હરણ કર્યું ને પછી તરછોડી. તેમાંથી તેમના વધનું કારણ બનનાર શિખંડી પેદા થયો. અન્યથા તે અજેય હતા. પાંડવો અને કૌરવોને જુગાર રમતા ન રોક્યા. શકુનિની ગેરરીતિ ચલાવી લીધી, તેમણે



કુળવધૂની લજ્જા લૂંટાવા દીધી, અન્યાયનો પક્ષ લીધો. આ સર્વ બાબતો વિવેકબુદ્ધિ વાપર્યા વગર જડતાથી પ્રતિજ્ઞાપાલનને કારણે બની. તેને કારણે તેમને જીવનભર પશ્ચાત્તાપના અગ્નિમાં પ્રજ્વળતા રહેવું પડ્યું. પરાજય, વધ અને પછી બાણશય્યા પર સૂતા રહેવાની પીડાજનક દશા ભોગવવી પડી.

વિવેકબુદ્ધિ વગર જડતાથી સત્યને પણ વળગી રહો તો તેનું દુઃખદ ફળ મળ્યા વગર રહેતું નથી.

*

# ૯. રસ અને બોધ

ભગવાન કૃષ્ણના નામથી આસપાસ ઘણી કથાઓ-દંતકથાઓ વીંટળાયેલી છે. એ કથાઓમાં રસ પડે, બોધ મળે અને તેમાંથી એ જમાનાનું ચિત્ર પણ ઊપસે. કૃષ્ણ, બલરામ અને સુદામા એક જ ગુરુને ત્યાં, એક જ નિશાળમાં, એક જ રીતે રહી ભણતા. કૃષ્ણ અને બલરામ ધનવા યાદવપુત્રો. ઘરે સમૃદ્ધિની છોળ. બીજી બાજુ સુદામા દરિદ્ર બ્રાહ્મણના પુત્ર. ત્રણે સાથે ભણે. સાથે અને હાથે બધું કામ કરવાનું. આજની જેમ નહીં કે ધનાઢ્યનો પુત્ર ટિપટોપ, ગોટપીટ કરતી અંગ્રેજી માધ્યમની મોંઘી શાળામાં અને ગરીબનો છોકરો ગંદી, જર્જરીત, 'મુનિસિપાલ્ટી' શાળામાં સમાનતાના સંસ્કાર બાળપણથી મળે તો હાડ-માંસમાં ઊતરે.

દરિદ્ર સુદામો પાછો શાળામાં વડો વિદ્યાર્થી - 'મોનિટર'. નાસ્તા માટે 'મોનિટરને' દાળિયા બાંધી આપી ગુરુપત્નીએ



કૃષ્ણ, બલરામ, સુદામાને લાકડાં લાવવા જંગલમાં મોકલ્યાં. આવતાં મોડું થયું. મુશળધાર વરસાદ વરસ્યો. પૂર આવ્યું. 'મોનિટર' એકલો એકલો દાળિયા ખાઈ ગયો. સરખે ભાગે વહેંચવાને બદલે, સૌ સૌને તેમનો ભાગ આપવાને બદલે, ભેગા મળી ખાવાને બદલે સુદામા બીજાનો ભાગ ખાઈ ગયા. ભગવાનના મિત્ર હોવા છતાં કર્મનું ફળ તો મળ્યું. કર્મનો નિયમ અફર છે. સુદામા જીવનભર દરિદ્ર જ રહ્યા ઘરમાં વાસણ-કૂસણ નહીં. ધાન નહીં. બૈરી-છોકરાં ભૂખે સૂએ. પ્રેમાનંદના શબ્દમાં :

'જો ખડધાન વાવિયું તો ક્યાંથી જમીએ શાળ?'

બાળમૈત્રીના કાવ્યમય પ્રસંગ પણ છે. ચંદ્ર વિનાની ઘનઘોર રાત્રિ છે. વૈશાખનો પવન વૃક્ષોમાંથી પસાર થવાના સુસવાટ સિવાય બધું શાંત છે. સુદામો તો બિચારો ભીરુ, બીકણ, બ્રાહ્મણપુત્ર, પણ કૃષ્ણ તો તોફાની બારકસ. બાળપણમાં તોફાનોથી આખું ગોકુળ માથે લીધેલું. એ સુદામાને કહે છે, 'ચાલ બહાર, આંબા પર લાગેલી કેરીઓ ખાઈએ.' સુદામાએ તો બેએક કેરી ખાધી ને પાતળું પેટ ભરાઈ ગયું. કૃષ્ણે તો અસંખ્ય કેરી ખાધી. નીરવ, અંધારી રાત એટલે કોઈને ખબર ન પડી. કૃષ્ણને પ્રસન્ન જોઈ સુદામા ખુશ થઈ ગયા અને બ્રાહ્મણે મિત્રને અમર કરવાના વચન ઉચ્ચાર્યા. 'કૃષ્ણ જા આજથી આ ચંદ્ર વિનાની રાત તારા નામે કૃષ્ણપક્ષની અમાસ કહેવાશે.' મિત્રને

અમર કરી દીધા.

તપ અને ત્યાગને કારણે સુદામાનાં પાપ ધોવાયાં. મિત્ર દરિદ્રતામાં જીવે છે એ સર્વજ્ઞ કૃષ્ણને ખબર ન હોય એવું બને નહીં, પણ સુદામાનાં પાપ સુકર્મથી ધોવાયા પછી જ એને સમૃદ્ધ કર્યો. વચ્ચે ચીંથરા, તાંદુલ, ઠેકડી એવું ઘણું ઘણું કરી સુદામાને પજવ્યો પણ અંતે મિત્ર થકી : 'દુઃખ-દારિદ્ર' ગયાં, ને ઘર થયાં. શ્રીકૃષ્ણ ચરણ-પ્રતાપ.

કૃષ્ણ - સુદામા અને તેના જેવી કથા, દંતકથા સાચી કે ખોટી, આવું કેવી રીતે બને, વગેરે પ્રશ્નો બુદ્ધિ ચલાવવાની નથી. રસ, બોધ અને ચિત્ર માણવાનું છે.

*



# ૧૦. ઓડકાર

દ્રૌપદીની ચીરહરણની કથા જાણીતી છે. ભરીસભામાં દુઃશાસન દ્રૌપદીને ઘસડી લાવે છે. એક પછી એક દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચે છે. સભામાં મોટા મોટા વિદ્વાનો, રાજવીકુટુંબના સભ્યો અને આદરણીય વડીલો બેઠા છે. દુઃશાસનના હીન અને દુષ્ટ કર્મ સામે કોઈ બોલતું નથી. ભીષ્મ જેવા ભીષ્ણ કશું બોલતા નથી. એ વડીલ શૂરવીર યોદ્ધા ચૂપ રહે છે.

પ્રશ્ન એ થાય છે કે ભીષ્મ જેવી પ્રતિભા ઘોર અધર્મ સાથે કેમ ચૂપ રહે છે? એક જગાએ ભીષ્મે અર્ધલાચારીમાં ખુલાસો કર્યો છે : 'પુરુષ અર્થનો દાસ છે. કૌરવોએ મને પૈસાથી બાંધી લીધો છે.' કૌરવોની આશ્રયે એ જીવે છે તેથી એ લાચાર છે. આ અર્ધસત્ય છે. શું કૌરવોના ઋણ વગર ભીષ્મ જીવી ન શકત? શું કૃષ્ણ જેવા પણ કોઈ ભીષ્મને માનભેર ન રાખત? અરે! ખરેખર

તો ભીષ્મી ત્યજેલું અને પાંડુ-ધૃતરાષ્ટ્રને આપેલું રાજ્ય જ કૌરવ ભોગવતા હતા. ભીષ્મની ચુપકીદીનો ખરો ખુલાસો જરા જુદો છે. એ ખુલાસો રવિશંકરમહારાજે કહેલી એક કથામાં વ્યક્ત થયો છે.

રવિશંકર મહારાજે એક વાર એક દૃષ્ટાંતકથા કહેલી : એક બ્રાહ્મણ હતો એણે પૂર્ણ સંન્યાસ લેવાનો નિર્ધાર કર્યો. એટલે કે પોતાનું કે પોતીકું કશું પોતાની પાસે ન રાખવું. અપરિગ્રહ કશું પણ ગ્રહણ ન કરવું. સર્વનો ત્યાગ બ્રાહ્મણ પહેરેલ કપડે નીકળી પડ્યો. મળે ત્યારે અને તેટલું જ ખાવું. પીવું, પે'રવું-ઓઢવું, રે'વું ને સૂવું.

બ્રાહ્મણ એક વાર એકથી બીજે ગામ જઈ રહ્યો હતો. ધોમધખતો હતો. ઊની ઊની લૂ વા'તી હતી. બ્રાહ્મણનું ગળું સુકાઈ રહ્યું હતું. ખૂબ તરસ લાગી હતી. વેરાન ભૂમિમાં ક્યાંય ઘર, તળાવ કે પરબ નહોતી. પાણી ક્યાંથી પીવું? ત્યાં એક અવાવરું કૂવો જડી આવ્યો. બ્રાહ્મણે અંદર નજર કરી કૂવામાં પાણી જણાયું. પણ કૂવામાંથી પાણી કાઢવું શી રીતે? કૂવાની આસપાસ બ્રાહ્મણ થોડે સુધી ફર્યો. એક જૂની ડોલ ને દોરડું મળી આવ્યાં. પાણી સીંચી બ્રાહ્મણે તરસ બુઝાવી. ભારે સંતોષ થયો. બ્રાહ્મણે વિચાર્યું, 'અહીં કોઈ માણસ નથી, વસતિ નથી, પાણી કે ડોલ-દોરડાનો કોઈ ઉપયોગ નથી. લાવને, ડોલ-દોરડું સાથે



લઈ લઉં!'

ડોલ-દોરડાને લઈ બ્રાહ્મણ આગળ આવ્યો. ત્યાં એને એક આંચકો લાગ્યો 'અપરિગ્રહવ્રત લીધું હોવા છતાં, મબલક સમૃદ્ધિ ત્યજી હોવા છતાં એક ડોલ ને દોરડું લેવામાં જીવ શેનો લલચાયો? એ ઈચ્છા ક્યાંથી પ્રગટી?' બ્રાહ્મણ પાછો ફર્યો. નજીકના ગામમાં જઈ તપાસ કરી. ખબર પડી કે વેરાનભૂમિમાં પહેલાં એક નરાધમ લંપટ લૂંટારો રહેતો હતો. આવતાં-જતાંને લૂંટતો. હત્યા કરતો. સ્ત્રીઓના શિયળ લૂંટતો પોતાને માટે તેણે આ કૂવો ખોદાવ્યો હતો. બ્રાહ્મણને સમજાઈ ગયું નરાધમ લૂંટારાનું જળ પેટમાં ગયું એટલે જ કુબુદ્ધિ સૂઝી.

ભીષ્મ દાસ હતા કે આશ્રિત હતા એટલે નહીં, પણ દુષ્ટ કૌરવોનું દૂષિત અન્ન તેમના પેટમાં પડ્યું હતું. તેથી જ એ ધર્મ ચૂક્યા. કોનું ખાઓ છો એનો વિચાર કરજો. પછી ખાજો.

*

# ૧૧. અંધ પ્રીતનો અંજામ

રાજા પરિક્ષિત એક વાર શિકાર કરવા નીકળ્યા. એમણે એક મૃગ જોયો. એનો શિકાર કરવા રાજા પાછળ પડ્યા, પણ મૃગ છટકી ગયો. થાકેલા રાજા એક સરોવરકિનારે પહોંચ્યા. ઘોડાને ઘાસ નીર્યું. પોતે પાણી પીધું અને વૃક્ષ નીચે સૂઈ ગયા. કોઈક સ્ત્રીના અત્યંત મધુર, મીઠા ગાનથી રાજા ઝબકીને જાગી ગયા. આજુબાજુ કોઈ સ્ત્રી તો દેખાતી નહોતી. ત્યાં એકાએક એક સ્વરૂપવાન કન્યા તેમની સામે પ્રગટ થઈ. રાજાએ તે સુંદરીને પૂછ્યું, 'સુંદરી તું કોણ છે? કોની પુત્રી છે?' વગેરે. સુંદરીએ ચબકારીથી જવાબ આપ્યો, 'હું એક સુંદર સ્ત્રી છું એટલું જ બસ નથી...? મારા વિષે બીજું જાણવાની શી જરૂર?'

રાજાએ કહ્યું, 'સુંદરી, મારે માટે તું છે એ જ પૂરતું છે. હું તારા પર મુગ્ધ છું. ચાલ, આપણે ગાંધર્વવિધિથી હમણાં ને હમણાં



લગ્ન કરી નાખીએ?' ગાંધર્વવિધિના લગ્નમાં પુરુષ અને સ્ત્રી એકબીજાને લગ્નના કોલ-વચન આપે. બીજી કોઈ વિધિ નહીં. સુંદરી લગ્ન કરવા તૈયાર થઈ પણ એણે શરત મૂકી, 'મને ક્યારેય જળાશય સમક્ષ લઈ જવી નહીં.' રાજાએ શરત કબૂલ રાખી.

લગ્ન પછી રાજા તો સુંદરી સાથે ગુલતાનમાં પડી ગયા. જળાશય એટલે કે તળાવ, કૂવો, હોજ કે જ્યાં એકત્રિત થયેલું જળ હોય એવા સ્થળ વગરનો મહેલ બનાવ્યો. રાણી સાથે રાત-દિવસ રહેવા લાગ્યા. રાજનું કામકાજ બધું રખડી પડ્યું. રાજના દીવાન મૂંઝાઈ ગયા. એમને રાણીમાં કંઈક વિચિત્ર લાગ્યું. જળાશયનો તેનો વાંધો દીવાનને સમજાતો નહોતો. દીવાને એક યુક્તિ કરી. એણે એક બગીચો બનાવ્યો તેમાં ક્યાંય જળરાશી ન રાખ્યો, પણ એક એક છૂપી પાણીની વાવ બનાવી. એ બાગમાં દીવાને રાજા-રાણીને આમંત્ર્યાં. રાણીએ એકાએક છૂપી વાવ જોઈ. તરત એ દોડ્યા અને વાવમાં ઝંપલાવ્યું.

રાણીને શોધવા પરીક્ષિતે આખી વાવ ઉલેચાવી, ખાલી કરાવી. પણ વાવમાં તો દેડકા-દેડકીઓ સિવાય કોઈ ન મળ્યું. એ દેડકા-દેડકી જ રાણીને ખાઈ ગયા છે એવું માની પરીક્ષિતે દેડકાઓને મારી નખાવ્યા અને પૃથ્વી પરથી સમગ્ર દેડકાઓની જાતનું નિકંદન કરવા અભિયાન શરૂ કર્યું. આથી પરીક્ષિત સમક્ષ દેડકાઓના રાજા મૂંડકરાજ પ્રગટ થયા અને જણાવ્યું કે દેડકાઓ

રાણીને ખાઈ ન શકે. હકીકતમાં તમારી રાણી મૂળ મારી દેડકી-પૂત્રી સુશોભના છે. તે બહુ મસ્તીખોર અને ટીખળી છે. એ નારીનું રૂપ લઈ શકે છે પણ જળાશય જુએ ત્યારે પાછા મૂળ સંસ્કાર જાગી જતા જળાશયમાં પડી દેડકી બની જાય છે. પરીક્ષિતે દેડકાંઓનું નિકંદન બંધ કરાવ્યું પણ બદલામાં સુશોભનાનો હાથ લગ્નમાં માગી લીધો.

રાજા, વાજા ને વાંદરા તે આનું નામ. સામા પાત્રની પૂરતી માહિતી, લક્ષણો વગેરે જાણ્યા વગર ક્ષણભરના આવેશથી તત્કાળ લગ્ન કરી નાખવું કેવું જોખમકાર થઈ પડે તે મહાભારતકારે આ આખ્યાયિકામાં દર્શાવ્યું છે. લગ્ન જો ફરજોની ઉપેક્ષામાં પરિણમે તો આંખ ઉઘાડવી પડે. ખરબચડી ચામડી, મોટા ડોળા, બેસૂરો ડ્રાંઉ ડ્રાંઉ ધ્વનિ, કાબરચીતરો રંગ અને ઢીમચા સ્વરૂપની દેડકીને સ્વરૂપવાન સુંદરી દર્શાવવામાં અને રાજાની અંધ પ્રીતિ દર્શાવવામાં સંકેત છે.

*



# ૧૨. જીત

શિવ અને પાર્વતી સોગટાબાજી રમતાં હતાં. શિવ પાસા નાખે. ઓછા અંક મળે અને તેમનાં સોગટાં ધીરે ધીરે આગળ વધે. પાર્વતી પાસાં નાખે, અંક વધારે પડે ને પાર્વતીનાં સોગટાં ઝડપથી આગળ વધે. વળી, વચ્ચે વળી પાર્વતીના સોગટા શિવના સોગટાને અડફેટમાં લઈ ઘેર બેસાડે. દર વખતે શિવ હારે. શિવની આસપાસ બેઠેલા તેમના શાગિર્દો નિસાસો નાખે અને મોં નીચે નાખી સંતાડે. પાર્વતીના પ્રશંસકો કિલકાર મચાવે ને શિવના શાગિર્દોની હાંસી ઉડાવે.

શિવના શાગિર્દોએ શિવને પૂછ્યું, ‘તમે તો દેવાધિદેવ છો. કેમ દર વખતે હારો છો?’ શિવ હસ્યા. પછી સમજણ પાડી : ‘પહેલાં એક જ તત્ત્વ હતું. એમાં ન કોઈ તફાવત, ન કોઈ ભેદ, ન કંઈ વિવિધતા. બધું બહુ શુષ્ક હતું. નિષ્ક્રિય હતું. એક તત્ત્વના

બે ભાગ થયા - પુરુષ અને પ્રકૃતિ, નર અને નારી, પણ બંને ભાગ એક દેહમાં જ વસે. એ અર્ધનારીશ્વર રૂપ હતું.'

ફરતાં ફરતાં એક વાર નારદ ત્યાં આવ્યા. તેમણે અર્ધનારીશ્વરને કહ્યું, 'હું એક રમત શિખવાડું. બહુ મજા પડશે. એમણે પુરુષ અને પ્રકૃતિને, નર અને નારીને છૂટાં પાડી સોગટાબાજી રમવાનું શીખવ્યું. પાર્વતી જીતે તો સોગટાબાજી ચાલુ રહે. શિવ જીતે તો એ પાર્વતીનું આલિંગન પામે. બંને એક થઈ જાય. અર્ધનારીશ્વરનું રૂપ પામે. વિશ્વની રમત પૂરી થઈ જાય. ફરી પાછું બધું બંધ. શુષ્ક અને નિષ્ક્રિય. વિશ્વ સક્રિય રહે, ચાલતું રહે એ માટે દર વખતે પાર્વતીએ જીતવું પડે. પાર્વતી હારે અને શિવ જીતે એટલે સર્વનો અંત. ક્રિયાઓનું ચક્ર પૂરું. ઈશ્વરી માયારમતનો સંહાર.

શિવના શાગિર્દોને હંમેશાં અફસોસ થાય. શિવ જીતતા નથી. પાર્વતીના પ્રશંસકો હસે છે, ઠેકડી ઉડાડે છે. પાર્વતી જીતે છે, શિવ હારે છે, પરંતુ પાર્વતીની જીતમાં પ્રકૃતિની જીત છે, પ્રવૃત્તિની જીત છે. સંસાર ચાલતો રહે છે. લોકો મોજમજા કરે છે. સુખ-દુઃખની રમણામાં સૌ રમમાણ રહે છે. શિવની જીતમાં સંહાર લે છે. બધું મૂળ તત્ત્વમાં ભળી જવાનું છે. સંસારનાં સુખ-દુઃખનો અંત છે, પ્રલય છે. એટલે શિવની હાર અને પાર્વતીની જીતનું અનાદિ અનંત ચક્ર ચાલ્યા કરે છે.'



જગતમાં માણસ કંઈક ગુમાવે છે, હારે છે ત્યારે એ દુઃખી થાય છે. અફસોસ વ્યક્ત કરે છે. ઘડીભર થાય છે આના કરતાં તો મોત આવે તો સારું. પણ હાર ચાનક ચડાવે છે, વધુ શક્તિ કામે લગાડવા પ્રવૃત્ત કરે છે. સજ્જડ, સખત કર્મનું ચક્ર ચાલુ થાય છે. માણસ જીતે છે ત્યારે પોરસાય છે, પ્રમાદમાં પડી જાય છે, નિષ્ક્રિયતામાં સરી જાય છે, મોજમજામાં પડી જાય છે. તે સર્વ પ્રયોજન વગરની પ્રવૃત્તિ છે. પ્રયોજન વગરની પ્રવૃત્તિ એ નિષ્ક્રિયતા સિવાય બીજું કશું નથી. એટલે જ ચડતી પછી પડતી અવશ્ય થાય છે, એક નહીં તો બીજી-ત્રીજી પેઢીએ પણ પડતી આવે જ. 'સગા દીઠા મેં શાહઆલમના ભીખ માગતા શેરીએ.' પડતીમાંથી પાછી પ્રગતિ. મતલબ એટલો કે સારા ગુમાવનારા બનો - Be a good looser. અફસોસને બદલે ઉત્સાહથી આગળ વધો. અનાદિ અત્યંત અનંત ચક્રમાં પ્રગતિ સાધ્યે જાવ.

*

# ૧૩. મુનિ અને દાનવ

પ્રાચીન સમયમાં અગસ્ત્ય નામના એક મુનિ થઈ ગયા. એમણે નક્કી કર્યું હતું. કે લગ્ન ન કરવાં. 'ચરૈવતી ચરૈવતી' એ મંત્ર પ્રમાણે વિશ્વમાં સતત ફર્યા કરવું. પરંતુ તે કારણે પૂં નામના નરકમાંથી પૂર્વજોની સદ્‌ગતિ ન થઈ. તેથી અગત્સ્ય મુનિએ લગ્ન કરવા મન મનાવ્યું. એમને તો ખૂબ જ રૂપવતી સ્ત્રી પત્ની તરીકે જોઈતી હતી. તેથી તેમણે જુદાં જુદાં પ્રાણીઓ પાસેથી જુદાં જુદાં અંગ અવયવો ભેગાં કર્યાં. કોઈની આંખ, કોઈના વાળ, કોઈનું તેજ અને આવી સર્વાંગ સુંદર સામગ્રી એકઠી કરી એમણે એક અતિસુંદર બાળકી બનાવી. તેમાં પ્રાણ પૂર્યો. તે બાળકીનું નામ લોપામુદ્રા પાડવામાં આવ્યું.

બાળકી લોપામુદ્રાને અગત્સ્ય મુનિએ વિદર્ભરાજ પાસે ઉછેરવા માટે મૂકી. લોપામુદ્રા તો અત્યંત લાડકોડ, મોજશોખ



અને ધનરાશિમાં ઊછરી. તે એક અત્યંત સ્વરૂપવાન નાજુક યુવતી બની રહી. એ સમયે અગત્સ્ય મુનિ તેની સાથે લગ્ન કરવા આવી પહોંચ્યા. વિદર્ભરાજને તો ફાળ પડી. પોતાની આવી સ્વરૂપવાન કોમળ કન્યાને એક વૃદ્ધ તપસ્વીની સાથે પરણાવવાનું એમને જરા પણ ગમતું ન હતું. વિદર્ભરાજની પત્ની, લોપામુદ્રાની માતાને પણ આ રુચતું નહોતું. લોપામુદ્રા શાણી હતી. એણે માતાપિતાને કહ્યું કે આ ઋષિ સાથે હું લગ્ન નહીં કરું તો એ કોપાયમાન થઈ શાપ આપશે. તમારું અને તમારાં રાજ્યનું ધનોતપનોત નીકળી જશે. આથી લોપામુદ્રા અગત્સ્યને પરણી.

લોપામુદ્રા પણ કંઈ ઓછી માયા ન હતી. અગત્સ્યના ઘરે જઈ તેણે તો હુકમ કર્યો કે મારાં માતાપિતાને ત્યાં હતાં તેવાં વસ્ત્ર, અલંકાર, ગંધ-સુગંધ, રાચરચીલાં સાથે સજ્જ હોય તેવાં જ ઘરમાં હું રહીશ. આ સાંભળી અગત્સ્ય તો મૂંઝાયા. એમણે પોતાના પરિચિત એવા રાજાઓ પાસે જઈ ધનની માગણી કરી. એ રાજાઓએ તો તેમના ચોખ્ખા હિસાબ બતાવ્યા. જેટલી આવક હતી એટલું જ ખર્ચ તેઓ પ્રજાના કલ્યાણ માટે વાપરતા હતા. પ્રજાના કલ્યાણના પૈસા વાપરવાનું અગત્સ્યને વાજબી ન લાગ્યું. રાજાઓએ સૂચવ્યું કે ઈલ્વલ નામના દાનવરાજ પાસે ઘણું ધન છે. એ મેળવો તો તમારો પ્રશ્ન હલ થશે.

ઈલ્વલ મહાદુષ્ટ હતો. એ પોતાના ભાઈને બકરું બનાવી

દેતો. તેનું માંસ રાંધી મહેમાનને ખવડાવતો. ત્યાર પછી એ પોતાના ભાઈને સાદ પાડતો. તરત જ તેનો ભાઈ મહેમાનનું પેટ ફાડી બહાર નીકળતો. આ જ યુક્તિ તેણે અગત્સ્ય સાથે વાપરી. અગત્સય તો મહાસમર્થ મુનિ હતા. તેમણે દાનવરાજ ઈલ્વલના ભાઈને પોતાના ઉદરમાં પચાવી નાખ્યો. તેથી ઈલ્વલનો ભાઈ જીવતો થઈ બહાર આવી શક્યો નહીં. આ રીતે અગત્સ્યે ઈલ્વલની સર્વ સંપત્તિ મેળવી. લોપામુદ્રાની માગણી પૂરી કરી.

આ પૌરાણિક કથાનો સાર એ છે કે મુનિ વિવેકભાન ગુમાવે તો એને માટે મુશ્કેલીઓ ઊભી થાય. મુશ્કેલીઓમાં પણ એ પ્રજાકલ્યાણ ભૂલતા નથી. માત્ર એવી સંપત્તિ ઝૂંટવી લે છે કે જે દાનવી રીતે એકઠી થઈ હોય. ઋષિ અને દાનવની આ કથા પુણ્ય અને પાપના યુદ્ધની કથા છે.

*



# ૧૪. ભીતરમાં

રમણ મહર્ષિ પાસે એક ભક્ત આવ્યો. એ અત્યંત દુઃખી હતો. એનો એકનો એક યુવાન પુત્ર અચાનક મૃત્યુ પામ્યો હતો. હંમેશની સ્વસ્થતાથી રમણ મહર્ષિએ સલાહ આપી, ‘આત્માની અંદર ઝાંકીને જો : ખરેખર કોણ દુઃખ અનુભવી રહ્યું છે?’ પણ ભક્તને સાંત્વન ન મળ્યું ત્યારે મહર્ષિએ ‘વિચારસાગરમ્’ માંથી નીચેની કથા કહી :

વર્ષો પહેલાંની વાત છે. તે સમયે ટપાલ, તાર, ટેલિફોન જેવી આજે છે તેવી સગવડો નહોતી. રામ અને કૃષ્ણ નામના બે જુવાનિયા સાગરપારના દૂર દૂરના દેશોમાં ધન કમાવા ગયા. થોડા સમય પછી એમનામાંનો એક અચાનક મૃત્યુ પામ્યો. બીજો પુષ્કળ ધન કમાયો અને સુખચેનમાં રહેવા લાગ્યો. દેશમાં પાછા જતાં એક વેપારી સાથે તેણે પોતાના વતનમાં સંદેશ મોકલ્યો.

જણાવ્યું કે પોતે બહુ કમાયો છે ને ખુશીમજામાં જીવન ગાળે છે. તેની સાથે આવેલો બીજો યુવાન મૃત્યુ પામ્યો છે. એ સમાચાર પણ મોકલ્યા. વતનમાં પહોંચી વેપારીએ સંદેશો આપ્યો, પણ માહિતી આપવામાં ગરબડ કરી. જે જીવતો હતો અને મોજ કરતો હતો તે મરી ગયો છે એવું વેપારીએ તેનાં મા-બાપને જણાવ્યું અને જે મરી ગયો હતો તે સુખચેનમાં ગુલતાન છે, એવા સમાચાર એણે આપ્યા!

જે મરી ગયો હતો પણ જીવતો છે એવા સમાચાર જે કુટુંબને અપાયા તે યુવાનનાં માતાપિતા ખુશ થયાં અને એવી આશામાં જીવવા લાગ્યાં કે તેમનો પુત્ર ખૂબ સંપત્તિ સાથે પાછો આવશે અને તેમને સુખી કરશે.

જેમનો પુત્ર જીવિત હતો પણ તે મરી ગયાના સમાચાર જે કુટુંબને અપાયા, તેનાં માતાપિતા દુઃખી દુઃખી થઈ ગયાં અને અફસોસમાં જીવન ગુજારવા લાગ્યાં.

બેમાંથી એકેય માતા-પિતાનો પુત્ર કદી પાછો આવ્યો જ નહીં. પણ બંને વાલી-દંપતીઓ અને કુટુંબોએ તેમને મળેલા (ખોટા) અહેવાલ પ્રમાણે સુખ ને દુઃખમાં જીવન વ્યતીત કર્યું.

પુત્ર મરી ગયો હતો કે જીવતો રહી કમાયો હતો તે ઘટનાની માતા-પિતાના જીવન પર કંઈ અસર થવી જોઈતી નહોતી, પણ ‘મારો પુત્ર, મારો પુત્ર’ એવા ‘મામકાઃ’ મનોભાવને કારણે એક



કુટુંબ ખુશી થવાને બદલે દુઃખી થયું, બીજું કુટુંબ દુઃખી થવાને બદલે સુખી રહ્યું!

એ જ રીતે ચિત્ત ખોટા સંદેશા આપે છે તે પ્રમાણે આપણે સુખ ને દુઃખ અનુભવી જીવ્યે જઈએ છીએ. ચિત્તના ખોટા સંદેશાને અવગણીને જીવીએ તો અંતરાત્મા પોતાના નિજ આનંદમાં નિમગ્ન રહે.

*

# ૧૫. અંદરનો આત્મા

રાવણ વિદ્વાન હતો. બળવાન હતો. તપશ્ચર્યા કરી ઘણી શક્તિઓ મેળવી હતી. તેને વરદાન મળેલું કે ધારે તે રૂપ લઈ શકશે. આવો રાવણ સીતા તરફ લાલસામાં ફસાયો. રાવણની પત્ની મંદોદરી ભારે ધર્મિષ્ઠ અને પતિપરાયણ હતી. તેણે રાવણને ઘણો સમજાવ્યો પણ રાવણને ધર્મ તરફ વાળી ન શકી.

રાવણનું ધાર્યું થતું નહોતું. એ રોજ અશોકવાટિકામાં જતો. સીતાને મેળવવા પ્રયત્ન કરતો. પણ સીતા તેને ધુતકારી કાઢતી. રાવણ આથી દુ:ખી દુ:ખી હતો. પતિપરાયણ મંદોદરીથી આ દુ:ખ જોયું જતું નહોતું. તેણે રાવણને રસ્તો બતાવ્યો. તેણે કહ્યું, 'શિવનાં વરદાનથી તમે ધારો તે રૂપ લઈ શકો છો. રામનું રૂપ ધારણ કરી સીતા સમક્ષ જાવ. સીતા છેતરાશે અને તમે ધાર્યું કરી શકશો.' રાવણે ડોકું ધુણાવ્યું કહ્યું, 'હું એ યુક્તિ અજમાવી ચૂક્યો



છું. જેવું હું રામનું રૂપ ધારણ કરું છું કે તરત મારો મોહ ઊડી જાય છે. લાલસા રહેતી નથી અને મારું મન ધર્મ તરફ વળે છે. હું શું કરું? સીતાને પ્રાપ્ત કરવાની ઈચ્છા જ રહેતી નથી.'

આ અજબ વાત છે, પણ તેમાં સત્ય રહેલું છે. બાહ્ય રૂપ પણ આપણા જીવને, આપણા આત્માને અસર કરે છે. બ્રિટનનો રાજા મનમાન્યું કરવા ધારતો હતો. બ્રિટનના આર્ચ-બિશપ (ધર્મગુરુ) વચ્ચે આવતા હતા. રાજાને અધર્મ કરવા માટે રોકતા હતા. રાજાએ એક યુક્તિ કરી. એણે એના ખાસમખાસ મિત્રને આર્ચ-બિશપ તરીકે નિમણૂક આપી. મિત્ર એવો વિશ્વાસુ ને વફાદાર હતો કે રાજા કહે એમ જ કરે. રાજાને લાગ્યું હવે ફાવતું થશે. પરંતુ જુદું જ બન્યું. મિત્રે આર્ચ-બિશપનો હોદ્દો ગ્રહણ કર્યા પછી એનું મન રાજાના અધર્મને કારણે ડંખવા લાગ્યું. વફાદાર અને વિશ્વાસુ મિત્ર રાજાનાં કામોમાં વચ્ચે પડવા માંડ્યો. અધર્મ રોકવા માંડ્યો. રાજાએ તેની હત્યા કરાવી. આ વિષય પર પ્રસિદ્ધ કવિ એલિયટે નાટક રચ્યું છે – 'મર્ડર ઈન ધ કાથીડ્રલ.'

આવી જ એક કથા 'રત્નદીપ' નામના હિન્દી ચિત્રમાં હતી. એ કથા 'ભવાલ સંન્યાસી કેસ' ની સત્યકથા પર આધારિત હતી. અતિધનાઢ્ય જમીનદારના પુત્રને મરી ગયેલો માની અગ્નિદાહ દેવામાં આવે છે. પવનનું અને વર્ષાનું ભારે મોટું તોફાન આવે છે. ડાઘુઓ નાસી જાય છે. પેટાવેલો અગ્નિ બુઝાઈ

જાય છે. તોફાન શમતાં સૌ પાછા આવે છે. ડાઘુઓ નાસી જાય છે. પેટાવેલો અગ્નિ બુઝાઈ જાય છે. તોફાન શમતાં સૌ પાછા આવે છે. પણ મૃતદેહ ગાયબ થયેલો છે. મનાય છે કે જમીનદારપુત્ર જીવતો હતો. નાસીને સંન્યાસી થયો છે. વર્ષો પછી એક માણસ આવે છે. પોતે જમીનદારપુત્ર છે એમ કહી જમીનદારની હવેલીમાં પ્રવેશ મેળવે છે. બધા પુરાવા બંધબેસતા જણાય છે. જમીનદારપુત્ર તરીકે સૌ એનો સ્વીકાર કરે છે. જમીનદારકુમારની પત્ની પણ તેને સ્વીકારે છે. પણ પત્નીનો સાચો પ્રેમભાવ જોતાં યુવાન એને છેતરી શકતો નથી. ચાલ્યો જાય છે.

બહારથી સારા બનો. અંદર જરૂર ફેર પડશે. સારાં કપડાં પહેરો, સ્વચ્છ રહો, ગંદકી કરવાનું મન નહીં થાય.

*



# ૧૯. વિભૂતિઓ

વજ્ર એ દેવાધિદેવ ઈન્દ્રનું અમોઘ શસ્ત્ર છે. એ શસ્ત્ર ઈન્દ્રે દધીચિ ઋષિનાં હાડકાંમાંથી બનાવ્યું હતું. વજ્ર સૌથી મહાપ્રબળ શસ્ત્ર છે, એમ વેદ કહે છે. તેનો ઉપયોગ ઈશ્વર નાછૂટકે જ કરે છે. આ શસ્ત્ર ક્યારે બન્યું અને શા માટે બનાવવું પડ્યું તેની કથા ઋગ્વેદમાં આલેખેલી છે.

ઋષિ દધીચિએ પોતાના જીવન દરમિયાન ખૂબ પુણ્ય અને તપ કર્યાં હતાં. તેમણે કઠોરપણે ધર્મનું પાલન કર્યું હતું. આ કારણે તેમનું શરીર અજેય બન્યું હતું. તેની પાછળનું રહસ્ય એ હતું કે તેમનાં અસ્થિઓનો કોઈ શસ્ત્ર નાશ કરી શકે તેમ નહોતું. એ અસ્થિઓ એવાં સમર્થ હતાં કે તેમની શક્તિ સામે કોઈ આતતાયી ટકી શકતો નહોતો.

ઋષિ દધીચિ જીવતા હતા ત્યાં સુધી કોઈ રાક્ષસ મનુષ્યોની

સતામણી કરી શકતો નહોતો. મનુષ્યજાતિને ઋષિ દધીચિનું રક્ષણ હતું. ઋષિ દધીચિ ઢાલ બનીને ઊભા હતા ત્યાં સુધી તેમને વહાલા મનુષ્યોને અસુરો સહેજ પણ હાનિ કરી શકે તેમ નહોતા. અસુરોનો રાજા વૃત્રાસુર નિરુપાય હતો.

ઋષિ દધીચિ આખરે તો મનુષ્ય હતા. કાળક્રમે એ દેવલીન થઈ સ્વર્ગે સિધાવ્યા. હવે વૃત્રાસુર અને તેના રાક્ષસોને છૂટો દોર મળી ગયો. તેઓ પ્રજાને રંજાડવા માંડ્યા. યુદ્ધમાં અસુરો અને વૃત્રાસુરને મનુષ્યો હરાવી શકે તેમ નહોતા. તેઓ 'ત્રાહિમામ્ ત્રાહિમામ્' પોકારી ઊઠ્યા.

મનુષ્યો દેવ ઈન્દ્ર પાસે પહોંચ્યા અને જણાવ્યું કે ઋષિ દધીચિ હતા ત્યાં સુધી મનુષ્યોને ચિંતા નહોતી. પણ હવે તેમના સ્વર્ગવાસ બાદ વૃત્રાસુર અને તેના અસુરોનો રંજાડ ખૂબ વધી ગયો હતો. મનુષ્યો માટે જીવવું દોહ્યલું થઈ પડ્યું હતું. ઈન્દ્રને પણ વૃત્રાસુર સાથે સફળતા ન મળી.

તે પછી ઈન્દ્રે લોકોને પૂછ્યું, 'ઋષિ દધીચિનું કોઈ અંગ બચ્યું છે?' લોકોએ જણાવ્યું કે, 'ઋષિ દધીચિનો સ્વર્ગવાસ કોઈએ જોયો નહોતો. માત્ર એટલી ખબર છે કે છેલ્લે એમણે ઘોડાનું મુખ ધારણ કરી અશ્વિનીકુમારોને મધુવિદ્યા શીખવી હતી.' ઈન્દ્રે કહ્યું, 'એ ઘોડાનું મુખ કે તેના અવશેષ શોધી કાઢો.' શોધતાં શોધતાં શર્યણાબદ્ધ નામના સરોવરમાંથી પેલું ઘોડાનું માથું મળી આવ્યું.



ઈન્દ્રે તે માથાનાં હાડકાંમાંથી વજ્ર બનાવ્યું. તેના વડે વૃત્રાસુર અને તેના અસુરોનો વધ કર્યો.

આખીય કથાનો મર્મ એ છે કે મહાન વિભૂતિઓ તેમના જીવનકાળમાં તો મનુષ્યોનું કલ્યાણ કરે જ છે. પણ તેમના મૃત્યુ બાદ પણ મનુષ્યજીવન પર તેમની કલ્યાણકારી અસર રહે છે. ઈશુના મૃત્યુ બાદ એમનું પુનરુત્થાન (resurrection) થયું અને એમણે મનુષ્યજાતિને નવો માર્ગ ચીંધ્યો. ગાંધીજીના મૃત્યુ બાદ તેમના સત્ય અને અહિંસાના વિચારે વિશ્વશાંતિ માટેની ભૂમિકા રચી આપી.

*

# ૧૭. કુદરત

રાવણને હણવા, સીતાને તેના કબજામાંથી મુક્ત કરવા રામ કૃતનિશ્ચય હતા. તેમણે વાનરોના સૈન્યને એકઠું કર્યું. રાવણના પક્ષેથી રાવણનો ભાઈ વિભીષણ આવને તેમની સાથે જોડાઈ ગયો હતો. રામને પોતાનાં ધનુષ્ય-બાણ પર પૂરો વિશ્વાસ હતો. સૈન્ય આવીને સાગરકાંઠે ઊભું. પેલેપાર આવેલી લંકા પર પહોંચવાનું હતું. વિશાળ પટ પર પથરાયેલા સાગરને પાર કરવાનું મુશ્કેલ જ નહીં અશક્ય હતું. રામે સાગરદેવને પ્રાર્થના કરી. સાગરે કોઈ જવાબ ન વાળ્યો.

રામના રોષનો કોઈ પાર ન રહ્યો. તેમણે ધનુષ્ય પર બાણ ચડાવ્યું ને પણછ ખેંચી. સાગરને સૂકવી નાખવાનો સંકલ્પ કર્યો. વાતાવરણ કંપી ઊઠ્યું. જળપક્ષીઓ ઊડી-ઊડીને નાસવા માંડ્યાં. સાગરનાં માછલી-મગરમચ્છ જેવાં જળચરો ખળભળી ઊઠ્યાં.



સાગર સૂકાઈ જાય તો આસપાસ કેવો ધરતીકંપ થશે એ વિચારથી સૌ ચોંકી ઊઠ્યાં. લક્ષ્મણે આવી રામને વિનંતી કરી, ‘મોટાભાઈ, સાગરને સૂકવી નાખવાનું માંડી વાળો ભારે અનર્થ થશે. રોષનાં પરિણામો હંમેશાં ભારે ખરાબ આવે છે. ગુસ્સો ત્યજી દો.’ રામે કહ્યું, ‘પણછ ખેંચાઈ ગઈ છે. રામનું બાણ કદી પાછું ન ફરે.’

સાગરદેવ ઉપસ્થિત થયા અને બોલ્યા : ‘રામ, જરા સાંભળો! ધરતી, વાયુ, અગ્નિ, અવકાશ અને જળ ઈશ્વરે સર્જેલાં કુદરતી પંચમહાભૂતો છે. એ સર્વને પોતાની શક્તિ, મર્યાદા અને નિયમો છે. આ કુદરતી તત્ત્વો ઈશ્વરના યમ-નિયમો પાળે છે. પંચમહાભૂતોનો તે ધર્મ છે. તેમાંથી તેમને ચલિત ન કરી શકાય. સાગર માઝા ન મૂકી શકે, સૂકાઈ ન શકે. તેમ કરવા જાય તો કુદરતી સમતુલા ખોરવાય, ઊથલપાથલ થાય.’

રામે પૂછ્યું, ‘તો મારે લંકા શી રીતે પહોંચવું?’

સાગરે કહ્યું : ‘મારો નાશ કરવાના યત્નને બદલે મારા પર સેતુ બનાવો. હું તે માટે માર્ગ કરી આપીશ. સવલત આપીશ અને સહાય કરીશ. વિશ્વકર્માનો પુત્ર નળ તમારી વાનરોની સેનામાં છે. તેને કહો તે સેતુ રચી આપશે.’

રામે પૂછ્યું, ‘પણ મારા ખેંચાયેલા બાણનું શું? એ પાછું ન ફરે.’

સાગરે કહ્યું, ‘પેલી ગંદા જળની ખાળી ગંધાય છે. બાણ

ત્યાં છોડો ને મલિન ગંદકી સૂકવી નાખો.' રામે તેમ જ કર્યું. ખાડીનું જળ શુદ્ધ થયું.

નળે સાગર પર સેતુ રચવાની યોજના બનાવી. તરી શકે એવા પથ્થરો એકઠા કર્યા. સાગરે સહકાર આપ્યો. સેતુ બન્યો. તેના પર થઈને રામનું સૈન્ય લંકા પહોંચ્યું. રાવણને હરાવ્યો. સીતાને મુક્ત કર્યા.

ગુસ્સાથી નુકશાન થાય છે, સફળતા મળતી નથી. વાતચીત એ વાટાઘાટથી પ્રશ્ન શાંતિથી ઊકલે છે. કુદરત સાથે બાથ ભીડવી એ સાચો રસ્તો નથી. કુદરતમાં તત્ત્વો જાળવીને તેમાં ફેરફાર કરી શકાય છે. કુદરતનો વિનાશ માનવજાતનો વિનાશ નોતરે છે. કુદરતી વાતાવરણ જાળવી વિકાસ સાધવાનું વરદાન માનવીને મળેલું છે.

*



# ૧૮. રામાયણ

ઉત્તર અને પશ્ચિમ ભારતમાં મહદંશે વાલ્મીકિ અને તુલસીદાસે રચેલી રામકથા પ્રચલિત છે. વાલ્મીકિ અને તુલસીદાસમાં પણ ક્યાંક ક્યાંક ઘટનાફેર અને પાત્રતફાવત છે. એ ઉપરાંત જુદા જુદા કથાકારોએ પણ ઉમેરા, વધારા અને મૂળકથામાં કાપકૂપ કરી છે. દક્ષિણ ભારતમાં વળી જુદી જ કથા છ. કેટલાકમાં તો રાવણને નાયક તરીકે અને રામને ખલનાયક તરીકે ચીતર્યા છે. એટલું જ નહીં જૈન પરંપરા તેમ જ બૌદ્ધપરંપરામાં કથા જુદી રીતે કહેવાઈ છે. આપણે વાંચી છે તે કરતાં બૌદ્ધ જાતકકથામાં રામકથા કંઈક જુદી જ રીતે આલેખાઈ છે.

જાતકકથામાં કહ્યું છે કે વારાણસીમાં દશરથ નામે ધાર્મિક રાજા રાજ કરતા હતા. તેને સોળ હજાર રાણીઓ હતી. તેમાં

અગ્રમહિષી પટરાણી હતાં. તેનાથી રાજાને રામપંડિત અને લક્ષ્મણકુમાર નામના બે પુત્રો અને સીતાદેવી નામની પુત્રી - એમ ત્રણ સંતાનો હતાં. ભગવાનને કરવું તે અગ્રમહિષી મૃત્યુ પામ્યાં. રાજા શોકાર્ત થઈ ગયા. અમાત્યોની સમજાવટથી રાજાએ બીજી એક રાણીને પટરાણી બનાવ્યાં. તેના થકી રાજાને ભરતકુમાર નામનો પુત્ર થયો. હરખ થવાને કારણે રાજાએ પટરાણીને કોઈ વરદાન માગવા કહ્યું. પટરાણીએ વરદાન ભવિષ્યમાં માગીશ એમ કહ્યું. ત્યાર પછી પટરાણીએ પોતાના પુત્ર ભરતકુમારને રાજયનો ઉત્તરાધિકારી બનાવી રાજા બનાવવાનું વરદાન માગ્યું. આવી માગણીથી રાજા ગુસ્સે થઈ ગયા અને પટરાણીને ધુત્કારી કાઢી. પરંતુ રાજાને થયું કે રાણી પોતાનાં પુત્રને રાજગાદી અપાવવા કંઈ પણ કરી શકે. તેથી તેમણે રામપંડિત અને લક્ષ્મણકુમારને બોલાવીને કહ્યું કે જ્યોતિષીઓના કથન પ્રમાણે મારું મૃત્યુ બાર વર્ષ પછી છે. ત્યાં સુધી તમે વનમાં જઈને રહો. જેથી પટરાણી તમારું કાસળ કાઢી ન નાખે. મારું મૃત્યુ થાય પછી તરત જ તમે અહીં આવી જજો અને રાજગાદીના હકદાર થઈ રામપંડિતનો રાજ્યાભિષેક કરાવજો. બહેન સીતાએ રામપંડિત અને લક્ષ્મણકુમાર સાથે જવા જીદ લીધી. તે પણ રામપંડિત અને લક્ષ્મણકુમાર સાથે વનમાં ગયાં. કાળનું કરવું તે રાજા દશરથ નવ વર્ષ પછી મૃત્યુ પામ્યાં. પટરાણીનો પુત્ર ભરત



ધર્મપાલન કરનારો હતો. રામનો રાજ્યાભિષેક કરવા તે વનમાં ગયો અને રાજસિંહાસન શોભાવવા વિનંતી કરી. લક્ષ્મણકુમાર અને સીતા પિતાના અવસાનના સમાચાર સાંભળી ભારે આઘાત પામ્યા. પણ રામ સ્વસ્થ રહ્યા. તેનો ખુલાસો પૂછવામાં આવ્યો ત્યારે રામપંડિતે જીવની અનિત્યતાની ગાથાઓ સંભળાવી. સૌ શોકમુક્ત થયાં. રામપંડિતે પિતાજીને આપેલા વચન પ્રમાણે ૧૨ વર્ષ વનમાં રહેવાનો આગ્રહ રાખ્યો. તે દરમિયાન ભરતે રામપંડિતની પાદુકાઓને રાજસિંહાસન પર બેસાડી તે પાદુકાઓના પ્રતિનિધિ તરીકે રાજ્ય ચલાવ્યું. તે પછી રામપંડિતે ઘણાં વર્ષો સુધી રાજ્ય કર્યું.

પ્રાચીન ભારતમાં રામાયણ જેવી ઘટના સર્જાઈ હોય કે કથા લખાઈ હોય અને જુદા જુદા ધર્મોએ એ ઘટના કે કથાનો આધાર લઈ પોતપોતાની રીતે, પોતાના ધર્મની પાયાની વાતોને સમર્થન આપે એ રીતે લખી હોય એવું બનવાજોગ છે. બહુ પ્રાચીનકાળમાં ધર્મો વચ્ચે એટલું વૈમનસ્ય નહીં હોય. હિંદુધર્મની એક ઉક્તિમાં કહ્યું છે કે પાછળ મોત પડ્યું હોય તોય બચવા માટે 'જિનમંદિરે ન ગચ્છસી' આવાં વેરઝેર વિસારી ધર્મો પ્રાચીન પરંપરા પ્રમાણે એક બને તે ઈષ્ટ છે.

*

# ૧૯. મૃત્યુની ઘડી

યમરાજ એક વાર વૈકુંઠમાં નારાયણને મળવા ગયા હતા. નારાયણના દરવાજે તેમણે જમણી બાજુએ ગરુડરાજને નિહાળ્યા. ગરુડરાજ નારાયણનું વાહન છે અને ખૂબ ઝડપી ગતિએ અવકાશમાં ઊડે છે. દરવાજાની ડાબી બાજુએ એક ચકલી બેઠી હતી. યમરાજે દરવાજામાં દાખલ થતાં ગરુડરાજનું અભિવાદન કર્યું પછી તેમણે ડાબી બાજુએ ચકલીને બેઠેલી જોઈ. ચકલીને ત્યાં જોઈ તેમને અચંબો હતો.

યમરાજના આવાસમાં ગયા પછી ચકલી થરથર ધ્રૂજવા લાગી. ગરુડરાજે ચકલીને ધ્રુજવાનું કારણ પૂછ્યું. ચકલીએ કહ્યું કે યમરાજે તમારું તો અભિવાદન કર્યું. પણ મને અહીં જોઈ તે આશ્ચર્ય પામ્યા. મને લાગે છે કે મારા મૃત્યુનો સમય આવી ગયો છે. તેથી તેમણે આશ્ચર્યથી મારા તરફ જોયું. કામકાજ પૂરું કરીને બહાર નીકળશે અને મને પોતાની સાથે યમલોક લઈ જશે. મૃત્યુના ભયથી હું થરથર ધ્રુજું છું.



ગરુડરાજે ચકલીને કહ્યું, 'તું ગભરાઈશ નહીં. હું પવનની ઝડપે ઊડી શકું છું. તું મારી પીઠ પર બેસી જા, હું તને થોડી જ ક્ષણોમાં રામેશ્વર પાસે ગંધમાદન પર્વત પર મૂકી દઈશ. ગંધમાદન જેટલા દૂરના સ્થળેથી તને કોઈ લઈ જઈ નહીં શકે.'

ગરુડરાજ ચકલીને ગંધમાદન પર્વત પર મૂકી આવ્યા અને પછી નારાયણના દરવાજે હાજર થઈ ગયા. થોડી વાર પછી યમરાજ નારાયણના આવાસમાંથી બહાર નીકળ્યા. તેમણે જોયું તો ચકલી દેખાતી નહોતી. ગરુડરાજને અભિમાન થયું કે પોતે ચકલીને યમરાજના સકંજામાંથી બચાવી લીધી હતી. તેમણે યમરાજને પૂછ્યું, 'યમરાજ, આપ શું શોધી રહ્યા છો?'

યમરાજે પૂછ્યું, 'અહીં પેલી ચકલી હતી ને?'

ગરૂડરાજે જવાબ આપ્યો, 'ચકલી તો અત્યારે ખૂબ ખૂબદૂરના સ્થળે સલામત છે. એ અત્યારે ગંધમાદન પર્વત પર છે.' આ સાંભળીને યમરાજે કહ્યું કે હું જાણતો હતો કે થોડી જ ક્ષણોમાં એ ચકલીના ભાગ્યમાં ગંધમાદન પર્વત પર એક બાજ પક્ષીને હાથે મૃત્યુ લખાયું હતું. મને થતું હતું કે ચકલી ગંધમાદન પર્વત પર કેવી રીતે પહોંચશે?

ગરુડરાજ ભોંઠા પડી ગયા. પોતે માનતા હતા કે તેમણે ચકલીને બચાવી. વાસ્તવમાં તો તે જઈ એને મૃત્યુના મુખમાં મૂકી આવ્યા હતા. મૃત્યુની રીત, સ્થળ અને ક્ષણ બધું નિયત છે.

# ૨૦. સત્ય

સુપ્રસિદ્ધ હિંદી વાર્તાકાર-નવલકથાકાર કમલેશ્વરની નવલકથા 'કિતને પાકિસ્તાન' ૨૦૦૦માં પ્રગટ થઈ. ૨૦૦૨ સુધીમાં તેની છ આવૃત્તિઓ થઈ છે. બંગાળી, ઉર્દૂ, ઊડિયા અને મરાઠીમાં તેના અનુવાદો થઈ ચૂક્યા છે. મોહન દાંડીકરે તેનો ગુજરાતી અનુવાદ કર્યો છે. બાબરી મસ્જિદનો ખરો ઈતિહાસ તેમાં મળે છે.

ફરગના અને બુખારાની સલ્તનત છીનવાઈ ગઈ એટલે બાબર બીજે જઈ વસવા માગતો હતો. બીજી સલ્તનત સ્થાપવા મથતો હતો. અગાઉના ગઝની ઈ. મુસ્લિમોની જેમ લૂંટી કરી તે ભાગી જવા નહીં, પણ હિન્દુસ્તાની બની રહેવા આવ્યો હતો. રણથંભોરના હિંદુ રાજપૂત રાણા સાંગાના બોલાવવાથી બાબર આવ્યો. તે સફળ થયો. તે લડાઈ પહેલાં ઈસ્લામ ધર્મ



હિન્દુસ્તાનમાં ક્યારનોય આવી ચૂક્યો હતો. ૨૦-૪-૧૫૨૬ને દિવસે પાણીપતના યુદ્ધમાં ઈબ્રાહીમ લોદીને હરાવી બાબર આગ્રાના તખ્ત પર બેઠો. બાબર ઈસ્લામ માટે આવ્યો નહોતો. રાજપાટ અને વસવાટ માટે આવ્યો હતો. એક મુસ્લિમ બાદશાહની કતલ કરી બીજો મુસ્લિમ બાદશાહ ગાદી પર બેઠો હતો.

ઉત્તર હિન્દુસ્તાનમાં રામાયણ અને રામનો મહિમા તુલસીદાસે ગાયો અને પ્રચલિત કર્યો. બાબર આવ્યો ત્યારે તુલસીદાસજી હજી બાળવયમાં હતા અને તેમને કોઈ જાણતું નહોતું. તે વખતે કૃષ્ણના નામનો ભારે મહિમા હતો. કૃષ્ણનું જન્મસ્થળ મથુરા. ત્યાં હતાં કૃષ્ણમંદિરો, મથુરા આગ્રાથી માત્ર પચાસ માઈલ છેટે હતું. બાબરે હિન્દુ મંદિરો જ ભાંગવાં હોત તો અયોધ્યા સુધી શા માટે જાય, મથુરાનું મોટું મંદિર જ ન તોડે?

મંદિર તોડ્યાની કહેવાતી વાતના સમયે બ્રિટિશ અમલદાર એ. ફયુહરર આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના ડાયરેક્ટર જનરલ હતા. તેમણે મસ્જિદ પર લખેલો ઈબ્રાહીમ લોદીનો શીલાલેખ વાંચ્યો હતો. અને તેનો અનુવાદ આર્કિયોલોજિકલ સર્વેની ફાઈલમાં છે. તે મુજબ મસ્જિદ ઈબ્રાહિમ લોદીએ બંધાવેલી. બાબરના સૂબેદાર મીર તકીએ થોડા ફેરફાર કરી પોતાના પાદશાહને રાજી કરવા મસ્જીદનું નામ

'બાબરી મસ્જિદ' આપ્યું. ગાંધીજીના નામે કોઈ રસ્તાનું નામ 'ગાંધી રોડ' કે શહેરનું નામ 'ગાંધીનગર' આપવામાં આવે છે તેમ. મસ્જિદ જ્યાં બંધાઈ તે ખાલી જગા હતી અને મસ્જિદ બાંધનાર હતો. ઈબ્રાહીમ લોદી. ત્યાં મંદિર હતું તે તોડી બાબરે મસ્જિદ બંધાવ્યાની વાત સદંતર ઉપજાવી કાઢેલી છે.

૧૮૫૭ સુધી બધું બરાબર ચાલ્યું હતું. ૧૮૫૭માં હિન્દુ અને મુસલમાનો એક થઈ બ્રિટિશરો સામે લડ્યા. તેમની એકતા ભારે પડશે એમ લગતાં બ્રિટિશ સરકારે બંનેમાં ફૂટ પાડવાની નીતિ અપનાવી. અંગ્રેજ ગેટેયિર લેખક એચ. આર. નેવીલે બદમાશી કરી. તેણે ૩ એપ્રિલ, ૧૫૨૮ થી ૧૭ સપ્ટેમ્બર, ૧૫૨૮ સુધીનાં પાનાં ફાડી નખાવ્યાં અને એવી વાત વહેતી કરી કે એ સમય દરમિયાન બાબર અયોધ્યા ગયેલો અને ત્યાં જઈ મંદિર ભાંગી મસ્જિદ બંધાવવાની તજવીજ કરેલી.

સાચા ઈતિહાસને બદલે કપરી કૂટને કારણે હિંદુ-મુસ્લિમ વૈમનસ્ય જન્મ્યું. તે મિટાવી શાંતિ સ્થાપવી જોઈએ.

*



# ૨૧. કૃતિનું હાર્દ

કાલિદાસે કહ્યું છે, 'ઉત્સવ પ્રિયા ખલુ માનવાઃ'. માણસ ઉત્સવપ્રિય જીવ છે. આપણા ઉત્સવોને તહેવારો માટે ભાગે ધર્મ અને પુરાણની કથા કે ઈતિહાસ અને કંઈક અંશે એ ભૌતિક-સામાજિક પ્રાપ્તિ સાથે પણ સંકળાયેલા છે. શ્રાવણના તહેવારો વર્ષના આગમનના રાજીપાના છે. કૃષ્ણકથાની આસપાસ કેટલાય ઉત્સવો વણાયેલા છે. નવરાત્રિથી માંડી દશેરા-દિવાળીના ઉત્સવો ખેતરોમાં ઊગેલા ધન-ધાન્યની ખુશીના ઉત્સવો છે. રાવણદહન અને રામના અયોધ્યા પુનરાગમન સાથે પણ સંકળાયેલા છે.

મહાભારત કૃષ્ણકથા કે લીલા છે તો રામાયણ રામની ગાથા છે. મહાભારત જટિલ, અટપટું પ્રપંચોથી ભરપૂર છે. તેને સમજવું કઠિન છે. રામાયણની વાત સરળ અને સ્પષ્ટ છે.

રામાયણમાં મનુષ્ય સામે આવી પડતા પડકારો અને એની સામે ઝીક ઝીલી દુઃસાધ્ય આદર્શ સિદ્ધ કરવાની કથા છે. એ કથા મોટા તપસ્વીઓ, ચિંતકો, મહાગુણગાન મહાનાયક કે પૂર્ણ ખલનાયકની સંકીર્ણ કથા નથી. એ સામાન્ય ગુણગાન સામે અહંકારી મનુષ્યના ટકરાવમાંથી નીપજતી રસપ્રદ સરળ કથા છે.

રાવણ વિદ્વાન છે, પરાક્રમી છે, બળવાન છે અને સમજદાર છે. એ સીતાનું અપહરણ કરે છે, પણ લંકામાં સીતા પર બળજબરી કરતો નથી. સીતાને સારી રીતે રાખે છે, માનમર્યાદા જાળવે છે. મોહાંધ કરતી વાંછનાઓ અને અહંકાર, એ બે દુર્ગુણો તેને અંધ બનાવે છે. તેથી તે ધર્મનું આચરણ કરી શકતો નથી.

સીતા જીવાત્માનું પ્રતીક છે. સીતા સામાન્ય નીતિમાન પુરુષ કે સ્ત્રી જેવી છે. સાદી ઈચ્છાઓ, સરળ ચાલચલગત, એ બધું સારું છે, પણ પૂરતું નથી. સુવર્ણમૃગની ઈચ્છાઓ હજી રહે છે. દુઃખોના પરિતાપમાંથી જીવાત્મા પસાર થાય ત્યારે આત્માનું સુવર્ણ લાધે છે. સીતાની કમનસીબી આ રીતે જોવાની છે. એ કષ્ટોથી સીતાની પરિપક્વ થાય છે. એની ગતિ ઊર્ધ્વ તરફ વળે છે. અગ્નિપરીક્ષા આપવા પણ એ તૈયાર છે. પરીક્ષા આપે છે ને પાર ઊતરે છે. અંતે સંસારની અસારતા સ્વીકારી ધરતીમાં સમાઈ



જાય છે. એ તેનું પૂર્ણ ઊર્ધ્વગમન છે. હનુમાન સંપૂર્ણ શરણાગતિના જીવ છે. ગમે તેટલું સામર્થ્ય હોવા છતાં સ્વામીના આદેશ પ્રમાણે ચાલવાની દાસ્યભક્તિએ તેમને અમર બનાવ્યા છે. જે કરું છું તે તેના દોર્યા પ્રમાણે, તેના આડતિયા તરીકે. આ ભાવ તેને તારે છે.

રામ મનુષ્ય છે, વધારે પરિપક્વ મનુષ્ય છે. તેથી તે સર્વ સ્થિતિમાં શાંતિ, સ્વસ્થતા, સમતા રાખી વિચરે છે. એમની પણ કસોટી થાય છે. એક તરફ પ્રિય વ્યક્તિ અને બીજી તરફ રાજા તરીકેની ફરજ. સાધકની જેમ એ પડકારને ઝીલે છે. પ્રેય છોડી શ્રેયનો માર્ગ પકડે છે. આ રીતે રામાયણ ચરિત્રો મારફત ધર્મ ફરજ, ગરિમા, મુક્તિ અને ભૌતિક બંધન વગરના સાત્ત્વિક પ્રેમની કથા બની રહે છે.

આપણા તહેવારો કે ઉત્સવો વખતે આ સર્વ બાબતોનો જરીકે વિચાર આવતો નથી. કારણ કે આવા વિચારની પરંપરા અદશ્ય થતી જાય છે. નવી પેઢીને આ અભિગમનો ઈશારો પણ મળે છે ખરો?

*

# ૨૨. સ્વધર્મ

જાજલિ નામના મોટા મુનિ હતા. તેમણે ભારે તપ કર્યું. એમણે એટલું લાંબુ તપ કર્યું કે એમની લાંબી લાંબી જટાઓમાં પક્ષીઓએ માળા બાંધ્યા અને તેમાં ઈંડા ય મૂક્યાં. ઈંડામાંથી બચ્ચા ન જન્મ્યા અને ઉડતા ન થયા ત્યાં સુધી જાજલિ તપ કરતા બેસી રહ્યા. તપ પૂરુ કરી એમને લાગ્યું કે પોતાના જેવો કોઈ તપસ્વી થયો નથી. પોતાના જેવો કોઈ ધર્મનો જાણકાર થયો નથી. મુની નારદ તેમને મળ્યા. નારદે કહ્યું, 'તમારે ખરો ધર્મ જાણનારને મળવું હોય તો કાશીના બજારમાં જઈ મુલાધાર નામના વણિક વેપારીને મળો.'

જાજલિને આશ્ચર્ય થયું. વેપારી અને તે ય પાછો વૈશ્ય. તે ખરો ધર્મનો જાણકાર?! એ કાશી પહોંચ્યા. મુલાધારની દુકાને જઈ ઊભા રહ્યા. મુલાધાર સામાન્ય દુકાનદાર વેપારી હતો.



તોલી તોલીને ગ્રાહકોને માલ આપી રહ્યો હતો. જાજલિને શંકા થઈ, 'આવો વેપારી ધર્મને જાણનારો કેવી રીતે હોઈ શકે?' તેમણે મુલાધારને પૂછ્યું, 'ભાઈ, તું કયા શાસ્ત્રો ભણ્યો છે? ધર્મ વિશે તું શું જાણે છે?'

મુલાધારે કહ્યું, 'મહારાજ, હું કોઈ શાસ્ત્રો ભણ્યો નથી. હું કોઈ કર્મકાંડ કરતો નથી. હું તો સંસારમાં રહું છું અને સંસારના ધર્મો પાળું છું. મારો ધર્મ લોકોને સારો અને ચોખ્ખો માલ આપવાનો. હું બહુ જ સારો અને ચોખ્ખો માલ પસંદ કરીને લાવું છું અને મારી આજીવિકા પૂરતો જ નફો લઈ ગ્રાહકોને વેચુ છું.'

જાજલિને થયું કે આમાં તે શી મોટી વાત થઈ. કંઈક બીજું હોવું જોઈએ. તેમણે વેપાર કરવા વિષે પૂછપરછ કરી. મુલાધારે કહ્યું, 'મારો એક નિયમ છે. મારી નજર હંમેશા આ ત્રાજવાની દાંડી પર રાખું છું. ત્રાજવાની દાંડીની જેમ મારા મનને સ્થિર રાખું છું. ત્રાજવું સમતોલ થાય તે રીતે માલ તોલુ છું અને પછી જ ગ્રાહકનો માલ આપું છું.'

મન સ્થિર રાખવાની બાબતમાં જાજલિને કંઈક રહસ્ય લાગ્યું. પણ એટલા માત્રને કંઈ ધર્મ ન કહેવાય. એ તો રોજિંદો વેપાર થયો. એમણે મુલાધારને પૂછ્યું, 'તું કયો ધર્મ પાળે છે?'

મુલાધારે જવાબ આપ્યો, 'હું એક જ ધર્મ જાણું છું. સર્વના હિતને ધ્યાનમાં રાખી હું દુકાનમાં તેમ જ ઘરમાં, સમાજમાં અને

સંસારમાં વિચરું છું. એથી મોટો બીજો કોઈ ધર્મ નથી.'

જાજલિને સમજાયું કે ધર્મપાલનમાં જ્ઞાન મેળવવાની, શાસ્ત્રોનો અભ્યાસ કરવાની કે તપની જરૂર નથી. સંસાર છોડવાની પણ જરૂર નથી. સંસારમાં ઈશ્વરે સૌને કામ સોંપ્યા છે. એ કામ તે જ તેનો સ્વધર્મ, નીતિમત્તાથી જે સ્વ-ધર્મ પાળે, સૌનું હિત જુએ તે જ સાચો ધર્મને જાણનારો અને ધર્મને આચરનારો.

*



# ૨૩. વિવેક અને સ્વમાન

રાજા પરીક્ષિતના પુત્ર જનમેજયે યજ્ઞનનું આયોજન કર્યું હતું. યજ્ઞમાં પુરોહિત તરીકે તેમણે વેદઋષિને આમંત્રણ મોકલ્યું. ગુરૂકુળનો હવાલો શિષ્ય ઉત્તંકને સોંપી ઋષિ વેગયજ્ઞના ઉપાધ્યાય તરીકે જનમેજયેને ત્યાં ગયા.

શિષ્ય ઉત્તંક ગુરુકુળમાં જોઈતી-કરતી વસ્તુઓ લાવતો. દરમિયાન ગુરુકુળની સ્ત્રીઓએ ભેગી થઈ એક દિવસ વિચિત્ર માગણી કરી. સ્ત્રીઓએ કહ્યું, 'ઉપાધ્યાય-ઋષિ વેદની ગેરહાજરી ઉપાધ્યાયની પત્નીને સાલે છે. તે ખોટ તું (ઉત્તંક) પૂરી કર.' ઉત્તંક ધર્મસંકટમાં મૂકાઈ ગયો. એક તરફથી ગુરુની આજ્ઞા પ્રમાણે ગુરુકુળના અંતેવાસીઓની ઈચ્છા પૂરી કરવાની અને બીજી તરફથી ગુરુપત્નીની પણ ઈચ્છા પૂરી કરવાની તે અવિચારી પગલું હતું. ઉત્તંકે વિવેક વાપરી અવિચારી પગલું ભરવાની ધરાર ના

પાડી. ગુરુપત્નીને ઉત્તંકે નારાજ કર્યા.

ઋષિ વેદ પાછા આવ્યા. શિષ્ય ઉત્તંક સંચાલનની ગંભીર કસોટીમાં પાર ઊતર્યો હતો. એમણે શિષ્યને કહ્યું, 'તારું ભણતર પૂરું થયું છે. હવે સંસારમાં જા અને સુખી થા.' ગુરુદક્ષિણા આપ્યા વિના જવાય નહીં. ઉત્તંકે પૂછ્યું, 'શી ગુરુદક્ષિણા આપું?' વેદઋષિને કંઈ સૂઝ્યું નહીં. તેમણે કહ્યું, 'સૂઝશે એટલે કહીશ.' ઉત્તંકે ત્રણેક વાર ગુરૂદક્ષિણા અંગે પૂછ્યું. વેદઋષિને કંઈ સૂઝતું નહોતું. છેલ્લે તેમણે કહ્યું, 'ગુરુમાતા પાસે જા. એ કહે તે ગુરુદક્ષિણા આપજે.' ઉત્તંક ગુરુપત્ની પાસે પહોંચ્યો. ગુરુપત્ની આગળ બનેલી ઘટના ભૂલ્યાં નહોતાં. ઉત્તંકને ભેખડે ભરાવવા તેમણે કહ્યું, 'ચાર દિવસ પછી મારે પુણ્યકવ્રત ઊજવવું છે. એ સમયે પુષ્ય રાજાની મહારાણીનાં કુંડળ પહેરી મારે બ્રાહ્મણોને અન્ન પીરસવું છે. તેથી પુષ્ય રાજાનાં કુંડળ લઈ આવ.'

પુષ્યનાં રાણીનાં કુંડળ લાવવા એ ભારે કપરું કામ હતું. તોય ઉત્તંક તો પહોંચ્યો. મહારાણીએ કુંડળ તો આપ્યાં, સાથે સાવચેતી રાખતા કહ્યું, 'આ કુંડળ પર નાગરાજ તક્ષકનો ડોળો છે. એ કુંડળ લૂંટી લેશે કે ચોરી લેશે.' નદીકિનારે પ્રાતઃકર્મ પતાવવા ઉત્તંક સરસામાન મૂકીને ગયો તે સમયે નાગાબાવાના વેશમાં તક્ષકે કુંડળ ચોરી લીધાં. એ પછી નાગનું રૂપ ધારણ કરી દર વાટે એ પાતાળલોકમાં પહોંચી ગયો. ઈન્દ્રે ઉત્તંકને મદદ કરી. વજ્રની



મદદથી ઉત્તંકને પાતાળલોક પહોંચાડ્યો. અને તક્ષક સામે જીત અપાવી. ઉત્તંક સમયસર ગુરુપત્નીને કુંડળ પહોંચાડી શક્યો. તક્ષકે ઉત્તંકને હેરાન કર્યો હતો તેથી ઉત્તંક પછીથી રાજા જનમેજય સાથે જોડાયો. પિતા પરીક્ષિતને નાગે ડંખ માર્યો હતો તેથી જનમેજયે નાગકુળ-નિકંદનનો યજ્ઞ માંડ્યો હતો. જન્મેજયને સાથ આપી ઉત્તંકે નાગરાજ તક્ષક સામે વેર વાળ્યું.

ગુરુદક્ષિણા આપવી અનિવાર્ય છે. ગુરુના ઉપકાર ફેડવા જોઈએ. અવિચારી કર્મ ટાળવું જોઈએ. વિવેક એ ઉત્તમ માર્ગ છે. ઉત્તંકની કથામાંથી વિદ્યાર્થીને આવા પાઠ મળે છે.

*

# ૨૪. વટ

નારદજી.

કોઈને હસાવે, તો કોઈને રડાવે.

'જો કે, તેમનો સ્વભાવ તો લડાવવાનો જ! બે જણને લડાવે નહિ ત્યાં સુધી ચેન ના પડે. નારદજી ભટકતા રામ. આજે અહીં તો કાલે ત્યાં.'

રસ્તે ચાલતાં ચાલતાં તુક્કા લડાવ્યા કરે. મોટા ભાગે તો એમનો તુક્કો સફળ જ થાય. ક્યારેક નિષ્ફળ પણ જાય. પણ નારદ એટલે નારદ. સોગટી તો મારે જ.

એક વખતની વાત છે.

કૃષ્ણ ગપાટા મારતા હતા. સાથે અર્જુન, દ્રૌપદી અને સુભદ્રા પણ હતાં. કૃષ્ણની વાતોના રસમાં બધાં તરબોળ હતાં.

ત્યાં જ વીણા સંભળાઈ. સાથે 'નારાયણ, નારાયણ'



અવાજ આવ્યો. બધાએ બહાર નજર કરી. ફરફરતી ચોટલી દેખાઈ. બધાં એક સાથે બોલી ઉઠ્યાં :

'આ તો નારદજી.'

નારદજી આવ્યા.

મીઠું મીઠું હસતા અંદર દાખલ થયા. વીણા એક ખૂણામાં મૂકી. અર્જુને ઉભા થઈને નારદનો સત્કાર કર્યો. બેસવા માટે આસન આપ્યું.

નારદજી આરામથી બેઠા. માથા પર હાથ ફેરવીને ચોટલી ઠીક કરી દીધી. પછી આજુબાજુ નજર કરી.

દ્રૌપદી મીઠું મીઠું હસતાં હતાં. નારદજીનો દેખાવ જ એવો. એમનું વર્તન પણ એવું. એમનું કાર્ય પણ એવું. નારદજી આવે એટલે હસવાનો કોઈક પ્રસંગ તો હોય જ. એટલે જ દ્રૌપદી મલકાતાં હતાં. નારદ પણ સમજતા હતા. છતાં તેમણે પૂછ્યું :

'દ્રૌપદી, કેમ હસો છો?'

દ્રૌપદીએ હસવાનું ચાલુ રાખીને જ કહ્યું :

'શિકારાની શોધમાં આવ્યા છો?'

નારદજી ખાલી વાતો જ કરવા આવ્યા હતા. પણ દ્રૌપદીની મીઠી ટકોર સાંભળીને તે પણ મશ્કરીમાં બોલ્યા :

'કેમ, મારી બીક લાગી?'

જવાબમાં અર્જુન બોલ્યો :

'નારદજી, એ વાતમાં તો ખાંડ ખાઓ છો. અહીં તમને એવો શિકાર મળશે નહીં.'

નારદજીએ કહ્યું :

'અર્જુન, તને જ શિકાર બનાવું તો?'

અર્જુને જોરથી ડોકું ધૂણાવીને કહ્યું :

'ના બને. બની જ ના શકે.'

હવે કૃષ્ણ પણ વાતમાં જોડાયા. તેમણે કહ્યું :

'અર્જુન, નારદે મને સત્યભામા સાથે લડાવ્યો છે. તું ના લડે, પણ સુભદ્રા લડવા તૈયાર થાય તો! એ વિદ્યા નારદને સારી આવડે છે.'

હવે તો નારદ પણ વટે ચડ્યા. તેમણે કહ્યું :

'કૃષ્ણ, સુભદ્રાની વાત છોડો. તમે તો ડાહ્યા પુરુષ છો ને? હું તો તમને પણ લડાવું. યાદ રાખજો મારા શબ્દો. કૃષ્ણ અને અર્જુનને લડાવું તો જ હું નારદ.'

અર્જુન બોલી ઊઠ્યો :

'શું કહ્યું? હું કૃષ્ણ સાથે લડું? બને જ નહીં. કૃષ્ણ મારા મિત્ર,મારા ગુરુ. સ્વપ્નમાં પણ તેમની સાથે લડવાનો વિચાર ના કરું. પછી લડવાની તો વાત ક્યાં?'

નારદે કૃષ્ણને પૂછ્યું :

'અને કૃષ્ણ તમે? અર્જુન સાથે લડો ખરા?'



કૃષ્ણ નારદને ઓળખતા હતા. તેમને ખબર હતી. નારદ ધાર્યું કામ પાર પાડે જ. એટલે તેમણે હસીને કહ્યું :

'નારદ, તમે હોંશિયાર છો. શંકર જેવા શંકર પણ તમારા ચક્કરમાં આવી ગયા છે. પણ અર્જુન સામે તો હું ના જ લડું.'

નારદજી જુસ્સામાં આવી ગયા. તેમણે કહ્યું :

'હવે તો હું છું અને તમે છો. જોઈ લેજો મારી કળા. છ મહિનાની અંદર તમને ના લડાવું તો ચોટલી કપાવી નાખું.'

આમ કહીને નારદજી ઉઠ્યા. ઝટપટ વીણા ઉઠાવી અને મોટાં ડગલાં ભરતા નીકળી ગયા બહાર.

નારદજી આમ ફરે, ને તેમ ફરે. સ્વર્ગમાં જાય ને પાતાળમાં જાય. આકાશમાં હોય કે પૃથ્વી પર હોય. તેમના મનમાં એક જ વિચાર. એક જ ધૂન.

'કૃષ્ણ-અર્જુનને લડાવું.'

દિવસ હોય કે રાત. નારદ એની જ યોજના ઘડતા હોય. મનમાં એનો જ વિચાર ચાલતો હતો.

એક દિવસની વાત છે.

નારદજી આકાશમાર્ગે જતા હતા.

તેમની આગળ એક વિમાન જતું હતું. વિમાનની શોભા સુંદર હતી. એની ચારે બાજુ નાની નાની ઘંટડીઓ બાંધેલી હતી. પવનનો ઝોલો આવે ને ઘંટડીઓ રણકી ઉઠે. અહા ! શો એનો

મધુર અવાજ. બીજું જાણે જલ તરંગ જોઈ લો.

એ વિમાન એ ગાંધર્વનું હતું. એમાં બેસીને ગાંધર્વ જઈ રહ્યો હતો. બેઠો બેઠો પાન ચાવતો હતો. વિમાનમાંથી તેણે પિચકારી મારી.

તે વખતે એક મુનિ પૂજા કરતા હતા. નદીમાં સ્નાન કરી સૂર્યનારાયણને પાણીની અંજલિ આપતા હતા. ખોબામાં નદીનું પાણી હતું અને મંત્ર બોલતા હતા.

એ પિચકારીનું થુંક એમના ખોબામાં પડ્યું. તરત જ તેમણે ઉપર જોયું. ઉપર ગાંધર્વનું વિમાન જતું હતું. મુનિને સમજતાં વાર ના લાગી.

મુનિ તો ગાંધર્વ પર ગુસ્સે થઈ ગયા. તેમની આંખો લાલ બની ગઈ. ગુસ્સાને કારણે શરીર ધ્રુજવા લાગ્યું. ખોબાનું થુંકવાળું પાણી તેમણે ઢોળી નાખ્યું. તે બોલી ઉઠ્યા.

‘હે ગાંધર્વ, અભિમાનમાં તું આટલો બધો છકી ગયો છે? તારામાં આટલો વિવેક પણ નથી? તો હું પણ તને શાપ આપું છું. તેનું પરિણામ ભોગવજે.’

નારદે આ જોયું. તે સડસડાટ કરતા નીચે આવ્યા. મુનિ શાપ આપે તે પહેલાં તો તે નીચે ઉતરી ગયા. મુનિ હાથમાં પણી લઈને ગાંધર્વને શાપ આપવાની તૈયારી કરતા હતા.

નારદ તેમની નજીક આવ્યા.



‘મુનિદેવ, કેમ ગુસ્સામાં છો? સૂર્યદેવને અંજલિ આપવા માટેનું પાણી ઢોળી દીધું? વળી પાછું આ હથેળીમાં પાણી લીધું. મને કંઈ સમજાયું નહીં.’

મુનિ અટક્યા. તેમણે પાછળ ફરીને જોયું. તેમણે નારદને ઓળખી કાઢ્યા. તે બોલ્યા :

‘અહો નારદજી ! હું પેલા ગાંધર્વને શાપ આપતો હતો.’

નારદજી બધું જાણતા હતા. છતાં અજાણ્યા બનીને બોલી ઉઠ્યા :

‘કેમ, કેમ, એનો બિચારાનો શો દોષ?’

મુનિએ કહ્યું :

‘એને તમે બિચારો કહો છો? એ દુષ્ટનો દોષ તો મોટો છે. હું સૂર્યનારાયણને અંજલિ આપતો હતો. એ ઉપરથી થુંક્યો. એ થુંક મારી અંજલિમાં પડ્યું. એને શાપ ના આપું તો શું કરું?’

નારદે ડોકું હલાવીને કહ્યું :

‘ઠી..ક... તો તો બરોબર છે. એ નાલાયકને સજા તો મળવી જ જોઈએ. પણ... હું તમને બીજો ઉપાય બતાવું.’

‘શો ઉપાય?’ મુનિએ પૂછ્યું.

નારદે જવાબ આપ્યો :

‘જુઓ, તમે તપસ્વી છો. શાપ પણ આપી શકશો. પણ શાપ આપવાથી તમારું તપ બળી જશે. એ વાત તો સાચી ને?’

મુનિ ડોકું હલાવીને બોલ્યા :

'હા, એ વાત તો સાચી. પણ એ દુષ્ટને બોધપાઠ તો મળવો જ જોઈએ. તમારી પાસે છે કોઈ ઉપાય?'

નારદ ઝટ બોલી ઉઠ્યા :

'તમે કૃષ્ણ ભગવાનને મળો. ગાંધર્વને એ શિક્ષા કરશે. તમારું તપ બળી નહીં જાય અને ગાંધર્વને શિક્ષા થશે.'

મુનિ તો ઝડપથી પાણીની બહાર નીકળ્યા. હાથમાં કમંડળ લીધું. જતાં જતાં નારદને કહ્યું :

'નારદજી, ધન્ય છે તમને ! તમે ના મળ્યા હોત તો મારું તપ બળી જાત.'

મુનિ તો ઝડપથી ચાલ્યા ગયા.

પાછળ રહ્યા નારદજી. મુનિના ગયા પછી તે તો ખડખડાટ હસી પડ્યા. બોલ્યા પણ ખરા :

'ચાલો, યોજનાના શ્રીગણેશ તો મંડાયા. હવે આગે આગે ગોરખ જાગે. ચાલ જીવ, મુનિની પાછળ.'

નારદજી ચાલ્યા મુનિની પાછળ. આવ્યા કૃષ્ણ પાસે, નારદજી આવ્યા ત્યારે મુનિ તો ચાલ્યા ગયેલા.

નારદજીને તો વાત જાણવાની ચટપટી લાગેલી. વાત જાણવી તેમને માટે જરૂરી હતી. કૃષ્ણને સીધું પૂછાય નહીં. સીધું પૂછે તો તેમને શંકા જાય.



એટલે નારદે બીજી રીતે પૂછ્યું :

'પ્રભુ ! પેલા મુનિ કોણ હતા? રસ્તામાં મને મળ્યા. એમને તમારું શું કામ પડ્યું?'

કૃષ્ણએ ભોળપણમાં કહી દીધું :

'અરે, એ તો ફરિયાદ કરવા આવ્યા હતા. એ સૂર્યપૂજા કરતા હતા. ઉપરથી ગાંધર્વ થુંક્યો. એ થુંક તેમના ખોબામાં પડ્યું.'

નારદે ભોળા હોય તેવો દેખાવ કરીને કહ્યું :

'ઓહો, ગાંધર્વ આટલો બધો નાલાયક? પછી તમે શું કહ્યું?'

કૃષ્ણ બોલ્યા :

'મેં મુનિને વચન આપ્યું. એક અઠવાડિયામાં હું ગાંધર્વને મારી નાખીશ.'

નારદ બોલ્યા :

'શું પ્રભુ ! ગાંધર્વને મારી નાખશો? એનો દોષ તો છે જ. પણ મારી નાખવા જેટલો મોટો નહીં. એ બિચારો અજાણતાં જ થુંક્યો હશે. જાણીને તો એમ કરે જ નહીં.'

કૃષ્ણને પણ પસ્તાવો થયો. તે બોલ્યા :

'નારદ, તમારી વાત તો સાચી છે. મેં તો ગુસ્સામાં આવીને વચન આપી દીધું. હું મરી જાઉં તો ખેર, પણ મારું વચન તો ના જ ફરે. એક ઉપાય છે. મુનિ ગાંધર્વને માફી આપે તો તે બચી

જાય. તે સિવાય નહીં.'

'નારાયણ, નારાયણ' બોલીને નારદે નિસાસો નાખ્યો. મનમાં તે ખુશ જ હતા.

નારદની યોજના પાર પડતી હતી. હવે એક કામ કરવાનું હતું. એ કામમાં સફળતા મળે તો બેડો પાર.

નારદ જેનું નામ. સફળતામાં શંકા તો હોય જ નહીં. એ જ્યાં હાથ નાખે, ત્યાં સફળ જ થાય. એમના મનમાં હજાર યુક્તિઓ તૈયાર.

એક પળમાં તેમણે વિચાર કરી લીધો. અને એ સાથે જ તે ઉઠ્યા. ઝડપથી ઊઠ્યા. કૃષ્ણની વાત કાપી નાખીને ઉઠ્યા. નારદજીનું કામ એવું. મનમાં આવે તો બેસે. મનમાં આવે તો અધુરી વાત મૂકીને દોડે.

નારદજી ચાલ્યા.

કૃષ્ણને પણ નવાઈ લાગી. તેમણે કહ્યું પણ ખરું :

'અરે નારદજી, એકદમ કેમ ચાલ્યા? આજે તો રૂક્ષ્મણીએ નવી વાનગી બનાવી છે. બેસો.'

પણ નારદ તો...

'પ્રભુ, એક કામ યાદ આવ્યું. ફરી આવીશ.'

કહીને ચાલવા માંડ્યા.

આવ્યા ગાંધર્વ લોકમાં.



પેલાં ગાંધર્વને શોધી કાઢ્યો. તેને ઠપકો આપ્યો :

'મૂર્ખ, તું વિમાનમાંથી થુંક્યો હતો. એ થુંક મુનિના ખોબામાં પડ્યું. મુનિ શાપ આપવા તૈયાર થયા હતા. મેં તેમને મહાપરાણે અટકાવ્યા. તોય તેણે કૃષ્ણને તો ફરિયાદ કરી જ. હવે કૃષ્ણ તને આ અઠવાડિયામાં જ મારી નાખશે.'

બિચારો ગાંધર્વ ! તે તો રડવા જેવો થઈ ગયો. તેણે નારદ મુનિના પગ પકડી લીધા. તે બોલ્યો :

'નારદજી ! મેં જાણીને મુનિનું અપમાન નથી કર્યું. મારાથી અજાણતાં જ આ દોષ થયો છે. મને બચાવો! તમે જ મને બચાવી શકશો.'

નારદજી મનમાં હસતા હતા. પણ ચહેરા પર ગંભીરતા રાખીને બોલ્યા :

'ગાંડા ભાઈ, તું કૃષ્ણને ઓળખે છે? કૃષ્ણ માનવ નથી, માનવના સ્વરૂપમાં સાક્ષાત વિષ્ણુ ભગવાન છે. એમની સામે ઈન્દ્રનું તો ગજું જ નહીં.'

ગાંધર્વ બોલ્યો :

'નારદજી, તમે તો બ્રહ્માના પુત્ર છો. બ્રહ્માને કહો તો...'

નારદજીએ કહ્યું :

'બ્રહ્મા તો શું, શંકર પણ ના બચાવે. કૃષ્ણની ઝપટમાં જે આવે તે બચે જ નહીં. માટે હવે મરવાની તૈયારી કર.'

ગાંધર્વને નારદમાં વિશ્વાસ. તેને પણ વાત સાચી લાગી. હવે બચવાનો કોઈ ઉપાય ન હતો. હવે તો મરવું જ પડે. પણ મરવાનું ગમે કોને? છેલ્લી ઘડીએ પણ જીવવાની આશા હોય.

ડૂબતો માણસ તરણું પકડે. ગાંધર્વએ પણ એમ જ કર્યું. તેણે તો નારદને જ પકડી લીધા. દુઃખી થઈને તે બોલ્યો :

'નારદજી ! મારો કે જીવાડો. હું તો તમને જ ઓળખું. મને બચાવો.'

નારદ મનમાં હસ્યા અને બોલ્યા :

'ભાઈ, ઉપાય તો છે. પણ છે જરા કપરો.'

ગાંધર્વ તો ખુશ થઈને બોલી ઉઠ્યો :

'ઉપાય છે ખરો? નારદજી, ગમે તેવો કપરો ઉપાય હોય. મોત ના આવે એટલે બસ. મને કહો.'

નારદજીએ તેને ઉપાય કહ્યો.

ગાંધર્વ તો ખુશ થઈ ગયો.

હવે નારદજી ચાલ્યા પૃથ્વી પર. આવ્યા દ્રૌપદી પાસે. અલક-મલકનાં ગપ્પાં માર્યાં. દ્રૌપદી તો ખુશખુશાલ થઈ ગયાં. છેવટે નારદે વાત મૂકી :

'અરે, આજે તો ગુરુપૂર્ણિમા છે. આજે નદીમાં સ્નાન કરવાનું મોટું પુણ્ય. હું સ્નાન કરી આવું.'

દ્રૌપદી પણ તૈયાર થઈ ગયાં. તેમણે કહ્યું :



'ચાલો ત્યારે, હું પણ આવું.'

બંને આવ્યાં નદી કિનારે.

થોડે દૂરથી રડવાનો અવાજ આવતો હતો. દ્રૌપદીને અવાજ સાંભળીને દયા આવી. તેણે કહ્યું :

'નારદજી ! ચાલો જોઈ આવીએ.'

બંને ત્યાં ગયાં.

ત્યાં ચિતા તૈયાર કરી હતી.

નજીકમાં એક ગાંધર્વ ઉભો હતો. તે બળી મરવાની તૈયારી કરતો હતો. તેની સ્ત્રીઓ રડતી હતી.

દ્રૌપદીએ રડવાનું કારણ પૂછ્યું :

જવાબમાં ગાંધર્વ બોલ્યો :

'આ અઠવાડિયામાં મને મારી નાખવામાં આવશે. કોઈ ક્ષત્રિય મને શરણું આપવા તૈયાર નથી. મને કોઈ મારી નાખે તેના કરતાં જાતે બળી મરવું સારું.'

'શું વાત કરો છો? પૃથ્વી પર ક્ષત્રિયો મરી પરવાર્યા નથી. બળી મરવાનું બંધ રાખો. મારું તમને રક્ષણ છે. ચાલો, મારા મહેલમાં રહેજો.'

નદીમાં સ્નાન કરવાનું બાકી રહ્યું. દ્રોપદી સાથે ગાંધર્વ તથા તેની પત્નીઓ મહેલમાં આવી.

ગાંધર્વને નારદે પાઠ ભણાવેલો. એટલે તેણે પહેલાં કૃષ્ણનું

નામ જ ના આપ્યું. મહેલમાં આવ્યા પછી તે બોલ્યો :

'દેવી ! મને તો હજુ શંકા છે. અર્જુન અને કૃષ્ણની દોસ્તી જાણીતી છે. કૃષ્ણ મારી માગણી કરશે તો અર્જુન મને સોંપી દેશે.'

દ્રોપદી ચમકી ગઈ.

'શું...ઉં.. કૃષ્ણ તમને મારવાના છે?'

ગાંધર્વ દુઃખી ચહેરે દ્રૌપદી તરફ જોઈને બોલ્યો :

'હા, દેવી. એટલે જ હું કહું છું!'

દ્રૌપદી અચકાઈને બોલી :

'તો...તો..'

નારદે ગાંધર્વને ઈશારો કર્યો. એટલે ગાંધર્વ દ્રૌપદીના પગમાં પડી ગયો ને બોલ્યો :

'દેવી ! મારા જીવનની ભીખ માગું છું. તમે જ મને બચાવી શકશો.'

હવે દ્રૌપદી મક્કમ બની ગઈ.

'હું પણ ક્ષત્રિયાણી છું. દ્રૌપદીનો પતિ રક્ષણ નહીં આપે, તો દ્રૌપદી રક્ષણ આપશે. હવે ચિંતા ના રાખશો.'

દ્રૌપદીએ દાસીને બોલાવી. ગાંધર્વ તથા તેની પત્નીઓ માટે વ્યવસ્થા કરવાનું કહ્યું.

ગાંધર્વ તથા તેની પત્નીઓ દાસી સાથે ગઈ.



હવે દ્રૌપદીને ગંભીરતા સમજાઈ. તેણે નારદજીને જ પૂછ્યું:

'નારદજી ! તમારી શી સલાહ છે?'

નારદજી તો તૈયાર જ હતા. તેમણે પટ દઈને કહ્યું :

'અર્જુન પાસે પહેલાં વચન લઈ લેજો. વચન લીધા પછી વાત કરજો. જેવું ગાંધર્વએ કર્યું તેવું જ તમારે કરવાનું.'

નારદજી તો સલાહ આપીને ચાલ્યા ગયા.

દ્રૌપદી અર્જુનને મળી.

'મને એક વચન આપો.'

'શાનું વચન? વિગત જાણ્યા વિના મારે વચન શી રીતે આપવું?'

દ્રૌપદીએ મોઢું મચકોડીને કહ્યું :

'વિગત જાણીને તો અજાણ્યો પણ વચન આપે!'

હવે અર્જુનને વચન આપવું પડ્યું. તે પછી દ્રૌપદીએ બધી વાત કરી. અર્જુન તો ચમકી જ ગયો.

'ના, ભાઈ, ના ! એ ગાંધર્વને ના પાડી દે! એનું રક્ષણ કરવા માટે કૃષ્ણ સાથે લડવું પડે અને કૃષ્ણ સાથે લડવા કરતાં હું તો મોત જ પસંદ કરું.'

દ્રૌપદીએ કડવાશથી કહ્યું :

'ઠીક ત્યારે, હું રક્ષણ કરીશ, હું કૃષ્ણ સાથે લડીશ. પણ પછી તમારો ક્ષત્રિય ધર્મ ક્યાં રહ્યો? પછી તમને ક્ષત્રિય કોણ

કહેશે? પછી તમારી શક્તિનો ઉપયોગ પણ શો? કૃષ્ણ સામે હું લડીશ, તમે હાથ જોડીને ઊભા રહેજો.'

અર્જુન પર બરોબર અસર થઈ. ના છૂટકે તેણે ગાંધર્વનું રક્ષણ કરવાનું સ્વીકાર્યું.

ગાંધર્વને અર્જુને રક્ષણ આપ્યું. એ જ ગાંધર્વને મારવાની કૃષ્ણની પ્રતિજ્ઞા હતી. કૃષ્ણ ગાંધર્વલોકમાં જઈ આવ્યા. ત્યાં ગાંધર્વ ના મળ્યો. સ્વર્ગમાં તપાસ કરી. ત્યાં પણ ના મળ્યો. સ્વર્ગમાં તપાસ કરી. ત્યાં પણ ના મળ્યો. હવે પૃથ્વી પર તપાસ કરવા માંડી.

તપાસ કરતાં કરતાં ખબર પડી. ગાંધર્વને અર્જુને રક્ષણ આપ્યું હતું. કૃષ્ણને તો મૂંઝવણ થઈ. હવે તો અર્જુન સામે લડવું પડે.

ના લડે તો પોતાના વચનનું શું? મોટા માણસો વચનને મહત્વ આપે છે, સંબંધને નહીં. કૃષ્ણએ પણ એમ જ કર્યું. તેમણે અર્જુનને કહેવડાવ્યું :

'અર્જુન, ગાંધર્વને સોંપી દે, નહીં તો યુદ્ધ કરવા તૈયાર રહે.'

અર્જુન પણ વચનનો પાકો હતો. તે તો ધનુષ્યબાણ લઈને નીકળી પડ્યો. આવી ગયો મેદાનમાં. આપ્યો કૃષ્ણને લલકાર અને કર્યો ગાંડીવનો ટંકાર.

કૃષ્ણ પણ તૈયાર હતા. તેમણે સુદર્શનને બોલાવ્યું. મૂક્યું આંગળી પર. જોર જોરથી ઘૂમાવ્યું. પૂરી તાકાતથી છોડ્યું અર્જુન



પર.

પૃથ્વી પર આ નવાઈની વાત હતી. અર્જુન કૃષ્ણ સામે લડતો હતો. સ્વર્ગના દેવોને પણ નવાઈ લાગતી હતી. આ યુદ્ધ જોવા બધા ભેગા થયેલા.

સુદર્શન છૂટ્યું. પૂરા વેગથી છૂટ્યું. સીધું ધસ્યું અર્જુન તરફ. 'એ અર્જુન મર્યો...! એમ લોકો બોલી ઉઠ્યા.'

પણ આ તો અર્જુન.

શંકર સામે પણ બાથ ભીડેલી તે અર્જુન.

એમ સહેલાઈથી શાંનો મરાય?

તેણે પણ ધનુષ્ય પર બાણ ચઢાવ્યું. પણછને કાન સુધી ખેંચી. પૂરી તાકાત બાણમાં મૂકી. અને છોડ્યું. અર્જુને તીર છોડ્યું.

તીર વીજળીની ઝડપે ગયું. અને અને... ભટકાયું. જોરથી ભટકાયું. જોરથી ભટકાયું સુદર્શન સાથે જ ભટકાયું!

ભયંકર કડાકો થયો.

આખી પૃથ્વી ધ્રુજી ઉઠી.

સુદર્શન પાછું ફર્યું. સુદર્શન પાછું ના ફરે. ભલ ભલા દેવથી પણ પાછું ના ફરે એ સુદર્શન અર્જુનના બાણથી પાછું ફર્યું.

લોકો 'વાહ, વાહ' પોકારી ઉઠ્યા.

અર્જુનની શક્તિ તો લોકોને આજે જ જોવા મળી. લોકો ખુશ થઈ ગયા.

આ ટોળામાં નારદજી પણ હતા. પોતાની યોજના સફળ થઈ. નારદજીને એનો આનંદ હતો.

પણ હવે તેમને ચિંતા થઈ. આ બે જણ તો ખરેખર લડતા હતા. નારદ અર્જુનની તાકાત જાણતા હતા. અર્જુન કૃષ્ણથી હારે તેવો ન હતો.

આ લડાઈ અટકવી જોઈએ. ના અટકે તો પૃથ્વી પર હાહાકાર થઈ જાય. આ લડાઈ કરાવનાર નારદજી. હવે તેમણે જ અટકાવવી જોઈએ!

એટલે એ તો દોડ્યા. જઈને ઝટપટ મુનિને બોલાવી લાવ્યા. મુનિને આ લડાઈ બતાવી. પછી કહ્યું :

'મુનિ, આ તમારે કારણે લડાઈ થાય છે. આ લડાઈ લાંબી ચાલશે તો પૃથ્વીનું સત્યાનાશ વળી જશે. યાદ રાખજો, એનું પાપ તમને લાગશે.'

મુનિ તો બિચારા લડાઈ જોઈને જ ગભરાઈ ગયા હતા. વળી નારદે પાપની વાત કરી. એ તો થરથર ધ્રુજવા લાગ્યા.

'નારદજી, તમે કહો એમ કરું, મને એ પાપમાંથી બચાવો. તમારા પગમાં પડું.'

નારદ મનમાં તો રાજી રાજી થઈ ગયા. તેમણે કહ્યું :

'ગાંધર્વને માફી આપો.'

મુનિએ તો તરત જ માફી આપી દીધી. હવે નારદ તેમને



ઘસડીને રણમેદાનમાં લઈ ગયા. તેમણે જોરથી બૂમ પાડી :

'પ્રભુ ! મુનિએ ગાંધર્વને માફ કરી દીધો છે, હવે લડાઈ બંધ કરો.'

મુનિએ પણ જોરથી બૂમ પાડી.

લડાઈ અટકી ગઈ. અર્જુન કૃષ્ણને ભેટી પડ્યો.

નારદજી ઝટપટ આવી પહોંચ્યા.

'અર્જુન, ભગવાન સામે લડતાં શરમ ના આવી? હવે શું જોઈને ભેટે છે? તું તો કહેતો હતો ને કે, કૃષ્ણ સામે ના લડું.'

અર્જુન સમજી ગયો.

'અચ્છા, તો એમ વાત છે! નારદજી, આ કાવતરું તમારું જ લાગે છે.'

નારદ હસતાં હસતાં બોલ્યા :

'અર્જુન, કાન પકડ! આજથી નારદ આગળ શેખી ના મારીશ. નારદની શક્તિ જોઈ ને?'

જોઈ નારદજી, જોઈ. તમને તો સો ગજ દૂરથી જ પ્રણામ.

નારદજી તો ખડખડાટ હસી પડ્યા.

કૃષ્ણ અને અર્જુન પણ હસી પડ્યા.

સ્વર્ગ અને પૃથ્વી પણ હાસ્યથી ભરાઈ ગઈ.

જ્યાં નારદજી, ત્યાં લડાઈ.

જ્યાં નારદજી, ત્યાં હાસ્ય.

# ૨૫. દરિદ્રનારાયણ

કથા અને ભક્તિગાન પછી ગુરુ નાનકના અનુયાયીઓએ ભેટ મૂકવા માંડી. એક અમીરે આવી ગુરુના હાથમાં મોટો બુંદીનો લાડુ મુક્યો. એના પછી તરત જ એક ગરીબ ભક્ત આવ્યો. સંકોચાતાં સંકોચાતાં એણે ગુરુના બીજા હાથમાં ઘરે બનાવેલો રોટલો મૂક્યો. ગુરુ ઊભા થયા. હથેળી બંધ કરી એમણે રોટલાને મુઠ્ઠીમાં દબાવી નીચોવ્યો. તેમાંથી દૂધનાં શ્વેત ટીપાં ઝર્યા. પછી ગુરુએ બીજી હથેળીની મુઠ્ઠીમાં લાડુને દબાવી નિચોવ્યો. તેમાંથી લાલ લાલ લોહીનાં ટીપાં પડ્યાં.

આ ચમત્કાર હોય કે દંતકથા હોય. એમાંથી એક સાર સમજાય છે. ધનવાન ને સત્તાખોરની સંપત્તિ બીજાના લોહીમાંથી, શોષણમાંથી બનેલી છે. ગરીબનો રોટલો તેના નિષ્કપટ પરિશ્રમમાંથી બનેલો છે. આથી ઈશ્વરને ગરીબ વધારે



વહાલો છે. કાર્લ માર્ક્સે કહેલું : 'ધનવાન ગરીબનું શોષણ કરી સમૃદ્ધ થાય છે.' બાલ્ઝાકે કહેલું : 'Behind every fortune, there is a crime' ધનવાનોની સંપત્તિનો પાયો ગુનાઈત પ્રવૃત્તિ પર રચાયો હોય છે. તેથી જ ભગવાનને ગરીબ વધારે વહાલો છે.

ભગવાન કૃષ્ણને ઘણાં સગાં-સંબંધી અને મિત્રો હતાં. પણ દ્વારકાધીશ સામે દોડીને ભેટે છે દરિદ્ર બ્રાહ્મણ સુદામાને. એની સાથે મજાક-મશ્કરી કરે છે. કૃષ્ણને હસ્તિનાપુરમાં રહેવા-ઊતરવા ઘણા સમૃદ્ધ મહાલયો ને ઘર હતાં. પણ એ ઊતર્યા દાસીપુત્ર વિદુરને ત્યાં અને ભાજી આરોગી. ગરીબ આદિવાસી શબરીનાં એઠાં બોર રામે પ્રેમથી હોંશે હોંશે ખાધાં.

ભગવાને એમના ભક્તોને અમીરી નથી બક્ષી. એમને ગરીબીમાં પણ આનંદમાં રાખ્યા છે. કબીર વણકર હતા. રોજ ચાદર વણે ને તેમાંથી જીવનનિર્વાહ ચલાવે. ઈશ્વર તેમની નજીક હતા. નરસિંહ મહેતા અકિંચન હતા, પણ એમની હૂંડી સ્વીકારી, દીકરીનું મામેરું રંગેચંગે પાર પાડ્યું.

ઈસુ ખ્રિસ્તને ગરીબ-ગુરબાં બહુ વહાલાં હતાં. એમની વચ્ચે રહેતાં, એમનાં દુઃખ દૂર કરતાં. બાઈબલમાં ૩૦૦ થી વધારે કંડિકાઓ ગરીબો વિશે છે. મધર ટેરેસાનું જીવન દર્શાવે છે - 'ગરીબોની સેવા એ ઈશ્વરની પૂજા છે.' મહંમદ પયગંબર કહે છે

: 'દુનિયાની ભૌતિક ચીજ-વસ્તુઓમાં સમૃદ્ધિ નથી. સાચી સમૃદ્ધિ મન-અંતરના સંતોષમાંથી મળે છે. કબીરનાં વચનોમાં-

જબ હો સંતોષ ધન,
સબ ધન ધૂલી સમાન.

ગાંધીજી બુદ્ધિમાન બેરિસ્ટર હતા. ઘણું કમાઈ શક્યા હોત. પણ કોટ-પાટલૂન- હેટ ત્યજ્યાં. પહેલાં ધોતી, કોટ, પાઘડી; પછી ધોતી, પહેરણ; પછી ધોતી ને ઉપરણું ને છેલ્લે લંગોટી ધારણ કરી. ગરીબો ને ખેડૂતો વચ્ચે, તેમની જેમ, આશ્રમો કે ખૂલ્લામાં રહ્યા. હવે લોકો દારિદ્રયને શાપ માને છે, પણ ઈશ્વર તો દરિદ્રનારાયણ છે. આપણા યુવાનો લક્ષ્મીનારાયણને પૂજે છે. તેમને શિખવાડો : 'દરિદ્રનારાયણને પૂજો, ગરીબોની સેવા કરો.'

*



# ૨૯. નિત્યબ્રહ્મચારી

બાહ્ય દેખાવ કે વર્તન ઘણી વાર ગેરમાર્ગે દોરે તેવાં હોય છે. વ્યક્તિ કે પરિસ્થિતિ ખરેખર કેવી છે તે ભીતર ઊંડા ઊતરીએ ત્યારે સમજાય.

બહાર દેખાતી વર્તણૂકથી દોરવાઈ જવા સામે રમણ મહર્ષિએ ચેતવણી આપી છે. તે માટે તેઓ ભગવાન શ્રીકૃષ્ણનો દાખલો આપતા. બહારથી કૃષ્ણ ગમે તેવા લાગે, પણ વાસ્તવમાં તેઓ નિત્યબ્રહ્મચારી હતા.

અશ્વત્થામાના 'અપાન્દવસ્ત્ર' બાણથી ઉત્તરાના ગર્ભનું બાળક મૃત્યુ પામ્યું. મરેલા બાળક તરીકે તેનો 'જન્મ' થયો. પાંડવકુળની સ્ત્રીઓમાં હાહાકાર મચી ગયો. કૃષ્ણે કહ્યું કે બાળકને બાણની અસરથી ઉગારી તેને જીવતો કરશે. કેવી રીતે આ શક્ય બનશે તેનું બધાને આશ્ચર્ય હતું. કૃષ્ણે કહ્યું, 'નિત્યબ્રહ્મચારી હોય

તેવી કોઈ વિભૂતિ બાળકને સ્પર્શ કરશે કે તરત બાળક જીવતો થશે.' કોઈને પોતાના બ્રહ્મચર્યમાં વિશ્વાસ નહોતો. શુકમુનિ પણ બાળકને અડવાની હિંમત કરી શકે તેમ નહોતાં. અંતે કૃષ્ણે બાળકને હાથ અડાડ્યો. બાળક જીવતો થયો. મોટો થઈ તે રાજા પરિક્ષીત તરીકે ઓળખાયો.

રાધા, રુકમણિ સત્યભામા ઉપરાંત ૧૬,૦૦૦ રાણીઓવાળા કૃષ્ણ નિત્યબ્રહ્મચારી કેવી રીતે હોઈ શકે? રમણ મહર્ષિએ કહ્યું છે, 'જીવન્મુક્તના બહારના વર્તનથી દોરાઈ જવું ખોટું છે. જીવન્મુક્ત લોકકલ્યાણ માટે બધું કરે છે, પણ તમામથી તે જલકમલવત્ અલિપ્ત રહે છે. કૃષ્ણ આવા પરોપકારી જીવન્મુક્ત હતા. તે બધું કરતા પણ કશું તેમને સ્પર્શતું નહીં.'

દેખીતી નજરે કમળ કાદવમાં ખીલેલું દેખાય છે. પછીએ ફૂલી-ફાલી સરોવરના જળમાં તરતું રહે છે, પણ જળનું ટીપુંય તેને ભીનું કરતું નથી. કમળ જરાય ગંદુ થતું નથી. તેમ મનથી જે શુદ્ધ છે, વિતરાગી છે તે નિત્યબ્રહ્મચારી છે. આ કંઈ કૃષ્ણના સંબંધમાં જ સાચું છે એવું નથી. જાણીતા બંગાળી લેખક શરદબાબુ રખ્ડુ હતા. વારાંગના પ્રકારની સ્ત્રીને ત્યાં જવામાં પણ એમને છોછ નહીં. માત્ર એક અકિંચન વૃદ્ધની દીકરીને પરણાવવાની આખરી ઈચ્છા પૂરી કરવા શરદબાબુએ એ દીકરી સાથે લગ્ન કરેલાં. પોતે નાસ્તિક હતા, છતાં મંદિરે જતા. કોઈકે પૂછ્યું,



'નાસ્તિક છો, પછી મંદિરે કેમ જાઓ છો?' તેમણે જવાબ આપ્યો. 'દર્શન કરવા આવતા ભક્તોના મોં પરનો ભક્તિનો ભાવ જોવા જાઉં છું.' આવી વ્યક્તિ નાસ્તિક હોવા છતાંય પૂરી ઈશ્વરમય છે.

*

# ૨૭. દાંપત્ય

સ્કંદપુરાણમાં કથા વાંચવા મળે છે. બિમલનગરીનો રાજા ચંદ્રપ્રભ વનમાં શિકાર કરવા ગયો. ફરતાં ફરતાં તેને અપ્સરાઓનું વૃંદ જોવા મળ્યું. અપ્સરાઓએ ઉપવાસ રાખ્યો હતો. સૌએ દેવી પાર્વતીનું પૂજન કર્યું અને પ્રસાદ વહેંચ્યો. રાજાને પણ પ્રસાદ આપ્યો. રાજાના કાંડા પર તેમણે સૂતરના તાંતણાઓની આંટી બાંધી.

કાંડે બાંધેલ આંટી નિહાળી રાજાની માનીતી રાણી વિશાલલક્ષી ચિડાઈ. આંટી તોડીને બે-ચાર તાંતણા રાણીએ સૂકાઈ ગયેલા એક છોડ પર નાખ્યા. છોડ તરત લીલોછમ થઈ ગયો. બાકી રહેલા બે-ત્રણ તાંતણા રાજાની બીજી રાણી મહાદેવીએ પોતાના કાંડે બાંધ્યા. તરત મહાદેવી રાજાની માનીતી રાણી બની ગઈ. પહેલાંની માનીતી રાણી વિશાલલક્ષીને પોતાની



ભૂલ સમજાઈ. વનમાં જઈ તેણે પાર્વતીનું ધ્યાન ધર્યું. તપ કર્યું અને વ્રત કર્યું. પછી તે માનીતી બની ગઈ. ત્યારથી સારું ઘર અને સારો વર મેળવવા કન્યાઓ ગૌરીવ્રત કે પાર્વતીને પૂજે છે.

ઉપરની કથા સાચી હોય, નરી કલ્પનાકથા હોય, દંતકથા હોય કે ઉપદેશ અને વ્રત માટે ઉપજાવી કાઢેલી હોઈ શકે. પરંતુ એટલી વાત સાચી કે સ્ત્રીઓ માટે પાર્વતી જેવું આદર્શપાત્ર ભાગ્યે જ મળે. પોતાનો પતિ શોધવાનો અધિકાર અનને જવાબદારી પાર્વતીએ પોતે જ નિભાવી; ‘દોરે ત્યાં જાય’ એવી એ નહોતી.

શંકરને પાર્વતી પોતે જ પસંદ કરે છે. તેને મેળવવા તપ કરે છે. તપ એટલે પલાંઠી વાળી એકધ્યાન બેસી જવું એટલું જ નથી. તીવ્ર ઈચ્છા અને ઈચ્છાશક્તિ સાથે પોતાના ધ્યેયને વળગી રહેવું અને તે માટે દઢ નિશ્ચયથી સતત અથાગ પ્રયત્ન કરવો એ તપ છે. પાર્વતીએ આવું તપ કર્યું. એકલસૂરા શંકર પર વિજય મેળવ્યો. પત્ની તરીકે સ્વીકારવા મહાદેવે સામેથી પ્રસ્તાવ મૂક્યો. પાર્વતી સ્વમાની છે. પિતા દ્વારા પતિનું અપમાન સાંખી લેતી નથી. પોતાની નિયતિ પોતે ઘડે છે. પતિ સાથે તેનો વ્યવહાર બરોબરીનો છે. તેથી જ એ દંપતી અર્ધનારીશ્વર કહેવાય છે.

આવાં પાર્વતીને કન્યાઓ પોતાનો આદર્શ માની વ્રત કરે છે તે સુયોગ્ય છે. વ્રત સાથે જોડાયેલી ખાવા-પીવા, ઉત્સવ વગેરેની યંત્રવત્ ક્રિયાઓ ગૌણ છે; જો કે એમાં કન્યાઓ આનંદ લે તો

તેમાં કશું ખોટું નથી, પણ પાર્વતીએ પોતાનો આદર્શ ગણી અનુસરવું એ અગત્યનું છે.

છાપાંઓમાં કિસ્સા આવે છે. પ્રેમીઓ આકર્ષાય છે અને છૂપાં લગ્ન કરે છે. કોમ, જાતિ, કુળ એવા બધા વાંધાને કારણે પ્રેમિકાનું કુટુંબ સામે પડે છે. પ્રેમી કે પતિની હત્યા સુધી મામલો પહોંચે છે. તે સમયે છોકરી કુટુંબને સાથ આપે છે. પ્રેમી કે પતિની વિરુદ્ધ પોતાના કુટુંબના કેસને સમર્થન આપે છે. આ સ્ત્રીઓ પાસે પાર્વતી જેવી શક્તિ નથી. એ શક્તિ આવશે ત્યારે સ્ત્રી પુરુષસમોવડી જ નહીં. સવાઈ પુરુષ બની રહેશે.

*



# ૨૮. વિધિની વક્રતા

વાર્તાલાપો આપનારાઓમાં ઓશો રજનીશ વીસમી સદીના વિલક્ષણ અને વિચક્ષણ વિભૂતિ હતા. વિલક્ષણ એટલા માટે કે અન્ય સાધુ-સંતો-કથાકારોની જેમ એ માત્ર પ્રશિષ્ટ ગ્રંથો, પુરાણો અને જૂની કથાઓને આધારે પ્રવચન નહોતા કરતા. એ બહુશ્રુત હતા. ખૂબ વાંચેલું, પચાવેલું. વળી વિશિષ્ટ પહેરવેશ, આગવી પ્રતિભા ને દાઢી, નિતનવી ટોપીઓ, ઘડિયાળો ને ગાડીઓ, મોહક વ્યક્તિત્વ અને વાણી. વિચક્ષણ એટલા માટે કે વિવાદો સર્જે, વિવાદોમાં રાચે અને વિકસે. જે હોય તે, તેમને સાંભળવા એ લહાવો હતો.

ઓશો રજનીશે લખ્યું નથી. એ જે બોલેલા તેના પરથી શિષ્યોએ અસંખ્ય, દળદાર બહુ જ સુંદર સજાવટ સાથે પુસ્તકો પ્રગટ કર્યા છે. એ પુસ્તકોમાં ઉદાહરણો, દૃષ્ટાંતો અને ઘટના-

કથાઓની ખાણ છે. એ ખાણમાંથી એક મણિની આજે રજૂઆત કરવી છે.

નેપોલિયન બોનાપાર્ટ એટલે મહત્ત્વાકાંક્ષાનો મહાવીર. નાનપણથી એનાં નિશાન બહુ ઊંચા. બાલવિદ્યાર્થી તરીકે ભૂગોળમાં ભારે રસ. કેમ વારુ? એના બાળવયની નોટમાં રજનીશજીએ વાંચ્યું : ‘આખી દુનિયા જીતવી હોય તેણે દુનિયાની ભૂગોળ જાણવી જોઈએ.’ નાનપણથી જ એના મગજમાં આખી દુનિયા જીતવાની જિગીષા. ઓશો કહે છે જીવનમાં ઘણી મજેદાર ઘટનાઓ બને છે. મજેદાર ઘટનાઓનું નામ જ જીવન.

નેપોલિયન દુનિયાના નકશાનો અભ્યાસ કરતો હતો. આફ્રિકા નજીક એક નાનકડો ટાપુ હતો. સેન્ટ હેલેના એનું નામ. એટલો નાનકડો કે નાના બિંદુ જેવો દેખાય. ત્યાં માત્ર ઘાસ જ ઊગતું હતું. નેપોલિયને ટાપુ ફરતે એક રેખા દોરી કુંડાળું કર્યુ અને નોંધ લખી આ ટાપુને જીતવાની કોઈ જરૂર નથી. વિસ્તાર નાનો છે ને ઊપજ કશી નથી.

નેપોલિયને વિશ્વવિજય માટે યુદ્ધ છેડ્યું. ઘણો વિસ્તાર જીત્યો અને પછી એ જ બધો વિસ્તાર હારી બેઠો. વોટરલૂની લડાઈમાં નેપોલિયન હારી ગયો તે પછી અંગ્રેજોએ એને કેદ પકડ્યો. કેદી તરીકે તેને સેન્ટ હેલેના ટાપુમાં રાખ્યો. જે જગ્યા જીતવા માટે એણે અવગણી બાજુએ મૂકી દીધી હતી તેનું જ શરણ



આખરે નેપોલિયનને મળ્યું.

બધી જ જમીન હાથથી ગઈ. જીતવાયોગ્ય ન ગણેલી ફક્ત સેન્ટ હેલેનાની ધરતી એના ભાગમાં રહી. જીવનમાં આવું જ બને છે. જન્મભર ઈશ્વરને છોડી દઈએ છીએ. એ ઈશ્વરનું શરણ જ અંતે આપણે માટે બચે છે.

*

# ૨૯. વાણી

એમ કહેવાય છે કે વેદો ઈશ્વરપ્રણીત છે. એટલે કે વેદનું સાહિત્ય ઈશ્વરે આપેલું છે. તેનો અર્થ એવો નથી કે દેવોએ પોતે આવીને વેદની ઋચાઓનું ઉદ્‌બોધન કે ગાન કર્યું અથવા તો ઈશ્વરે પોતે આવી તાડપત્રો પર વેદોનું આલેખન કર્યું. વેદો ઈશ્વરે આપ્યા છે એ કથન વ્યંજનાત્મક છે. કવિતા કે ગૂઢ સાહિત્યમાં એક તરફથી ઉપરછલ્લો અથવા તો દેખીતો જડ અર્થ હોય છે. તેને 'અભિધા' કહે છે. જ્યારે આંતરિક, રૂપક જેવો સાંકેતિક અર્થ હોય છે તેને 'વ્યંજના' કહે છે. વેદો દેવવાણી તેનો સાંકેતિક અથવા તો વ્યંજનાત્મક અર્થ એવો કે મહાન વિભૂતિઓના હૃદયમાં રહેલી સત્યવાણી એ દેવોની જ વાણી છે.

સાચા સંતોની વાણી પણ દેવવાણી છે. સંતોની વાણીમાં સત્યનો રણકો છે તેથી એમની વાણી હૃદય સોંસરવી ઊતરી જાય છે. ગંભીર વિષયને પણ સંતો અને ગુરુઓ સરળ રીતે આપણા



ગળે ઉતારી દે છે. નીચેનો આવો એક દાખલો જુઓ :

એક વાર પટ્ટશિષ્યે ગુરુજીને ફરિયાદ કરી, 'ગુરુજી, દીક્ષા માટે આવેલા નવા શિષ્યને હું ઘણું સમજાવું છું કે શરીર અને આત્મા જુદા છે, પણ તેની સમજમાં ઊતરતું જ નથી.'

ગુરુજીએ પટ્ટશિષ્યને સલાહ આપી : 'જો ભાઈ, એ નવા શિષ્યને આવતી કાલે કાચબા પાસે લઈ જજે. કાચબાની પીઠ પર તેને કાંકરા મારવા, લાકડી ઝૂડવા અને ટાંકણી ભોંકવા કહેજે. પછી તેને પૂછજે, 'કાચબાને અંદર કંઈ અસર થઈ કે?' શિષ્ય જવાબ આપશે, 'ના.' પછી એને ધીરે રહી સમજાવજે કે કાચબાની પીઠ પરના આઘાતની તેની અંદરના જીવાત્માને કંઈ અસર થતી નથી તેમ મનુષ્યના શરીરના આવરણ પર થતાં આધિ, વ્યાધિ ઉપાધિની ભીતર રહેલા આત્માને કંઈ અસર થતી નથી. શિષ્યને ત્યાર પછી શાસ્ત્રો ને શાસ્ત્રાર્થ સમજાશે.'

એ જ રીતે 'સોહં', 'તત્ત્વમ્ અસી' જેવાં સૂત્રો અથવા તો મહાવાક્યોમાં વ્યંજનાત્મક દેવવાણી છે. મહાન ઋષિઓએ આપેલાં આ સત્યોની વ્યંજના સમજવા ગુરુની જરૂર પડે છે. આથી જ ભારતીય પરંપરામાં ગુરુનું બહુ મહત્ત્વ છે. ગુરુ વિના જ્ઞાન ન મળે. નૂગરા એટલે કે ગુરુ વિનાના હોવું એ તેને મોટું કમભાગ્ય ગણવામાં આવે છે. મધ્યકાળમાં કોઈને ગાળ આપવી હોય તો તેને વિશે કહેવાતું કે સાલો સાવ નૂગરો છે.

# ૩૦. સમદૃષ્ટિ

નારદજી તેમની બ્રહ્મવીણા લઈ ફર્યા કરનાર જીવ. અવારનવાર ફરિયાદો મળે. એક વાર ફરતાં ફરતાં એ પાંડવોને ત્યાં પહોંચ્યા. ભાગ્યયોગે ત્યાં શ્રીકૃષ્ણ પણ હાજર હતા. નારદને જોઈ શ્રીકૃષ્ણે નમસ્કાર કર્યા અને ખબરઅંતર પૂછ્યા. વાતવાતમાં નારદે શ્રીકૃષ્ણને કહ્યું, 'તમારા વિરુદ્ધ એક ફરિયાદ આવી છે?' કૃષ્ણે આશ્ચર્ય દર્શાવ્યું અને ફરિયાદ શી છે તે પૂછ્યું. નારદે કહ્યું કે મૃત્યુલોકમાં હું તમારાં ગુણગાન ગાતો ફરું છું. સૌને કહું છું કે કૃષ્ણ ભારે સમદૃષ્ટિવાળા. ત્યાં એક સજ્જને મને કહ્યું, 'જોયો તમારો કૃષ્ણ! પોતાની સગી નાની બહેન સુભદ્રા માટે તો કશું કરતો નથી. માનેલી બહેન દ્રૌપદી અને વધારે વહાલી છે. તેથી દ્રૌપદીનાં કામો કર્યાં કરે છે.' નારદે કહ્યું, 'આ ફરિયાદનો ખુલાસો કરો.'



શ્રીકૃષ્ણે નારદજીને જવાબ આપ્યો, 'જુઓ મુનિવર ! મારે માટે તો બધાય સરખા છે. હું બધે સરખું પ્રકાશું, સરખું વરસું અને સૌને સરખા ચાહું છું. પવન સર્વ સ્થળે વાય છે, મેઘ સર્વ સ્થળે વરસે છે. સૂર્ય સર્વ સ્થળે પ્રકાશ રેલાવે છે. પણ જે લોકો બારી-બારણાં બંધ કરી બેસે તેને વાયુ, મેઘ કે સૂર્ય કેવી રીતે પહોંચે. મારું પણ એવું જ છે. દ્રૌપદી મદદ માટે મને બોલાવે એટલે ત્યાં પહોંચું. સુભદ્રાને બોલાવવાની જરૂર નહીં પડતી હોય. મારા પ્રત્યેની બંનેની શ્રદ્ધા અને પ્રેમ પણ જુદાં હશે. નારદે કહ્યું, 'એવું તે કાંઈ હોતું હશે?'

કૃષ્ણે નારદને કહ્યું, 'આપણે કસોટી કરીએ, તમે દોડતાં દોડતાં પહેલાં સુભદ્રાને ત્યાં જાઓ ને કહો કે કૃષ્ણની આંગળી કપાઈ છે. દડ દડ લોહી વહ્યું જાય છે. તરત લોહી બંધ કરવા કંઈક ચીંદરડું કે એવું આપો જેથી પાટો બાંધી લોહી બંધ કરી શકાય. તે પછી એ જ રીતે દ્રૌપદી પાસે એ જ કારણસર ચીંદરડું માગજો. શું થાય છે તે મને કહેજો.'

નારદ તો ગયા સુભદ્રા પાસે. કૃષ્ણે કહ્યા પ્રમાણે વાત કરી. સુભદ્રાએ કહ્યું, 'મુનિવર, કેટલે વખતે આવ્યા છો. જરા બેસો તો ખરા. કંઈ જળપાન કરો. અલકમલકની વાતો કહો.' નારદે કહ્યું, 'મારી પાસે સમય નથી. ઝટ ચીંદરડું આપો.' સુભદ્રાએ બગાસું ખાતાં ખાતાં કહ્યું, 'મુનિવર, અત્યારે ચીંદરડું

શોધવા ક્યાં બેસું? આ એમનું પીતાંબર છે. પણ એ તો એમણે વિશ્વવિજય કર્યો તેની નિશાની છે. આ સેલો રાજા કુંતીભોજે ભેટમાં આપેલો. તે કેમ ફડાય? આ મેં પહેરેલી સાડીયે ભારે મોંઘામૂલી છે, બેસો હું કોઈને પાટો શોધવા કહું છું.' નારદજી પછી દ્રૌપદી પાસે ગયા. કૃષ્ણની આંગળી કપાવાની વાત સાંભળતાં જ દ્રૌપદી હાંફળાં-ફાંફળાં થઈ ગયાં. પોતે પહેરેલી જરી-કસબની મોંઘી સાડીમાંથી ફાડી તરત ચીંદરડું આપ્યું ને નારદને કહ્યું, 'જલદી જાઓ.'

*



# ૩૧. કબીર...

કબીર બધી જાતિઓ અને કોમને એક કરવામાં માનતા. એ માટે અથાગ પ્રયત્ન કરતા. પંડિતોએ તેમને કહ્યું, 'તું મૂરખ છે. પંડિતો જે ન કરી શક્યા એ તું શી રીતે કરી શકીશ?'

કબીરે જવાબ આપ્યો, 'હું પંડિત નથી એટલે જ કદાચ હું બધાને એક કરવાનું કામ કરી શકીશ. પંડિત અને મુલ્લાંઓ પઢી પઢીને પથ્થર બની ગયા છે, લખી લખીને પાકી ઈંટ બની ગયા છે, પથ્થર અને પથ્થર, ઈંટ અને ઈંટ ભળી ન શકે, એક ન થઈ શકે. ટકરાય તો અગ્નિ ઝરે. ભેગા થાય તો જુદા પાડનારી દીવાલ બને. અમે છીએ મૂર્ખ, માટી અને ગારો. સામાન્ય માણસ માટી ને ગારાની જેમ ભળી જશે એક થશે. પણ પંડિત મુલ્લાંનો મેળ નહીં ખાય.'

કબીર રામાનંદના શિષ્ય હતા. રામાનંદના બધા

અનુયાયીઓ સામાન્ય માણસો, સામાન્ય ઘરના, નીચલા ઘરના, નીચલી વરણના, શ્રમ કરનારા. કબીર વણકર હતા, રવિદાસ મોચી, સેનો નામિત, ધનો જાટ વગેરે. કબીર કહેતા :

ઊંચે પાની ના ટિકે, નીચે હી ઠહરાય

વરસાદનું પાણી નીચાણવાળી જગાએ ભેગું થાય. ઊંચી ભૂમિમાં ઠરે નહીં.

જાત-પાતના ભેદ તો આપણે ત્યાં પહેલેથી હતા અને ધીમે ધીમે ઓછા થતા ગયા. તેમાં કોઈ મોટી સમસ્યા ન થઈ. પરંતુ મુસ્લિમ અને હિન્દુ એ બે કોમોના ઝઘડા હિંસક રીતે ચાલ્યા અને ચાલે છે. તેને પણ એક કરવાની કબીર, નાનક અને એમના જેવા સંતોની ભાવના હતી અને છે.

શરૂઆતમાં કેટલાક મુસ્લિમ તેમજ સિકંદર જેવા સુલતાનો, સમ્રાટો આવ્યો, લૂંટ-ફાટ કરી ચાલી ગયા. તેઓ આ દેશમાં ભળ્યા નહીં. પણ પછીથી એવા મુસલમાનો આવ્યા જેમણે ભારતને જ પોતાનો દેશ બનાવ્યો. ભારત દેશને એક કરવો, તેની કલા-કારીગરી આત્મસાત્ કરવી, તેમાં ઉમેરો કરવો આવા ભાવથી તે ભારતમાં ભળી ગયા.

ભારતમાં દ્વૈત-અદ્વૈતનો ઝઘડો પ્રાચીન છે. બુદ્ધિ અને તર્ક એ વિતંડાથી તકરાર કરાવે છે. હૃદય, લાગણી અને પ્રેમ સૌને એક કરે છે. કબીર અને ઉત્તરના સંતો, દક્ષિણના અલવરો અને



પૂર્વના ભક્તોને બાઉલો પ્રેમથી સૌને એક કરવા માગે છે.

નિત્ય દ્વૈત, નિત્ય ઐક્ય, પ્રેમ તાર નામ

બાહ્ય આચરોના ભેદ અને ભાગલા પાડીને રાજ કરો એવી રાજખટપટો સંઘર્ષ સર્જે છે. પ્રેમ સૌને એક કરે છે.

*

# ૩૨. વહેતા જાવ

બાદશાહે ઢંઢેરો પીટ્યો : 'અમારે ત્યાં અત્યંત કુશળ અને સમજદાર માણસને વજીરની જગ્યાએ નીમવાના છે. ઉમેદવારે પરીક્ષા આપવી પડશ. એક ઓરડામાં ઉમેદવારને પૂરી દેવામાં આવશે. રાજ્યના કુશળ કારીગરોએ બનાવેલી કળ બારણાંના છેદમાં બેસાડી છે. હોંશિયાર ને બુદ્ધિશાળી માણસ જ કળ ખોલી શકશે. કળ ખોલી શકનારને વજીર બનાવવામાં આવશે. નિષ્ફળ જશે તો તેને ફાંસી આપવામાં આવશે.'

બુદ્ધિ અને કારીગરીમાં હોંશિયાર અને કુશળ એવા બે નિષ્ણાતોએ બીડું ઝડપ્યું. મુલ્લા નસરુદ્દીનને થયું લાવ, હું પણ નસીબ અજમાવું ને મારી હોંશિયારી બતાવું. રાજમહેલના એક ઓરડામાં ત્રણેને પૂરી દેવામાં આવ્યા. બહારથી કળ મારીને રાતે બારણું બંધ કરવામાં આવ્યું. અંદરથી કળ ખોલી, બારણું ઉઘાડી



સવારે બહાર નીકળવાનું હતું. પેલા બે બુદ્ધિમાનોએ તો આખી રાત કળને નિહાળ્યા કરી. જાતજાતની તરકીબો વિચારી. સાથે આણેલાં પુસ્તકો વાંચ્યાં. ઓજારોથી તરેહ-તરેહની ચાવીઓ લગાડી જોઈ. ઘણી ચાવીઓ છેદમાં ગઈ જ નહીં. ઘણી ચાવીઓ છેદમાં ગઈ તો ખરી. પણ કળમાં ફરી નહીં. આખી રાતનો ઉજાગરો થયો. વળી તેમને ફાંસીનો ભય સતાવી રહ્યો હતો. સવારે તેમની હાલત અધમૂઆ જેવી હતી.

મુલ્લા તો ફિકરચિંતા વગર ઘસઘસાટ ઊંઘી ગયા તે છેક સવારે કૂકડો બોલ્યો ત્યારે ઊઠ્યા. બગાસું ખાતાં ખાતાં તે બારણે પહોંચ્યા. બારણાને ધક્કો માર્યો તો લાગ્યું કે લાકડું ફૂગી જવાથી બારણું સજ્જડ થઈ ગયું હતું. મુલ્લાએ બારણાને જોરથી ધક્કો માર્યો ને બારણું ખૂલી ગયું.

★

મુલ્લા નસરુદ્દીન નદીકિનારે ઊભા ઊભા શાંતિથી નદીનો પ્રવાહ નિહાળી રહ્યા હતા. ત્યાં તેમનો પાડોશી હુસેન આવી ચડ્યો. તેણે બળાપો કાઢ્યો : 'મુલ્લા, હું તો હેરાન - પરેશાન થઈ ગયો છું. શેઠ સરખો પગાર આપતા નથી. ઘરમાં બૈરી કંકાસ કરે છે. છોકરાં ભણતાં નથી. કહ્યું માનતાં નથી. કરિયાણાવાળો દાણો-પાણી ઉધાર આપતો નથી. આમ જાઉં છું, તેમ કરું છું. પણ કોઈ કામ બનતું નથી. હું તો નદીમાં આપઘાત કરવા આવ્યો

છું. મુલ્લા, તમારા ઘરમાંય હાલ્લાં કુસ્તી કરે છે. કઈ રીતે તમે અહીં બેફિકર બની નદીકિનારે ઊભા છો?'

મુલ્લાએ કહ્યું, 'હુસેન નદીમાં વહી રહેલું પેલું તણખલું જોયું.' હુસેને જવાબ આપ્યો. 'હા.' 'એ તણખલું આમ કે તેમ જવા ફાંફાં મારે છે ખરું?' મુલ્લાએ પૂછ્યું. હુસેને ડોકું ધુણાવ્યું, 'ના.'

'એ તણખલું વહેતું વહેતું કદાચ કિનારે પહોંચી જાય અને તેમાંથી ઘાસ ઊગે કે પછી એ વહીને નદી સાથે દરિયામાંય ડૂબી જાય. પણ એ આમ કે તેમ જવા હવાતિયાં નથી મારતું. એ મારું ગુરુ છે. મને શીખવે છે કે ઝાવાં ન મારવાં. નદીના પ્રવાહ સાથે વહેતા જવું. તુંય માથાફોડ છોડ અને જીવનના પ્રવાહમાં વહેવા માંડ. આપોઆપ શાંતિ મળશે.'

મુલ્લાને ગાળો આપતો હુસેન ચાલતો થયો.

*



# ૩૩. જેનો અંત સારો

મહાભારત કહે છે કે પ્રાચીન સમયમાં ઉદ્દાલક નામના મહાજ્ઞાની અને તેજસ્વી ઋષિ થઈ ગયા. તેમને બે સંતાનો હતાં, પુત્ર શ્વેતકેતુ અને પુત્રી સુજાતા. બંને વિદ્વાન અને મેધાવી હતાં. આશ્રમમાં ભણવા આવેલા કહોડ નામના એક બ્રાહ્મણ સાથે ઋષિ ઉદ્દાલકે પુત્રી સુજાતાને પરણાવી. લગ્ન પછી કહોડ અને સુજાતા આશ્રમમાં જ રહેતાં હતાં.

કાળક્રમે સુજાતાને ગર્ભ રહ્યો. ગર્ભવતી સુજાતા સૂતી હતી તે વખતે પતિ ઉદ્દાલક શ્લોકોનું રટણ કરી શ્લોકો મોઢે કરી રહ્યા હતા, પણ તેમના આળસ અને ભૂલભરેલા અધ્યયનને શ્લોકો અને ઉચ્ચારો અશુદ્ધ હતા. આને અંગે ટકોર કરતો અવાજ આવ્યો, 'બરાબર નથી, ભૂલ છે.' ઉદ્દાલકે આમતેમ જોયું પણ કોઈ દેખાયું નહીં. સુજાતા તો ઊંઘતી હતી. ઉદ્દાલકે રટણ ચાલુ

કર્યું. ફરી ટકોર આવી. ઉદ્દાલક મૂંઝાયા. અંતે સુજાતાના ગર્ભમાં રહેલો બાળક ટીકા કરતો હતો. બાળક ગર્ભમાંથી જ અતિવિદ્વાન હતો. તેણે બહુ ભૂલો કાઢવા માંડી એટલે ઉદ્દાલકે શાપ આપ્યો કે તું બહુ વાંકદેખો છે તેથી તું આઠે અંગે વાંકો એટલે કે અષ્ટાવક્ર જન્મીશ.

શાપને કારણે આઠે અંગે વાંકું બાળક જન્મ્યું. તેથી તેનું નામ અષ્ટાવક્ર પડ્યું. દરમિયાન પત્નીની સંપત્તિની લાલસા પૂરી કરવા કહોડ નજીકના એક રાજાને ત્યાં સંપત્તિ યાચવા ગયા. તે રાજાના દરબારમાં બંદી નામના એક પંડિતનો ભારે પ્રભાવ હતો. નવા આવનાર બ્રાહ્મણને બંદી પંડિત વાદવિવાદ માટે પડકાર ફેંકતો. આવનાર વાદવિવાદમાં જીતે તો તેને ધન મળે, હારે તો તેને નદીમાં ફેંકી દેવામાં આવે. કહોડે પડકાર ઝીલ્યો, પણ તે હારી ગયા અને તેમને નદીમાં ફેંકી દઈ તેમના પ્રાણ હરવામાં આવ્યા. અષ્ટાવક્રને આ વાતની કંઈ ખબર નહોતી.

અષ્ટાવક્ર તો સુજાતાના પિતા ઉદ્દાલકને પિતા માની ઊછર્યો. સુજાતાના ભાઈ શ્વેતકેતુને તે મોટા ભાઈ માનતો રહ્યો. અષ્ટાવક્ર ભારે તેજસ્વી વિદ્વાન બન્યો, પણ મોટા થયા છતાં તે ઉદ્દાલક પાસે બહુ લાડ કરતો અને તેમના ખોળામાં બેસી રમતો. શ્વેતકેતુને આ ગમતું નહીં. શ્વેતકેતુએ એક દિવસ આ અણગમાને કારણે અષ્ટાવક્રને મહેણું માર્યું. તે મહેણામાંથી અષ્ટાવક્રને ખબર



પડી કે તેના પિતા કહોડ બંદી નામના વિદ્વાનને કારણે મૃત્યુ પામ્યા છે અને શ્વેતકેતુ તેના મામા છે.

પેલા રાજાની સભામાં જઈ બંદીને હરાવવાનો અને પિતાના મૃત્યુનું વેર લેવાનું અષ્ટાવક્રે નક્કી કર્યું. તે મામા શ્વેતકેતુ સાથે રાજસભામાં ગયો અને પંડિત બંદીને હરાવ્યો. તે વેળાએ બંદીએ ખુલાસો કર્યો કે પોતે જળદેવતા વરુણનો પુત્ર છે અને સર્વ હારેલા વિદ્વાનોને મેં જળમાં આનંદમાં રાખ્યા છે. આમ કહી કહોડ સહિત સૌ વિદ્વાનોને બંદીએ પાછા આણ્યા. પિતા કહોડે ભૂલો કાઢવા માટે અષ્ટાવક્રને માફ કર્યો અને આશીર્વાદ આપી નદીમાં સ્નાન કરાવ્યું. અષ્ટાવક્ર સ્નાન કરી જળમાંથી બહાર નીકળ્યો ત્યારે એ સર્વાંગ સુંદર હતો.

મહાભારતકાર મુનિ વ્યાસ આવી આખ્યાયિકાઓથી વિદ્વત્તા, ક્ષમા અને સૌ સારાં વાનાં થાય છે તેનો મહિમા બતાવે છે.

*

# ૩૪. વિજ્ઞાન

૧૯૬૨ના અરસાની વાત છે. હોમી ભાભાએ બ્રહ્માંડ-સંબંધી (ર્ઝજદ્વૈષ્ઠ) સંશોધન કરવાનો પ્રકલ્પ (ઁદ્વીર્ષ્ઠં) વિચારેલો. એ માટે વિષુવવૃત્તની નજીક દરિયા પાસેની જગા જોઈએ. આ માટે કેરળમાં થુમ્બા નામની જગા બહુ અનુકૂળ હતી. ત્યાંથી રોકેટ લોન્ચ કરવાનું સહેલું અને સરળ પડે. ૪૦૦ એકર જમીન જોઈએ.

હોમી ભાભા સાથે આપણા ગુજરાતના ડૉ. વિક્રમ સારાભાઈ અને આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ જોડાયેલા હતા. આટલી મોટી જગા સરકાર સિવાય અન્ય પાસેથી મળે નહીં. એટલે ડૉ. વિક્રમ સારાભાઈએ સરકારી અધિકારીઓ સાથે લખાપટ્ટી કરી, રૂબરૂ મળ્યા, વાતચીત કરી, પણ તે સ્તરે કંઈ વળ્યું નહીં.



જમીનોનો ઉપયોગ માછીમારો કરતા હતા. અધિકારીઓએ કહ્યું, 'તમે ગગનમાં ઊડવાની વાતો કરો છો. અમારે તો અહીંયાં માછીમારોના જીવન-મરણનો પ્રશ્ન છે. એમનો ધંધો બંધ થાય તો આંદોલન થાય. અમને ઉપરથી ઠપકો મળે. ઉપરના સત્તાવાળાઓ પાસે જાવ. તેઓ કરવા ધારે તો થાય.'

ડૉ. સારાભાઈ મિનિસ્ટરોને મળ્યા. એમણે પણ નન્નો ભણ્યો. માછીમારોના અધિકારો પર તરાપ મારવા કોઈ તૈયાર નહોતું. પરંતુ મિનિસ્ટરે એક રસ્તો બતાવ્યો, 'આ વિસ્તારમાં એક મોટું દેવળ (ચર્ચ) આવેલું છે. તેમની ઘણી મોટી જમીન છે. અમે ધર્મમાં દાખલ ન કરીએ, પણ દેવળના બિશપ ફાધર પીટર બેરીરાને મળો. એ કંઈ રસ્તો કાઢી શકે.'

ડૉ. સારાભાઈ હિંમત ન હાર્યા. ફાધર બેરીરાને મળ્યા. ફાધરે વાત ધ્યાનથી સાંભળી. ડોકું ધુણાવ્યું. જરા વિચાર કર્યો. પછી ડૉ. સારાભાઈને રવિવારે પ્રાર્થના - પ્રવચન ચાલતું હોય ત્યારે દેવળમાં આવવા જણાવ્યું. વિક્રમ સારાભાઈ દેવળમાં પહોંચ્યા. ફાધરનું પ્રવચન ચાલતું હતું. ધાર્મિક પ્રવચનમાં ફાધરે જરા વળાંક લીધો અને કહેવા માંડ્યું :

'વહાલા શ્રદ્ધાળુઓ, આપણી પાસે એક મહાન વિજ્ઞાની આવ્યા છે. એક મોટું સંશોધન કરવાના છે. એ માટે આપણી

પાસે કંઈક માગવા આવ્યા છે. તમને તો ખબર છે કે વિજ્ઞાન આપણને મદદ કરે છે. વિજ્ઞાનને કારણે માનવજાતે પ્રગતિ કરી છે. વિજ્ઞાનની મદદથી આપણે ઢગલાબંધ અનાજ ને ફળ ઉગાડી શકીએ છીએ. રોગોથી બચી શકીએ છીએ. ઉદ્યોગો સ્થાપી શકીએ છીએ. નોકરીઓ મળી શકે. આ બધાં ઈશ્વરનાં જ કામ છે. ધર્મનાં જ કામ છે. આપણે એ કામો માટે આપણા દેવળની જગા આપશું કે? દોઢ-બે વર્ષમાં એમનું મથક ઊભું થઈ જશે. પછી નાનું દેવળ પણ તેમાં થઈ શકશે. બોલો આ જમીન આપીશું?'

સભામાં સોપો પડી ગયો. એકાદ મિનિટ પછી બધાએ એક અવાજે પોકાર કર્યો. 'આમીન, આમીન.' જગા મળી. થુમ્બા મથક બન્યું.

ધર્મ અને વિજ્ઞાનમાં તકરાર નથી. બંને એક છે. બંને માનવી માટે છે. જરૂર છે માત્ર સાચી સમજાવટની - સમજણ આપવાની.

*



# ૩૫. મૌનમ્ વ્યાખ્યાનમ્

ઘણું બધું સર્જન કરી બ્રહ્માને કંટાળો આવવા માંડ્યો હતો. સર્જનનું કામ બીજાઓને સોંપી પોતે તપસ્યા કરવા ચાલ્યા જવું એવું એમણે નક્કી કર્યું. આ માટે તેમણે સનક, સનતકુમાર, સાનંદન અને સનતસુજાત સર્જ્યા જેથી પોતાનું કામ એમને સોંપી શકાય. બ્રહ્માના પુત્ર નારદને આ વાતની ખબર પડી. એ જાણતા હતા કે જેનું કામ તે કરે, બીજા ન કરી શકે. તેથી તેમણે પોતાના ભાઈઓને આત્મજ્ઞાન લેવા મોકલી દેવાનું વિચાર્યું. ચારે ભાઈઓને એમણે કહ્યું કે ગુરુની શોધમાં જાવ અને સાચું જ્ઞાન મેળવો.

ચારે ભાઈઓ જ્ઞાન મેળવવા નીકળી પડ્યા. પહેલાં એ ભગવાન વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુ તો આરામથી બેઠા હતા અને લક્ષ્મી પગ દબાવી રહ્યાં હતાં. ચારે બાજુ જાહોજલાલી ને

ઝાકઝમાળ હતાં. ભાઈઓને થયું કે આવા ગુરુ શું જ્ઞાન આપી શકવાના. તેથી તેઓ ત્યાંથી ભગવાન શંકર પાસે જવા નીકળ્યા.

ભગવાન શંકરને બ્રહ્માના ચારે પુત્રો આવી રહ્યા છે તેની અગાઉથી ખબર પડી ગઈ. તેમને થયું કે પોતાને પણ પાર્વતી સાથેના કૌટુંબિક સંસારમાં જોઈ તેઓ નિરાશ થશે. તેમણે દક્ષિણામૂર્તિનું યુવાન સ્વરૂપ ધારણ કરી લીધું. માનસરોવર પર જઈ તેઓ સમાધિમાં બેસી ગયા. ચારે ભાઈઓ ત્યાં આવ્યા. ભગવાન શંકરને સંપૂર્ણ શાંત ધ્યાન-સમાધિમાં જોઈ તેઓ સમજી ગયા કે આત્મજ્ઞાનનો સાચો માર્ગ સમાધિ છે. ચારે ભાઈઓ પણ સમાધિમાં બેસી ગયા.

મૌન એ જ સાચો ઉપદેશ છે. ઊંચી કક્ષાએ પહોંચેલા સાધકો એનાથી જ જ્ઞાન પામે છે. એ કક્ષાએ ન પહોંચેલા બીજાઓને વ્યાખ્યાનની જરૂર પડે છે, પણ સત્ય તો શબ્દાતીત છે. શબ્દથી તેનું વર્ણન ન થાય, માત્ર માર્ગ દેખાડી શકાય.

મૌન એ ઉપદેશ છે તેનો બીજો એક અર્થ પણ છે. માણસ જે બોલે તે હંમેશાં આચરતો હોતો નથી. આ કારણે તેના બોલવાનો પ્રભાવ રહેતો નથી. સિગારેટ પીનારો સિગારેટ ન પીવાની સલાહ આપે તો તેની અસર શાની થાય? આપણે ત્યાં એક લૌકિક વાત છે. એક છોકરો બહુ ગોળ ખાતો હતો. માતાએ ગુરુજી પાસે જઈ વિનંતી કરી કે એ છોકરાને ગોળ ઓછો કરવાની



શિખામણ આપે. ગુરુજીએ કહ્યું કે અઠવાડિયા પછી આવજો. અઠવાડિયા બાદ ગુરુજીએ છોકરાને ગોળ ઓછો ખાવા સમજાવ્યું. માતાએ પૂછ્યું કે આટલીક સમજણ આપવા તમે અઠવાડિયું શા માટે લીધું? ગુરુજીએ કહ્યું, ‘હું પોતે પણ ગોળ બહુ ખાતો હતો. પહેલા મેં અઠવાડિયા સુધી ગોળ છોડ્યો. પછી હું શિખામણ આપવાને લાયક બન્યો. કશું કહ્યા વગર વર્તનથી શિખવાડાય તે પણ મૌન દ્વારા અપાયેલું શિક્ષણ છે. ગાંધીજીએ કહ્યું છે ‘મારું જીવન એ મારી વાણી’ બીજાં બધાં ઝાકળ-પાણી.

*

# ૩૯. અભિમાન

નારદમુનિને પોતાની વીણા-વાદનકળા અને સંગીતનું ભારે અભિમાન હતું. ભગવાન કૃષ્ણે એ અભિમાન ઉતારવાનું નક્કી કર્યું.

ભરીસભામાં ભગવાન શ્રીકૃષ્ણે નારદમુનિને વીણા વગાડવા વિનંતી કરી. નારદે વીણાવાદનથી અદ્‌ભુત સંગીત પીરસ્યું. બધા દેવો અભિભૂત થઈ ગયા. સભાને છેડે હનુમાનજી બેઠા હતા. ભગવાન શ્રીકૃષ્ણે હનુમાનજીને પૂછ્યું, 'હે વાનરશ્રેષ્ઠ, તમને નારદજીનું સંગીત કેવું લાગ્યું?'

નારદ મુનિને ખોટું લાગ્યું. આટલા બધા સંગીતના જાણકાર દેવો ને ગંધર્વોને બાજુએ મૂકી કૃષ્ણે એક વાનરનો અભિપ્રાય પૂછ્યો તે તેમના સંગીતનું અપમાન હતું. નારદે પોતાની નારાજગી વ્યક્ત કરી. ભગવાન શ્રીકૃષ્ણે નારદને કહ્યું,



'મુનિ, તમારી વીણા વાનરશ્રેષ્ઠને આપો. આપણે જોઈએ એ કેવું વગાડે છે?'

નારદમુનિની નારાજગીએ હવે તો માઝા મૂકી. તેમણે ચિડાઈને ભગવાન કૃષ્ણને કહ્યું, ''નારાયણ, તમે મારી વીણા એક વાનરના હાથમાં મૂકવાનું કહો છો? એને સંગીત ને વીણા શું આવડે? એ તો મારી વીણા તોડી નાખશે.''

ભગવાને કહ્યું, ''નારદજી, ચિંતા ન કરશો. તમારી વીણાનું હું રક્ષણ કરીશ. તમે એક વાર વીણા વાનરશ્રેષ્ઠને આપી તો જુઓ.''

નારદે ચિડાતાં ચિડાતાં કમને વીણા વાનરને આપી. હનુમાને વીણા હાથમાં લીધી. રામનામના જાપથી તાર છેડ્યા ને પછી વીણા વગાડવા માંડી. એમણે વીણા એવી તો સરસ વગાડી કે બધા છક થઈ ગયા. નારદ મુનિ પણ વાનરના વીણા-વાદનથી ડોલી ઊઠ્યા. હવે જ એમને ખબર પડી કે એ વાનર સ્વયં હનુમાન હતા. તેમના પર રામની કૃપા હતી.

ભગવાન કૃષ્ણે પછી નારદને કહ્યું કે તેમની વીણા ભૂમિ પરથી ઉપાડી લઈ લે. નારદ વીણા ઉપાડવા ગયા, પણ વીણા તેમનાથી ઊપડી જ નહીં. બીજા બે-ચાર દેવોએ એકઠા થઈ વીણા ઊંચકવા પ્રયત્ન કર્યો, પણ વીણા ચસકી જ નહીં. પછી તેમને સમજાયું કે હનુમાનના વીણાવાદનથી નીચેનો પથ્થર પીગળી

ગયો હતો અને સંગીત બંધ થતાં પથ્થર પાછો નક્કર થઈ ગયો હતો. વીણા તેમાં જકડાઈ ગઈ હતી. નારદે હનુમાનજીને ફરી વીણા વગાડવા કહ્યું. હનુમાનના વાદન અને સંગીતથી પથ્થર ફરી પીગળ્યો. એ વખતે નારદે વીણા ઊંચકી લીધી. તેમને વીણા સલામત રીતે પાછી મળી ગઈ.

નારદનું સંગીત વિશેનું અભિમાન ઊતરી ગયું. ગરવ કિયો સોઈ નર હાર્યો!

*



# ૩૭. કર્મનું ફળ

અમદાવાદથી રાજકોટ જવું એ જ્યોતિષ માટે કોઈ નવી વાત નહોતી. અઠવાડિયામાં બે-ત્રણ વાર આ રીતે જવાનું થતું. અમદાવાદથી હાઈ-વે પકડ્યો કે ત્રણ કલાકમાં રાજકોટ અલબત્ત, હજી હાઈવે બની રહ્યો હતો એટલે ક્યાંક ક્યાંક ‘ડાયવર્ઝન’ ફરીને એટલે કે થોડાક કાચે રસ્તે બાજુમાં થઈને જવું પડતું, આજનો માહોલ જુદો હતો. સાંજે પાંચ જ વાગ્યા હતા, પણ મેઘાડંબરને કારણે કાળી રાત જેવું અંધારું છવાઈ ગયું હતું. થોડી જ વારમાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. પણ જવું જરૂરી હતું. તેની ફિયાટ લઈને જ્યોતિષ ઊપડ્યો.

લીંબડી આવતાં આવતાંમાં તો જળબંબાકાર થઈ ગયું હતું. એક ‘કાઠિયાવાડી હોટલ’ પર ચા પીવા જ્યોતિષ રોકાયો. ચા પીતો’તો. ત્યાં જ્યોતિષે જોયું તો એક ડોસો હોટલ બહાર

છાપરા નીચે ઊભો હતો. ખાવા-પીવાના પૈસા નહીં હોય એટલે હોટલમાં કેમનો બેસે? બહાર છાપરા પરથી વાછટ તેને ભીંજવતી હતી. બચારો ધ્રૂજતો હતો. ધ્રૂજે જ ને? ભૂખ્યો હશે ને ઉપરથી ભીંજાયાની ઠંડી. જ્યોતિષને લાગ્યું ડોસો આજ રાતે ઊકલી જશે. એણે હોટલવાળાને કહ્યું, ‘ડોસાને રોટલા, રીંગણ-બટાટાનું શાક, ખીચડી અને કઢીની થાળી આપો. પૈસા હું આપીશ.’ હોટલવાળો ગરમાગરમ ફળફળતી થાળી લઈને ગયો એ જોયા પછી જ્યોતિષે ગાડી સ્ટાર્ટ કરી.

જ્યોતિષે ગાડી થોડી આગળ ચલાવી. હવે તો કાળીડિંબાંગ રાત જેવું વાતાવરણ જામ્યું હતું. વચ્ચે ‘ડાયવર્ઝન’ આવ્યું. ડાયવર્ઝન પરના ફાનસ ડૂલ હતાં. નીચે માટી ચીકણા થઈ ગઈ હતી. ત્યાં સામેથી ખટારો આવ્યો. ગાડી સહેજ બાજુએ ઉતારી જ્યોતિષ જગા આપવા ગયો અને ગાડી ‘સ્કિડ’ થઈ, ઊંધી વળી ગઈ, જ્યોતિષ નીચે ને ગાડી ઉપર! ગાડી નીચેથી નીકળવા જ્યોતિષે વૃથા પ્રયત્નો કર્યા. શ્વાસ ચડી ગયો. ધોધમાર વરસાદના અવાજમાં તેની બૂમો કોઈ સાંભળે તેમ નહોતું. જ્યોતિષ બેભાન થઈ ગયો.

જાગ્યો ત્યારે જ્યોતિષને લાગ્યું કે પરલોકમાં છે. ધીમે ધીમે સમજાયું કે તેને બચાવીને કોઈ ખેડૂત તેને ઝૂંપડામાં લાવ્યો હતો. કપડાં બદલ્યાં’તાં. હુક્કો તાણતા ખેડૂતે કહ્યું, ‘ભાઈ બીજો



અવતાર થયો એમ માનજો. ખરે ટાણે અમે ગાડું લઈને નીકળ્યા તે બચી ગયા. ત્યાં અંદરથી એક છોકરો થાળીમાં રોટલો, રીંગણ-બટાટાનું શાક, કઢી ને ખીચડી લઈને આવ્યો. ડોસાને અપાવી હતી બરાબર એવી જ થાળી!’

જ્યોતિષને થયું મેં ડોસાને બચાવ્યો, ઈશ્વરે ખેડૂતરૂપે મને બચાવ્યો. મેં જે થાળી ડોસને જમાડી એવી જ થાળી ઈશ્વરે મને જમાડી. શ્રદ્ધાથી એનું ડોકું નમી ગયું. બુદ્ધિવાદી કહેશે કે આ તો માત્ર અકસ્માતે બનેલી એકસરખી ઘટના (co-incidence). બચાવવો હોય તો પાડ્યો જ શું કામ? જ્યોતિષની શ્રદ્ધા સાચી હોય કે ન હોય પણ અડધો ભરેલો ગ્લાસ જોઈને આનંદ પામ્યો. અશ્રદ્ધાળુ અડધો પ્યાલો ખાલી જોઈ દુઃખનું ગાણું છેડે છે.

(ન્યૂયૉર્કમાં બનેલી સત્ય ઘટના પર આધારિત.)

*

# ૩૮. ધર્મકાર્ય

મહાભારતનું યુદ્ધ પૂરું થયું. પાંડવોએ મોટો અશ્વમેઘયજ્ઞ કર્યો. પુષ્કળ દાન આપ્યું. ત્યાં એક નોળિયો આવ્યો. તેનું અર્ધું શરીર સોનાનું અને અર્ધું નોળિયા જેવું હતું. પાંડવોનું ધર્મકાર્ય પેલા બ્રાહ્મણ જેટલું મહાન નથી એમ કહી નોળિયાએ તે બ્રાહ્મણની વાત કહી.

કુરુક્ષેત્રમાં એક બ્રાહ્મણકુટુંબ હતું. તે ઉચ્છવ્રત પાળતું હતું. એટલે કે ખેતર લણી લીધા પછી વેરાયેલા ધાનના દાણા ભેગા કરી તે દાણાથી જીવનનિર્વાહ કરતું હતું. સામાન્ય રીતે છ દિવસે આવા દાણા કુટુંબ એક વાર આરોગતું. છ દિવસમાં આવા દાણા ન મળે તો બાર દિવસે, નહીં તો પછી અઢારમા દિવસે એમ છ દિવસના અંતરે જ ઉચ્છવ્રતમાં દાણાનું ધાન્ય લેવાય. દુકાળના દિવસોમાં એક વાર કુટુંબ દાણા આરોગવા બેઠું હતું ત્યાં એક અતિથિ આવી ચડ્યા.



બ્રાહ્મણે પોતાના ભાગના જવના દાણામાંથી અડધા અતિથિને આપ્યા. અતિથિની ભૂખ એટલાથી સંતોષાઈ નહીં. તેથી બ્રાહ્મણપત્નીએ પોતાના અડધા દાણા આપ્યા. હજી અતિથિની ક્ષુધા સંતોષાઈ નહીં એટલે બ્રાહ્મણના પુત્ર અને પુત્રવધૂએ પોતપોતાના ભાગમાંથી અડધા દાણા આપ્યા. અતિથિ તૃપ્ત થયા. તેમણે બ્રાહ્મણને કહ્યું, ‘હું પ્રસન્ન થયો છું. ચાલો બહાર તમને સ્વર્ગમાં લઈ જવા રથ તૈયાર છે.’ ખુદ ભગવાન અતિથિ તરીકે આવ્યા હતા!

નોળિયાએ કહ્યું, ‘હું મારી રહેવાની બખોલમાંથી બહાર આવ્યો. જવના થોડાક દાણા વેરાયા હતા. તે દાણા પરથી રથનાં પૈડાં પસાર થયાં હતાં તેથી દાણાનો લોટ થઈ ગયો હતો. હું તે લોટમાં આળોટ્યો. લોટ મારા શરીરના અડધા ભાગને સ્પર્શે એટલો જ હતો. તેનાથી અડધું શરીર સોનાનું થઈ ગયું. ત્યાર પછી હું ઘણા યજ્ઞો અને ધર્મસ્થળો ને ક્રિયાઓમાં ગયો છું, ત્યાં આળોટ્યો છું. પણ મારા શરીરનો બાકી રહેલો ભાગ સોનાનો થયો નથી. આજના યજ્ઞની ભસ્મ અને બાકી રહેલાં ધન-ધાન્યમાં હું આળોટ્યો, પણ શરીરનો બાકીનો ભાગ એવો ને એવો જ રહ્યો છે. આથી હું કુરુક્ષેત્રના બ્રાહ્મણના ધર્મકાર્યને મોટું ગણું છું.’ આમ જણાવી નોળિયો વિદાય થયો. પાંડવો અને બીજા મહાનુભાવો મોં વકાસી જોઈ રહ્યા.

પાંડવોનો યજ્ઞ હેતુ સાધવા માટે હતો. તેમણે તેમની અઢળક સંપત્તિમાંથી થોડુંક જ દાન કર્યું હતું. બ્રાહ્મણના ઉચ્છવ્રત પાછળ કોઈ એષણા નહોતી. એનું ધાન્ય પ્રામાણિક રીતે મેળવાયું હતું. એમાંથી તેનું કુટુંબ અલ્પાહાર કરતું હતું. તેમાંથી પણ દુષ્કાળના દિવસોમાં અતિથિને સંતોષવાનું ધર્મકાર્ય તેમણે કર્યું હતું. તે ધર્મકાર્ય અશ્વમેધયજ્ઞ કરતાંય મોટું ગણાય.

*



# ૩૯. હરિનો મારગ

વિશ્વવિખ્યાત નવલકથાકાર વિક્ટર હ્યુગોની ઉત્તમ મહાનવલ ‘લે મિઝરેબલ’માં જિન-વાલ-જિનની કારમી અને કરુણ કથા આલેખાઈ છે. જિન-વાલ-જિનનાં માબાપ નાનપણમાં જ ગુજરી ગયાં હતાં. તેની વિધવા બહેન અને તેનાં નાનાં નાનાં સાત છોકરાંનો ભાર જિન-વાલ-જિન માથે હતો. તેર વર્ષની ઉંમરે કિશોર જિન-વાલ-જિન ભણવાનું છોડી કામે વળગ્યો. ખેતીની મોસમમાં દાડિયા તરીકે રોજના દસ પૈસાનું કામ મળી રહેતું. બહેન પણ કામ કરતી, એક મોસમ બહુ ખરાબ આવી. કામ કે ભીખ બંનેમાંથી કશું મળ્યું નહોતું. બહેન-ભાણેજડાં ઘરમાં ભૂખ્યાં હતાં. એ સ્થિતિમાં ભઠિયારખાનાના કબાટનો કાચ તોડી તેમાંથી બ્રેડ હલેસાં મારનાર ગુલામ તરીકે કામ કરવાની પાંચ વર્ષની સજા થઈ. સમાજને રોટલા આપવામાં રસ નથી, સજા કરવામાં રસ છે.

જિન-વાલ-જિન હવે કેદી નં. ૨૪૬૦૧ હતો. સજાના ચોથા વર્ષે તેને બહેનના દુઃખના સમાચાર મળ્યાં. તેણે વહાણ પરથી નાસવાનો પ્રયત્ન કર્યો, પણ પકડાઈ ગયો. સજામાં ત્રણ વર્ષનો વધારો થયો. આઠ વર્ષની સજા વેઠી પાછો નાઠો, પાછો પકડાયો. સજા લંબાતી ગઈ. ઓગણીસ વર્ષે સજા ભોગવી એ બહાર નીકળ્યો ત્યારે તે ઊંચો, મોટો, કઠોર, સખત, કરડો અને રૂક્ષ થઈ ગયો હતો. એ ખવીસ જેવો દેખાતો હતો. સજા દરમિયાન એણે કરેલાં જબરાં કામ અને નાસવાને કારણે એ નામચીન થઈ ગયો હતો. એને રાતવાસો આપવા, સંઘરવા કે ખાવા-પીવા આપવા કોઈ તૈયાર નહોતું.

રાત્રિની ઠંડીમાં ઝાડ નીચે ભૂખ્યા, તરસ્યા અને થરથરતા પડેલા જિન-વાલ-જિનને એક પાદરીએ આવકાર્યો. ખાવા-પીવા આપ્યું. રાત્રે સૂવા માટે પાથરણ ને ઓઢવા ધાબળો આપ્યાં. જિન-વાલ-જિન આશ્ચર્યથી દિગ્મૂઢ થઈ ગયો. રાત્રે એની ઊંઘ ઊડી ગઈ. પાદરીને ત્યાંનાં ચાંદીનાં વાસણ અને દીવીઓ પર તેની દાનત બગડી. એ ચોરીને તે ભાગ્યો. સવારે એને પકડીને મુદ્દામાલ સાથે પોલીસોએ પાદરી સામે હાજર કર્યો. પાદરી કહે છે, 'આને શા માટે પકડ્યો છે? શા માટે અહીં લાવ્યા છો? આ વાસણો અને દીવીઓ તો મેં તેને ભેટ આપ્યાં છે.' એ રીઢા ગુનેગારને માલિક જ ચોર ન ગણતો હોય તો પોલીસોને શું?



જિન-વાલ-જિન બહારના ખુલ્લા વિશ્વમાં આવે છે. કદી ન રડેલો જિન-વાલ-જિન આજે કલાકો સુધી હીબકે હીબકે રડ્યો. આંસુથી નિર્મળ થયો અને નક્કી કર્યું કે પાદરી જેવો થઈશ. ખોટું નહીં કરું, ઉદારદિલ બનીશ, પાદરીની જેમ નબળાં, દૂબળાં કચડાયેલાંને મદદ કરીશ. જિન-વાલ-જિન દૂરનાં ગામે જતો રહ્યો. નવું જીવન શરૂ કર્યું. પાદરી ચાલતા હતા તે હરિને મારગે ચાલ્યો. વિપદા ઘણી પડી, ભૂતકાળ પાછળ ને પાછળ આવી કનડતો રહ્યો. પણ એ ડગ્યો નહીં. હરિને મારગે કેવી રીતે તેણે ઉદ્ધાર સાધ્યો તેની અદ્‌ભુત - રમ્ય, પ્રેરક અને રસતરબોળ કરતી હજાર પાનાંની નવલગાથા એટલે - 'લે મિઝરેબલ.'

*

# ૪૦. અભિમાન

ઘણાં યુદ્ધો જીત્યાં પછી શિવાજી મોટો કિલ્લો બંધાવી રહ્યા હતા. સાંજ પડે કામ બંધ થતું. મજૂરોને તેમની મજૂરી ચૂકવાતી. મજૂરીના પૈસા લઈ મજૂરો રાજી રાજી થઈ ઘેર જતા. તે પૈસામાંથી તેઓ સાંજ પડ્યો ખાધાખોરાકીની વસ્તુઓ લાવતા. રસોઈ બનાવતા, ખાઈપી સંતોષ અનુભવતા. શિવાજી આ બધું નિહાળતા. તેમને થયું, ''કેટલા બધા માણસો અને તેમના કુટુંબને હું રોજી-રોટી પૂરી પાડું છું.'' તેમની છાતી ગજ ગજ ફુલાતી. શિવાજીના ગુરુ રામદાસ સ્વામીએ એક દિવસ આ દૃશ્ય જોયું.

થોડા દિવસ પછી ગુરુ રામદાસ ફરી સાંજના એ જ સમયે આવ્યા. શિવાજીને કહ્યું, 'શિવાજી, તું કેટલા બધાને ખાવા-પીવાનું પૂરું પાડે છે. ખરેખર તું મોટો અન્નદાતા છે.'

શિવાજી પોરસાયા, પણ દંભથી બોલ્યા, 'બધી તમારી



કૃપા છે, ગુરુજી.'

ગુરુ રામદાસ સ્વામીએ શિવાજીને કહ્યું, 'શિવાજી, અહીં સામે દેખાય છે તે પેલો ખડક જરા તોડો તો!'

શિવાજીએ હથોડાનો એક ઘા કરી ખડક તોડી નાખ્યો. તરત જ ખડક વચ્ચેથી એક દેડકો નીકળી પડ્યો અને તેની સાથે જ થોડું પાણી પણ બહાર આવ્યું. ગુરુ રામદાસે શિવાજીને પૂછ્યું, 'વત્સ, આ દેડકાને ખડક વચ્ચે કોણે ખાવાનું અને પાણી પૂરું પાડ્યું હશે?'

શિવાજી સમજી ગયા. તેમનું અભિમાન ઓગળી ગયું. તે ગુરુને ચરણે પડ્યા. ગુરુએ કહ્યું, 'બધા માટે ઉપરવાળો જ વ્યવસ્થા કરે છે. દુનિયાના વ્યવહારમાં જેઓ અહીં પૈસા, અનાજ, પાણી આપે છે એ બધાં તો એના આડતિયા છે, નિમિત્ત છે. તેમની મારફત ઈશ્વર જ બધાને અન્ન - જળ પૂરાં પાડે છે.'

*

# ૪૧. ગુરૂદક્ષિણા

મુંબઈના અત્યંત પ્રતિષ્ઠિત કેન્સર - સર્જન (cancer-surgeon) ની સત્યઘટનાની વાત છે. શસ્ત્રક્રિયા કરી કેન્સરની ગાંઠ કે કેન્સરથી સડી ગયેલા અંગ-અવયવને સર્જન કાઢી નાખે છે. અને જીવન બચાવે છે. શરીરના અંગ-અવયવોની વાઢકાપ બડો ગંભીર મામલો છે. એમાંય કેન્સરની સર્જરી જરા વધારે વિષમ. હૃદય કઠોર રાખવું જોઈએ. જુગુપ્સા અને સડાની દુર્ગંધ સહેવાની શક્તિ જોઈએ. હાથ મજબૂત અને સ્થિર રહેવા જોઈએ. અને લાંબો સમય એકાગ્ર દૃષ્ટિ અને ચિત્તે કામ કરવું પડે. એવા કિસ્સા બને છે કે સર્જન એકાગ્ર દૃષ્ટિ અને ચિત્તે કામ કરવું પડે. એવા કિસ્સા બને છે કે સર્જન થવા અભ્યાસની પસંદગી કરી હોય, પણ વાઢકાપના કમકમા અનુભવ્યા પછી ઘણા સર્જરી છોડી ફિઝિશિયન થવા તરફ વળે. અન્ય કોઈ દાકતરી વિદ્યાશાખા



જેવી કે કાર્ડિયોલોજી, મેડિસિન, પીડિયાસ્ટ્રી, ગાયનેકોલોજી વિષય તરીકે રાખે છે અને તેમાં નિષ્ણાત થાય છે.

આપણે જેમની વાત કરીએ છીએ તે નામાંકિત ડોક્ટર ઋજુ હૃદયવાળા, મૂલ્યોને આધારે ચાલનારા, સમાજ - પ્રતિબદ્ધતામાં માનનારા અને સેવાનો આદર્શ ધરાવનારા છે. હૃદય કઠણ કરી, મન મક્કમ રાખી નિષ્ણાત કેન્સરસર્જન થવાના નિર્ણયને તે દૃઢતાથી વળગી રહે છે. તેમને શિક્ષણ આપનારા પ્રાધ્યાપક પણ સારા મળ્યા. એ બાહોશ, કુશળ, પ્રતિબદ્ધ અને પ્રેમ ને હૂંફ આપનારા હતા. આપણા દાકતર એમને ગુરુ માને. ભારે અહોભાવ અને પૂજ્યભાવથી ગુરુને જુએ.

શિષ્યે કેન્સરસર્જરીમાં ભારે સફળતા પ્રાપ્ત કરી. મિનિટનીય ફુરસદ ન મળે. કેન્સરના ઓપરેશન એટલે પાંચ-સાતથી માંડી આઠ-દસ કલાક ચાલે. એક દિવસ મોટું ઓપરેશન પતાવી ડોક્ટર ઘરે જતા હતા. ત્યાં ગુરુનો ટેલિફોન આવ્યો. ‘હમણાં ને હમણાં આવીને મળી જા.’ ડોક્ટરે તરત ગાડી ગુરુના ઘર તરફ વાળી. ગુરુએ ડોક્ટરને બેસાડ્યા, ચા-પાણી ને આડીઅવળી વાત પછી એક ‘એક્સ-રે’ જોવા આપ્યો. ‘એક્સ-રે’ જોઈ ડોક્ટરે તરત કહ્યું, ‘પેટમાં કેન્સરની ગાંઠ છે, ખાસ્સી મોટી, કેસ ગંભીર છે.’ ગુરુએ સહેજ રહીને ડોક્ટરની આંખમાં આંખ મેળવીને કહ્યું, ‘એક્સ રે મારો છે!’ ડોક્ટર હબક ખાઈ

ગયા. સામાન્ય રીતે પોતે જેની સાથે લાગણી સંબંધે જોડાયા હોય તેનો કેસ વ્યાવસાયિકો (professionals) પોતાના હાથમાં નથી લેતા, પણ લાગણીઓ સંકેલી, દઢતાથી ડોક્ટરે એકધ્યાન, એકચિત્ત થઈ ઈશ્વરના નિમિત્તમાત્ર ભાવથી ઓપરેશન કર્યું. ઓપરેશન સફળ રહ્યું અને દાક્તર ધોધમાર આંસુએ રોઈ પડ્યા ! લાગણીનો બંધ ખૂલી ગયો. ડોક્ટર કહે છે, ‘ઓપરેશન કરવામાં કશી મોટી કળા નથી. મારી સાથે વર્ષો સુધી કામ કરતી સાધારણ નર્સ પણ જોઈ જોઈને ઓપરેશન કરતાં શીખી જાય. મહત્ત્વની વાત છે એકધ્યાન, એકચિત્ત અને સ્થિર હાથ!’

ડોક્ટરે લાગણીઓ બાંધી દઈ એકાગ્ર થઈ નિમિત્તમાત્રેણ ઓપરેશન કર્યું. ગુરુદક્ષિણા આપી. કામ પૂરું થયું ને લાગણીનો બંધ તૂટી ગયો. આનું નામ હૃદયશાળી ડોક્ટર.

*



# ૪૨. વેરથી વેર વધે

પ્રાચીન સમયમાં કૌશલ દેશમાં દીધિતિ નામે ધર્મિષ્ઠ અને લોકહિત જાળવનારો રાજા રાજ કરતો હતો. ઈશ્વરની યોજના ક્યારેક એવી હોય છે કે ધરમીને ત્યાં ધાડ પડે. કાશીના બળવાન રાજા બ્રહ્મદત્તે કોશલ પર વગર કારણે હુમલો કર્યો અને કોશલ જીતી લીધું. કોશલરાજ દીધિતિ અને એમનાં રાણી માંડમાંડ જીવ બચાવીને નાઠાં. દીધિતિ અને રાણી જંગલમાં ભટક્યાં. વર્ષો પછી એ બંને કોશલ પાછાં આવ્યાં. હવે તેમને કોઈ ઓળખશે નહીં એમ માની બંને શ્રમણવેશમાં કુંભારવાડામાં રહ્યાં. દીધિતિને ગામનો હજામ ઓળખી ગયો. એણે વાત બ્રહ્મદત્ત સુધી પહોંચાડી. બ્રહ્મદત્તે દીધિતિ અને રાણીને પકડ્યાં અને શૂળીએ ચડાવ્યાં.

બ્રહ્મદત્તને હાશ થઈ. પણ બીજા જ દિવસથી તેનો સુખનો જીવ દુઃખમાં પડી ગયો. બીજે દિવસે સવારે મંત્રીએ જાણ કરી કે

દીધિતિ અને એમનાં રાણીના મૃતદેહો કોઈ ઉપાડી ગયું હતું. ખબર આવ્યા કે દીધિતિનો એક પુત્ર હતો. તે જ મૃતદેહો લઈ ગયો હતો અને એણે જાહેરમાં બંનેનો વિધિવત્ અગ્નિદાહ પણ કર્યો હતો. બ્રહ્મદત્ત માટે આ પુત્ર વિમાસણ અને ચિંતાનો વિષય થઈ પડ્યો.

બ્રહ્મદત્તની ઊંઘ હરામ થઈ ગઈ. દીધિતીનો પુત્ર દીર્ઘાયુ ક્યાં હશે, કેવી તૈયારી કરતો હશે, એ બાપનું વેર જરૂર લેશે, એવી ચિંતાઓ તેમને સતત સતાવતી હતી. એક રાતે એમની ઊંઘ ઊડી ગઈ ત્યાં તેમણે વીણાના સુમધુર સ્વરો સાંભળ્યા. રાજાએ પ્રહરીને કહી વીણા વગાડનારને બોલાવી મંગાવ્યો. સંગીતની પ્રશંસા કરી રાજાએ સંગીત વગાડનાર યુવાનને પૂછ્યું, 'ભાઈ, તું કોણ છે? અહીં મારા મહેલમાં ક્યાંથી?' યુવાને જવાબ આપ્યો, 'હું રજપૂત છું. મારું નામ સુમંતુ. અહીં હું હસ્તિપાલના હાથ નીચે કામ કરું છું!'

સુમંતુ બહુ હોંશિયાર અને વિશ્વાસપાત્ર છે, એવો અભિપ્રાય બધેથી મળ્યો. સુમંતુ ધીમેધીમે રાજાનો વિશ્વાસુ હસ્તિચાલક બની ગયો. એક વાર સુમંતુને મહાવત તરીકે લઈ રાજા શિકારે નીકળ્યા. સુમંતુએ હાથીને જુદી દિશામાં ફંટાવ્યો ને રસાલાથી છૂટો પાડ્યો. રાજા થાકી ગયો હતો. તે સુમંતુના ખોળામાં માથું મૂકી સૂઈ ગયો. એ યુવાન દીધિતિનો પુત્ર દીર્ઘાયુ



જ હતો. રાજા સૂતા હતા તે દરમિયાન દીર્ઘાયુએ રાજાનું માથું વાઢી નાખવા બે વાર ખડગ કાઢ્યું અને પાછું મ્યાન કરી દીધું. કોઈએ એમનું માથું વાઢી લીધું એવા દુઃસ્વપ્નથી ચીસ પાડી રાજા એકાએક જાગી ગયા ને સુમંતુને વાત કહી. તરત દીર્ઘાયુએ રાજાનું માથું વાળથી ઝાલી ખડક કાઢ્યું. સુમંતુએ પોતે દીર્ઘાયુ તરીકેની પોતાની ઓળખ આપી. રાજાએ પ્રાણ બચાવવા આજીજી કરી. થોડી વાર વિચાર કરી દીર્ઘાયુએ ખડગ મ્યાન કરી દીધું.

પાછા વળતાં પસ્તાવો વ્યક્ત કરીને રાજાએ દીર્ઘાયુને પૂછ્યું કે તેણે તેમને કેમ જવા દીધા. દીર્ઘાયુએ કહ્યું, 'મારા પિતાએ ક્ષમા અને દયા રાખવા સલાહ આપી હતી. હું તમારો વધ કરું પછી તમારો પુત્ર મારી સામે વેર લે. એમ ચાલ્યા કરે. વેરથી વેર વધે, ક્ષમા અને પ્રેમથી શમે.' બુદ્ધથી માંડી ગાંધી સુધી સૌ મોટા માણસોએ આ જ શીખ આપી છે.

*

# ૪૩. આત્માનો અસુર

એક ખૂબ જ સોહામણા ડોક્ટર હતા. એમનો વિદ્યાભ્યાસ અવ્વલ નંબરનો. તેમની પાસે માંદગીના નિદાનની અજબ આવડત હતી. હાથમાં યશરેખા હતી. તેમણે કરેલા ઉપચાર ભાગ્યે જ નિષ્ફળ નીવડ્યા હતા. ડોક્ટરનો દર્દીઓ સાથેનો વ્યવહાર પણ બહુ મીઠો. હસીને વાત કરે. ધીરજથી સાંભળે, દર્દીને હિંમત આપે. આવા ડોક્ટર મળવા મુશ્કેલ.

ડોક્ટર જેવી જ રૂપાળી યુવતી સાથે ડોક્ટરનું સગપણ થયું. યુવતી ભણેલી, ગણેલી, સુશીલ અને સંવેદનશીલ હતી. બંનેને બહુ જ બનતું. સાથે હરતાં-ફરતાં, નૃત્ય-નાટકો જોતાં, સાહિત્ય વાચતાં અને ચર્ચાઓ કરતાં.

બધું સમુંસૂતરું ચાલતું હતું ત્યાં કંઈક વિચિત્ર એવી દુર્ઘટનાઓ બનવા માંડી. ડોક્ટરની ફિયાન્સે (મંગેતર)ને એક



અત્યંત કદરૂપો માણસ કનડવા માંડ્યો. એ એકલી બગીચામાં ફરતી હોય ત્યારે તે ભયાનક કદરૂપો માણસ તેની પાસે આવી બીભત્સ ચેનચાળા કરતો, જુગુપ્સા ભરેલી ગંદી વાતો કરતો અને પાછળ પડતો. ધીમે ધીમે એ સેતાન વધારે આગળ વધ્યો. અણછાજતી છૂટ લેવા માંડ્યો.

યુવતી તેના પર થતા જુલમ વિશે કોઈને વાત કરી શકતી નહોતી. તેને શરમ અને સંકોચ થતાં. ક્યારેક એમ પણ થતું કે તેની વાત કોઈ માનશે જ નહીં. એક એવો તબક્કો આવ્યો કે જ્યારે યુવતીને લાગ્યું કે પેલો નપાવટ માણસ તેના પર બળાત્કાર કરશે. નાછૂટકે યુવતીએ ડોક્ટરને માંડીને વાત કરી.

ડોક્ટરે આશ્વાસન આપ્યું, 'ગભરાઈશ નહીં, એ માણસને હું મળીશ, સમજાવીશ, હવે પછી એ તને નહીં કનડે', પણ ડોક્ટરના આશ્વાસન છતાં બનાવો બનતા રહ્યા. ડોક્ટર વધારે ને વધારે આશ્વાસન આપતા ગયા, પણ છુટકારો ન થયો. અંતે યુવતીએ અન્યનો સહારો લીધો. પેલા સેતાનને રિવોલ્વરની ગોળીથી મદદગારે ઉડાવી દીધો.

નીચે પડેલ મૃતદેહ પાસે યુવતી અને મદદગાર ગયા. ધીમે ધીમે મૃતદેહનું શરીર અને ચહેરો બદલાતા ગયા. અંતે એ દેહ અને ચહેરો ડોક્ટરના જ બની રહ્યા. યુવતીને આશ્ચર્યાઘાત લાગ્યો!

હકીકત એ હતી કે ડોક્ટરે સંશોધન કરી એવી દવા બનાવી હતી કે માણસમાં રહેલા દુર્ગુણો અને સેતાન બહાર આવે. પોતાના ઉપર પ્રયોગ કર્યો અને ડોક્ટર બદલાઈ ગયા. તેમની અમાનુષી પ્રાણીગત વાસનાઓ બહાર આવી. ડોક્ટરનું એ રૂપ જ દુષ્ટ કાર્યો અને કનડગત કરતાં હતાં. પછી તો એમનો પોતા પર કાબૂ ન રહ્યો અને ખરાબ વિચાર આવતાં જ સેતાની રૂપ પ્રગટ થતું હતું.

આ છે આર. એલ. સ્ટીવન્સનની અમર કૃતિ 'ડૉ. જેકિલ એન્ડ મિ. હાઈડ'ની કથા. એ બતાવે છે માણસમાં ભગવાન અને સેતાન બંને રહેલા છે. સેતાનને ઢાંકેલો રાખવો જ સારો. એ કાબૂ મેળવશે તો સત્યાનાશ થશે.

*



# ૪૪. પ્રામાણિક આચરણ

એક સંન્યાસી હતા. સાવ નિર્લેપ. જીવન સાદું, સરળ ને સંયમિત. સવારે વહેલા ઊઠે. થોડાં યોગાસનો કરે. પછી ચાલવા નીકળે, આશ્રમ બહાર મોટું જંગલ. જંગલના એકાદ ઝાડ પરથી ડાળખી તોડી દાતણ કરે. શૌચાદિ પછી નદી પર જઈ નહાય. તેમના નાનકડા આશ્રમે આવી શાસ્ત્રો વાંચે. દસેક વાગ્યે પ્રવચન કરે. આજુબાજુથી સામાન્ય લોકો આવતા. તેમને સાદા શબ્દોમાં કથા કહે. બારેક વાગ્યે કથા પૂરી થાય. પોતાની મેળે સાદું ભોજન બનાવી જમી લે. બપોરે અધ્યયન. સાંજે ફરી કથા, ચાલવાનું, સ્વયંપાક ને ગાઢ નિદ્રા.

આધેડ વયના એક ગૃહસ્થને સંન્યાસીજીની રહેણી-કરણી બહુ ગમી ગઈ. એમણે સંન્યાસીજીને કહ્યું, 'સ્વામીજી, આપની જીવનરીતિ મને બહુ જ આદર્શ લાગે છે. મારે તમારી જેમ

સંન્યાસી થવું છે. આવી રીતે જ જીવવું છે.' સ્વામીજીએ કહ્યું, 'રાહ કોની જુઓ છો, આવી જાવ. એક સે ભલા દો મારે ત્યાં સંન્યાસી બનવા માટે કોઈ વિધિ નથી, કોઈ શરત નથી. આવતી કાલથી... અરે આવતી કાલ શા માટે, આ ક્ષણથી જ આવી જાવ. આશ્રમમાં જગ્યા પૂરતી છે.'

પેલા ગૃહસ્થે કહ્યું, 'ભલે, તમને અનુકૂળ હોય ત્યારે આવજો.'

એ ગૃહસ્થ કથા સાંભળવા આવતા રહ્યા. થોડાં વર્ષો વીતી ગયાં. વર્ષો વીતતાં ગયાં તેમ એ ગૃહસ્થ સ્વામીજીથી આંખો ચુરાવતા રહ્યા. આંખમાં આંખ મેળવતાં સંકોચ થતો હતો. ન રહેવાયું ત્યારે એક દિવસ ગૃહસ્થે સ્વામીજીને કહ્યું, 'સ્વામીજી, સંન્યાસ લેવાનું મન તો બહુ થાય છે, પણ પત્ની રોકે છે.'

સંન્યાસી જોરથી હસી પડ્યા. એમણે કહ્યું, 'ભાઈ મૃત્યુ આવશે ત્યારે પત્ની રોકી શકશે ખરી? મારા પૂર્વજીવનમાં એક મિત્ર હતા. રસ્તે જતી અન્ય સ્ત્રી સામે જોયા વગર રહી જ ન શકતા. એમની પત્ની ટોકે, રોકે, પણ એ ભાઈથી રહેવાય જ નહીં. એવી વિવશતા કે આંખો ફેરવ્યા વગર રહેવાય જ નહીં. પછી એ બહાનાં કાઢે - એ સ્ત્રી પરિચિત લાગી. હું તો એની પાછળ આવતા હાથીને જોતો'તો વગેરે. તમે કહેતા'તા છોકરાં ભણાવવાં-પરણાવવાનાં બાકી છે. હવે એ પતિ ગયું હશે. નહીં



પત્યું હોય તોય તે એની મેળે પતી જશે. અનાથ મા-બાપનાં પુત્ર-પુત્રી મોટાં થાય છે, ભણે છે, પરણે છે, સંસાર માંડે છે. પોતાની જવાબદારીઓ એ માણસનાં બહાનાં છે. ધાર્યું કરી ન શકવું તે સંકલ્પની નબળાઈ છે. બહાનું કાઢવું એ અપ્રામાણિકતા છે.'

સંકલ્પ હોય તો તત્કાળ તે દિશામાં ડગ માંડો. પ્રામાણિક થઈ રાહ પકડો અથવા અપ્રમાણિકતા ત્યજી સ્વીકારો કે કાં તો આપણો સંકલ્પ નથી કાં તો સંકલ્પ કાચો છે.

*

# ૪૫. ભાગ્યશાળીને ભૂત રળે

સામાન્ય રીતે કમનસીબ માણસને નિષ્ફળતાનું ભૂત કનડ્યા કરે છે ને કરડ્યા કરે છે. બીજી બાજુ નસીબદારને ભૂત પણ પૈસા રળી (કમાઈ) આપે છે. એક પટેલ ગામડેથી શહેરમાં આવી ખૂબ કમાયા. એમને થયું ચાલો વતનના ગામને મદદ કરીએ. ભલે થોડા પૈસા ઓછા થાય. વિશાળ પડતર જમીન ખરીદી. ગામના કામ વગરના અભણ લોકો જમીન સમતળ બનાવવાનું કામ સોંપ્યું. જમીનમાં ઘઉં વાવ્યા. માણસો રાખી ખેતી કરાવી. એમનો આશય બેકારોને રોજી આપવાનો હતો. પણ એટલો મબલક પાક ઉતર્યો કે ખેતમજૂરોને ઉદાર વેતન આપ્યા પછી પણ ખૂબ નફો રહ્યો. તે પછી બાકી રહેલા જમીનના ભાગને સરખો કરી ફૂલ-ઝાડ વાવ્યાં. એમાં પણ કમાયા. ફૂલોની ખેતી કરી. શહેરમાં ઊંચે ભાવે ફૂલ વેચ્યાં. પટેલ જ્યાં હાથ નાખે ત્યાં



લાભ જ થાય. ફર્ટિલાઈઝરો વાપરી હરિત ક્રાંતિની પણ એમણે ભારે લાભ મેળવ્યો.

ભરતામાં ભરાય ને કમનસીબન ત્યાં મુશ્કેલીઓ ઊભરાય એવો ઘાટ છે. નાના હતા ત્યારે લખટી, પાનાં વગેરે રમતા. જીતતો જીત્યા કરે અને હાર્યો જુગારી બમણું રમે તોય ગુમાવે. અમે આને Luck by chance કહેતા. આમ કેમ થતું હશે? રિચાર્ડ વાઈઝમન નામના હાર્ટફોર્ડ શાયરના અધ્યાપકે આ વિશે વીસ વર્ષ સુધી અભ્યાસ કર્યો. પ્રયોગો કર્યા અને સંશોધન કર્યું. ઈ-મેઈલ દ્વારા તેમણે તેનાં પરિણામ પરિપત્રિત કરી બધે ફરતાં કર્યાં છે. તેમણે પુસ્તક લખ્યું છે - 'The Luck Factor,'

એક પ્રયોગમાં વાઈઝમને નસીબદાર નીવડેલા અને કમનસીબ ઠરેલા માણસોને એક છાપું આપ્યું. માણસોને જણાવ્યું કે છાપામાં કેટલા ફોટા છે તે તેમણે ગણવાના અને સંખ્યા જણાવવાની. તે માણસોથી છૂપી રીતે તેમને જણાવ્યા વગર વાઈઝમેને એક પાના પર બે ઈંચ ઊંચી અને તરત જ નજરે પડે એવી લીટીઓ છાપી હતી : 'આ લીટી તમારા જોવામાં આવી છે તે પ્રયોગ કરનારને જણાવશો તો તમને ૫૦ ડોલર મળશે. નસીબદારોના મોટા ભાગનાએ લીટીઓ જોઈ અને ૫૦ ડોલર મેળવ્યા અને કમનસીબના મોટા ભાગના માણસોની આ લીટીઓ પર નજર જ ન ગઈ! વાઈઝમને તારવ્યું કે મોટા ભાગના

કમનસીબો તંગ, વ્યાકુળ અને વ્યગ્ર મનોદશા ધરાવે છે. તેથી તેઓ ઘણું જોવાનું ચૂકે છે, ઘણી તક ગુમાવે છે. ભાગ્યશાળીઓ શાંત અને નિરાંતવા હોય છે. બધે નજર કરે છે ને તક ઝડપે છે. કમનસીબ પાર્ટીઓમાં ઉત્તમ પાર્ટનરની શોધમાં, ઠીકઠાક ચાલે એવા સાથીદાર પણ ગુમાવે છે. Better is the enemy of good (ઉત્તમ મેળવવામાં, સારુંય ગુમાવવાનું થાય છે.) નસીબદાર પોતાની અંતરની વાત, અંતઃવૃત્તિ (intuition, instrict) પ્રમાણે ચાલે છે. કમનસીબ માણસ શંકાથી દ્વિધામાં રહે છે. કમનસીબ રોદણાં રોતો રહે છે, નસીબદાર યારી આપે તેવી તક શોધતો રહે છે.

નસીબ સાથે દોડતું નથી આવતું - આપણે ઝડપવું પડે છે. આ સલાહો માનનારા કમનસીબોમાંના ૮૦ ટકાનું નસીબ ફર્યું: 'The fault, dear Brutus, is not in our stars.' નસીબ તમારા હાથમાં છે. ખુલ્લા મને અજમાયશ કરો. 'fortune favours the brave' ભાગ્ય - સુંદરી વિધાયક (positive) પુરુષને વરે છે.

*



# ૪૯. મોક્ષ

શિષ્યે ભગવાન બુદ્ધને પૂછ્યું, 'તથાગત, આપ કહો છો કે મનુષ્યને પીડા, વૃદ્ધાવસ્થા, વ્યાધિ અને મૃત્યુમાંથી મુક્તિ મળી શકે તેમ છે. જેને તે મળે તેને મોક્ષ મળ્યો કહેવાય. ભગવંત, વાત તો સરળ અને સમજાય એવી છે. તેમ છતાં માનવજાતને મુક્તિ કેમ મળતી નથી? - સર્વને મોક્ષ કેમ નથી મળતો?'

બુદ્ધના તેજસ્વી મુખ પર સ્મિત ફરી વળ્યું. તેમણે પૂછ્યું, 'બધાને મુક્તિ જોઈએ છે ખરી? એક કામ કર. આજે રાત્રે ગામમાં સર્વને ઘરે જા. રાતે બધા ઘરે જ હશે. દરેકને પૂછજે કે તેમને શું જોઈએ છે? તેમની ઈચ્છા શું છે? બધાના જવાબ કાગલ પર ઉતારી કાલ સવારે મને બતાવવા આવજે.'

શિષ્ય રાત્રે ગામમાં ઊપડ્યો, બધાં ઘરે ફર્યો, પ્રશ્ન પૂછ્યો અને જવાબ એકઠા કરી તથાગત પાસે સવારે પહોંચ્યો. તથાગતે

બધાની ઈચ્છાઓ જાણવા માગી. શિષ્યે કાગળ વાંચવા માંડ્યો. કોઈને ધનની ઈચ્છા હતી. કોઈને મકાન-મહોલાતની, કોઈને ખેતર-પાદરની, કોઈને સારા પાકની, કોઈને દીકરાની, એવી ઘણી બધી ભૌતિક ચીજોનો સમાવેશ ઈચ્છાઓમાં થતો હતો પરંતુ કોઈએ મોક્ષની ઈચ્છા વ્યક્ત કરી નહોતી.

તથાગતે કહ્યું, 'સર્વને મોક્ષ મળી શકે છે એમ હું કહું છું, પણ બધાને એની આકાંક્ષા હોય છે એમ હું કહેતો નથી. પહેલા બીજ હોવું જોઈએ. તો જ વૃક્ષ થાય અને તો જ ફળ પ્રાપ્ત થાય.'

શિષ્યે આગળનો પ્રશ્ન કર્યો, 'તથાગત, બધાને જ્ઞાન આપીએ અને તેમનામાં મોક્ષની આકાંક્ષા ઊભી કરીએ તો સૌને મોક્ષ મળે?'

તથાગતે જવાબ આપ્યો, 'ભલા માણસ, સૌનું કુતૂલહલ પૂરું કરવા મોક્ષની સમજ આપીએ તો તેમનું કુતૂહલ સંતોષાય, મોક્ષ ન મળે. માત્ર જિજ્ઞાસાથી પૂછે તેને જ્ઞાન મળે. જેની ઈચ્છા દર્શનની છે, તેને દર્શન મળે, વિશેષ કંઈ ન મળે. ઈચ્છાબીજ સભર હોવું જોઈએ. ઈચ્છા પૂરી થશે જ એવી શ્રદ્ધા હોવી જોઈએ. તે માટે પૂરો પ્રયત્ન કરીશ એવો દઢ નિર્ધાર હોવો જોઈએ. બીજ જીવંત ન હોય તો તેમાંથી શું ઊગે? જીવંત બીજ ટાઢ-તડકો ઝીલે, જળપાન કરે, એ માટે તરસે, ત્યારે તેનું પડ તૂટે અને અંકુર ફૂટે.'

'બીજમાંથી અંકુર ફૂટે અને મૂળિયાં જળનો માર્ગ શોધી



તે દિશામાં આગળ વધે ત્યારે છોડ થાય, વાતાવરણની ઝાપટો સહન કરી નજર ઉપર કરી છોડ તાકી રહે ત્યારે વૃક્ષ થાય. પર્ણો ઝળંબે, મોર બેસે અને ફળ ઊતરે.'

મોક્ષ બધાને મળે, પણ એમ ને એમ ન મળે. એ કષ્ટ-સાધ્ય છે. તીવ્ર આકાંક્ષા, શ્રદ્ધા, વિધાયક દૃષ્ટિવંત અભિગમ, જ્ઞાન, આકરો નિર્લેપ કર્મયોગ - એમ કરતાં કરતાં મોક્ષ મળે. પીડા, જરા, વ્યાધિ, મૃત્યુમાંથી મુક્તિ મળે, પણ એ પ્રાપ્ત કરવા માટે ભારે સભાન યોગકર્મ કરવાનું રહે છે.

*

# ૪૭. નારી તું નારાયણી

હિમાલયનું આકર્ષણ અનેરું છે. 'હિમાલય કોઈ એક પર્વત નથી. હિમાલય કોઈ પર્વતમાળા પણ નથી. હિમાલય અનેક પર્વતમાળાઓનો વિશાળ સમૂહ છે.' આપણા કેટલાય સાધકો, સાહિત્યકારો અને પ્રકૃતિપ્રેમીઓ હિમાલયને ખૂંદી વળ્યા છે. કાકાસાહેબ કાલેલકર, સ્વામી આનંદ જેવાં અનેક નામ યાદ આવે. સ્વામી આનંદે તો હિમાલયમાં વસતી જનજાતિઓનું પણ ઝીણું અને ઊંડું દર્શન કર્યું છે. એ પ્રજાનો પરિચય આપણને આપ્યો છે.

હિમાલયના પરિવ્રાજક તરીકે સાધક શ્રી ભાણદેવને પણ ભૂલવા જેવા નથી. અસ્મિતાપર્વમાં તેમની હિમાલયની પ્રવાસકથા કહેતા તેમણે એક સુંદર વાત કહી છે.

એક વાર શ્રી ભાણદેવ પહાડી ઢાળ પરથી ઊતરી રહ્યા



હતા. ઊંચી નજર કરીને એમણે જોયું તો એક બાજુએ થોડી ઊંચાઈ પર એક પહાડોમાં વસતી સ્ત્રી ઘાસ કાપી રહી હતી. ઘાસના પૂળા વાળીને એક બાજુ ઢગલો કરતી જતી હતી. ખાસ્સી થાકી ગયેલી જણાતી હતી. ભાણદેવજી નજીક પહોંચ્યા એટલે પહાડનિવાસી સ્ત્રીએ આવી પ્રણામ કર્યા, કહ્યું :

'પાયલાગણ! બાબાજી!'

ભાણદેવજી પણ સામાં પાયલાગણ કર્યા. તે સ્ત્રીને કંઈક આપવાનું ભાણદેવજીને મન થયું. તેમના થેલામાંથી તેમણે મગજની બે લાડુડી કાઢી સ્ત્રીને આપી.

સ્ત્રીએ લાડુડી લીધી અને પછી સાડલાને છેડે બાંધી દીધી.

ભાણદેવજીએ કહ્યું, 'ખાઓ, તુમ્હારે લિયે હૈ.'

સ્ત્રીએ જવાબ આપ્યો, 'ઘર મેં બેટે હૈં, વો ખાયેંગે.'

ભાણદેવજીએ તેને બીજી બે લાડુડી આપી. આ વખતે પણ તે સ્ત્રીએ બંને લાડુડી સાડલાને છેડે બાંધી દીધી.

ભાણદેવજીએ આગ્રહ કરીને કહ્યું, 'અરે! યે તુમ્હારે લિયે હૈં, તુમ ખાઓ.' ભાણદેવજીને કદાચ તેનો પરિશ્રમ અને થાક જોઈ તેને લાડુડી ખવડાવાની તીવ્ર ઈચ્છા હશે.

'નહીં બાબાજી ! બેટે ખાયેંગે.'

ભાણદેવજીએ ત્રીજી વાર લાડુડી આપી. 'યે તો તુમ્હેં અવશ્ય ખાની હોંગી.'

પણ પેલી સ્ત્રી તો મા હતી ને ! બોલી, 'બાબાજી, ઘર મેં બેટે ભૂખે બૈઠે હૈં ઔર મેં માં કૈસે ખાઉં?' ઉનકે સાથ હી ખાઉંગી.

ભાણદેવજીના મનમાં થયું. જેણે કહ્યું છે તેણે સત્ય જ કહ્યું છે, 'નારી તું નારાયણી.'

આપણા કવિ રામનારાયણ પાઠકે માને ઉદ્દેશી લખ્યું છે :

'ભૂખ્યા રહી જમાડ્યા અમને, જાગી ઊંઘાડ્યા,
એવાં કાયાના કીધલાં જતનજી..'

*



# ૪૮. પ્રેમનું જોર

સત્યવાન અને સાવિત્રીની વાત જાણીતી છે. લગ્ન પછી થોડા જ સમયમાં મૃત્યુ પામેલા પોતાના પ્રિયતમ – પતિને સાવિત્રી યમરાજ પાસેથી મુક્ત કરાવે છે, સજીવન કરાવે છે. આ વિષય પર શ્રી ઑરબિન્દોએ અદ્ભુત મહાકાવ્ય રચી પ્રેમ અને ચેતનાનાં રહસ્યો ખોલી આપ્યાં છે. મૃત પતિને જીવતો કરાવનાર સાવિત્રી જેવી બીજી એક કથા મહાભારતમાં પણ છે. તે કથામાં પોતાનું અડધું આયુષ્ય આપી પતિ પ્રિયતમા પત્નીને જીવતી કરાવે છે.

ચ્યવન ઋષિના પુત્ર પ્રપતિને ત્યાં પુત્રજન્મ થયો. તે પુત્રનું નામ 'રુરુ' પાડવામાં આવ્યું. મોટો થયા પછી રુરુ પ્રવાસે નીકળ્યો હતો. પ્રવાસ દરમિયાન એ સ્થૂલકેશ ઋષિના આશ્રમે રોકાયો. અહીં તેણે એક અતિ સુંદર કન્યા જોઈ. જોતાંવેંત રુરુ એ કન્યાના પ્રેમમાં તરબોળ થઈને નાહી રહ્યો. એ કન્યાને પરણવાનું એણે નક્કી કર્યું.

તપાસ કરી ત્યારે ખબર પડી કે એ કન્યાનું નામ હતું 'પ્રમદ્વરા'નો અર્થ થાય છે 'પ્રમદ્' એટલે પ્રમદા (સુંદર સ્ત્રી) અને 'વરા' એટલે વડી, શ્રેષ્ઠ. પ્રમદાઓમાં શ્રેષ્ઠ હોય તેને 'પ્રમદ્વરા' કહેવાય. ઋષિ સ્થૂલકેશની પુત્રી તરીકે એ કન્યા તેમના આશ્રમમાં ઊછરી હતી અને ઊછરતી હતી. હકીકતમાં એ કન્યાને તરતની જન્મેલી બાળકીરૂપે અપ્સરા મેનકાએ ત્યજી દીધી હતી. અપ્સરાઓ પોતાની સાથે સંતતિ રાખી કે ઉછેરી શકતી નથી એ નિયમને કારણે મેનકાએ પ્રમદ્વરાને જન્મતાંની સાથે ત્યજી દીધી હતી. તેને ઋષિ સ્થૂલકેશે પુત્રીની જેમ ઉછેરી હતી. વાસ્તવમાં એ ગંધર્વરાજ વિશ્વાવસુ અને અપ્સરા મેનકાની પુત્રી હતી.

પ્રમદ્વરાને રુરુ સાથે પરણાવવામાં ઋષિ સ્થૂલકેશને વાંધો નહોતો. બંનેનાં લગ્ન થયાં. બંને ગુલતાન કરતાં હતાં. એક વાર અજાણતાં જ, રમતમાં ને રમતમાં પ્રમદ્વરાનો પગ એક નાગ પર પડી ગયો. નાગ છંછેડાયો અને પ્રમદ્વરાને ડંખ માર્યો. નાગે તેના તીણા દાંત પ્રમદ્વરાના પગમાં ઊંડે સુધી ઘોંચી દીધા. પ્રમદ્વરાના શરીરમાં એટલું બધું અને એવું કાતિલ ઝેર પ્રસરી ગયું કે તે તત્કાલ મૃત્યુ પામી.

રુરુ ઘરે આવ્યો ત્યારે તેને ખબર પડી કે પ્રમદ્વરા મૃત્યુ પામી છે. તેણે હૈયાફાટ રુદન અને કલ્પાંત કરવા માંડ્યું; પ્રિયતમાને સજીવન કરવા એ ધરતી અને આભને એક કરવા



તૈયાર હતો, પણ મૃત્યુ પામેલાં કાંઈ ફરી જીવતાં થાય? આમ છતાં એક દેવદૂતને દયા આવી. તેણે કહ્યું, 'રુરુ પોતાનું અડધું જીવન દાનમાં આપી દે તો પ્રમદ્વરાને જિવાડવાનો રસ્તો નીકળે.' માણસને જિજીવિષા ભારે ભીંસથી વીંટળાયેલી છે, લાંબું જીવવું હોય છે, પણ રુરુએ જીવનદાન માટે તૈયારી બતાવી. દેવદૂત, સ્થૂલકેશ ઋષિ અને ગંધર્વરાજના યત્નોથી પ્રમદ્વરા જીવતી થઈ. રુરુએ અડધું આયુષ્ય ગુમાવી પ્રિય પત્નીને પાછી મેળવી.

સાચો પ્રેમ ફટકિયો નથી હોતો તેનું જોર દિવ્ય અને પ્રબળ છે.

*

# ૪૯. દેવ

બેટિસેલી ઈટાલીનો વિખ્યાત ચિત્રકાર હતો. ચર્ચની દીવાલ ઉપર ઈસુ ખ્રિસ્તનું ચિત્ર આલેખવા તેને આમંત્રણ આપવામાં આવ્યું. ઈસુ ખ્રિસ્ત માટે મોંડલની બેટિસેલીએ શોધ કરવા માંડી. મોડલને ચહેરો પ્રેમ, કરુણા, ક્ષમા, શાંતિ, મૃદુભાવ અને પ્રસન્નતાથી ભરેલો હોવો જોઈએ. આવું મોડલ મેળવવા બેટિસેલી ખૂબ જ રખડ્યો.

ફરતાં ફરતાં બેટિસેલી એક નાનકડા ગામમાં આવી ચડ્યો. મોડલ મળતું નહોતું. તેને પ્રશ્ન થયો, 'શું વિશ્વ સંતવિહોણું થઈ ગયું છે?' ત્યાં જ તેની નજર દૂરથી આવતા એક વ્યક્તિ પર પડી. એ વ્યક્તિ લઘરવઘર હતો. પણ મુખમુદ્રા અસલ ઈસુ જેવી હતી. હસતો, કોમળ, નિર્મળ, ભાવનીતરતો ચહેરો, એનું નામ હતું. જોશુ. બેટિસેલીની વિનંતીથી જોશુ મોડલ તરીકે



બેઠો. ઈસુનું એવું આબેહૂબ ચિત્ર તૈયાર થયું કે તેને દેશભરમાં નામના મળી. બેટિસેલીની કીર્તિ વધી ગઈ. ચર્ચે જોશુનું સન્માન કર્યું. તેને ઘરબાર ને નાણાં આપ્યાં.

ઘણાં વર્ષો પછી એક ચર્ચે 'લાસ્ટ જજમેન્ટ'નું ચિત્ર દોરવાનું વિચાર્યું. એ ચિત્ર માટે શેતાનનું ચિત્ર જોઈએ. ચર્ચે બેટિસેલીના મિત્ર માઈકલ એન્જેલોને એ ચિત્રનું કામ સોંપ્યું. ચિત્રકાર માટે બેટિસેલી મોડલ શોધવા નીકળ્યો. આ વખતે એને શેતાનનું મોડેલ ખોળવાનું હતું.

તે સમયે ઈટાલીમાં એક કુખ્યાત નરાધમનાં કારનામાંથી પ્રજા ત્રાસી ગઈ હતી એનું નામ હતું ડ્રેક્યુલા. ચોરી, લૂંટફાટ, બળાત્કાર, ખૂન - જે કહો તે બધા ગુના કરી ચૂક્યો હતો. દુષ્ટ ચહેરાવાળા ડ્રેક્યુલાને બેટિસેલીએ મોડલ તરીકે પસંદ કર્યો. ચર્ચે એને મોંમાગી રકમ આપવા કબૂલ્યું. માઈકલ એન્જેલોએ હૂબહૂ શેતાનનું ચિત્ર 'લાસ્ટ જજમેન્ટ' માં ઉપસાવ્યું. એ ચિત્ર પણ ભારે તારીફ પામ્યું.

પ્રસન્ન થઈ બેટિસલીએ ડ્રેક્યુલાને નક્કી કરેલી રકમ આપવા માંડી. ડ્રેક્યુલાએ પૈસા લેવાની ના પાડી. તેની આંખમાં આંસુ હતાં. બેટિસલીએ પૂછ્યું, 'ભાઈ, શી વાત છે? પૈસા ઓછા પડે છે?' ડ્રેક્યુલાએ જવાબ આપ્યો, 'સાહેબ, ત્રીસ વર્ષ પહેલાં તમે ઈસુનું ચિત્ર દોર્યું હતું, તેનો મોડેલ યાદ છે?' ચિત્રકારે ઉત્તર

આપ્યો, 'હા, જોશુ નામનો એ વ્યક્તિ બરાબર યાદ છે. ખરેખર ભગવાનનો માણસ હતો.' ડ્રેક્યુલાએ કહ્યું, 'એ જોશુ તે હું જ. મોડલનાં નાણાં મળ્યાં પછી એવા કુછંદે ચડી ગયો કે આજે શેતાન ડ્રેક્યુલા છું. સાહેબ, ઈસુ બને તે ડ્રેક્યુલા બની શકે તો ડ્રેક્યુલા ફરીથી જોશુ ન બની શકે?' આટલું બોલી જોશુ, ડ્રેક્યુલા જંગલ ભણી નાસી ગયો.

માણસમાં દેવ વસેલો છે અને દાનવ પણ વસેલો છે. એમાંથી શું ઉપસાવવું તે આપણા હાથમાં છે.

*



# ૫૦. માયા

કેટલીક કાલ્પનિક કથાઓ અને ફિલ્મોમાં નારદ વિદૂષક જેવા દેખાડાય છે. તેમને લાકડાં લડાવનાર તરીકે પણ ચીતરાય છે. હકીકતમાં નારદ મહામુનિ હતા. કેટલાયને તે ઈશ્વર સમીપ લઈ ગયેલા. દાખલા તરીકે, વાલિયા લૂંટારાને એમણે જ જ્ઞાન આપેલું. એમણે એને સમજાવ્યું કે જેને માટે તે હિંસા અને પાપ કરતો હતો, તે પાપની જવાબદારી કોઈ નહીં ઉઠાવે. સર્વ પાપોની જવાબદારી તેને માથે જ રહેશે. વાલિયાએ આ વાતની ખાતરી કરી, તે પછી જ્ઞાન આપવા નારદને વિનંતી કરી. નારદે 'રામ' નામનો મંત્ર આપ્યો ને 'મરા'... 'મરા' જપતો વાલિયો વાલ્મીકિ ઋષિ બની ગયો. પાંચ વર્ષના ધ્રુવને નારદે જ ધ્યાન ધરતાં શીખવેલું.

નારદને ભગવાન કૃષ્ણ સાથે બહુ પ્રીતિ. કૃષ્ણને પણ નારદ

માટે સ્નેહ ને આદર. એક વાર નારદે કૃષ્ણને કહ્યું, ‘‘ભગવાન મને માયાનો અનુભવ કરાવો.’’ કૃષ્ણે કહ્યું, ‘‘ભલે.’’ ભગવાન કૃષ્ણે નારદને ‘નારદી’ નામની સુંદર કન્યકા બનાવી દીધી. એક પુરુષ નારદીના પ્રેમમાં પડ્યો, તેની સાથે લગ્ન કર્યા. દંપતીને બાળકો થયાં. તેમાંનું એક બાળક મૃત્યુ પામ્યું. નારદીના દુઃખનો પાર ન રહ્યો. નદીકાંઠે બેઠાં બેઠાં એણે ઘણું કલ્પાંત કર્યું. રોઈ રોઈને આંખો સૂજી ગઈ. ત્યાં કોઈકે પીવા માટે પાણી માગ્યું. નારદીએ મોં ઊંચું કરી ઉપર જોયું તો સામે દેખાયા સ્મિત કરતા ભગવાન કૃષ્ણ ! નારદ સમજી ગયા કે જે કંઈ બની ગયું એ માયા હતી.

માયા એટલે એવો ભ્રમ જે સત્યને ઢાંકી દે છે. અજ્ઞાનને કારણે મનુષ્ય પોતાના દિવ્ય તત્ત્વને ભૂલી જાય છે અને પોતે જે નથી તેને પોતાની સાચી જાત માનવા માંડે છે. નારદભક્તિસૂત્રમાં નારદે માયામાંથી છૂટવાનો માર્ગ બતાવ્યો છે - વળગણ છોડો (સંગમ, ત્યજતિ) મહાનુભાવોની સેવા કરો (મહાનુભાવમ્ સેવતે) તથા ‘હું ને મારું’ માંથી મુક્ત થાઓ (નિર્મમાઔ ભવતિ).

*



# ૫૧. મૈત્રી

મહાભારત વિશે કહેવાયું ચે કે તેમાં સર્વ સંબંધોનો સમાવેશ થયો છે. ‘જે અહીં નથી તે બીજે ક્યાંય નથી.’ પૂર્વજો-વંશજો, પિતા-પુત્ર, માતા-પુત્રી, પતિ-પત્ની, ભાઈ-ભાંડરાઓના અનેક પ્રકારના સંબંધો મહાભારતમાં નિરૂપાયા છે.

મહાભારત મૈત્રી - સંબંધોના ત્રણ દૃષ્ટાંત નિરૂપે છે. કૃષ્ણ અને સુદામા, કૃષ્ણ અને અર્જુન તથા દુર્યોધન અને કર્ણ. કૃષ્ણ-સુદામાની મૈત્રી બાળપણની છે. એક અકિંચન બ્રાહ્મણ છે, બીજો ઐશ્વર્યવાન રાજવી છે. વર્ષો પછી મિત્રો મળે છે. તરત એકતાનતા સધાય છે. મિત્રને કૃષ્ણ ન્યાલ કરે છે. પણ ઉઘાડા દેખાડાથી નહીં. ડાબા હાથને ખબર ન પડે એમ જમણા હાથથી.

કૃષ્ણ અને અર્જુનનો મિત્ર-સંબંધ જુદા પ્રકારનો છે. યુવાવયે જન્મેલી સગાં-સંબંધી વચ્ચેની એ મૈત્રી છે. કૃષ્ણ અવતાર

હોવા છતાં અર્જુનને સરખેસરખો ગણી સલાહ-માર્ગદર્શન આપે છે. હંમેશા અણીને વખતે મદદે પહોંચી જાય છે. અર્જુનની ઈચ્છા પૂરી કરવા મોટા ભાઈના વિરોધ છતાં ચતુરાઈથી બહેન સુભદ્રાને અર્જુન સાથે ભગાડી મૂકે છે. સખા અર્જુનનો વિષાદ કૃષ્ણ દૂર કરે છે. તેની પડખે છતાં અલિપ્ત રહી દાર્શનિકની જેમ માર્ગદર્શન અને સહાય કરે છે.

કર્ણ અને દુર્યોધનની મૈત્રી વળી જુદી છે. દુર્યોધનની જરૂરતમાંથી એ ઊભી થાય છે. પણ પછી પરસ્પર આદર-સ્નેહમાં એ મૈત્રી રૂપાંતર પામે છે. પાંડવપુત્રને માત કરવા દુર્યોધન કર્ણને મિત્ર બનાવે છે. બંને ગાઢ મિત્રો બને છે ને તરત સ્વાર્થ ઓગળી જાય છે. ગુરુ દ્રોણ, સલાહકાર મામા કે આદરણીય ભીષ્મપિતામહ, સર્વને અવગણી દુર્યોધન મિત્ર કર્ણમાં ભરોસો મૂકે છે. તેને મહત્ત્વ આપે છે. કુંતીપુત્ર બનવાની, જયેષ્ઠ પાંડવ થવાની અને પતિ તરીકે દ્રૌપદીને ભોગવવાની અપાયેલી લાલચ તરછોડી મિત્ર તરીકે કર્ણ દુર્યોધન સાથે ઊભો રહે છે.

મૈત્રી માટે વય, જાતિ, જ્ઞાતિ, એકસરખો રસ, આર્થિક સ્થિતિ, મોભા કે મરતબાની એકરૂપતા અનિવાર્ય નથી. કશાનો બાધ નથી. મૈત્રીની શરૂઆત અનાયાસ, અકારણ, અકસ્માત કે સ્વાર્થને કારમે પણ થાય. પણ એ સાચી મૈત્રીમાં પરિવર્તન પામે ત્યારે મૈત્રી નિરભ્ર આકાશ બની નિર્વ્યાજ, નિઃસ્વાર્થ છત્રનો



છાંયો આપે.

સંસ્કૃતમાં ‘મિત્ર’ શબ્દનો એક અર્થ છે, ‘સૂર્ય’. મિત્રને સૂર્યનો પર્યાય ગણવો સ-અર્થક છે. અંધકાર ફેડનાર સૂર્ય પ્રકાશ-દર્શક છે. મૂંઝવણ દૂર કરનાર મિત્ર પથદર્શક છે. સૂર્ય ઉષ્મા આપે છે. મિત્ર હૂંફ આપે છે. જળ ધરતીનું સિંચન કરે છે, પણ જીવન સૂર્યના તાપથી પ્રગટે છે : ઘાસ લીલું થાય, કૂંપળ ફૂટે, છોડ પાંગરે, કળ ઉઘડી પ્રફુલ્લ બને, વસંત મોરે, વૃક્ષ વિકસે અને ધન પાકે, એ બધો સૂર્યનો પ્રતાપ. અન્ય સંબંધો ભીના ભીના છે, પણ મિત્ર-સંબંધ જીવનને જીવતો બનાવે છે. સૂર્યનાં કિરણોમાં મેઘધનુષ્યના સપ્તરંગ છે, મિત્રના સ્નેહમાં જીવનના સર્વ રંગ છે. માતા-પિતા અને કુટુંબનો સંબંધ લોહીનો છે. મિત્રનો સંબંધ હૃદયનો છે.

*

# પર. નારદ

બ્રહ્માના પુત્ર નારદ.

મહતી નામની વીણા વગાડનારા નારદ.

તેમના પૂર્વજન્મનો એક પ્રસંગ.

પર્વત નારદજીના ભાણેજ થાય.

એક વખત બંનેને પૃથ્વીલોક જોવાની ઈચ્છા થઈ.

દેવલોકમાંથી પૃથ્વી પર આવ્યા. નીકળતા પહેલાં બંનેએ ઠરાવ કર્યો :

‘જે ઈચ્છા થાય તે એક બીજાને કહેવી. ગમે તેવી ઈચ્છા પણ છાની રાખવી નહીં.’

પૃથ્વી પર ખૂબ આનંદથી ફર્યા. ચોમાસાની ઋતુ આવી. ચોમાસાના ચાર માસ એક જ સ્થળે ગાળવાનો તેમણે નિશ્ચય કર્યો.



વચ્ચે સંજય રાજાનું નગર આવ્યું. રાજાએ બંનેનો સત્કાર કર્યો.

આ રાજાને દમયંતી નામે પુત્રી હતી. આ મહેમાનની તે સેવા કરતી.

નારદ મહતી નામની વીણા મધુર સ્વરે વગાડતા હતા. નારદના મધુર સંગીતને કારણે રાજપુત્રી દમયંતીને તેમના પર પ્રેમ થયો.

ધીમે ધીમે બંનેની સેવામાં તફાવત પડવા લાગ્યો. દમયંતી નારદને દહીં આપતી, તો પર્વતને છાશ આપતી. નારદની પથારી સ્વચ્છ રાખતી. નારદ તરફ પ્રેમથી જોતી.

પર્વતને આશ્ચર્ય થયું. તેણે નારદને પૂછ્યું :

‘હે નારદ ! તમે સાચું કહો. તમારી અને મારી સેવામાં આ તફાવત કેમ? આ દમયંતી તમને પતિ કરવા ઈચ્છે છે. તમારો પણ એવો જ ભાવ દેખાય છે. આપણી શરત મુજબ તમારા મનની વાત મને કહેવી જોઈએ.’

પર્વતના આ શબ્દોથી નારદ શરમાઈ ગયા. તેમણે ધીમેથી કહ્યું :

‘હે પર્વત ! તમારી વાત સાચી છે. અમને બંનેને એક બીજા પર સ્નેહ થયો છે.’

નારદનાં આવાં વચનો સાંભળી પર્વત ગુસ્સે થઈ ગયાં.

તેમણે લાલ આંખ કરીને કહ્યું :

'આપણી શરતનો તમે ભંગ કર્યો છે. મનની વાત તમે મારાથી છૂપી રાખી છે. ધિક્કાર છે તમને ! તમે મને છેતર્યો છે. મારા શાપથી તમે વાંદરાના જેવા મુખવાળા થઈ જાઓ.'

નારદનું મુખ તરત જ વાંદરાના મુખ જેવું થઈ ગયું. પર્વત મુનિને પણ નારદે શાપ આપ્યો.

'હે પર્વત ! મારો અપરાધ નાનો હતો, છતાં તેં મને શાપ આપ્યો. તું પણ હવે દેવલોકમાં નહીં જઈ શકે.'

ત્યાર બાદ ગુસ્સે થયેલા પર્વત મુનિ ચાલ્યા ગયા.

આ બાજુ દમયંતીના પિતા સંજય પુત્રીના વિવાહની ચિંતામાં પડ્યા હતા.

પણ દમયંતીએ પિતાને સ્પષ્ટ સંભળાવી દીધું : 'હું નારદ વિના કોઈની સાથે લગ્ન નહીં કરૂં.'

સંજય રાજાએ પુત્રીને ખૂબ સમજાવી.

'બેટી ! એ વાંદરામુખા સાથે તારું લગ્ન કેમ થાય? તું રાજપુત્રી અને એ ભટકતો બ્રાહ્મણ. ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી? બેટી! તારી હઠ છોડી દે.'

પણ દમયંતીએ પોતાની હઠ છોડી નહીં.

છેવટે પિતાએ તેનાં લગ્ન નારદ સાથે કરાવ્યાં. લગ્ન બાદ બંને આરામથી દિવસો પસાર કરતાં હતાં.



દમયંતી તનમનથી નારદની સેવા કરતી હતી. નારદનું વાંદરા જેવું મુખ જોઈને તેને દુઃખ થતું નહીં, તે માનતી કે રૂપાળા મૂર્ખ માણસ કરતાં કદરૂપો પણ રસિક પુરુષ વધુ સારો. તેને મન રૂપનું મહત્ત્વ ન હતું. તે લગ્નમાં ગુણને જ મહત્ત્વ આપતી.

પણ નારદને પોતાનું મુખ જોઈને દુઃખ થયું. દમયંતીની હાજરીમાં તે લાચાર બની જતા.

થોડા દિવસ બાદ પર્વત મુનિ પાછા આવ્યા. નારદે તેમનો સારો સત્કાર કર્યો. પર્વત મુનિ ખુશ થઈ ગયા. તેમણે તેમનો શાપ પાછો ખેંચી લીધો. નારદે પણ તેમ કર્યું.

હવે નારદ પહેલાં જેવા રૂપાળા મુખવાળા બની ગયા.

દમયંતીને તથા એનાં માતાપિતાને પણ એ જાણીને આનંદ થયો.

*

# ૫૩. કૃષ્ણનું મૃત્યુ

બાળવયમાં વાંચેલું કે મહાભારતનું યુદ્ધ પૂરું થયા પછી યાદવો છાકટા થઈ ગયા. ખૂબ દારૂ ઢીંચી ભાન ભૂલ્યા. અંદરોઅંદર લડ્યા. ખૂબ લડ્યા. યાદવાસ્થળી થઈ. થાક્યાપાક્યા યાદવશ્રેષ્ઠ શ્રીકૃષ્ણ એક સ્થળે પગ પર પગ ચડાવીને સૂતા હતા. તેમના અંગૂઠા પરના નિશાનને મૃગની આંખ સમજી જરા નામના શિકારીએ બાણ છોડ્યું અને ઊડિયા કવિ સીતાકાન્ત મહાપાત્રના શબ્દોમાં :

*અર્જુનનો સારથિ, સૃજનજૂનો પ્રેમી, રાજદૂત કપટી,*
*બહુરંગી રાજવી થડક્યો અને, એક ક્ષણમાં નિર્જીવ થઈ પડ્યો.*

કૃષ્ણના મૃત્યુના સમાચાર બધે પહોંચાડવા ઉદ્ધવ (ઓધવ) નીકળ્યા. ઓધવ એ ગોપીઓ માટે ખલનાયક. એ જ તો ગોપીઓને વિલાપ કરતી મૂકી કૃષ્ણને મથુરા લઈ ગયો હતો. એ



જ તો નિર્દોષ બાળગ્વાલ કૃષ્ણને અંતકાળની આ કરુણતામાં ઘસડી ગયો હતો. એ જ કાળમુખો આજે અશુભ સમાચાર લઈ ગોકુળ આવ્યો હતો.

ઓધવે રાધાનું સરનામું પૂછ્યું. ગોપીઓએ ઠેકાણું બતાવ્યું. ઓધવને ભારે વિમાસણ હતી. રાધાને કયા મોંએ સમાચાર આપીશ? રાધા પર કેવો વજ્રાઘાત થશે? ધીમા પગલે, ઠબલાતા ઠબલાતા, ઓધવ રાધાના ઘરે પહોંચ્યા. રાધા તો ઘરે નહોતા. એક સુંદર સ્ત્રી તુલસીને પાણી પાઈ રહી હતી. ઓધવે પૂછ્યું, 'કોણ છો તમે?' યુવતીને જવાબ આપ્યો, 'હું રાધાની પુત્રવધૂ'. ઓધવને આશ્ચર્ય થયું. રાધાની પુત્રવધૂ પણ હવે યૌવન વટાવવાને પગથિયે હતી, ત્યારે રાધા તો કેટલી ઉંમરવાન હશે? ઘરડીખખ થઈ ગઈ હશે. ધોળા વાળ, બોખા દાંત, કેડેથી વળી ગયેલી, લાકડીને ટેકે ચાલતી રાધા કેવી લાગતી હશે? પુત્રવધૂએ જણાવ્યું, 'મારાં સાસુમા તો એવાં ને એવાં છે. એય.. ને છૂટા મુલાયમ વાળ, રંગરંગીન ચણિયાચોળી-ઓઢણી પહેરી, વન-ઉપવનમાં વિહર્યા કરે છે. કહાન સાથે જ્યાં ફરતાં હતાં એ નદી, નાળાં, ડુંગર, વૃક્ષ, ઉદ્યાન, વેરાનમાં ફર્યા કરે છે. ગાયાં કરે છે. વાંસળીના સૂર સાંભળ્યાં કરે છે.' ઓધવનું આશ્ચર્ય બેવડાઈ ગયું.

નદીને કિનારે ખળખળ વહેતી નદીની જેમ લહેકતી,લહેરાતી, ચંચળ ચાલે ઘુમતી-નાચતી રાધા ઓધવે જોઈ.

'ઓહો ! આ રાધા!' ઓધવનું કામ ઔર કઠિન થયું. કયા શબ્દોમાં સમાચાર આપવા? થોથવાતાં થોથવાતાં ઓધવે સમાચાર આપી જ દીધા. રાધા હસી પડી. 'ઓધવ, કોણ કહે છે કૃષ્ણનું અવસાન થયું છે? અહીં આવ તને કૃષ્ણ બતાવું. જો અહીં ચોગરદમ કૃષ્ણ છે. આ પ્રકૃતિ, આ છોડ ને વૃક્ષો, આ ડુંગરા અને નદી, આ ઝરણાં ને પક્ષીઓ, આ ગાયો ને ઢોર બધામાં કૃષ્ણ જ તો છે.'

અવાક બની ઓધવ જોઈ રહ્યા, સાંભળી રહ્યાં. પ્રેમી માટે પ્રિયજનનું મૃત્યુ કદી હોતું નથી. ભક્ત માટે ઈશ્વર અજરામર છે. ઊડિયા કવિ રમાકાન્ત રથના શબ્દોમાં રાધાની ઉક્તિ તો કંઈક આવી છે :

*લોકો માટે તું મૃત્યુ પામ્યો ન હોત*
*તો આજે છે એવો સદૈવ સંપૂર્ણ મારો*
*કેવી રીતે બની રહ્યો હોત?*

*



# ૫૪. દૈવિશક્તિ

ચંડકૌશિક નામના તપસ્વીની કથા છે. એમણે ભારે તપ કર્યું. આને પરિણામે તેમને ભારે શક્તિ મળી. કોઈની પણ સામે એ ક્રોધ-દૃષ્ટિ નાખે તો સામેનું પાત્ર બળીને ભસ્મ થઈ જતું. એક સમયે ચંડકૌશિક વૃક્ષ નીચે બેઠા હતા. ત્યાં ઉપરથી કોઈક પક્ષીનું ચરક તેમના પર પડ્યું. ચંડકૌશિક અત્યંત ક્રોધાયમાન થયા. તેમણે કોપિત દૃષ્ટિથી ઉપર ઝાડની ડાળીઓ તરફ જોયું. ત્યાં બેઠેલી બગલીને જોઈ. બગલી પર તેમની દૃષ્ટિ પડતાં જ બગલી બળીને ભસ્મ થઈ ગઈ. ચંડકૌશિકને ભારે ગર્વ થયો. પછી ચંડકૌશિક ગામમાં ભિક્ષા માગવા ગયા. એક બ્રાહ્મણના આંગણે જઈ તેમણે ભિક્ષા માગી. અંદર બ્રાહ્મણ પત્ની પતિની સેવામાં હતાં. તેમણે કહ્યું, 'મહારાજ, થોભો, હમણાં આપું છું.' થોડી વાર થઈ એટલે ચંડકૌશિક ગુસ્સે થયા. એટલી વારમાં બ્રાહ્મણપત્ની આવ્યાં.

મહારાજનો ગુસ્સો જોઈ એમણે કહ્યું, 'મહારાજ, ગુસ્સે ન થશો. હું કાંઈ બગલી નથી કે ભસ્મ થઈ જઈશ.'

ચંડકૌશિક આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે બ્રાહ્મણપત્નીને પૂછ્યું, 'માતા, આપે કેવી રીતે બગલીની વાત જાણી? એ વિદ્યા મને શીખવો.' 'માતા, આપે કેવી રીતે બગલીની વાત જાણી? એ વિદ્યા મને શીખવો.' બ્રાહ્મણપત્નીએ કહ્યું, 'મહારાજ, હું કોઈ જ્ઞાની કે તપસ્વી નથી. મેં તો મારો પત્નીધર્મ બરાબર પાળ્યો છે. એ પાળતાં પાળતાં હું બધું પામી છું. તમારા માટે કોઈક બીજા ગુરુ નિર્માયા છે.' ચંડકૌશિકને વધારે આશ્ચર્ય થયું. એમણે પૂછ્યું, 'મારા ગુરુ કોણ બનશે તે પણ તમે જાણો છો?'

બ્રાહ્મણપત્નીએ કહ્યું, 'હા, મિથિલાનગરીના ધર્મવ્યાપ તમને જ્ઞાન આપશે.' ચંડકૌશિકે ધર્મવ્યાપની ભાળ કાઢી. ધર્મવ્યાપ તો ખાટકીના થડે બેસી માંસ કાપી કાપીને ગ્રાહકોને વેચતા હતા. ધર્મવ્યાપે તેમને નજીક બોલાવ્યા અને કહ્યું, 'આવો મહારાજ, તમને બ્રાહ્મણીમાએ મોકલ્યા છે ને? થોડીવારમાં મારાં માતા-પિતાને જમાડી લઉં. તમે બેસો.' ચંડકૌશિકને થયું 'આવું હલકું કામ કરનાર પાસેથી મારે જ્ઞાન મેળવવાનું?' દરમિયાન માતા-પિતાને શાંતિથી જમાડી ધર્મવ્યાપ પાછા આવ્યા. એમણે કહ્યું, 'મહારાજ, મેં કોઈ શાસ્ત્રો વાંચ્યાં નથી કે તપથી દેહદમન પણ કર્યું નથી. માથે આવી પડેલા કામને કર્તવ્ય ગણી મેં સારી



રીતે બજાવ્યું છે. આમ કરવાથી સિદ્ધિઓ મળે છે, પણ એ સિદ્ધિઓનો કશો ઉપયોગ નથી.'

કબીર વણકર હતા, રઈદાસ ચમાર હતા, ભક્ત ગોરા જ્ઞાતિએ કુંભાર હતા, જનાબાઈ દળણાં દળતાં, ભક્ત ધનો હજામ હતો, આવા અનેક સંતભક્તોએ સંસારમાં રહી પોતે જે સ્થાન પર હતા તે સ્થાનનાં, કર્તવ્યો બજાવ્યાં. એ બધાય મુક્તિ અને મોક્ષ પામ્યા. મુક્તિ-મોક્ષ માટે તપ, દેહદમન કે વિદ્વત્તા જરૂરી નથી.

*

# પપ. કલ્પના

ભારતમાં 'રામાયણ' અને 'મહાભારત' સર્વત્ર આદરપાત્ર અને પવિત્ર ગ્રંથો તરીકે સ્વીકારાયા છે. બંને મહાકાવ્યોના નાયક રામ અને કૃષ્ણ, ધર્મ પ્રમાણે, ભગવાનના અવતાર મનાયા છે. પરંતુ દક્ષિણ અને પૂર્વ ભારતમાં 'મહાભારત' નો જેટલો આદર છે એટલો આદર 'રામાયણ'ો નથી. વાલ્મીકિ 'રામાયણ' અને તુલસીકૃત 'રામચરિતમાનસ' કરતાં દક્ષિણ-પૂર્વમાં રામકથા જુદા રૂપે પણ લખાઈ છે.

દક્ષિણ અને પૂર્વમાં રામને અવતાર માનવાને બદલે આદર્શ પુરુષ રાજા કે નાયક ગણવાનું વલણ વિશેષ છે. આવો પુરુષ ભૂલો પણ કરી બેસે તે સમજાય તેવું છે. આવી ભૂલો કે ક્ષતિઓ સુધારીને રામાયણને જુદા દૃષ્ટિકોણથી લખવાના ઘણા પ્રયાસ ત્યાં થયા છે. અગ્નિપરીક્ષાથી રામે સીતાની કસોટી કરાવી તે



દક્ષિણ-પૂર્વની પ્રજાને માફક આવ્યું નથી. તેથી એવાં રામાયણ લખાયાં છે કે જેમાં અગ્નિપરીક્ષાની ઘટનાને જુદી રીતે સમજાવવામાં આવી છે. આવી વિશિષ્ટ સમજૂતીવાળી એક રામકથા નીચે પ્રમાણે છે.

રાક્ષસ રાવણે આદરેલા અનાચાર અને અત્યાચારથી માતા પૃથ્વી ત્રાસી ગયાં. તેથી ધરતીમાતાએ બ્રહ્માને વિનંતી કરી કે રાવણના ત્રાસથી પૃથ્વીને ઉગારે. બ્રહ્મા અને પૃથ્વીએ પછી ભગવાન વિષ્ણુને સંયુક્ત રીતે વિનંતી કરી. અવતાર ધારણ કરી રાવણને હણવા ભગવાન વિષ્ણુએ વચન આપ્યું. ભગવાન વિષ્ણુએ રામ તરીકે અવતાર લીધો, લક્ષ્મીજી સીતા બન્યાં અને શેષનાગે લક્ષ્મણનું રૂપ ધર્યું.

વિષ્ણુ અને લક્ષ્મી કદી છૂટાં પડ્યાં નહોતાં. આથી જ મંદોદરી જે અવતારની વાત જાણતી હતી તેણે સીતાનું અપહરણ ન કરવા રાવણને વારંવાર વિનંતી કરેલી. પણ રાવણ માન્યો નહોતો. આથી અગ્નિદેવ રામ સમક્ષ ઉપસ્થિત થયા અને અવતાર અને રાવણના નાશ કરવા માટેની કથા કહી. એમ પણ જણાવ્યું કે સીતાના (લક્ષ્મીના) અપહરણ પહેલાં તેને મને સોંપી દો. હું તેને જાળવીશ. બદલામાં એક 'માયા-સીતા' સરજી તમને આપીશ. તેનું અપહરણ ઈત્યાદિ થશે. રાવણના મૃત્યુ બાદ સીતાની અગ્નિપરીક્ષા થશે ત્યારે હું અગ્નિમાંથી તમને અસલ

સીતા પરત કરીશ. અગ્નિપરીક્ષા સમયે ‘માયા-સીતા’ અગ્નિ ઝાળની સાથે ઝાળ થઈ ઊડી ગઈ અને અગ્નિદેવે અસલ સીતા રામને પાછી આપી.

*



# ૫૯. પ્રયોજન

એક વાર ભગવાન કૃષ્ણનું માથું દુઃખતું હતું. રાજવૈદ ધન્વન્તરીએ જાતજાતના લેપ લગાડ્યા, પણ માથું ઊતરતું જ નહોતું. ત્યાં નારદ આવ્યા. તેમણે કહ્યું, “ભગવન, તમે તો સર્વજ્ઞ છો. તમારા માથાના દુઃખાવાનું ઔષધ તમે જાણતા જ હશો.” ભગવાને જવાબ આપ્યો. ‘ઔષધ તો હું જાણું છું, પણ તે મેળવવું બહુ મુશ્કેલ છે.’ નારદે કહ્યું, ‘તમે મને ઔષધનું નામ જણાવો, હું આકાશપાતાળ ગમે ત્યાંથી એ લઈ આવીશ.’ કૃષ્ણે નારદને ચેતવ્યા. ‘નારદ, એ બહુ સહેલું કામ નથી.’ નારદે ઉત્સાહ બતાવ્યો, ‘ભગવન્, તમે ઔષધનું નામ કહો તો ખરા. પછી જુઓ કેટલી ઝડપથી હું ઔષધ લઈ આવું છું.’

ભગવાન કૃષ્ણે જણાવ્યું, ‘જેના જીવનનું પ્રયોજન હું જ છું એવા કોઈ મારા ચાહનારની ચરણરજ લઈ આવો. તે મારા

માથે ને કપાળે લગાડીશ કે તરત માથાનો દુખાવો મટી જશે.' નારદ હસી પડ્યા, 'આવી ચરણરજ લાવવાનું તો બહુ સહેલું છે. ચપટીમાં લાવ્યો સમજો.' નારદ સીધા ઊપડ્યા દેવલોકમાં અને ઈન્દ્રની ચરણરજ માગી. ઈન્દ્રે પૂછ્યું કે મારી ચરણરજની શી જરૂર પડી. નારદે કારણ જણાવ્યું. તરત જ ઈન્દ્રે ચરણરજ આપવાની ના પાડી. તેમણે કહ્યું, 'ભગવાન કૃષ્ણને માથે મારી ચરણરજ ચડે તો હું પાપમાં પડું. મારે નરકમાં સબડવું પડે.' એક પછી એક બધા દેવોને નારદ મળ્યા. કોઈ તેમની ચરણરજ આપવા તૈયાર નહોતું, કારણ કે પોતાની ચરણરજ ભગવાન કૃષ્ણના માથે ચડે તો પોતાને પાપ લાગે અને ચોક્કસ નરક મળે. નરકમાં જવાની કોઈની તૈયારી નહોતી.

નારદ થાકી ગયા. ચરણરજનો ઉપયોગ જાણ્યા પછી કોઈ ચરણરજ આપવા તૈયાર નહોતું. છેલ્લે નારદને કૃષ્ણી બાળસખી રાધા યાદ આવ્યા. તે રાધા પાસે પહોંચ્યા અને ચરણરજ માગી. ચરણરજ માગવાનું કારણ પણ બતાવ્યું. રાધાએ તરત જ મુઠ્ઠી ભરી પોતાની ચરણરજ પોતાની સાડી ફાડી તેના કટકામાં બાંધી આપી અને કહ્યું, 'મુનિશ્રી, જલદી જલદી ભગવન્ પાસે પહોંચો અને તેમનું દુઃખ મટાડો.' નારદે બધા દેવોની વાત કરી અને પૂછ્યું, 'રાધા, તને નરકમાં જવાનો ડર નથી લાગતો?' રાધાએ જવાબ આપ્યો, 'મુનિશ્રી, મારા માટે સ્વર્ગ કે નરક કશાનો અર્થ



નથી. મારા અસ્તિત્ત્વનું પ્રયોજન ભગવન્ છે. તેમના માટે હું કંઈ પણ કરું.'

વિસ્મય અને આનંદ અનુભવતા નારદજી કૃષ્ણ પાસે પહોંચ્યા. એ સમજી ગયા કે ભગવન્ એમને પાઠ ભણાવવા માગતા હતા.

*

# ૫૭. ઈશ્વર

એક સૂફી સંત પાસે એક યુવાન પહોંચ્યો. યુવાને સૂફીને પૂછ્યું, 'તમે ઈશ્વરને જોયા છે?' સૂફીએ જવાબ આપ્યો, 'હા'.

યુવાને આગળ વધતાં પૂછ્યું, 'મને કહોને એ ક્યાં જોવા મળે? એ દેખાવે કેવો છે? મને એ કેવી રીતે જોવા મળે?' સૂફીએ સામે પૂછ્યું, 'તારે ખરેખર ઈશ્વરને જોવા છે?'

યુવાને કહ્યું, 'હાસ્તો, નહીં તો તમને પૂછપરછ શા માટે કરું?'

'ઘણી વાર એવું થાય છે કે માણસને ખરેખર તાલાવેલી નથી હોતી. એ પૂછવા ખાતર પૂછે છે. દાક્તર પાસે બીમાર માણસ જાય અને કહે કે મારો રોગ દૂર કરો. આ માણસ રોગમાંથી રાહત ચાહતો હોય છે. તાવ ઊતરી જાય તો બસ. રોગ દૂર કરવા માગતો હોય તે મૂળ સુધી જાય. મોટા ભાગના માણસો



ઈશ્વર કેવો છે એનું વર્ણન સાંભળીને કે એની ચમત્કારિક કથાઓ સાંભળી ઈશ્વરને સ્વીકારે છે. પોતાના સંતોષ ખાતર ઈશ્વરની ખાતરી કરવી છે. મૂળ સુધી નથી જવું.'

યુવાને કહ્યું, 'મારે તો મૂળ સુધી જઈને ઈશ્વરને જાણવા છે.'

સૂફીએ ઝીણી આંખો કરી યુવાન તરફ જોયું. પછી એ બોલ્યા, 'જો હું ઈશ્વરનું વર્ણન નહીં કરી શકું. એનું વર્ણન થાય એમ નથી. એનો અનુભવ જ કરવો પડે. એ અનુભવ માટે તારે જબરી શોધ કરવી પડશે. એવી જગ્યાએ પહોંચવું જોઈશે જ્યાં પ્રેમ અને કરુણા હોય.'

યુવાન મંદિરોમાં ગયો. મસ્જિદોમાં ગયો, દેવળોમાં ગયો, ગુરુદ્વારામાં ગયો, ધાર્મિક સમારંભોમાં ગયો, કથા-ઊત્સવ-મેળાઓમાં ગયો. યજ્ઞ-યજ્ઞાદિમાં હાજરી આપી, ગામડાંઓમાં ગયો, શહેરોમાં ગયો. દેશમાં ફર્યો, વિદેશ ગયો. ક્યાંય એને ન તો ઈશ્વર મળ્યા કે ન તો પ્રેમ અને કરુણા જડ્યાં.

યુવાન થાકીને બેઠો હતો. સાંજ પડવા આવી હતી. દૂર એક ઘર દેખાતું હતું. પીવા માટે ત્યાં પાણી મળશે એમ સમજી યુવાન એ ઘરે ગયો. એક ખાટલા પર એક બાઈ સૂતી હતી. બાઈ અપંગ જેવી હતી. પથારીમાંથી ઊઠી શકતી ન હતી. ભારે પીડા ભોગવતી હતી. તેનો પતિ અને પુત્રી ત્યાં હાજર હતાં.

યુવાને જાણ્યું કે પતિ જ્યારે કામે જાય ત્યારે પુત્રી બાઈની સંભાળ રાખતી. પતિ ઘરે આવે ત્યારે પુત્રી બજારમાં જઈ સાધન-સામગ્રી, દવા-દારૂ લઈ આવતી. સાંજે ત્રણે સાથે જમે. પછી રાત્રે પિતા અને પુત્રી વારાફરતી જાગે.

યુવાનને જોઈ પથારીવશ અપંગ બાઈ બોલી, 'ભાઈ, હું ઈશ્વરને પ્રાર્થના કરું છું : 'મને સાજી કરી દે અથવા લઈ લે.'' મારી પીડા કરતાંય મને મારા પતિ અને પુત્રીની દયા વધારે આવે છે.' યુવાન ત્રણે જણ સામે બેસી પડ્યો. ત્રણેને નમન કર્યા. તેમનાં પગ ચૂમ્યા અને બોલ્યો, 'તમે ત્રણે નસીબદાર છો. તમારામાં મને ઈશ્વરનાં દર્શન થયાં છે.' યુવાને પણ પ્રેમ અને કરુણા અનુભવી.તેને ઈશ્વરનો અનુભવ થઈ ગયો. તેની શોધ પૂરી થઈ.

*



# ૫૮. કલિયુગ

કલિયુગના કલિએ રાજા પરીક્ષિતના કાળમાં પ્રવેશ કર્યો. એમ મનાય છે. તે વિશે એક કથા છે. કલિને રહેવા માટે કોઈ જગા નહોતી. તેથી તે રાજા પરીક્ષિત પાસે ગયો. રાજાને તેણે વિનંતી કરી, 'મહારાજ, તમારા રાજમાં રહેવા માટે મને કોઈ જગા આપો.' પરીક્ષિતે તરત જ કહ્યું, 'જા ભાઈ જા, તારા માટે મારા રાજ્યમાં કોઈ જગા નથી.' કલિએ બહુ કાકલૂદી કરી. પરીક્ષિતને દયા આવી. તેમણે કલિને કહ્યું, ''કલિ, જા. જુગારખાનાં, કસાઈખાનાં, વેશ્યાવાડા અને દારૂના પીઠામાં તને આશ્રયસ્થાન આપું છું. તારે માટે તે જગાઓ જ યોગ્ય છે. ત્યાં જઈ રહેજે.''

કલિએ રાજાનો આભાર માન્યો. પણ કહ્યું, 'મહારાજ, એકસાથે હું ચાર સ્થળોએ કેવી રીતે રહી શકું? મને કોઈ એક

આશ્રયસ્થાન આપો.'

પરીક્ષિતે બહુ વિચાર કર્યો પછી તેમણે સોનાની એક લગડી બતાવી કલિને કહ્યું, 'કલિ, આ સોનાની લગડી ધનવાનોની વધારાની લક્ષ્મી છે. ધનવાનો પોતાને ધનને ખાવા-પીવા-રહેવા અને જરૂરી કામોમાં વાપરે છે. તે પછી તેમની પાસે જે વધારાનું ધન રહે તે ધનને તેઓ સોનાની લગડી બનાવી કે બીજા રૂપે પોતાની તિજોરીઓમાં રાખે છે. તે વધારાના ધનમાં તું સુખેથી રહેજે.' રાજી થઈને કલિ ગયો. હવે તે ધનવાનોની વધારાની લક્ષ્મીમાં રહેવા લાગ્યો. તેના પ્રતાપે ધનવાનો તે વધારાનું ધન જુગાર રમવામાં, માંસ-મટન ખાવામાં, વૈશ્યાગમન કરવામાં અને દારૂ પીવામાં વાપરવા લાગ્યા.

માણસે પોતાના ઉપયોગ પૂરતી લક્ષ્મી રાખવી જોઈએ. વધારાનું ધન તેણે સમાજ માટે, દીન-દુઃખિયાં અને ભૂખ્યા લોકો માટે અને સારાં કામો માટે વાપરી નાખવું જોઈએ. જો તે વધારાનું ધન પોતાની પાસે રાખે તો તેની પાસેનું તે વધારાનું ધન જુગાર, માંસ-મચ્છી, વેશ્યાગૃહ અને દારૂ પીવામાં વેડફાય છે. કારણ કે તેમાં કલિ વાસ કરે છે. અને માણસને કુબુદ્ધિ સુઝાડે છે. તેને કારણે માણસનું અધઃપતન થાય છે.

*



# ૫૯. બૈરાગ

ઉપકે કિશોરવયે દીક્ષા લીધી હતી. ઘણાં વર્ષો તપ કરી એ દંડી શ્રમણ બન્યા હતા. પાંચેક મહિનાથી એ વંકહાર જનપદના વન્ય પ્રદેશમાં આવી વસ્યા હતા. પારધીઓના ગામ પાસે એમની પર્ણકુટિ હતી. દરરોજ એ પારધીઓના ગામડામાં જતા, ભિક્ષા માગી લાવતા, ધ્યાન-તપમાં સમય વિતાવતા અને પર્ણકુટીમાં રહેતા. પારધીઓના મુખી ઉપકનો ખૂબ આદર કરતા. ઉપકને કશી વાતે મુશ્કેલી ન પડે તેનું ધ્યાન રાખતા.

એક વાર મુખી ત્રણ-ચાર દિવસ માટે બહારગામ ગયા. જતાંજતાં પોતાની પુત્રી ચાપાને કહી ગયા કે શ્રમણ ઉપકને કશી વાતે ઓછું ન આવે તે જોજે. ચાપા જ રોજ શ્રમણને ભિક્ષા આપતી. ચાપામાં ભરપૂર માંસલ, ગ્રામસૌંદર્ય ભરાઈને બેઠું હતું. શુદ્ધ ખોરાક, ખુલ્લી હવા. નફકરું જીવન અને મુખીની

એકની એક પુત્રી હોવાનું ગૌરવ - આ બધી કૃપાને કારણે ચાપાનો દેહ લાલઘૂમ, રૂપાળો ને કમનીય બની રહ્યો હતો. ચાપામાં એકાએક યૌવન ઊઘડ્યું હતું. એ જ સમયે ઉપકમાં પણ યુવાનીના મૂછના દોરા અને છાતીમાં વાળ ફૂટ્યા હતા. ભિક્ષા આપતી ચાપાને જોઈને ઉપકમાંનો આદિમ પુરુષ જાગ્રત થઈ ગયો.

ભિક્ષા લઈને ઉપક માંડમાંડ પર્ણકુટિએ પહોંચ્યા. એમનું ચિત્ત ઠેકાણે નહોતું. ચાલ લથડતી હતી. ભિક્ષાનો ઉપભોગ કરવામાં તેમનું મન લાગતું નહોતું. ઉપકના મનમાં ગડમથલ ચાલી. આટલાં વર્ષોનાં તપનો ભંગ કરી ચાપાને ભોગવવાની તીવ્ર લાલસાથી ઉપક વ્યાકુળ થઈ ઊઠ્યા. બીજી તરફથી પોતે લીધેલી દીક્ષા, પોતાની પ્રતિભા લાજતી હતી. ઉપકે ઘણો પ્રયાસ કર્યો પણ એ ચિત્તને ચાપાથી મુક્ત ન કરી શક્યા. ત્રણ દિવસ એ પર્ણકુટિમાં જ પડ્યા રહ્યા.

મુખી ઘરે આવ્યા ત્યારે તેમણે ચાપાને શ્રમણ વિશે પૂછ્યું. ચાપાએ જણાવ્યું કે ત્રણ દિવસથી શ્રમણ ભિક્ષા લેવા આવ્યા જ નથી ! મુખીને ચિંતા થઈ. તે પર્ણકુટિમાં તપાસ કરવા ગયા. શ્રમણ તો ભૂખ્યા-તરસ્યા, પડખાં ઘસતા સૂતા પડ્યા હતા. મુખીએ શ્રમણના સ્વાસ્થ્ય વિશે પૂછ્યું. ઉપકને થયું, 'છુપાવવા કે દંભ કરવાનો કોઈ અર્થ નથી. ચાપા વગર પોતે જીવી શકતો નથી.' ઉપકે મુખીને નિખાલસ થઈ પોતાની સર્વ વીતક અને



એષણા કહી. મુખીને આશ્ચર્ય તો થયું. 'પણ શ્રમણને મરવા તો ન જ દેવાય! વળી પુત્રીને ક્યાંક પરણાવવાની તો છે જ. તો આ શ્રમણ શું ખોટા?'

ચાપાનાં લગ્ન શ્રમણ ઉપક સાથે થયા. ઉપક તો ચાપાના સૌંદર્યમાં ડૂબી ગયા. એક પુત્ર પણ થયો. પછી તો આજીવિકા માટે એમણે માંસ વેચવાનું કામ કર્યું. મજૂરી કરી, પણ અન્ય પારધીઓની સરખામણીમાં એમનું કામ અને કમાણી નબળાં રહ્યાં. આસપાસનાં લોકો તેમની હાંસી ઉડાવવા લાગ્યા. તેમની પત્ની ચાપા પણ તેમને મહેણાં મારવા લાગી. સંસારનાં ઈર્ષ્યા, મોહ, મત્સર વગેરે ભાવોથી શ્રમણ ઉપક ત્રાસી ગયા. જ્ઞાન, અનુભવ પછી હવે તેમણે પત્ની, પુત્રનો ખરેખરો ત્યાગ કર્યો અને વૈરાગ્ય તરફ વળ્યા.

જ્ઞાન-અનુભવ વગરનો વૈરાગ ઘણી વાર ટકતો નથી.

*

# ૯૦. ઈશ્વરનું અસ્તિત્વ

પૂરણચંદને સિદ્ધ થઈ ઈશ્વરદર્શન માટે ભારે ધગશ હતી. સાધના કરાવવા તેણે ગુરુને બહુ આજીજી કરી. પૂરણચંદને રૂપાળી નાની નારાયણની મૂર્તિ આપી. નારાયણમંત્ર પણ આપ્યો. ગુરુએ પૂરણચંદને શીખ આપી, ''દરરોજ મૂર્તિ સામે બેસી નારાયણમંત્રના જાપ જપજે. નારાયણ પ્રસન્ન થશે.'' પૂરણચંદે રોજ સવારે નારાયણની મૂર્તિ સમક્ષ બેસી નારાયણમંત્રના જાપ જપવા માંડ્યા. છ મહિના વીતી ગયા, પણ સાધનાથી કંઈ વળ્યું નહીં. પૂરણચંદને ઈશ્વરની કોઈ પ્રતીતિ થઈ નહીં. એ ગુરુ પાસે ગયો ને ફરિયાદ કરી, ''છ મહિનાથી બરાબર નિયમિત જાપ કરું છું. પણ કોઈ પરિણામ નથી. હું તો કંટાળ્યો છું.''

ગુરુએ પૂરણચંદને શિવની મૂર્તિ આપીને કહ્યું કે રોજ શિવમંત્રના જાપ કર. શિવમંત્ર પણ શીખવાડ્યો. ગુરુએ કહ્યું,



''શિવ ભોળા ગણાય છે. વહેલા પ્રસન્ન થાય છે.'' પૂરણચંદે ઘરે જઈ નારાયણની મૂર્તિ અભરાઈએ ચડાવી દીધી અને શિવમંત્રના નિયમિત જાપ કરવા માંડ્યા. છ મહિના વીતી ગયા, પણ કોઈ પરિણામ ન મળ્યું. પૂરણચંદ પાછો ગુરુ પાસે પહોંચ્યો અને ફરિયાદ કરી. ગુરુજીને એણે વિનંતી કરી, 'મારી પરીક્ષા ન કરો ગુરુજી, મહેરબાની કરી મને એવા દેવ અને એવો મંત્ર આપો કે દેવ મારા પર ઝટ રીઝે.'

ગુરુએ જોયું કે ભક્ત બેબાકળો થયો છે. લગની છે પણ પ્રબુદ્ધતા આવી નથી. ગુરુએ આ વખતે કાલીમાઈની મૂર્તિ આપી. દેવીમંત્ર શીખવ્યો અને બરાબર જાપ કરવા કહ્યું. પૂરણચંદ ઘરે ગયો. શિવની મૂર્તિને નારાયણની મૂર્તિની બાજુમાં અભરાઈ પર મૂકી દીધી. પૂજાસ્થાને દેવીની સ્થાપના કરી. દેવીની પૂજા કરી. દીવો કર્યો અને દેવીને પ્રિય એવી અગરબત્તી પણ પેટાવી.

પૂરણચંદે જોયું કે અગરબત્તીનો સુગંધી ધુમાડો ઉપર જતો હતો અને છેક અભરાઈ પર શિવની મૂર્તિ સુધી પહોંચતો હતો. પૂરણચંદ ચિડાયો. શિવને ધુમાડાની સુગંધ લેવાનો શો અધિકાર હતો? એમણે તો જરાય કૃપા નહોતી કરી. એણે શિવની મૂર્તિ અભરાઈએથી ઉતારી એના નાકમાં રૂ ખોસ્યું જેથી શિવને સુગંધ ન મળે. તરત શિવ પ્રગટ થયા અને પૂરણચંદને આશિર્વાદ આપવા માંડ્યા. પૂરણચંદને આશ્ચર્ય થયું. એણે કહ્યું, ''શિવજી,

તમારા જાપ કર્યા ત્યારે તમે પ્રસન્ન ન થયા અને હવે એકાએક કેમ પ્રસન્ન થયા?''

શિવે જવાબ આપ્યો, ''વત્સ, તું મને ચેતન વગરની જડ મૂર્તિ માની જાપ જપતો હતો. તેથી હું પ્રસન્ન ન થયો, પણ જેવો તે મને ચેતનવંતો માન્યો કે હું પ્રસન્ન!''

ચેતનવંત અસ્તિત્વ માની ઈશ્વરને જપીએ તો જ જપ ને પૂજા પહોંચે.

*



# ૬૧. રામકથા

વાલ્મીકિ ઋષિએ મહાકાવ્ય 'રામાયણ' લખી રામકથાને અમર કરી છે. તે પછી રામાયણની કથા જુદા જુદા હસ્તે જુદાં જુદાં રૂપ પામતી રહી છે. મૂળ 'રામાયણ' માં પણ ઘણા ઉમેરા, સુધારા, કાપકૂપ અને તોડ-મરોડ થયાં છે. દક્ષિણમાં રામકથા જુદા જ રૂપે પ્રચલિત છે. ક્યાંક ક્યાંક રાવણ નાયક તરીકે નિરૂપાયા છે. આપણી ગુજરાતી લોકકથાઓમાં 'છક્કડિયા દુહા'ઓના બંધમાં રામકથા કંઠસ્થ રીતે જળવાઈ છે. આ કંઠસ્થ પરંપરાની કથાઓમાં કેટલીક નવી, ન જાણીતી આખ્યાયિકાઓ પણ વાંચવા મળે છે. આવી એક આખ્યાયિકાની વાત કરવી છે.

આખ્યાયિકા કંઈક આ પ્રમાણે છે : દશરથ રાજા અયોધ્યામાં રાજ કરતા હતા. પ્રજા સુખી હતી. રાજ સુપેરે ચાલતું હતું. રાજા એક વાર દેવલોકમાં દર્શનાર્થે ગયા. દેવોએ રાજાને

તલ આપ્યા. ભૂલથી તલનો એક દાણો દશરથની મૂછે વળગી રહ્યો. રાજાએ તલનો એ દાણો વૃંદાવનમાં વાવ્યો. એમાંથી તલનો મબલક પાક ઊતર્યો. રાજાએ મુનિઓને બોલાવી તલનો હોમહવન કર્યો. હોમહવનનો ધુમાડો આકાશે દેવલોક સુધી પહોંચ્યો. બ્રહ્માને રાજાની ભૂલ, હોમહવનનો ખ્યાલ આવ્યો. એ ગુસ્સે થયા. તેમણે દશરથને તેડાવ્યા. રાજાએ તલ ચોંટી રહેલો તે ભૂલની કબૂલાત કરી.

બ્રહ્માએ દશરથની ભૂલ માટે તેને શાપ આપવાનો નિર્ધાર કર્યો. દશરથને પૂછ્યું, 'કાં તો તારા રાજમાં બાર વર્ષનો દુકાળ પડે એવો અથવા તારે ઘરજમાઈ થઈ રહેવું પડશે એવો શાપ આપીશ. બોલ, કયો શાપ પસંદ છે?' ઘરજમાઈ જેવી માનહાનિ કે આપત્તિને બદલે રાજાએ બાર વર્ષના દુકાળનો શાપ પસંદ કર્યો.

બાર વર્ષના દુકાળમાં સઘળું હોમાઈ ગયું. રાજમાં સંઘરી રાખેલ અન્ન પાણી વપરાઈ ગયાં. શાપના નિવારણ માટે વિભાંદ ઋષિના એકશીંગી પુત્રને અયોધ્યા લાવવાનો માર્ગ સૂચવાયો. એક વેશ્યાએ તપસ્વીનું રૂપ ધારણ કરી એકશીંગીને અયોધ્યા લાવવાનું બીડું ઝડપ્યું. એકશીંગીને સ્વાદિષ્ટ ફળનો વ્યાસંગ લગાડી તપસ્વી-વેશ્યા એકશીંગીને અયોધ્યા લઈ આવી. પગલે પગલે વરસતો વરસતો મેઘ આવ્યો. વર્ષાનું આગમન થયું.



અન્નજળની લીલાલહેર થઈ ગઈ. એકશીંગીને એક નાનું રાજ્ય આપી દશરથે તેને પોતાના રાજ્યમાં સ્થિર કર્યો.

રામકથામાં છક્કડિયા દુહા દ્વારા આવી આખ્યાયિકા કેમ ઉમેરી હશે? ઉપદેશ સ્પષ્ટ છે. એ વખતે ઘરજમાઈ થવાનું પ્રચલિત હશે. બાર વર્ષના દુકાળ કરતાંય ઘરજમાઈપદ હીણું છે, એવું બતાવવાનો કથાનો હેતુ છે. જીભના સ્વાદના નાદ વડે તપસ્વીનેય ધારીએ ત્યાં દોરી શકાય. એ બતાવ્યું છે. વેશ્યાના હૃદયમાં પણ રાજ્યનું હિત વસેલું હોય છે. તે સમાજ માટે ઉપકારક કામ પણ કરી શકે છે.

*

# ૯૨. પૂજા

ક્ષત્રિયોમાં શિવપૂજનનો ભારે મહિમા હોય છે. અર્જુન રોજ પ્રભાતે ધામધૂમથી શિવપૂજા કરતો. એણે ભવ્ય પૂજાખંડ બનાવડાવ્યો હતો. ઉત્તમ શિલ્પીઓએ કંડારેલી મોટી શિવમૂર્તિની ખંડમાં સ્થાપના કરી હતી. પૂજાનાં એનાં વાસણો અને સાધનો સોના અને ચાંદીનાં હતાં. પૂજા માટે ગંગાજળ લાવવામાં આવતું. છાબડી ભરીને ફૂલ ચડાવતાં. અર્જુનની પૂજા બેત્રણ કલાક ચાલતી. અર્જુનની પૂજાનાં વખાણ થતાં. અર્જુન એ પ્રશંસાથી પોરસાતો.

બીજે પક્ષે અર્જુનનો જ ભાઈ ભીમ પૂજા જેવું કંઈ કરતો નહીં. માત્ર જમવાના સમયે ભોજન પહેલાં મનમાં શિવસ્તોત્ર બોલતો અને પછી જ ભોજન આરોગતો. પૂજા ન કરનારા ભીમને અર્જુન તુચ્છ ગણતો અને તેની ટીકા કરતો.



એક વાર અર્જુન સખા કૃષ્ણ સાથે વિહાર કરતો હતો. અચાનક કૃષ્ણે કહ્યું, 'ચાલ અર્જુન, આજે તને શિવલોકમાં શિવદર્શને લઈ જાઉં.' અર્જુન તો રાજી રાજી થઈ ગયો. બંનેએ શિવલોક ભણી પ્રયાણ કર્યું. રસ્તામાં એક સ્થળે અર્જુને જોયું તો ગાડું ભરીને એક અનુચર ફૂલો લઈ જતો હતો. અર્જુને તેને રોકી પૂછવા ધાર્યું, 'ક્યાંથી આ ફૂલો લાવે છે અને ક્યાં લઈ જાય છે?' પણ અનુચર ઉતાવળમાં હતો. તે ઊભો જ ન રહ્યો. ત્યાં તો એક પછી એક કેટલાય અનુચરો ગાડાં ભરી ભરી ફૂલો લઈ જતા દેખાયા. અંતે એકને તો અર્જુને ઊભો જ રાખ્યો અને પૂછી જ લીધું. તે અનુચરે કહ્યું, 'આ બધાં ફૂલો ભીમે શિવને ચડાવ્યાં હતાં. તે બધાં નદીમાં પધરાવી, તેમનું મંદિર કાલ પહેલાં સાફ કરી નાખવાનું છે જેથી તેઓ આવતી કાલે બીજાં ફૂલ ચડાવી શકે. તેથી અમે ઉતાવળમાં છીએ.'

અનુચરે કહ્યું, 'તમારી ભૂલ થતી લાગે છે. આ ભીમના ચડાવેલાં નહીં પણ અર્જુને ચડાવેલાં ફૂલો હશે.' અર્જુને કહ્યું. અનુચરે જવાબ આપ્યો, 'અમારી કોઈ ભૂલ થતી નથી, આ ભીમે ચડાવેલાં ફૂલો જ છે.' ત્યાં જ છાબડી લઈ એક અનુચર નીકળ્યો. અર્જુને તેને પૂછ્યું, 'આ કોનાં ચડાવેલાં ફૂલો છે?' અનુચરે જવાબ આપ્યો, 'અર્જુનના.' અર્જુનને આશ્ચર્ય થયું. સાથે ચાલતા ભગવાન કૃષ્ણ તરફ તેણે જોયું. કૃષ્ણ મર્મમાં હસતા

હતા. અર્જુન સમજી ગયો.

ભગવન્ કૃષ્ણે કહ્યું, 'અર્જુન, પૂજા માટે એક મોટું મંદિર કે ધામધૂમની જરૂર નથી. મનોમંદિર ઘણું વિશાળ છે. તેમાં મનોમન પૂજા કરીએ, સ્તોત્ર બોલીએ તો સ્તોત્રનો પ્રત્યેક અક્ષર ફૂલ ચડાવ્યા બરાબર છે.'

અર્જુને કહ્યું, 'ભગવન્, આટલી શીખ માટે મને અહીં લાવવાની જરૂર નહોતી. તમે ઘરે જ કહ્યું હોત તો હું સમજી જાત કે પૂજાનો દેખાવ કે દંભ ખોટો છે. નિષ્ઠાપૂર્વકની મનોમન પૂજા જ સાચી પૂજા છે.'

*



# ૯૩. પ્રશ્નોપનિષદ

મહાભારતના યુદ્ધ-પ્રારંભનું દૃશ્ય ભારે નાટ્યાત્મક છે. એક બાજુ કૌરવોની અગિયાર અક્ષૌહિણી સેના ઊભી છે. સામે પાંડવોની સાત અક્ષૌહિણી સેના ઊભી છે. સારથિ બનેલા ભગવાન કૃષ્ણને અર્જુન કહે છે, 'હે અચ્યુત, મારો રથ બંને સેનાની વચ્ચે ઊભો રાખો.' અર્જુન કૌરવસેના નિહાળે છે અને કહે છે, 'હે કૃષ્ણ! લડવાની ઈચ્છાથી ઊભેલાં આ સગાંઓને જોઈને મારાં અંગ શિથિલ થયાં છે, મુખ સુકાય છે, શરીર કંપે છે...' વગરે. આ લક્ષણો જેને આજે 'ડિપ્રેશન' અથવા 'વિષાદ' કહીએ છીએ, તેનાં છે. આ વર્ણન કરતાં ગીતાના અધ્યાયને 'અર્જુનવિષાદયોગ' એવું નામ આપવામાં આવ્યું છે.

અર્જુન શું નામર્દ બની ગયો હતો? તે શું અહિંસાવાદી થઈ ગયો હતો? ના. એના મનમાં પ્રશ્ન ઊઠ્યો હતો. યુદ્ધ વિશે

પ્રશ્ન, તેના પરિણામ વિશે પ્રશ્ન, તેનાથી થનારી વિઘાતક અસરો વિશે પ્રશ્ન. આ પ્રશ્નોની મૂંઝવણથી એ 'ડિપ્રેસ્ડ' હતો. આવા પ્રશ્નો ઊઠવા એ સારી વાત છે. એ પ્રશ્નો ઊઠે તો જવાબ શોધવા નીકળવું પડે. કૃષ્ણને પૂછવું પડે. પ્રશ્ન હોય તો જ સાચું જ્ઞાન મળે છે. દુર્યોધનને પ્રશ્ન નથી. અર્જુનને પ્રશ્ન છે, મૂંઝવણ છે, વિષાદ છે. એટલે એ જ્ઞાન મેળવી શકે છે. જ્ઞાન મેળવવા માટે મનમાં પ્રશ્નો ઊઠવા જોઈએ. તેની ચિંતા થવી જોઈએ.

સેમ્યુઅલ બેકેટ નામના એક મહાન આઈરિશ નાટ્યકાર થઈ ગયા. તેમણે પોતાના આખાય જીવનને વળાંક આપનારી એક ઘટના આલેખી છે. પેરિસની ગલીમાં એ ફરતા હતા ત્યારે એક ભિખારી જેવો મુફલિસ માણસ તેમના પર ધસી આવ્યો. તેણે બેકેટની છાતીમાં એકાએક છરી ભોંકી દીધી. બેકેટ બેભાન થઈ રસ્તા પર ઢળી પડ્યા. લોકોએ છરી મારનારને પકડી પોલીસને હવાલે કર્યો. બેકેટને હોસ્પિટલ ભેગા કર્યા. બેકેટને બેએક અઠવાડિયાં હોસ્પિટલમાં રહેવું પડ્યું. એ સમય દરમિયાન બેકેટના મનમાં એક જ પ્રશ્ન ઘોળાયા કરતો હતો : 'એ માણસે શા માટે મને છરી મારી?' 'એ માણસને હું ઓળખતો નથી, મળ્યો નથી, તેનું મેં કોઈ નુકશાન કર્યું નથી, પછી શા માટે છરીનો ઘા?' બેકેટ પ્રશ્નથી મૂંઝાઈ બેસી ન રહ્યા. એ માણસને જેલમાં મળવા ગયા. પૂછ્યું, 'ભાઈ, હું તને જાણતો નથી, તારું કંઈ



બગાડ્યું નથી, તો પછી મને છરી મારવાનું કંઈ કારણ?'

પેલા માણસે બેકેટ સામે અન્યમનસ્ક જોયા કર્યું. પછી કહ્યું, 'કારણની તો મને પણ ખબર નથી. હુંય જેલમાં આવ્યો ત્યારથી વિચાર્યા કરું છું કે કશી લેવા-દેવા વગર મેં તમને શા માટે છરી મારી? It is absurd કંઈ ઢગધડો નથી.'

આપણી મુશ્કેલી એ છે કે આપણને કોઈ પ્રશ્ન થતો નથી. થાય તો એને બાજુએ મુકી બધાંની જેમ આપણે ગતાનુગતિક ચાલ્યે જઈએ છીએ. અનુભવ સંપન્ન હોય, પ્રશ્નો મૂંઝવતા હોય, મથામણ હોય તેમાંથી જ સારું સાહિત્ય નીપજે.

*

# ૯૪. લક્ષ્મી

વારાણસીમાં એક પવિત્ર અને ધર્મિષ્ઠ બ્રાહ્મણ વસતો હતો. તેના કપોલમાં સૌભાગ્યલક્ષ્મી, યશોલક્ષ્મી અને કુલલક્ષ્મીનો વાસ હતો. તેથી તેનું ભાગ્ય બળવાન હતું. તેને સર્વત્ર યશ પ્રાપ્ત થતો હતો અને તેના કુટુંબમાં સુખ-શાંતિ હતાં.

'પાન'ના દેવ અલક્ષ્મીને લઈ બ્રાહ્મણને ત્યાં ગયા. જઈને બ્રાહ્મણને કહ્યું, 'આ અબળા નારી દુર્ભાગી અને નિઃસહાય છે. મહેરબાની કરી તેને આશ્રય આપો.' બ્રાહ્મણે તરત જ અલક્ષ્મીને પોતાને ત્યાં આશ્રય આપ્યો.

અલક્ષ્મી જેવી બ્રાહ્મને ત્યાં રહેવા આવી કે તરત જ બ્રાહ્મણને ત્યાં કમનસીબ ઘટનાઓ બનવા લાગી. બ્રાહ્મણના બગીચામાં એકાએક જીવ-જંતુઓનો ઉપદ્રવ થયો. ફૂલો સુકાઈ ગયાં. ફળો સડવા લાગ્યાં અને વૃક્ષો ધરાશયી થવા માંડ્યાં. રાતે



બ્રાહ્મણે કોઈ સ્ત્રીના રુદનનો અવાજ સાંભળ્યો. બ્રાહ્મણ જાગી ગયો. તેના કપોલમાંથી સૌભાગ્ય લક્ષ્મીજી બહાર નીકળ્યાં અને ચાલવા માંડ્યાં. સૌભાગ્યલક્ષ્મીએ કહ્યું કે બ્રાહ્મણે ઘરમાં અલક્ષ્મીને રાખ્યાં છે તેથી તેઓ ચાલ્યાં જાય છે. બ્રાહ્મણે સૌભાગ્યલક્ષ્મીને વંદન કર્યાં અને વિદાય દીધી.

થોડા જ દિવસોમાં બ્રાહ્મણના ખેતરમાં અને અન્નભંડારમાં જીવાત અને કીડા પડ્યાં અને ઊભો પાક નાશ પામ્યો. અનાજ વાપરવા જેવું ન રહ્યું. બ્રાહ્મણે શાંતિથી નુકશાન વેઠી લીધું. બે-ચાર દિવસ થયાને ગામમાં વાત ઊડી કે બ્રાહ્મણ વ્યભિચારી છે. ઘરમાં કામ કરનારી દાસી સાથે તેને આડો સંબંધ છે. કુટુંબના માણસો પણ તેને છોડી જવા તત્પર થયા. તે રાતે પણ બ્રાહ્મણે સ્ત્રીઓના રડવાના અવાજો સાંભળ્યા. બ્રાહ્મણ જાગી ગયો. તેના કપોલમાંથી બે સ્ત્રીઓ નીકળી ચાલી જવા લાગી. એમણે કહ્યું, 'અમે યક્ષોલક્ષ્મી અને કુલલક્ષ્મી છીએ. અમે ઘણાં વર્ષો તમારા કપોલમાં નિવાસ કર્યો, પણ હવે તમે અલક્ષ્મીને ઘરમાં રાખી છે તેથી અમે ચાલ્યાં જઈએ છીએ.' બ્રાહ્મણે બંનેને પ્રણામ કર્યા અને વિદાય આપી.

ત્રીજે દિવસે ફરી રુદનનો અવાજ સંભળાયો. બ્રાહ્મણે જાગીને જોયું તો એક દિવ્ય પુરુષ તેના શરીરમાંથી નીકળી વિદાય લઈ રહ્યા હતા. તેમણે કહ્યું, 'હું ધર્મ છું અને હવે તારે ત્યાંથી

વિદાય થાઉં છું.'

બ્રાહ્મણે પૂછ્યું, 'મારો કોઈ વાંક-ગુનો? મેં કોઈ અધર્મ આચર્યો છે?'

ધર્મે કહ્યું, 'તેં અલક્ષ્મીને આશ્રય આપ્યો છે.'

બ્રાહ્મણે જવાબ આપ્યો : 'એક નિરાધાર સ્ત્રીને આશરો આપવો એ મારો ધર્મ હતો.'

ધર્મે થોડીવાર વિચાર કર્યો અને બ્રાહ્મણના ધર્મરાજ પાછા ફર્યા. બીજે દિવસે સૌભાગ્યલક્ષ્મી, યશોલક્ષ્મી અને કુલલક્ષ્મી પણ પાછાં ફર્યા. બ્રાહ્મણના બાગ-બગીચા, ખેતર-ભંડાર ફરી સમૃદ્ધ થઈ ગયાં.

જ્યાં ધર્મ ત્યાં સૌભાગ્ય, યશ, કુલકલ્યાણ, લક્ષ્મી અને જય.

*



# ૯૫. કુસંગ

સૌભરી મંત્રદ્રષ્ટા ઋષિઓના કુળમાં જન્મ્યા હતા. કુળદીપક પુત્ર હતા. ગુરુઓ પાસે સમસ્ત વેદ-વેદાંગોનો અભ્યાસ કર્યો હતો. તેમના અંતરને વૈરાગ્ય સ્પર્શી ગયો હતો. સંસારનાં વિષયસુખો ક્ષણભંગુર છે તેની તેમને પ્રતીતિ થઈ ગઈ હતી. અભ્યાસ પૂરો કરી સૌભરી પોતાનાં ગૃહે પાછા આવ્યા. સુંદર, સુદૃઢ, તેજસ્વી અને વિદ્વાન પુત્રને જોઈ માતાને તેમને પરણાવવાનું મન થયું. પિતાને પણ પ્રજાતંતુ ને વંશવેલો ચાલુ રહે એ જોવાની ઉત્કંઠા હતી. બંનેએ સૌભરી સમક્ષ લગ્ન કરવા પ્રસ્તાવ મૂક્યો.

સૌભરીએ વિવેક અને ઠાવકાઈથી કહ્યું, 'પિતાજી, માતાજી, તમારાથી સંસારમાં રહેલા લોકોના શોક, મોહ, કલેશ, અભાવ વગેરે અજાણ્યાં નથી. આવા સંસારમાં મને શા માટે ધકેલો છો? કૃપા કરી મને તપ કરવાની અને વૈરાગ્યની મંજૂરી આપો.'

માતા-પિતાએ સૌભરીને ખૂબ સમજાવ્યા, પણ સૌભરી એકના બે ન થયા. માતાપિતાએ પુત્રની ઈચ્છા અને એનું સુખ જોઈ પોતાનો આગ્રહ પડતો મૂક્યો. તપ અને વૈરાગ્યનું જીવન જીવવા સૌભરી વિદાય થયા. એમણે વિચાર કર્યો કે જગતની કોઈ ચીજવસ્તુ વિચલિત ન કરે તેવી જગાએ બેસી તપ કરવું. તેમણે પવિત્ર એવી ગંગા નદીમાં બેસી તપ કરવા માંડ્યું. બીજો કોઈ સંગાથ નહોતો, પણ આસપાસ મત્સ્ય-દંપતીઓની પ્રેમ-કેલિઓ, માછલીઓનો ખોટો રોષ, મત્સ્યરાજોનાં મનામણાં, માછલીનાં નખરાં, ઉન્માદક સંગતિ, વિલાસમય નાચવું-કૂદવું, બચ્ચાંઓ સાથેની તેમની રમતો આ બધું નિહાળી ઋષિના મનમાં પણ ઊછળ-કૂદ કામવાસના અને વિષયસુખની ઈચ્છા જાગ્રત થઈ. કામુક દશ્યો, ચિત્રો, વાચન ઈત્યાદિ કામને પ્રદીપ્ત થાય છે.

સૌભરી ગંગામાંથી બહાર નીકળ્યા. મહારાજ ત્રસદયની પચાસ પુત્રીઓ હતી. સૌભરીએ ત્યાં જઈ કન્યાદાન આપવા માગણી કરી. ઋષિને ના તો પાડી શકાય નહીં. રાજાએ ના પાડવા યુક્તિ કરી. તેમણે કહ્યું, 'મારી પચાસ પુત્રીઓમાંથી જે તમને પસંદ કરે તેનું કન્યાદાન હું આપીશ.' રાજાને થયું આવા વૃદ્ધ ઋષિને કોઈ કન્યા પસંદ નહીં કરે. પરંતુ સૌભરી સુંદર યુવાનનું રૂપ લઈ અંતઃપુરમાં દાખલ થયા. રાજાની બધી જ



પુત્રીઓ તેમને પરણવા તૈયાર થઈ. ઋષિ પચાસે કન્યાઓને પરણ્યાં. ઈન્દ્ર પાસે વરદાન મેળવી એ પચાસ કન્યાઓ સાથે સુંદર મહાલયમાં જુદાં જુદાં સ્વરૂપે કામસુખ ભોગવવા લાગ્યા. પણ દરેક અતિરેક નુકસાન કરે છે, અભાવ અને અણગમો પેદા કરે છે. સૌભરીની એ જ દશા થઈ.

મન-હૃદયમાં વિષયસખ માટેનો કીડો લપાયેલો છે. એને કુસંગનો સાથ મળે એટલે એ હજાર ગણો થઈ પાંગરે છે અને સર્વનાશ કરે છે. આપણામાં રહેલી સૂક્ષ્મ વાસનાઓથી ચેતવા જેવું છે, સૂક્ષ્માતિસૂક્ષ્મ કુસંગથી બચવા જેવું છે. સોય જેવડા બિંદુએથી સેતાન પ્રવેશે છે અને કુસંગથી પગ ફેલાવે છે.

*

# ૯૯. આત્મનિરીક્ષણ

સેરીગ્રામ નામે એક નાના ગામમાં શંખ અને નંદન નામના બે વણિક રહેતા હતા. બંને નજીકના અંધપુર નગરમાં જરી-પુરાણો અને જૂનો સામાન લેવા અને નવાં વાસણ-કૂસણ લેવા-બદલવા કે વેચવાની ફેરી કરતા. બંનેના સ્વભાવમાં મોટો તફાવત. શંખ આકરો, લોભી, લુચ્ચો; નંદન, મળતાવડો, ઉદાર, ભરોસાપાત્ર.

શંખ અને નંદન બંને મહેનત તો સરખી કરતા, પણ શંખનો વેપાર માંડ માંડ ચાલતો, નફો ઓછો રહેતો. નંદન પ્રમાણમાં સારું કમાતો. શંખને ઈર્ષ્યા થતી. એ માનતો કે નંદન લુચ્ચાઈથી તેનો ધંધો ખૂંચવી લેતો હતો. શંખે યુક્તિ લડાવી. એણે નંદનને સૂચવ્યું કે આપણે એવું કરીએ કે અંધપુરને બે ભાગમાં વહેંચી નાખીએ. એક ભાગમાં મારે ફરવાનું, બીજા ભાગમાં તારે.



બંનેએ આખા ગામમાં રખડવાનું નહીં રહે. નંદને વાત કબૂલ રાખી.

સ્વીકારેલી યોજના પ્રમાણે કર્યા છતાં શંખની આવક ન વધી, એના ગુસ્સા અને લુચ્ચાઈને કારણે એ ગ્રાહકો ગુમાવતો. હવે શંખે બીજી યોજના મૂકી. એણે સૂચવ્યું કે એક દિવસ એક ભાગમાં નંદન જાય. તે દિવસે શંખ બીજા ભાગમાં જાય. બીજે દિવસે બંનેએ વિસ્તાર બદલવા. આ વ્યવસ્થામાંય શંખને લાભ ન થયો. તેણે ત્રીજી વ્યવસ્થા સૂચવી. એક જણ સવારે એક ભાગમાં જાય, બીજો ત્યારે બીજા ભાગમાં જાય. બપોરે વિસ્તારની અદલ-બદલ કરી નાખવાની.

અંધપુરમાં એક ઘસાઈ ગયેલું ધનાઢ્ય કુટુંબ હતું. કુટુંબમાં હવે ઘરડાં દાદી અને નાની પૌત્રી જ હતાં. છોકરી કામ કરી થોડું કમાતી. બાકી જૂની ઘરવખરી વેચી બંને પેટ ભરતાં છોકરીને (ખોટા) મોતીની માળાનું ઘેલું લાગ્યું. દાદી કહેતાં મોતીની માળા માટે એક દોઢ રૂપિયો ક્યાંથી કાઢવો. જૂની ઘરવખરીમાંથી છોકરી એક થાળી લઈ આવી. થાળી વેચી માળા લેવા વિચાર્યું. એ દિવસે એ ભાગમાં સવારનો વારો શંખનો હતો. છોકરીએ તેને હોંશે હોંશે બોલાવ્યો. થાળીના બદલામાં માળા માગી. શંખે થાળીની ધૂળ સાફ કરી, તીણું સાધન ઘસી થાળી ચકાસી. તરત ખબર પડી કે થાળી તો સોનાની હતી. સહેજે બે હજારની થાય, પણ

તેણે તો છોકરીને ટૈયડકાવી. આ થાળીના તો બે આના આવે. માળા ન આવે. એ ચાલતો થયો.

બપોરે નંદન ત્યાંથી નીકળ્યો. દાદીએ એને બોલાવી કહ્યું, 'ભાઈ, આ છોકરીને માળા પે'રવાનું મન થયું છે. થાળીના બદલામાં માળા મળે?' નંદને કહ્યું, 'દાદી, છોકરીનું મન રાખવા હું તો એમ ને એમેય માળા આપું. તમારી પોતી એ મારીય દીકરી!' થાળી ચકાસતાં તે આભો થઈ ગયો, 'દાદી, આ તો સોનાની થાળી છે. બે હજાર રૂપિયાની. એટલા રૂપિયા મારી પાસે નથી. અત્યારે પાંચસો ને માળાઓ સહિતનો મારો બધો સામાન રાખો. બાકીના પછી આપું.' પૌત્રી ને દાદી ન્યાલ થઈ ગયાં.

સાંજે શંખ આવ્યો કહે, 'કહો તો ચાર આના આપું. થાળી લાવો.' સાચી વાત જાણી ત્યારે થાળી ગુમાવ્યા બદલ શંખ ગાંડો થઈ ગયો. ઓછી આવક માટે બીજાને દોષ દેવાને બદલે આત્મનિરીક્ષણ કરવું જોઈએ. મળતાવડા, માયાળુ ને ભરોસાપાત્ર બનવું જોઈએ તો ધંધો ચાલે ને વધે.

*



# ૯૭. બ્રહ્માનું અભિમાન

બ્રહ્માને એક વાર અભિમાન થયું : 'મારા જેટલું લાંબુ જીવનાર કોણ છે?' એમણે ભગવાન વિષ્ણુ પાસે જઈ બડાઈ મારી, 'હું ચિરંજીવ છું. મારું જીવન લાંબામાં લાંબું છું.' વિષ્ણુએ કહ્યું, 'એવું નથી, તમારા કરતાંય લાંબુ જીવનારા છે.' બ્રહ્માએ કહ્યું, 'એ કેવી રીતે બની શકે? મેં જ તો બધાને સર્જ્યા છે?' વિષ્ણુએ કહ્યું, 'મારી સાથે ચાલો.'

વિષ્ણુ બ્રહ્માને રોમસ મહામુનિ પાસે લઈ ગયા. વિષ્ણુએ મુનિને તેમની ઉંમર પૂછી અને તેઓ કેટલું લાંબુ જીવવાના છે, તે પણ પૂછ્યું. મહામુનિએ જવાબ આપ્યો, 'એક યુગમાં હજારો વર્ષનો સમાવેશ થાય છે. એ બધાં વર્ષોને ભેગાં કરો ત્યારે બ્રહ્માનો એક દિવસ ને રાત થાય. આવા યુગોના બનેલા દિવસ-રાતનાં ૧૦૦ વર્ષ પછી બ્રહ્માનું મૃત્યુ થાય. આવા એક મૃત્યુ સમયે મારો

એક વાળ ખરે છે. આ રીતે મારા થોડા વાળ ખર્યા છે, પણ ઘણા વાળ હજી ખરવાના બાકી છે. એ બધા ખરી જશે ત્યારે હું મૃત્યુ પામીશ.' બ્રહ્મા તો આભા થઈ ગયા.

વિષ્ણુ તે પછી બ્રહ્માને અષ્ટાવક્ર મુનિ પાસે લઈ ગા. તેમનાં આઠ અંગો વાંકાંચૂકાં હતાં. વિષ્ણુએ તેમને તેમના આયુષ્ય વિશે પૂછ્યું, અષ્ટાવક્ર મુનિએ જવાબ આપ્યો, 'રોસ મહામુનિ મૃત્યુ પામે ત્યારે મારું એક અંગ વાંકામાંથી સીધું થાય છે. એ રીતે આઠે અંગો સીધાં થશે પછી હું મૃત્યુ પામીશ. ટૂંકમાં, આઠ રામોસ મુનિઓના લાંબા કાળે મૃત્યુ પછી મારું મૃત્યુ થશે.'

હવે આગળ જવાની બ્રહ્માની તૈયારી નહોતી. શરીર અને આયુષ્યના લાંબા હોવાનો તેમનો ગર્વ ઊતરી ગયો. લાંબા જીવનની કે શરીરના લાંબુ ટકવાની કોઈ મહત્તા નથી.

કેટલાય લોકો લાંબું જીવવા માટે ગૌરવ અનુભવે છે. 'હું તો એંસી વર્ષનો થયો.' એમ કહી અભિમાન કરે છે. કેટલું જીવ્યા એનું મહત્ત્વ નથી. વિશ્વને, સૃષ્ટિને, માનવજાતને, પ્રાણીજગતને જીવનમાં શું આપ્યું એનો મહિમા છે. શંકરાચાર્ય, વિવેકાનંદ, ઝવેરચંદ મેઘાણી, કલાપી અને વિશ્વના કેટલાય નામાંકિત વિજ્ઞાનીઓ બહુ નાની ઉંમરે મૃત્યુ પામ્યાં. છતાંય આજે તેઓ તેમના કામથી અમર છે. ૧૦૦ વર્ષ કે તેથીય વધુ જીવનારાઓએ કોઈક 'રેકર્ડ' (સીમાસ્તંભ) સર્જ્યો હશે. પણ તેથી શું? પથ્થરો



હજારો વર્ષ જીવે છે.

યૌગિક વ્યાયામથી મનુષ્યજીવન લંબાવીએ તેથી જ્ઞાની થવાતું નથી. ખરેખર તો જ્ઞાનીને શરીરનો મોહ હોતો નથી. શરીર પોતે જ એક વ્યાધિ છે. સમય આવે ત્યારે શરીર નષ્ટ થાય એ જ ઈષ્ટ છે.

*

# ૯૮. માનવચેતના

મહાભારત કહે છે કે કાયદાઓ અલગ અલગ હોય છે અને (contradictory) ક્યારેક વિરોધી હોય છે. તેથી મહાપુરુષોનું વર્તન નિહાળી તે પ્રમાણે કરવું. તેમને અનુસરવું એ ન્યાયનો માર્ગ છે. રામાયણ સાતેક હજાર વર્ષ પહેલાંના સમયમાં લખાયું. તેના કિષ્કિંધાકાંડમાં એવી ઘટના આવે છે કે વૃક્ષ પાછળ છુપાઈને રામ વાલીને બાણ મારે છે. મૃત્યુ પામી રહેલો વાલી ફરિયાદ કરે છે કે રામે અધર્મ આચર્યો છે. સામી છાતીએ લડવાને બદલે, છુપાઈને ઘા કર્યો છે. રામ જવાબ આપે છે કે વાલીએ તેના ભાઈ સુગ્રીવની પત્નીને ઓળવી લેવાનો અધર્મ આચર્યો છે. તેથી છુપાઈને તેનો વધ કરવામાં અધર્મ નથી.

પાંચેક હજાર વર્ષ પહેલાં લખાયેલા મહાભારતમાં યુદ્ધ સમયે કર્ણનો રથ ભાંગી જાય છે. તેનાં શસ્ત્રો ફંગોળાઈ જાય છે.



તેની દલીલ છે કે આવી નિશસ્ત્ર સ્થિતિમાં તેના પર વાર કરવો એ અધર્મ છે. અર્જુન અવઢવમાં છે. કૃષ્ણ કહે છે કે દ્રૌપદીનાં ચીર ખેંચવામાં આવ્યાં ત્યારે કર્ણ ચૂપ રહ્યો હતો. યુવાન અભિમન્યુને ચક્રવ્યૂહમાં ઘેરી ઘણાં બધાંએ મળી હત્યા કરી હતી. એવા અધર્મોનો ભાગીદાર કર્ણ ધર્મનું રક્ષણ માગી ન શકે. કૃષ્ણ અર્જુનને બાણ છોડવાની સલાહ આપે છે અને અર્જુન કર્ણનો વધ કરે છે.

પુરાણોના આવા દાખલાઓનો આધાર લઈ ઘણા કહે છે આતંકવાદીઓને ઠાર મારવામાં, તેમને કાયદો કે કોર્ટનું રક્ષણ ન આપવામાં કશું ખોટું નથી, કોઈ અધર્મ નથી. ખોટું એન્કાઉન્ટર કરી ઝબ્બે કરવું પણ ગેરવાજબી નથી.' યહૂદી અને ઈસ્લામ જેવા ધર્મોમાં 'આંખ સાટે આંખ અને દાંત સાટે દાંત' (Eye for an eye and tooth for a tooth) કાઢી લેવાનું ફરમાન છે.

વેર સામે વેરની આવી દલીલ કરનારા ભૂલી જાય છે કે યહૂદી, ઈસ્લામ જેવા ધર્મ તેમજ રામાયણ અને મહાભારત પછી માનવચેતના ઘણી આગળ વધી વિસ્તાર પામી છે. બેએક હજાર વર્ષ પહેલાં ઈશુએ વેરને બદલે ક્ષમાનો ધર્મ ઉદ્‌બોધ્યો. એક ગાલે તમાચો મારનારને બીજો ગાલ ધરવા ઉપદેશ આપ્યો. પચીસો જેટલાં વર્ષ પહેલાં થઈ ગયેલા બુદ્ધ અને મહાવીરે દયા, કરુણા અને અહિંસાનો ઉપદેશ આપ્યો. ઈશુએ કહ્યું હતું દુશ્મનને તમારો

મિત્ર ગણો. ગાંધીએ કહ્યું, કોઈ દુશ્મન છે જ નહીં. બધાંને જ મિત્ર ગણો. દુશ્મન પણ મિત્ર, પછી બદલાની ભાવના જ ન રહી. વેરથી વેર વધે, ક્ષમાથી મૈત્રી વધે.

આપણે નક્કી કરવાનું છે કે આપણે કોને અનુસરીશું. પ્રાચીન અને મધ્યકાલીન ધર્મને કે માનવજાતે વિકાસ સાધ્યો તે પછીના ઈસા, બુદ્ધ, મહાવીર, ગાંધી જેવા ફરિસ્તાઓને વેરમાં નિર્દોષ માણસો હડફેટમાં આવે અને હોમાય છે. ખોટા એન્કાઉન્ટરનો દુરુપયોગ પણ થાય. નવાણિયા કુટાઈ જાય.

વિશ્વને રહેવા જેવું શાંત સ્તળ બનાવવું હોય તો ઈસા, બુદ્ધ, મહાવીર અને ગાંધીને અનુસરવું પડશે.

*



# ૯૯. દાંપત્યધર્મ

ભારત કૃષિસંસ્કૃતિ અને ઋષિસંસ્કૃતિનો દેશ છે. પુરાણ કાળમાં ઉત્તમ ઋષિઓ થઈ ગયા. એ કાળના સાત ઋષિઓનાં નામ પરથી તો એક તારકગુચ્છને ‘સપ્તર્ષિ’ નામ અપાયું છે. આકાશમાં સહજ રીતે જોઈ શકાય એવા આ સપ્તર્ષિ તારકગુચ્છમાં કૃતુ, પુલાહા, પુલસ્ત્ય, અમી, અંગિરસ, વસિષ્ઠ અને મરીચિ એ સાત ઋષિઓનો સમાવેશ કરી તેમને અમર કર્યા છે. આમાના એક ઋષિ વસિષ્ઠના દંપત્યની વાત જાણવા જેવી છે.

વસિષ્ઠ મહાવિદ્વાન, નિઃસ્પૃહી અને કર્તવ્યપરાયણ હતા. ભણવું, ભણાવવું, અધ્યયન અને અધ્યાપન, એ જ એમનું કામ. એ કામમાં નિર્વ્યાજ રસ. બીજું કામ વર્જ્ય. ઘર, કુટિર અને આશ્રમ રાજ્યાશ્રમથી ચાલતા. જેના આશ્રયે જીવતા હોઈએ તેની થોડીઘણી કદમબોસી તો કરવી પડે.

વસિષ્ઠનાં પત્નીનું નામ અરુંધતી. ઊંચા કુળમાંથી આવેલાં. મહર્ષિ નારદનાં એ બહેન. વસિષ્ઠનું પડખું સેવીને શીલવાન, ગુણવાન, જ્ઞાનવાન અને વિદુષી બનેલાં. ઘરરખ્ખુ ગૃહિણી પણ એવાં જ.

સવારનો પહોર હતો. ઋષિ વસિષ્ઠ કુટિરના આંગણામાં રાજપુત્ર, મંત્રીપુત્ર અને અન્ય શિષ્યોને ભણાવી રહ્યા હતા. ઋષિપત્ની અરુંધતી ઓટલા પર બેસીને ચોખા વીણતા હતાં. આંખ ચોખા પર હતી, કાન ઋષિની વાણી પર હતા. વસિષ્ઠ ભણાવવામાં તલ્લીન હતા. અસ્ખલિત વાણી-પ્રવાહ વહેતો હતો. શિષ્યો અને અરુંધતી રસતરબોળ થઈ એ પ્રવાહમાં તણાતાં હતાં. ભારે રસ જામ્યો હતો.

એકાએક એકાગ્રતા તૂટી. રાજાના માણસો રાજાનો સંદેશો લઈ અચાનક આવી ચડ્યા; કહ્યું, ‘ઋષિરાજ, મહારાજને આપનું કામ પડ્યું છે. તાબડતોબ બોલાવ્યા છે. વસિષ્ઠ તૈયાર થવા ઉઠવા જતા હતા. ચોખાની થાળીમાંથી નજર ઊંચી કરી અરુંધતીએ ઋષિને વાર્યા, ‘મારા અને ઘર માટે જ તમારે રાજા કહે તેમ કરવું પડે છે ને! હું કહું છું ન જાઓ. જેટલું હશે તેમાં હું ઘર ચલાવીશ.’

પતિનું સ્વાતંત્ર્ય અને રસ સમજી જે પત્ની, પતિનાં કામ માટે સવડ કરી આપે અને બલિદાન આપે તે સાચી અર્ધાંગના.



અરુંધતીએ તે દાંપત્યધર્મ બજાવ્યો. તે કારણે અરુંધતીએ પણ સપ્તર્ષિના તારકગુચ્છ સાથે વસિષ્ઠ પાસે સ્થાન મળ્યું. આજે પણ સૌરાષ્ટ્રનાં કેટલાંક ગામડાંમાં લગ્નવિધિ સમયે સાત ફેરા સાતે પુરોહિત કન્યાને શીખ આપે છે : ‘અરુંધતી જેવી થજે.’

અમારા એક મિત્ર કહે છે કે આજની પત્ની પતિને ફક્ત ‘મની-મેકિંગ મશીન’ માને છે. મોંઘાં કપડાં, દાગીના, ગાડી, મોજ, મજા, સફર, ગુલતાન કરાવે તે પતિ સારો. છોકરાઓની અપેક્ષા પણ આવી જ. એ માટે પતિએ રાતદિવસ ગમતો-અણગમતો ઢસરડો કરવો પડે. અને પાછાં પત્ની અને છોકરાંઓ કહેશે : ‘તમે અમને તો સમય આપતા જ નથી.’

પત્ની અરુંધતી જેવો દાંપત્યધર્મ બજાવે તો ઘર નંદનવન બને. ઘરમાં સ્વર્ગ ઊતરે.

*

# ૭૦. ધર્મ

એક રાજા હતા. અત્યંત ધાર્મિક અને આધ્યાત્મિક. જે બોલે તે કરે અને તેમની કરણી એ જ તેમની વાણી. એમના મનમાં વિચાર આવ્યો. શહેરમાં રોજ મોટું બજાર ભરાય છે. ઘણા વેપારીઓ, કારીગરો અને કામગરાઓની ભરપૂર માલ વેચાય છે. પણ જેનો જરા પણ માલ ન વેચાય તેનું શું થતું હશે? એમણે જાહેર કર્યું કે જેનો કશો પણ માલ ન વેચાયો નહીં હોય તેનો માલ પોતે ખરીદી લેશે.

એક દિવસ બજારમાં એક ઊફરો ચાલનારો શિલ્પી અ-લક્ષ્મીની મૂર્તિ બનાવીને વેચવા આવ્યો. સાંજ સુધીમાં તેની મૂર્તિ કોઈએ ખરીદી નહીં. 'અ-લક્ષ્મી કોણ લે?' બજાર ઊઠી ગઈ. રાજા પાસે શિલ્પી પહોંચ્યો. અને પોતાની વેચવા મૂકેલી એકમાત્ર મૂર્તિ ન વેચાયાની વાત કરી. રાજાએ અ-લક્ષ્મીની મૂર્તિ વેચાતી



લઈ લીધી અને મહેલમાં મૂકાવી.

અડધી રાતે રાજાએ મહેલમાં કોઈ સ્ત્રીનો રડવાનો અવાજ સાંભળ્યો. તે સ્ત્રી પાસે પહોંચ્યા અને પૂછ્યું, 'બહેન, કેમ રડે છે?' એ સ્ત્રીએ કહ્યું, 'હું લક્ષ્મી છું. આ મહેલમાં હવે અ-લક્ષ્મીને વાસ મળ્યો છે, પછી હું કેમ રહી શકું?' રાજાએ કહ્યું, 'લક્ષ્મીજી, ધર્મ પાળવા માટે મેં અ-લક્ષ્મીને રાખ્યાં છે. તમે તેની સાથે રહી શકતાં ન હો તો તમને ઠીક લાગે તેમ કરો.' લક્ષ્મી તો મહેલમાંથી ચાલી ગયાં.

રાજા શયનખંડમાં પાછા ફરતા હતા ત્યાં તેમણે તેજસ્વી પુરુષને મહેલના દરવાજા તરફ જતા જોયા. રાજાએ તેમને પૂછ્યું, 'આપણ કોણ છો? ક્યાં જાઓ છો?' તે મહાપુરુષે કહ્યું, 'હું નારાયણ છું. આ મહેલમાં રહેતા લક્ષ્મી ચાલ્યાં ગયાં છે. એમના વગર હું શું કરું? માટે હું મહેલની બહાર ચાલ્યા જવા દરવાજા તરફ પ્રયાણ કરું છું.' રાજાએ નારાયણને પ્રણામ કર્યા અને કહ્યું, 'જેવી તમારી ઈચ્છા.'

રાજા આગળ ચાલ્યા. એક પછી એક તેમને બીજા દેવો મળ્યા. એ તમામ દરવાજા તરફ જતા હતા. લક્ષ્મી અને નારાયણની પાછળ એ બધા પણ મહેલ છોડી જઈ રહ્યા હતા. રાજાએ બધાને નમસ્કાર કરી વિદાય આપી.

છેલ્લે ગૌરવર્ણા સૌમ્ય અને પ્રભાવશાળી એવા એક

મહાપુરુષ મળ્યા. રાજાએ એમને પૂછ્યું, 'હે, મહાનુભાવ, આપ કોણ છો અને ક્યાં જઈ રહ્યાં છો?' મહાનુભાવે કહ્યું, 'હું ધર્મરાજ છું. બધા દેવતાઓ ગયા તેથી હું પણ આ મહેલ છોડીને જઈ રહ્યો છું.' રાજાએ પ્રણામ સાથે વિનંતી કરી. 'મહારાજ, આપ મને છોડીને ન જઈ શકો. ધર્મનું પાલન કરવા માટે જ મેં બધાં દેવ-દેવીઓને વિદા આપી છે. તમે કેવી રીતે મને છોડીને જઈ શકો?' ધર્મરાજે વિચાર કર્યો અને મહેલમાં જ રહેવાનું નક્કી કર્યું. એ પાછા વળ્યા. થોડી જ વારમાં એક પછી એક દેવ-દેવીઓ પણ પાછાં ફર્યા. ધર્મરાજને છોડી જવાનું તેમને માટે શક્ય ન હતું.

'આનંદ વચનામૃત'માં શ્રી શ્રી આનંદમૂર્તિએ આલેખેલી આ કથા દર્શાવે છે કે જ્યાં ધર્મ છે ત્યાં બધું જ છે.

*



# ૭૧. નામ છે હજાર

ઈશ્વરીય શક્તિનું સંચાલનરૂપ સંસારીઓને સવિશેષ સ્પર્શે છે. સંસારીઓમાં આથી વિષ્ણુસ્તુતિ અને વિષ્ણુસહસ્રનામનો ભારે મહિમા છે. અનેક રીતે સંસારીઓ વિષ્ણુને ભજે છે. 'વિષ્ણુ' શબ્દ મૂળ 'વિશું' ઉપરથી આવ્યો છે. 'વિશ્' એટલે વ્યાપવું. માણસનાં શરીર, મન અને બુદ્ધિમાં વિષ્ણુ આત્મારૂપે વ્યાપ્ત છે. એ જ વિષ્ણુ સમગ્ર વિશ્વમાં બ્રહ્મરૂપે વ્યાપ્ત છે. વિષ્ણુની વિભૂતિરૂપે પણ કલ્પના કરી છે. વિષ્ણુના દેહને ભૂરા રંગનો કલ્પ્યો છે. તેમનાં વસ્ત્રો પીળા રંગના છે.

આકાશ અને સમુદ્રનો ભૂરો રંગ અનંત, અસીમ વ્યાપકતા સૂચવે છે. પીળો રંગ ધરતીનો સંકેત આપે છે. વિષ્ણુને દૂધનાં સમુદ્રમાં ક્ષીરાબ્ધિમાં શેષનાગ પર યોગનિંદ્રામાં શયન કરતા પણ કલ્પ્યાં છે. ભગવાન વિષ્ણુના ચાર હાથ દર્શાવ્યા છે. તેમણે

એક કરમાં શંખ, બીજામં ચક્ર, ત્રીજામં ગદા અને ચોથામાં પદ્મ ધારણ કર્યાં છે. શંખ ધર્મમય જીવન માટે આહ્‌વાન આપે છે. તે માર્ગે ઉત્ક્રાંતિ સાધી પદ્મ બની શકાય. અન્યથા માણસ કે સમાજ ગદા અને ચક્રથી નાશ પામે છે.

આ રીતે વિષ્ણુ વિભૂતિરૂપે પૂજાય છે. પણ તેના કરતાં પણ વિષ્ણુને અનેક નામે સ્મરવાની, જપવાની પરંપરા વધુ દૃઢ છે. ઈશ્વર એક છે, અદ્વિતીય છે તે ખરું. પણ એક જ તત્ત્વને જ્ઞાનીઓ, સાધુઓ, સંતો, ભક્તો, ભાવિકો અને સંસારીઓ અનેક નામે બોલાવે છે અને સ્મરે છે. તે પણ એટલું જ સાચું છે : એક સત્ વિપ્રા બહુધા વદન્તિ.

એક તરફથી માનવું કે ઈશ્વર એક અદ્વૈતરૂપ છે અને બીજે પક્ષે તેનો અનેક નામે જપ કરવો, એ બા વાતમાં વિરોધ લાગે, પણ ખરેખર વિરોધ નથી, વિરોધાભાસ છે, વિરોધનો આભાસ છે. એક ઈશ્વર અને તેનો અનેક નામે જાપ એ વચ્ચે આપણા ધર્મે સરસ સુમેળ સાધી આપ્યો છે.

‘શેનું રટણ કરવાથી માનવજીવન જન્મ-પુનર્જન્મના સંસાર-બંધનમાંથી છૂટે?’ આ પ્રશ્નના ઉત્તરમાં ઈચ્છામૃત્યુને વરેલા બાણશય્યા પર સૂતેલા ભીષ્મ પિતામહ વિષ્ણુસહસ્રનામનું સ્તોત્ર આપે છે. સહસ્રનામના જપથી તરી જવાય છે. એ તરાપા પર બેસી ભવસાગર પાર કરી શકાય છે. સંસારના ઓવારે બેઠેલા



યુધિષ્ઠિર જેવા જિજ્ઞાસુ અને સંસારને પાર કરી બેઠેલા ભીષ્મપિતામહ જેવા દોરવણી આપનાર આ બંનેના સંવાદમાંથી આપણને વિષ્ણુસહસ્રનામનું તત્ત્વબોધી સાધન મળ્યું છે.

તાર્કિક રીતે એક નામના જાપની વાત સાચી. પણ માણસનું મનસ્તંત્ર કંઈ તર્કની રીતે ચાલતું નથી.

કશા વૈવિધ્ય વગર એકના એક નામની રટણા સામાન્ય માણસને યાંત્રિક લાગે છે. નામ-રટણ તો જીવંત પ્રવૃત્તિ બનવી જોઈએ. એક જ નામ રટ્યાની પદ્ધતિ કદાચ શુષ્ક યંત્ર સમી બની જાય. ‘રામ’, ‘રામ’ નું ‘મરા’, ‘મરા’ થઈ જાય. જપ નિર્જીવ લઢણ બની જાય તે નિરર્થક છે.

*

# ૭૨. ખોટી બીક

પ્રાચીન સમયમાં ભૃગુ નામના એક મહાવિદ્વાન ઋષિ થઈ ગયા. એમનું લગ્ન પુલોમા નામની સ્ત્રી સાથે થયું હતું. પુલોમા નામ આપણને વિચિત્ર લાગે. એ નામ કેવી રીતે પડ્યું તેનો ઈતિહાસ છે. 'પુલોમા' નામનો એક રાક્ષસ ગામની આજુબાજુનાં જંગલોમાં વસતો હતો. એ અત્યંત કદરૂપો, કઢંગો અને ક્રૂર હતો. લોકોને રંજાડતો હતો. એ એવો કુખ્યાત હતો કે બાળકોને ધમકાવવા તેની બીક બતાવાતી : 'છાનો રહે, નહીં તો રાક્ષસ પુલોમા લઈ જશે.', 'ભણવા બેસ નહીં તો પુલોમાને બોલાવીશ', 'લડવાડ કરીશ તો પુલોમા પકડી જશે' વગેરે.

ભૃગુનાં પત્ની જ્યારે બાળકી હતાં ત્યારે એનાં માતા એ બાળકીને પુલોમા રાક્ષસના નામથી બિવડાવતાં. બાળકી કજિયો કરે, જીદ કરે, કહ્યું ન માને ત્યારે માતા બીક બતાવતા : 'તોફાન



બંધ કર, નહીં તો પુલોમાને આપી દઈશ...' 'પુલોમા, પુલોમા!... આ છોકરીને લઈ જા.' વગરે. આ રીતે પુલોમાનું નામ એટલી બધી વાર લેવાતું કે બાળકીનું નામ 'પુલોમા' પડી ગયું.

પુલોમા મોટી છોકરી થઈ ગઈ. 'પુલોમા, આને લઈ જા!' એવી ધમકી ચાલુ રહી. પછી તો પુલોમા પરણાવવા જેવડી થઈ. રૂપરૂપનો અંબાર ને પાછી સુશીલ અને શીલવંત. તેનાં લગ્ન ભૃગુ ઋષિ સાથે થયાં. બંનેનો સંસાર સુખેથી ચાલતો હતો. પુલોમાને ગર્ભ રહ્યો બાળક થવાનું હતું. પુલોમાનું સૌંદર્ય ઓર ખીલ્યું હતું. પર્ણકુટિમાં પુલોમાને મૂકી ભૃગુ ઋષિ નદીએ નહાવા જતા હતા. એમણે કહ્યું, 'પુલોમા, હું જરા નાહીને આવું છું.' બન્યું એવું કે એ જ વખતે રાક્ષસ પુલોમાં પર્ણકુટિની બહાર જતો હતો. 'પુલોમા' નામ સાંભળી એના કાન ચમક્યા. તેને પુલોમાની માતાના શબ્દો યાદ આવ્યા. 'પુલોમા ! આ છોકરીને લઈ જા.' રાક્ષસે પુલોમાને જોઈ. એ તો મોહાંધ થઈ ગયો.

રાક્ષસે મનોમન દલીલ કરી. 'પુલોમાની માતાએ તો પુલોમા મને જ આપી હતી ને! પુલોમાને લઈ જવાં પહેલાં મને જ કહ્યું હતું ને! એના પર ભૃગુનો હક શાનો? મારો જ હક કહેવાય.' તણે પુલોમાનું અપહરણ કરવાનું નક્કી કર્યું. પુલોમાને ઉપાડી એ નાઠો. પુલોમા તો ભયભીત થઈ ગઈ. તેણે ચીસાચીસ

કરી મૂકી. આ ગભરાટમાં ગર્ભમાં રહેલા પુલોમાના બાળકનો સમય - પહેલાં પ્રસવ થઈ ગયો. એ તો ઋષિ અને શીલવંત પુલોમાનું બાળક. બાળકે એક નજર રાક્ષસ પર નાખી અને રાક્ષસ બળીને ભસ્મીભૂત થઈ ગયો. એ બાળક મોટો થઈ વિખ્યાત ઋષિ ચ્યવન બન્યો અને એના પુત્રરૂપે ભૃગુવંશમાં પરશુરામ પણ અવતર્યા.

મહાભારતમાં આવતી આ એક આખ્યાયિકા, આડકથા છે કે દંતકથા છે. કાર્લ યુંગ નામનો મનોવિજ્ઞાની કહે છે કે દંતકથાઓમાં સાંકેતિક રીતે સામુદાયિક સત્યનું કથન હોય છે. મહાભારતકારે આ દંતકથામાં ત્રણ સત્યો કહ્યાં છે. બાળકોને રાક્ષસ કે બીજાં નામો આપી બિવડાવવાં નહીં. જૂનાં લોકો આવું કરતા. હવે નવા યુગના માનવીએ તે ત્યજવું જોઈએ. બીજું, દુષ્ટ મનુષ્ય પોતાનું મનમાન્યું કરવા રાક્ષસની જેમ ખોટો તર્ક કરે છે. ત્રીજું, વહેમ અંધશ્રદ્ધા છોડી જ્ઞાનનો માર્ગ પકડો.

*



# ૭૩. લગ્ન એ નિયતિ

પુરાણકાળમાં બ્રાહ્મણોની એક વિચરતી જાતિ હતી. કોઈ પણ સ્થળ કે ગામે એ એક જ રાત્રિ રહેતી. બીજે દિવસે સવારે ત્યાંથી ચાલી નીકળતી. બીજે સ્થળે પહોંચી ત્યાં વેપાર-વેચાણ-ખરીદી કરે. રાતવાસો કરે. બીજે દિવસે સવારે ત્યાંથી રવાના. જિપ્સી, વણઝારા, હિપ્પી કે 'હોબો' વગેરે ફરંદા ખરા, પણ એક જ જગાએ એક જ રાત રહે એવી એમની રસમ નથી.

આ વિચરતી બ્રાહ્મણજાતિમાં જરત્કારુ નામે એક ભારે પ્રખર વિદ્વાન થઈ ગયા. આખી પૃથ્વીનું પરિભ્રમણ કરવાની એમને મહેચ્છા હતી. આ કારણે એમણે લગ્ન ન કરવાનો સંકલ્પ કર્યો. પાંપણ પણ મીંચ્યા વગર એ પરિભ્રમણ કર્યે જતા. બધા બહુ આગ્રહ કરે તોય પરણવાની ઘસીને ના. જરાત્કારુએ પરિભ્રમણ દરમિયાન એક ઊંડો અંધારિયો ખાડો જોયો. તેમાં

કેટલાક વૃદ્ધો અધવચ્ચે ત્રિશંકુની જેમ લટકી રહ્યા હતા. ખાડાની કિનારેથી માટી ખરી અને જરત્કારુ ખાડામાં સરી પડ્યા.

ખાડામાંથી બહાર નીકળવાની જરત્કારુમાં હામ, શક્તિ અને આવડત હતી. પણ લટકી રહેલા વૃદ્ધો વિશે તેમને ભારે કુતૂહલ હતું. તેમણે વૃદ્ધોને પૂછ્યું, 'વડીલો! તમે નથી નીચે પડતા કે નથી ઉપર બહાર નીકળતા. વચ્ચે લટકી રહ્યા છો. તેનું રહસ્ય શું છે?' વૃદ્ધોએ કહ્યું, 'ભાઈ, અમારા કુળમાં જરત્કારુ નામનો એક અસાધારણ હઠાગ્રહી છોકરો પેદા થયો છે. તેને કારણે અમે લટકી રહ્યા છીએ.' જરત્કારુને આંચકો લાગ્યો. તેણે પૂછ્યું, 'એણે એવું તે શું દુષ્કર્મ કર્યું છે કે તમારી મુક્તિ થતી નથી?' કલાન્ત વૃદ્ધોએ કહ્યું, 'જરત્કારુ એ પરણતો નથી. એને એકાકી જીવન જીવવું છે. એ નિઃસંતાન છે તેથી અમારી મુક્તિ થતી નથી.'

જરત્કારુ મૂંઝાયા. એમણે કહ્યું, 'એ જરત્કારુ તો હું જ છું. લગ્ન ન કરવાનો મારો સંકલ્પ છે. તમારી દશા જોઈ હવે હું લગ્ન તો કરીશ. પણ તે માટે બે શરત છે. એક તો એ કે હું લગ્નનું માગું નહીં નાખું. ભિક્ષારૂપે કોઈ સામેથી કન્યા આપશે અને કન્યાનું નામ જરત્કારુ હશે તો હું લગ્ન કરીશ.' આ બે શરતો કોઈ આપે નહીં. બીજું જરત્કારુ જેવું વિચિત્ર નામ કોઈ કન્યાનું હોય નહીં. 'સાપ મરે નહીં ને લાઠી ભાંગે નહીં.' એવી યુક્તિ જરત્કારુએ કરી.



મહાભારતકારે ખૂબીથી વાત વણી છે. જનમેજયના સર્પયજ્ઞ વખતે સર્પોને બચાવવા મેધાવી બ્રાહ્મણની જરૂર હતી. નાગોમાં શ્રેષ્ઠ એવા તેજસ્વી નાગ વાસુકિને ગુણવતી ને રૂપવતી બહેન હતી. તેનુંય નામ હતું જરત્કારુ. વાસુકિએ વિદ્વાન બ્રાહ્મણ જરત્કારુને પોતાને ત્યાં ભિક્ષા લેવા બોલાવ્યાં. ઘરે લઈ જઈ તેમણે પોતાની બહેન નામે જરત્કારુ ભિક્ષામાં આપી. શરતો પૂરી થઈ એટલે જરત્કારુએ પરણવું પડ્યું. આથી જ કહ્યું છે કે Marriage are made in heaven : સંસારી માટે લગ્ન એ ઈશ્વરનિયતિ છે. તે પછી જરત્કારુ દંપતીના આસ્તિક નામના પુત્રે નાગકુળને બચાવ્યું. મર્મ એ છે કે સંસારીએ પરણવું જોઈએ. સંતતિ ઉત્પન્ન કરી પ્રજાતંતુ જાળવવો જોઈએ. તો જ સંસાર ચાલે. તે સંતાન નર હોય કે નારી તેનું મહત્વ નથી. ઓછામાં ઓછું એક અને વધુમાં વધુ બે સંતાન હોય તો સંસારમાં બધું સરભર અને સમતોલ થઈ રહે.

*

# ૭૪. ભોગવિલાસની મોજમજા

પૂર્ણશ્રેષ્ઠી ધનવાન હતા. પણ એમનું ધન નીતિથી મેળવેલું હતું. ધનનો તેઓ ધર્મદાનમાં ઉપયોગ કરતા. ઘરના આવા વાતાવરણમાં ઊછરેલી એમની પુત્રી ઉત્તરા પણ ધર્મપરાયણ હતી. રાજ્યના નગરશેઠ જેવા સુમનશ્રેષ્ઠીએ તેમના પુત્ર માટે ઉત્તરાનું માગું નાખ્યું. સુમનશ્રેષ્ઠી એટલે નગરશેઠ. રાજ્યમાં પણ એમનું ઘણું ઊપજે. એમના માગાનો કોણ ઈન્કાર કરી શકે? આમ છતાં ઉત્તરાના પિતા પૂર્ણશ્રેષ્ઠીએ વિવેકથી સુમનશ્રેષ્ઠીને ના પાડી. કારણ કે પૂર્ણશ્રેષ્ઠી જાણતા હતા કે સુમનશ્રેષ્ઠી ધાર્મિક ન હતા. તેમના કુટુંબમાં ભોગવિલાસનું મહત્ત્વ વધારે હતું. એવા વાતાવરણમાં પોતાની પુત્રી સુખી ન થઈ શકે. સુમનશ્રેષ્ઠીએ બીજી વાર માગણી મૂકી. પૂર્ણશ્રેષ્ઠીએ આ વખતે પણ ના પાડી. અન્ય ધનપતિઓએ સલાહ આપી કે સુમનશ્રેષ્ઠી સાથે વેર બાંધવું



સારું નથી. આથી જ્યારે સુમનશ્રેષ્ઠીએ ત્રીજી વાર માગણી મૂકી ત્યારે પૂર્ણશ્રેષ્ઠીએ કમને માગણી સ્વીકારી.

અષાઢી પૂનમના દિવસે ઉત્તરાનાં લગ્ન થયાં. એ પછીના બે જ મહિનામાં ઉત્તરા અકળાઈ ગઈ. પોતાનાં સાસરિયાંમાં ધર્મધ્યાન, પુણ્ય-દાન કે શ્રમણ-સેવા જેવું તો કશું હતું જ નહીં. દિવસ-રાત ખાનપાન, મોજમજા અને ભોગવિલાસ. ઉત્તરાને અફસોસ થયો કે આ ચાતુર્માસ તો કશું જ ધર્મધ્યાન થયું નહીં. એણે પિતા પાસે બળાપો કાઢ્યો. પિતાએ યુક્તિ બતાવી. એમણે કહ્યું કે નગરમાં શ્રીમતી નામની વારાંગના છે. તે એક દિવસના હજાર રૂપિયા લે છે. ૧૫ દિવસ માટે તું તેને તારા પતિની સેવામાં રાખી દે. એ પંદર દિવસમાં ધર્મધ્યાન કર. આ વ્યવસ્થા ઉત્તરાના પતિ તેમ જ ગણિકા શ્રીમતીને ગમી. ઉત્તરાને પણ મુક્તિ મળી.

ઉત્તરાએ ભગવાન બુદ્ધ અને શ્રમણોને પોતાના ઘરે જ રાખ્યા. એમની સેવાચાકરી અને રસોઈ વગેરેમાં દાસીઓ સાથે ઉત્તરા પૂરો સમય આપતી અને મદદ કરતી. પંદર દિવસ પૂરા થવામાં હતા ત્યારે એકવાર બારીમાંથી તેના પતિએ નીચે દૃષ્ટિ કરી તો રસોઈઘરમાં ઉત્તરાને દાસીની જેમ કામ કરતાં જોઈ. ઉત્તરાની મૂર્ખાઈ ઉપર તેને હસવું આવ્યું. આ હાસ્ય જોઈ ગણિકા શ્રીમતીએ પણ બારીમાંથી જોયું. નીચે એણે ઉત્તરાને જોઈ. મારા હોવા છતાં ઈશારા કરી શ્રેષ્ઠી ઉત્તરા સાથે આંખો મેળવે એ જોઈ

ઈર્ષ્યાની આગથી એ સળગી ઊઠી. એ રસોઈઘરમાં ઉત્તરાને મારવા દોડી. ઊકળતા તેલમાંથી એક મોટો ચમચો ભરી તેલ ઉત્તરાના મોં પર નાખવા પ્રયાસ કર્યો. ઉત્તરા શ્રીમતીના દાઝ સમજી ગઈ. જોકે તેને શ્રીમતીના ગુસ્સાનું કારણ ન સમજાયું.

ઉત્તરાએ મનોમન નક્કી કર્યું કે હું સામો ગુસ્સો નહીં કરું તેના તરફ વેરભાવ નહીં રાખું. મારી ભક્તિ સાચી હોય તો ઈશ્વર મારી રક્ષા કરે. શ્રીમતીએ નાખેલું તેલ બાજુમાં પડ્યું. આ તમાશો જોઈ રહેલી દાસીઓ દોડી આવી. અને શ્રીમતીને મારવા માંડી. ત્યારે ઉત્તરાએ ઢાલ બની શ્રીમતીનો બચાવ કર્યો.

ધર્મ જે શાંતિ, કરુણા, ક્ષમાભાવ અને ઉદારતા બક્ષે છે તેનો આનંદ, મોજમજા અને ભોગવિલાસની મજા કરતા ઊંચો જ નહીં ભિન્ન પ્રકારનો છે.

*



# ૭૫. કર્મ ફળ

કૃષ્ણ વિષ્ણુનો અવતાર હતા તે છતાં તેમને સામાન્ય પારધીના બાણથી શૌર્ય અને ગૌરવવિહોણું મૃત્યુ મળ્યું. રાજ્ય ગયું. એમનું યાદવકુળ અંદરોઅંદર લડીને વિનાશ પામ્યું. થાકી-હારીને કૃષ્ણે એક ઝાડ નીચે લંબાવ્યું. જમણા પગના સાથળ પર ડાબો પગ ચડાવી કૃષ્ણ સૂતા હતા. જરા નામના પારધીની નજરે તેમના ડાબા પગનો અંગૂઠો પડ્યો. પારધીને અંગૂઠો હરણની આંખ જેવો લાગ્યો. હરણ સમજીને બરાબર નિશાન લઈ એણે બાણ છોડ્યું. એ બાણે કૃષ્ણને વીંધી નાખ્યા.

મહાયુદ્ધમાં લડતાં લડતાં, મહારથીને હાથે વીરમૃત્યુને બદલે કૃષ્ણને પામર મૃત્યુ મળ્યું. તે માટે રામના અવતારરૂપે તેમણે કરેલું એક કર્મ જવાબદાર હતું. સીતાને શોધીને પાછી લાવવા રામે સુગ્રીવની મદદ માગી. સુગ્રીવે શરત મૂકી કે તેને અન્યાય

કરનાર વાલીનો વધ કરવામાં રામ મદદ કરે. રામે શરત સ્વીકારી. સુગ્રીવે પોતાની સામે વાલી એકલો યુદ્ધમાં ઊતરે એવો પડકાર ફેંક્યો. સુગ્રીવ અને વાલી લડતા હતા ત્યારે રામ એક વૃક્ષની પાછળ છુપાયેલા હતા. એ છૂપી જગ્યાએથી રામે વાલી પર બાણ છોડ્યું. વાલી તત્કાળ મૃત્યુ પામ્યો. રામે આચરેલા આ કર્મ માટે અનેક વર્ષો પછી કૃષ્ણાવતારમાં વિષ્ણુના અવતાર કૃષ્ણને પામર મૃત્યુ ભોગવવું પડ્યું.

પ્રત્યેક કર્મને યથોચિત ફળ મળ્યા વગર રહેતું નથી. કર્મના ત્રણ પ્રકાર છે. સંચિત કર્મ એટલે કે પૂર્વજન્મનાં અને આ જન્મમાં આ અગાઉ કરેલાં સર્વ કર્મો. તેનું ફળ આ જન્મમાં મળે કે પછીના જન્મમાં. બીજા પ્રકારનું કર્મ છે. પ્રારબ્ધ કર્મ એટલે કે, ભૂતકાળનાં એ કર્મો કે જેનાં ફળ મળવાનું શરૂ થઈ ગયું છે. આજના સંજોગો અને સ્થિતિ તેનું પરિણામ છે. ત્રીજો પ્રકાર છે આગામી કર્મ એટલે કે, એ કર્મો જે આપણે અત્યારે કરીએ છીએ અને એનાં ફળ ભવિષ્યમાં મળનાર છે.

રામના કર્મનું વિષમ ફળ કૃષ્ણને મળ્યું એ સંચિત કર્મનો દાખલો છે. એ દૃષ્ટાંતમાં સંચિત કર્મનું ફળ વર્ષો પછી બીજા અવતારમાં મળે છે. સારાં કર્મનાં ફળ સારાં એ પણ એટલું જ ચોક્કસ છે. સારું કર્મ પ્રભુ પ્રત્યેનું હોય તો અનેકગણું સારું ફળ મળે છે. એક વાર ફળ કાપતાં કાપતાં કૃષ્ણની આંગળી પર મોટો



કાપો પડ્યો. તેમાંથી લોહી વહેવા માંડ્યું. દ્રૌપદીએ તરત જ પોતાની સાડીનો છેડો ફાડી કાપા પર પાટો બાંધ્યો. લોહી બંધ થઈ ગયું. તેના ફળરૂપે ધૃતરાષ્ટ્રની સભામાં જ્યારે દ્રૌપદીનાં ચીર ખેંચાયાં ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે વસ્ત્ર પૂરા પાડ્યાં.

કર્મનો સિદ્ધાંત અફર છે. ભગવાનના અવતારને પણ કર્મનું ફળ ભોગવવું પડે છે. વાસ્તવિક જીવનમાં ઘણી વાર પુણ્યશાળી વિપદા ભોગવતો અનેપાપી મોજ કરતો જોવા મળે છે. કર્મનો સિદ્ધાંત આ સ્થિતિ અને નિયતિ સમજાવી શકે છે. સારાં કર્મો કરવાં અને ખોટાં કર્મો નિવારવાં એવી શીખ આપણને એમાંથી મળે છે.

*

# ૭૯. ભક્તિ

નારદ કૃષ્ણના ભારે મોટા ભક્ત હતા. હરિ પ્રત્યે તેમની ભક્તિ એટલી તીવ્ર હતી કે એ માનતા કે એમના જેવો પ્રગાઢ હરિભક્ત બીજો કોઈ નથી. ભગવાન કૃષ્ણે નારદના મનનો ભાવ વાંચી લીધો. મહર્ષિનું અભિમાન ઉતારવાનું એમણે નક્કી કર્યું. નારદને એમણે સૂચવ્યું, 'મહર્ષિ, ગંગા નદીને કિનારે સુવર્ણપુર નામે એક ગામ છે. ત્યાં કાળુ નામનો મારો ભક્ત રહે છે. તમે થોડો સમય એમની સાથે રહો તો તમને કંઈક નવું જાણવા મળશે.'

નારદ તો ઊપડ્યા સુવર્ણપુર ને પહોંચ્યા કાળુ પાસે. તેમણે કાળુની દિનચર્યા જોવા માંડી. કાળુ સવારે વહેલો ઊઠતો. ઊઠીને એક જ વાર હરિનું નામ બોલતો. પછી હળ લઈ ખેતરે જતો. આખો દિવસ ખેતરમાં કામ કરતો. રાતે સૂતી વખતે ફરી એક વાર એ હરિનું નામ લેતો. નારદને થયું, 'હરિભક્તિ એટલે શું



એ આ ગામડિયો શું જાણે? આખા દિવસમાં બે જ વાર હરિનું સ્મરણ કરે છે અને આખો દિવસ તેનાં દુનિયાદારીનાં કામોમાં કાળુ રચ્યોપચ્યો રહે છે.' કાળુ સાથે એક દિવસ કાઢી નારદ તો પહોંચ્યા પાછા હરિ પાસે.

હવે હરિએ નારદને કહ્યું, 'મહર્ષિ, એક પવાલું લઈ છલોછલ દૂધથી ભરો. દૂધથી ભરેલું એ પવાલું લઈ આખા ગામની પ્રદક્ષિણા કરી પાછા આવો. દૂધનું એક પણ ટીપું નીચે ઢોળાવું ન જોઈએ.' નારદે તે પ્રમાણેનું કર્યું અને પાછા આવ્યા.

હરિએ નારદને પૂછ્યું, 'મહર્ષિ, ગામની પ્રદક્ષિણા કરતાં કરતાં તમે કેટલી વાર મારું સ્મરણ કર્યું?'

થાકી ગયેલા નારદે જવાબ આપ્યો, 'એક વાર પણ નહીં. કેવી રીતે તમારું સ્મરણ કરું? દૂધનું પવાલું છલકાય નહીં ને દૂધનું ટીપું ઢોળાય નહીં એ માટે આખો વખત મારું ધ્યાન દૂધના પવાલા પર જ હતું.'

હરિએ કહ્યું, 'નારદ, તમારું સઘળું ધ્યાન પવાલા પર જ કેન્દ્રિત રહ્યું અને તેથી તમે મને તો સાવ ભૂલી જ ગયા. હવે પેલા ખેડૂત કાળુને જુઓ. પોતાના કુટુંબ અને સંસારની જવાબદારી નિભાવવા આખોય દિવસ એ કામમાં રચ્યો મચ્યો રહે છે, મહેનત કરે છે. રોજ એ ચક્ર ચાલ્યા કરે છે, છતાં દિવસમાં બે વાર મારું સ્મરણ કરવાનું એ ચૂકતો નથી. એનું નામ ભક્તિ.'

નારદને સમજાઈ ગયું. તેમનું ભક્ત તરીકેનું અભિમાન ઉતારવા હરિએ પદાર્થપાઠ આપ્યો હતો. ભક્તિનુંય અભિમાન સારું નહીં. કેટલી વાર નામ-સ્મરણ કર્યું કે કેવાં પૂજન-અર્ચન, વિધિ-વિધાન કે પ્રસાદ વગેરે કર્યા એનું મહત્ત્વ નથી. દુનિયાદારી નિભાવતાં નિભાવતાંય હરિ-સ્મરણ માટે થોડો સમય કાઢી લેવો તેમાં સાચી ભક્તિ છે.

*



# ૭૭. આજ

મહાભારતમાં મુખ્ય કથા ઘણી લાંબી છે. દરમિયાન ઘણી ઉપકથાઓ, આખ્યાયિકાઓ, લઘુકથાઓ, ઉપદેશકથાઓ આવ્યા કરે છે. એ બધામાં ભારોભાર તાત્ત્વિક બોધ ભરેલો છે.

સૂતપુત્ર તરીકે ઊછરેલો કર્ણ ખરેખર સૌથી મોટો પાંડુપુત્ર છે. એ ભારે પ્રતિભાશાળી, દાનવીર અને ઉદાર છે. એ કવચ-કુંડળ સાથે જન્મ્યો હતો. એક વાર એ સ્નાન કરવા બેઠો હતો. ભગવાન કૃષ્ણ એની પરીક્ષા લેવા માગતા હતા. એ ત્યાં પ્રગટ થયા અને કર્ણ પાસે કળશ માગ્યો. રત્નજડિત સોનાનો કળશ કર્ણના ડાબા હાથમાં હતો. તેના વડે એ ત્રાંબાકુંડીમાં ઠંડું પાણી રેડી રહ્યો હતો. કૃષ્ણે માગણી કરી કે તરત જ કર્ણે કૃષ્ણને ડાબે હાથે જ કળશ આપવા માંડ્યો.

કૃષ્ણે કહ્યું, ‘અરે ભલા માણસ, સ્નાન તો કરી લે. પછી

યોગ્ય રીતે દાન આપ. કંઈ નહીં તો ડાબા હાથમાંનો કળશ જમણા હાથમાં લઈને તો દાન આપ.'

કર્ણે જવાબ આપ્યો, 'ધર્મ અને દાન તરત જ કરી નાખવાં સારાં. માણસનું મન ચંચળ હોય છે. ક્ષણમાં ફરી જાય. કોને ખબર ક્યારે મારો વિચાર ફરી જાય. ડાબા હાથમાંથી જમણા હાથમાં કળશ લઉં એટલી વારમાં મન ફરી બેસે તો? એટલે જ કહ્યું છે કે, 'તરત દાન અને મહાપૂન'. કેટલીક વાર સમયનો વિલંબ પરિસ્થિતિ બદલી નાખે છે. દાન અને પુણ્ય રહી જાય છે.

ધર્મમાં સમય કેવું વિઘ્ન નાખે છે તેની એક વાત ભારતેન્દુ સુદે લખી છે. તેમના એક કાકા અત્યંત વૃદ્ધ હતા. ધનવાન હતા. પણ અનેક વ્યાધિઓથી પીડાતા હતા. મહેલ જેવા બંગલામાં એકલા રહેતા હતા. બે પુત્રો હતા. બંને અમેરિકા હતા. મોટો વ્યાપાર ખેડતા હતા. પિતા પાસે આવવાની કે રહેવાની કોઈને ફુરસદ નહોતી.

એક દિવસ કાકા ભારતેન્દુને મળ્યા. આડીઅવળી વાતો કરી. પછી કહ્યું, 'મારા પછી મારો આ બંગલો છોકરાઓને આપવો છે. અહીં આવે ત્યારે તેમને રહેવા થાય. બીજી બધી મિલકતનું એક ટ્રસ્ટ બનાવવા માગું છું. તેમાંથી ગરીબો અને પછાતવર્ગનાં બાળકોને ભણાવવાની યોજના કરવી છે. તું મને



વીલ બનાવવા અને ટ્રસ્ટ સ્થાપવામાં મદદ કર.' ભારતેન્દુને વિચાર ગમ્યો. એણે અઠવાડિયામાં તે બનાવી આપવા વાયદો કર્યો.

ભારતેન્દુએ બધું તૈયાર કર્યું અને બીજે દિવસે કાકા પાસે જવું હતું. ત્યાં ખબર આવ્યા કે કાકા સવારે જ ગુજરી ગયા. મરણ પછીની વિધિઓ વખતે કાકાના દીકરાઓ મળ્યા. ભારતેન્દુ કહેવા માંડ્યા. 'તમારા પિતા વીલ કરવા માગતા હતા...' મોટા દીકરાએ તેમને અટકાવીને કહ્યું, 'અરે! એમણે તો વીલ કર્યું જ છે. બધું અમને બંનેને આપ્યું છે. બધું વેચી-સાટી અમે એ પૈસા અમારા ધંધામાં લગાડવાના છીએ.' ભત્રીજાના વિલંબે ગરીબોનો લાભ છીનવી લીધો.

એટલે જ કહ્યું છે કે,

'કલ કરે સો આજ કર, ને આજ કરે સૌ અબ.'

*

# ૭૮. ઈશ્વરપ્રેમ

ફુડૈલ પહેલાં લૂંટારો હતો. વાલ્મીકિ ઋષિની જેમ એ પાછળથી ધર્મનિષ્ઠ થઈ ગયો. એ ધીમે ધીમે સૂફીવાદ તરફ ખેંચાયો. એ માનતો થયો કે ઈશ્વર એક જ સત્ય છે અને ઈશ્વર પ્રત્યેનો પ્રેમ એ એકમાત્ર સાચો પ્રેમ છે.

એક દિવસ આંખ ઉઘાડી નાખ એવો અનુભવ ફુડૈલને થયો. તેના નાનકડા પુત્રને ખોળામાં લઈને એ રમાડતો હતો. પુત્રને ખૂબ વહાલ કરી કરી એ હલાવતો જતો હતો. પુત્રને એણે બચીઓથી નવડાવી દીધો.

તેના પુત્રે ફુડૈલને પૂછ્યું, 'બાપુ, શું તમે મને પ્રેમ કરો છો?'

ફુડૈલે જવાબ આપ્યો, 'હા બેટા, હું તને ખૂબ જ પ્રેમ કરું છું.'



'પણ તમે મને ઘણી વાર કહ્યું છે કે તમે ખુદાને ખૂબ પ્રેમ કરો છો.'

'હા, બેટા, હું ખુદાને પણ અનહદ પ્રેમ કરું છું.'

'પણ બાપુ, તમે એક હૃદયથી બે જણને કેવી રીતે પ્રેમ કરી શકો?' દીકરાએ નિર્દોષભાવે પૂછ્યું.

ફુડૈલને એકાએક ભાન થયું કે તે જેને પ્રેમ માનતો હતો એ ખરેખર તો લાગણીથી ભરેલો મોહ હતો. તેણે આવા વ્યામોહ કરતાં વધારે ઉચ્ચ કક્ષાના શુદ્ધ પ્રેમ તરફ પહોંચવાનું છે. આથી ફુડૈલે કહ્યું છે, 'જેને માનવજાતનો સૌથી ઉમદા ભાવ ગણવામાં આવે છે તે ખરેખર તો સર્વોત્તમ પ્રકારના સંબંધ કરતાં નીચું સ્થાન ધરાવે છે. માણસે તેનાથી ઉપર થઈ આગળ વધવાનું છે.'

પોતાના બાળક પ્રત્યેનું વાત્સલ્ય, ભાઈબહેનનું વહાલ, પતિ-પત્નીનો સ્નેહ, મિત્ર તરફનો ભાવ આ બધી સારી ભાવનાઓ છે. ઈશ્વરના પ્રતિબિંબરૂપે તેમના પ્રત્યે પ્રેમની લાગણી થાય એટલે સુધી ઠીક છે, પણ તે મોહસ્વરૂપે હોય તો ઈશ્વરપ્રેમમાં બાધારૂપ થાય. ઈશ્વર પ્રત્યેનો પ્રેમ એ સાચો અને સૌથી ઊંચો પ્રેમ છે.

*

# ૭૯. સંસાર

સુખદેવ નામે એક મોટા મુનિ થઈ ગયા. તેમણે ઈશ્વરની ઘણી ભક્તિ કરી હતી. કઠોર તાપસજીવન ગાળ્યું હતું અને અભ્યાસ કરી જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું હતું. આ રીતે સંપન્ન થયાનું એમને ભારે અભિમાન હતું. તેમના પિતા મોટા ઋષિ હતા. સુખદેવ મુનિને ઋષિપિતાએ સલાહ આપી, ‘રાજા જનક પાસે જા. તેમની પાસેથી તને થોડું શીખવા મળશે.’ સુખદેવ તો ઘસીને ના પાડી દીધી અને કહ્યું, ‘એ ગૃહસ્થી અને સંસારી છે જ્યારે હું તપસ્વી છું. એ રાજા છે જ્યારે હું ઋષિપુત્ર છું, એમની પાસેથી મારે શું શીખવાનું?’ પિતા-પુત્ર વચ્ચે ઘણો વિવાદ થયો. અંતે નારદ વચ્ચે પડ્યા અને તેમના આગ્રહથી સુખદેવે જનકરાજા પાસે જવાનું સ્વીકાર્યું.

સુખદેવ જનકરાજા પાસે ગયા ત્યારે રાજા સિંહાસન પર



બેઠા હતા. તેમના એક પગે એક સુંદર સ્ત્રી માલિશ કરી રહી હતી અને બીજો પગ અગ્નિમાં હતો. સુખદેવને આશ્ચર્ય થયું. પણ તે દૃશ્યનો સંકેત એ સમજી ન શક્યા. રાજા સિંહાસન પરથી ઊઠી બીજા ખંડમાં ગયા અને સુખદેવને બેસાડ્યા. એટલામાં એક અનુચર દોડતો દોડતો આવ્યો અને સમાચાર આપ્યા, ‘મહારાજ, નગરમાં પ્રચંડ આગ લાગી છે.’ મહારાજે અનુચરને કેટલીક સૂચનાઓ આપી અને પછી શાંતિથી બેસી સુખદેવ સાથે વાતોએ વળગ્યા. ત્યાં બીજો અનુચર આવ્યો અને તેણે ખબર આપ્યા, ‘મહારાજ, નગર લગભગ ભસ્મીભૂત થવા આવ્યું છે અને આગ મહેલ સુધી પહોંચી ગઈ છે.’ જનકરાજા બોલ્યા, ‘જેવી ઈશ્વરની ઈચ્છા.’ આમ કહી તેમણે અનુચરને વિશેષ સૂચનાઓ આપી. રાજા પાછા શાંતિથી સુખદેવ સાથે ચર્ચા કરવા લાગ્યા.

સુખદેવને થયું કે આ તે કેવો રાજા છે! નગર ભસ્મીભૂત થવા આવ્યું છે. આગ અહીં સુધી પહોંચી છે તોય શાંતિથી બેસી રહ્યો છે. સુખદેવ તો ઊભા થઈ ગયા, તેમણે એકઠાં કરેલાં કાષ્ઠની નાનકડી ભારી અને વસ્ત્રોની પોટલી લઈ તેમણે નાસી છૂટવાની તૈયારી કરી ત્યાં અનુચરે આવી કહ્યું, ‘મહારાજ, આપશ્રીની સૂચના પ્રમાણે કર્યાથી આગ કાબૂમાં આવી રહે છે.’

રાજાએ સુખદેવને બેસાડ્યા અને કહ્યું, ‘મુનિશ્રી, સંસારમાં

રહેનારનો એક પગ સુખમાં હોય છે તો બીજો દુઃખમાં હોય છે. આજુબાજુ અધિ-વ્યાધિ-ઉપાધિ વીંટળાયેલી હોય તોય સંસારી નાસી જતો નથી. મારું નગર, મહેલ, અને બધી સંપત્તિ બળવાની તૈયારીમાં હતી. પણ હું ઈશ્વરમાં શ્રદ્ધા રાખી શાંતિથી કામ કરતો રહ્યો ત્યારે તમે તો તમારી જરીક જેટલી સંપત્તિની ચિંતા કરી નાસવા તૈયાર થઈ ગયા.' સુખદેવનું અભિમાન ઓગળી ગયું.

તપ કરવું, જ્ઞાન મેળવવું અઘરું છે. પરિશ્રમ માગી લે છે અને ઈષ્ટ છે. પણ સંસારમાં રહી ઈશ્વરમાં શ્રદ્ધા રાખી શાંતિથી પોતાની ફરજો બજાવવી એ પણ એટલું જ અઘરું છે.

*



# ૮૦. દૃષ્ટિકોણ

આપણે સૌ જાણીએ છીએ કે રામાયણના મૂળ કર્તા ઋષિ વાલ્મીકિ છે. વાલ્મીકિએ લખેલી કથા પછી એમાં ઘણા ઉમેરા થયા, ઘણા સુધારા થયા, કાપકૂપ થઈ અને કેટલાક આવા ફેરફારો તો ખુદ વાલ્મીકિએ જ કરેલા છે, એવા દાવાઓ પણ થયા છે. એ વખતે મોહ એવો હતો કે પોતાનું લખાણ વાલ્મીકિને નામે ચડે તો ભલે ચડે, પણ પોતાનું અર્થઘટન અને લખાણ તો લોકો સુધી પહોંચે. એ મોટી વાત છે. હાલના સમયમાં નામનો મોહ વધારે છે. પોતાને નામે છપાવું જોઈએ. સાથે ફોટો મુકાવો જોઈએ, સારી જગાએ સારી રીતે લખાણ છપાવું જોઈએ વગેરે.

તુલસીદાસનું જાણીતું રામચરિત પણ વાલ્મીકિ કરતાં ઘણી જગાએ જુદું પડે છે, એ સિવાય લોકસાહિત્યમાં ઠેર ઠેર રામકથામાં ઘણું સારું-નરસું ઘુસાડી દેવાય છે. દાખલા તરીકે, એક કથામાં

એવી વાત છે કે રામ, સીતા અને લક્ષ્મણ વનમાં વસતાં હતાં ત્યારે લક્ષ્મણ વનમાંથી ફળ લાવી આપતા. રામ-સીતા સમજતાં કે લક્ષ્મણ ફળ લાવતા હશે ત્યારે જ તેમાંથી ફળ ખાઈ લેતા હશે. લક્ષ્મણ તો ભાઈ-ભાભીની આજ્ઞા વગર પોતે લાવેલા ફળમાંથી કશું ખાતા જ નહોતા. આમ લક્ષ્મણ આહાર વિના જ, નિરાહારી જ રહ્યા!

એક કથામાં એવી વાત આવે છે કે સીતા લક્ષ્મણનું માથું જોઈ દેતાં હોય છે. (એ સમયમાં કદાચ જૂનો નાશ કરે એવા તેલ, દવા કે શેમ્પૂ નહીં જ હોય). જોકે માથું જોઈ આપવાનો રિવાજ આજેય કેટલાક સામાજિક જૂથમાં જોવા મળે છે. સીતા લક્ષ્મણનું માથું જોતાં હતાં. લક્ષ્મણને ઊંઘ આવી ગઈ. તેમનું માથું સીતાના ખોળામાં ઢળી પડ્યું. સીતાને પણ ઊંઘ આવી ગઈ. રામ પાછા આવ્યા ત્યારે લક્ષ્મણ અને સીતા બાજુ બાજુમાં સૂતાં હતાં. રામ લક્ષ્મણને ઠપકો આપે છે. લક્ષ્મણ બધી વાત સમજાવે છે. સીતા વાતને સમર્થન આપે છે. બધું સારી રીતે પાર ઊતરે છે.

બીજી એક કથામાં વાત એવી છે કે લક્ષ્મણ વનમાં ફળ લેવા જાય છે. રાવણની બહેન શૂર્પણખાએ લક્ષ્મણને વનમાં જોયા. તે લક્ષ્મણ પર મોહિત થઈ ગઈ. તેણે લક્ષ્મણ સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. લક્ષ્મણે કહ્યું કે મારા ભાઈની રજા લઈ આવ.



શૂર્પણખાએ રામ પાસે જઈ ને વાત કરી. રામે શૂર્પણખાના હાથમાં લક્ષ્મણને લખી આપ્યું કે એનાં નાક-કાન કાપી નાખજે. લક્ષ્મણે આથી શૂર્પણખાનાં નાક-કાન કાપી નાખ્યાં. શૂર્પણખાએ ભાઈ રાવણને ફરિયાદ કરી. શૂર્પણખાએ ભાઈને કહ્યું કે કોઈ પણ રીતે રાવણ સીતા જેવી અનુપમ સુંદરીને ઉઠાવી લાવે અને વેર લે. આથી રાવણે સીતાનું હરણ કર્યું.

આવી ઘણી કથાઓ ને આખ્યાયિકાઓનો પ્રક્ષેપ થયો છે. દેખીતું છે કે આવી બધી કથાઓમાં રામાયણને વધારે રોમાંચક અને રસપ્રદ બનાવવાનો અને લોકમહાકાવ્ય રચવાનો ઈરાદો રહ્યો હશે.

*

# ૮૧. પત્ની

વેદાંતો અને ઉપનિષદોએ નાના નાના સૂત્રોમાં અપાર જ્ઞાનોપદેશ આપ્યો. તે સૂત્રો પર શંકરાચાર્યે ભાષ્ય લખ્યું. સામાન્ય લોક સમજી શકે તે માટે ભાષ્ય પર ટીકા-ટિપ્પણ લખાયાં.

વાચસ્પતિ મિશ્ર નામના વિદ્વાને વર્ષો સુધી શાંકરભાષ્યનો અભ્યાસ કરી એકાગ્ર ચિત્તે ટિપ્પણ-ગ્રંથ લખવા માંડ્યો. લખવામાં એ એટલા બધા મશગૂલ અને એકચિત્ત હતા કે આજુબાજુ શું ચાલી રહ્યું છે તેનું તેમને કંઈ ભાન જ નહોતું. એક રાત્રે એ મગ્ન થઈ લખી રહ્યા હતા. દીવાની વાટ નાની થતી જતી હતી, દીવો રાણો થતો જતો હતો, અજવાળું ઝાખું થતું જતું હતું. એવામાં એકાએક દીવો સંકોરાયો, પ્રકાશ એકદમ વધી ગયો. ઝળહળાટ થઈ ગયો. આ જાદુથી વાચસ્પતિ ચમક્યા. એમણે ઊંચે જોયું. ત્યાં એક સ્ત્રી ઊભી હતી. માથામાં નાખવાની પિન વડે એણે



વાટને ઊંચી ને સરખી કરી હતી. તેથી અજવાળું એકાએક વધ્યું હતું. વાચસ્પતિ મિશ્રા દિગ્મૂઢ થઈ જોઈ રહ્યાં. એમણે પૂછ્યું : ‘દેવી, તમે કોણ?’

સ્ત્રીના મુખ પર શરમના શેરડા પડ્યા. એણે નરમાશથી જવાબ આપ્યો, ‘આર્યપુત્ર, હું ભામતિ, આપની પત્ની. તમે મને ભૂલી ગ્રંથ લખવામાં લીન થઈ ગયા છો. હું આસપાસનું ધ્યાન રાખી સગવડ પૂરી કરું છું. ક્ષમા કરજો આજે વાટ સંકોરતાં સહેજ વાર થઈ.’ વાચસ્પતિ અવાક થઈ ગયા. તેમના ગ્રંથલેખનમાં ગ્રંથલેખનમાં કેવી મોટી સહાય! એમણે વચન આપ્યું, ‘દેવી, તમારું સમર્પણ મારા લેખન કરતાં મહાન છે, આ ગ્રંથને હું તમારું નામ આપીશ.’ એમનો એ ગ્રંથ ‘ભામતિ’ તરીકે ઓળખાય છે.

વલ્લાથોળ નામના પ્રસિદ્ધ તામિલ કવિએ લગ્ન પછી પત્નીને કહ્યું કે એ જમવા બેસે ત્યારે થાળીની બાજુમાં એક વાટકીમાં સોય મૂકવી. વર્ષો સુધી પત્નીએ એ પ્રથા ચાલુ રાખી. મૃત્યુ નજીક હતું ત્યારે વલ્લાથોળે પત્નીને કહ્યું, ‘તેં મારા કહેવા પ્રમાણે કર્યું, પણ કદી પૂછ્યું નથી કે સોય શા માટે મુકાવો છો. પીરસતી વખતે ભાતનો દાણો પડી જાય તો તે સોય વડે વીણી લેવા સોય રખાવી હતી. અન્નદેવતા છે એ નીચે પડી રહે તે ઈષ્ટ નથી. પીરસવામાં તેં કદી દાણો પાડ્યો નથી એ તારી ચોકસાઈ

છે, સોય માટે પ્રશ્ન પૂછ્યો નથી. પીરસવામાં તેં કદી દાણો પાડ્યો નથી એ તારી ચોકસાઈ છે, સોય માટે પ્રશ્ન પૂછ્યો નથી એ તારી વશેકાઈ છે.'

ગાંધીજી વિશે પણ આવી કથા (કે દંતકથા?) છે. એક વિદેશી પત્રકારે ગાંધીજીનો ઈન્ટરવ્યૂ લીધો. છેલ્લે પૂછ્યું, 'તમારું અને કસ્તૂરબાનું દાંપત્ય આટલું સુખી છે તેનું રહસ્ય શું?' ગાંધીજીએ કસ્તૂબરબાને સાદ કીધો : 'જરા ફાનસ લાવજો તો.' કસ્તૂરબા ફાનસ મૂકી ચાલી ગયાં. વિદેશીએ કહ્યું, 'આપે જવાબ ન આપ્યો.' ગાંધીજીએ ફાનસ બતાવી કહ્યું, 'આ મારો જવાબ. કસ્તૂરબા વિનાકારણ બપોરે ફાનસ આપે, પણ કોઈ પ્રશ્ન ન કરે.'

નારીવાદનો આ જમાનામાં પતિની આજ્ઞાનું નિરાપવાદ પાલન અને 'પતિ જે કહે અને કરે તે સહી' એ ભાવના ચાલે નહીં. સ્ત્રીને પણ એનું અલગ સમાન વ્યક્તિત્વ છે. પણ સર્વસમર્પણની પણ એક મજા છે.

*



# ૮૨. સાવચેતી

ઉપનિષદની કથા છે. વિશ્વમાં દેવો છે, દાનવો છે, માનવો છે. ત્રણેને બ્રહ્મા પાસે જઈ ઉપદેશ લેવાની ઈચ્છા થઈ. પહેલા દેવો પહોંચ્યા. એમણે બ્રહ્માને વિનંતી કરી, 'સારી રીતે જીવી શકીએ તે માટે કોઈ ઉપદેશ આપો. કોઈક મંત્ર આપો.'

બ્રહ્માએ દેવો તરફ જોયું. પછી કહ્યું, 'દ' ફક્ત એક અક્ષરનો મંત્ર. બ્રહ્માએ પૂછ્યું, 'સમજ્યા?' દેવોએ જવાબ આપ્યો, 'હા, સમજ્યા.' બ્રહ્માએ બીજો પ્રશ્ન કર્યો, 'શું સમજ્યા?' દેવોએ કહ્યું, 'દમન કરો.' 'દ' એટલે દમન. દેવો પોતાની નબળાઈ જાણતા હતા. તેમને વિલાસનો ભારે શોખ. ખાવા, પીવા, મોજ, મજા, નૃત્ય, ઉત્સવ, પ્રણય, મદનમ્ વગેરેમાં તેમનો સમય વીતે. એમાં સંયમની જરૂર રહે. પોતાની પ્રકૃતિ જાણી સાચો અર્થ કર્યો. વિલાસ ભરેલી ઈચ્છાઓનું દમન કરો.

તે પછી દાનવો આવ્યા. તેમણે પણ બ્રહ્મા પાસે ઉપદેશમંત્ર માગ્યો. બ્રહ્માએ કહ્યું. 'દ'. દાનવો રાજી થયા. બ્રહ્માએ પૂછ્યું, 'શું સમજ્યા?' દાનવોએ જવાબ આપ્યો, 'દયા રાખો.' ''દ'' એટલે દયા.' દાનવો પોતાની પ્રકૃતિ જાણે, તેઓ ક્રૂર હતા. ક્રૂર માણસે દયા કેળવવાની જરૂર છે. એટલે દાનવો સાચુ જ સમજ્યા.

છેલ્લે માનવો આવ્યા. તેમણે પણ બ્રહ્મા પાસે ઉપદેશ માગ્યો. બ્રહ્માનો એ જ ઉપદેશ 'દ'. માનવો પણ ખુશ. બ્રહ્માએ પૂછ્યું, 'શું સમજ્યા?' માનવીએ ઉત્તર આપ્યો, 'દાન કરો, ''દ'' એટલે દાન.' માનવો સ્વભાવે કૃપણ, કંજૂસ, ધન જલદી ન છૂટે. એટલે એમણે દાન કરવું જોઈએ એમ એ સાચું જ સમજ્યા.

ઉપદેશ એક જ હોય, પણ સૌ પોતપોતાની પ્રકૃતિ સમજી સાર ગ્રહણ કરે એ ઉત્તમ. પણ પોતાની પ્રકૃતિ જાણ્યા વગર ઉપદેશ સમજે તો ઊંધુ-ચત્તુ થઈ જાય.

માનવોમાં દાનનો મહિમા છે, પણ દાન કરનારમાં ઘણી દર્પ આવી જાય છે. અભિમાન થાય છે. 'મેં દાન આપ્યું. હું દાનવીર છું.' દાનથી સત્તા મેળવવાનું મન થાય છે. જેને દાન આપ્યું હોય તેને નાનો, ઓશિયાળો, ગુલામ સમજવામાં આવે છે. તેના પર હુકમ ચલાવવામાં આવે છે.

દાન આપનારમાં કીર્તિની લાલસા જાગે છે. ટ્રસ્ટ બનાવાય છે. તેમાંથી પોતાને નામે દાન અપાય. દાન આપ્યું હોય ત્યાં



મકાન પર, થાનક પર, ઉદ્યાન પર, આશ્રમ પર... અરે એક ઓરડી પર, બાંકડા પર, ખુરશી પર પોતાનું નામ લખાવાય છે. સ્મશાનમાં એક બાંકડા પર દાતાનું નામ અંકિત કરેલું જોઈ થયું, 'માણસમાં સ્મશાનવૈરાગ્ય પણ નથી આવતો. સ્મશાનમાં પણ અમર થવાનું સૂઝે છે.'

પોતાની પ્રકૃત્તિ સમજવી એ મોટી વાત છે. એ પ્રકૃતિ સમજી વર્તવું એ વળી એનાથી મુશ્કેલ, દુષ્કર કાર્ય છે. કર્મ કર્યા પછી એમાંથી બીજા દોષ ન ઉદ્ભવે એ વિરલ, વિવેક અને વિશિષ્ટ ચેતના માગી લે છે. મંત્ર મળે, તેમાંથી તંત્ર ગોઠવી લેવાનું કામ આપણું છે.

*

# ૮૩. ફજેતી

નારદજીનાં અનેક રૂપ.

કોઈને હસાવે, કોઈને રમાડે, કોઈને રડાવે પણ ખરા. કોઈની મશ્કરી કરે અને કોને લડાવે!

વીણા લઈને દોડાદોડ કરે.

'નારાયણ, નારાયણ' ની બૂમો પાડે.

એક ક્ષણે સ્વર્ગમાં, બીજી ક્ષણે પૃથ્વી પર અને પલક મારતામાં તો પાતાળમાં પહોંચી જાય.

એક દિવસ તેમના ભેજામાં વિચાર આવ્યો.

કોઈ કહે છે કે જનક મોટો ભક્ત, કોઈ કહે છે શુકદેવ સાચો બ્રહ્મચારી. તો હું કંઈ જ નહીં? ખુદ નારાયણ પણ એમ માને છે. માટે હવે તો તપ જ કરું. એવું તપ કરું કે, ભગવાન પણ મોંઢામાં આંગળાં નાખી દે.



બસ, પછી તો નારદ છે ને એમની હઠ છે. રણે ચડેલો રણવીર પાછો પડે પણ નારદ પાછા ન પડે.

એ તો આવ્યા જંગલમાં.

વીણા ફેંકી દીધી, લગાવી પલાંઠી ને પકડ્યું નાક. ખાવાનું છોડ્યું અને પીવાનું પણ છોડ્યું. પછી તો શરીરનું ભાન પણ ભૂલી ગયા.

સ્વર્ગમાં તો નારદની વાહવાહ થવા લાગી.

પણ ઈન્દ્રને ચિંતા પેઠી.

ઈન્દ્રાસન ડોલવા લાગ્યું.

ઈન્દ્રએ ઝટપટ કામદેવને તેડાવ્યો. કામદેવ તેનો મિત્ર હતો. ઈન્દ્રએ તેને વિનંતી કરી :

'ભાઈ કામદેવ! મારું એક કામ કર. નારદ તપ કરવા બેઠા છે. એ બુદ્ધિનો બ્રહ્મચારી બીજું શું માગવાનો હતો? પણ ન કરે નારાયણ ને મારું આસન માગી બેસે તો! મને એટલી બીક છે. તું એનું તપ છોડાવ.'

કામદેવ કહે : 'એ મારું કામ. ચપટી વગાડતામાં જ તપ છોડાવું.'

એમ કહીને કામદેવ ઉપડ્યા.

આવ્યા જંગલમાં.

જંગલમાં આવીને તરત પોતાની કામગીરી શરૂ કરી દીધી.

તેમનો હુકમ સાંભળીને વસંત આવી પહોંચ્યો. તેણે વાતાવરણ મધુર કરી દીધું.

કોયલના ટહુકાર થયા.

મયૂરના અવાજ થયા.

પણ નારદજી ના જાગ્યા. કામદેવ ધનુષ્ય પર બાણ ચડાવીને તૈયાર બેઠેલા. નારદ આંખ ઉઘાડે તો બાણ મારે ને? પણ નારદ શાના આંખ ખોલે?

હવે શું કરવું? કામદેવે બીજી યુક્તિ અપનાવી. તે જાણતો હતો કે નારદને વખાણ બહુ ગમે. એટલે કામદેવ તો નારદની નજીક આવ્યો. આવીને તેમના પગમાં પડ્યો ને બોલ્યો :

'હે નારદજી ! મેં ભલભલાને હરાવ્યા છે. પરંતુ તમે તો તમે જ છો! તમે આડે મને જીતી લીધો. તમે જીત્યા ને હું હાર્યો.'

ખલાસ, નારદજીએ ફટાક દઈને આંખો ખોલી. નારદજીના તપમાં ભંગ પડ્યો.

કામદેવનું કામ પૂરું થયું. તે તો ચાલ્યો ગયો. સ્વર્ગમાં તેણે નારદનાં ખૂબ વખાણ કર્યાં. નારદને તેણે મહાન તપસ્વી તરીકે ઓળખાવ્યા.

પછી તો વાત ના પૂછો. નારદજી વેંત છાતી કાઢીને ફરે. જમીનથી એક હાથ ઊંચા રહીને ચાલે. આવું પરાક્રમ કોઈને કહે નહીં, તો એ નારદજી શાના?



એ તો આવ્યા શંકર પાસે. છાતી ફૂલાવીને શંકરને કહેવા લાગ્યા :

'પ્રભુ ! હું તમારા જેવો જ તપસ્વી છું. કામદેવને તમે જીત્યો હતો. કામદેવને મેં પણ જીત્યો છે. આપણે બંને સરખા.'

શંકર તો બિચારા ભોળા. નારદની વાત સાંભળીને તે હસ્યા. સાથે સલાહ પણ આપી :

'નારદજી ! બહુ અભિમાન ના કરશો. કામદેવ આગળ બધા હારેલા જ છે. આજે જીત્યા છો, કાલે હારી પણ જાઓ, માટે સાચવીને ફરવું.'

શંકરની સલાહ તેમને ગમે નહીં.

તે તો વખાણ સાંભળવા આવ્યા હતા, સલાહ લેવા નહીં. મોંઢું બગાડીને તેમણે ચાલવા માંડ્યું.

ત્યાંથી ગયા વિષ્ણુ પાસે. વિષ્ણુ શિવજી જેવા ભોળા નહીં. તેમને તો બધી વિદ્યા આવડે. તેમણે નારદનાં વખાણ કર્યાં. નિરદ ખુશ થતા થતા ચાલ્યા આગળ.

વિષ્ણુ સમજી ગયા હતા, કે નારદને અભિમાન આવ્યું છે. એ અભિમાન ઉતારવું જોઈએ.

વિષ્ણુએ તરત જ ઉપાય વિચારી કાઢ્યો. નારદના રસ્તામાં જ તેમણે એક માયાનગરી રચી. નારદને તો કશી ખબર જ નહીં. તે તો પોતાના અભિમાનમાં જ મસ્ત.

ફરતાં-ફરતાં આવ્યા માયાનગરીમાં. ત્યાંના રાજાને મળ્યા. રાજાએ નારદનો સારી રીતે સત્કાર કર્યો.

રાજાને એક કુંવરી હતી. રાજાએ કુંવરીને બોલાવી. નારદજીને પ્રણામ કરવાની આજ્ઞા કરી. કુંવરીએ નારદજીને પ્રણામ કર્યા. પણ નારદજી તો તેનું રૂપ જોઈ જ રહ્યા.

રાજાએ ભોળા ભાવે નારદને પૂછ્યું :

'નારદજી ! મારી પુત્રીનું ભવિષ્ય કેવું છે?'

નારદ તો મહામુનિ. તેમને તો ખબર પડી ગઈ : આ કુંવરી જેને પરણે તેની સેવા આખું જગત કરે. કુંવરીના નસીબમાં ખૂબ સુખ છે.

એક તો કુંવરી રૂપરૂપનો અંબાર. વધારામાં મોટું નસીબ ! નારદજી તો ખરેખર લલચાયા. આ માટે જ કુંવરી સાથે પરણવાનું નક્કી કરી નાખ્યું.

'નારદજી ! આ કુંવરીનો સ્વયંવર છે. તેને કેવો વર મળશે?'

નારદજીનું તો હૈયું જ હાથમાં રહેલું નહીં. તેમણે ટૂંકમાં જ પતાવ્યું.

'કુંવરી સારાં લક્ષણવાળી છે.'

આમ કહીને એ તો ઉઠ્યા.

આવ્યા સીધા વિષ્ણુ પાસે.



આડીઅવળી વાત કર્યા વિના સીધું જ કહી નાખ્યું :

'પ્રભુ ! મારે સુંદર રૂપ જોઈએ.'

ભગવાન મનમાં તો મલકાયા. ચહેરા પર નવાઈનો ભાવ લાવીને કહ્યું.

'હેં... રૂપ?' શું કહો છો તમે? તમે તો આજીવન બ્રહ્મચારી. તમારા આ જ રૂપથી કામદેવ પણ હાર્યો હતો. તમારે વળી રૂપ શું કરવું છે?'

નારદે કંટાળો બતાવીને કહ્યું :

'પ્રભુ ! તમે ઘણા પ્રશ્નો પૂછી નાખ્યા. મેં મારે માટે ક્યારેય માગ્યું નથી. જીવનમાં પહેલી વખત માગું છું. ના આપવું હોય તો ના પાડો.'

'અરે, નારદજી ! ના પાડવાનો સવાલ જ નથી. આ તો ખાલી પૂછવા ખાતર જ પૂછ્યું. તમને ખોટું લાગતું હોય તો નહીં પૂછું. જાઓ, તમને મારું રૂપ આપું છું.'

નારદે પાણી ભરેલા પાત્રમાં નજર કરી. તે ખુશ થઈ ગયા. એ તો ઝટ ઉપડ્યા સ્વયંવરમાં.

ભગવાને રૂપ આપવામાં ગમ્મત કરેલી.

નારદને પોતાનું રૂપ ભગવાન જેવું લાગે. લોકોને તેમનું મુખ વાંદરા જેવું દેખાય.

નારદ તો રૂપાળી કન્યા મેળવવાની હોંશમાં દોડ્યા. વીણા

ફેંકી દીધેલી. પગ ફટ ફટ ઉપડે અને મુખ મલક મલક થાય.

રસ્તામાં શિવજીના બે ગણ મળ્યા.

તેમણે નારદજીનું સ્વરૂપ જોયું. તેમને નવાઈ લાગી. 'નારદની વીણા ક્યાં ગઈ? મોઢું કેમ વાંદરા જેવું થઈ ગયું? અને આમ દોડતા દોડતા ક્યાં જાય છે?'

નારદજીનો તાલ જોવાનું તેમને મન થયું. એટલે તે પણ ચાલ્યા નારદની પાછળ.

રાજકુમારીનો સ્વયંવર રચાયો હતો. નારદ તો છાતી કાઢીને સ્વયંવરમાં બેસી ગયા. તેમને રૂપનું અભિમાન હતું. તેમને ખાતરી હતી. રાજકુમારી મને જ વરમાળા પહેરાવશે.

રાજકુમારી વરમાળા લઈને આવી. ફરતી ફરતી નારદ નજીક આવી. નારદે ડોક આગળ ધરી. રાજકુમારીએ વાંદરા જેવું રૂપ જોયું. તે તો નારદ પર ગુસ્સે થઈ ગઈ.

તે તો વરમાળા લઈને આગળ ચાલી.

વિષ્ણુ ભગવાન રાજાનું સ્વરૂપ લઈને ત્યાં આવેલા. રાજકુમારીએ તેમના ગળામાં વરમાળા પહેરાવી.

નારદની પાછળ શિવના બે ગણ બેઠેલા. તે ક્યારના નારદનો તાલ જોયા કરે. વાંદરમુખા નારદે રાજકુમારીને જોઈને ડોક આગળ ધરી. તે જોઈને બંને ગણ ખડખડાટ હસી પડ્યા.

નારદે ગુસ્સે થઈને તેમને પૂછ્યું :



'શું હસો છો?'

શિવના ગણોએ સાચી વાત કહી દીધી.

'તમારું મુખ વાંદરા જેવું છે, છતાં તમે ડોક આગળ ધરો છો. તે જોઈને હસવું આવ્યું.'

નારદે ખાતરી કરી. ભગવાનની માયાને કારણે હવે તેમને સાચું રૂપ દેખાયું. ખરેખર તેમનું મુખ વાંદરા જેવું હતું. શરમના માર્યા તેમણે મુખ ઢાંકી દીધું.

ગમે તેવા તો પણ નારદ!

શિવજીના ગણોએ તેમની મશ્કરી કરી? નારદની મશ્કરી કરવાનો તેમને શો અધિકાર? તેમણે શાપ આપ્યો :

'તમે મારી મશ્કરી કરી માટે સ્વર્ગમાં રહેવાનો તમને અધિકાર નથી. જાઓ, રાક્ષસ થઈને પડો.'

હવે નારદની નજર પેલા રાજ પર પડી. તેમણે ધારીને જોયું. તે તો વિષ્ણુ ભગવાન પોતે જ હતા. ભગવાને નારદ સામે બનાવટ કરી.

નારદ તો ભયંકર ગુસ્સો થઈ ગયા. તેમણે વિષ્ણુ ભગવાનને પણ શાપ આપ્યો :

'હે વિષ્ણુ ! આ જન્મે હું આ કન્યાના વિરહમાં તડપીશ. હું તમને શાપ આપું છું કે, તમે પણ બીજા જન્મે વિરહમાં તડપશો. તમે મને વાંદરમુખો બનાવ્યો. બીજા જન્મે તમારે વાંદરાઓની

જ મદદ લેવી પડશે.'

એ પછી ભગવાને રામ તરીકે જન્મ લીધો. નારદના શાપ પ્રમાણે રામને સીતાથી વિરહ થયો. વળી રાવણને જીતવા માટે વાંદરાઓની જ મદદ લેવી પડી.

આવા હતા આપણા નારદજી !

*